યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત
આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

# ધર્મબિંદુ પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

### ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૧

## શબ્દશઃ વિવેચન

✦ ગ્રંથકાર ✦

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

✦ ટીકાકાર ✦

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✻ સંકલનકારિકા ✻

સ્મિતા ડી. કોઠારી

✦ પ્રકાશક ✦

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૨૭૦-૦૦

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

卐 આર્થિક સહયોગ 卐

આ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. ની ૧૦૦ માં દિક્ષા દિન નિમિત્તે
પરમતારક આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના
સ્વપ્નને ગીતાર્થગંગાના પ્રયત્નમાં સાકાર થતાં જોઈ
શ્રી રમણલાલ છગનલાલ ચેરીટેબલ ટ્રસ્ટ-નવસારી તેમ જ
રત્નત્રયી આરાધક સંઘ-નવસારીના જ્ઞાનખાતાની ઉપજમાંથી રકમ મળે છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૩૨

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Emai : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ

શનય-૨, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર, ગાંધીગ્રામ સ્ટેશન સામે, અમદાવાદ. ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**
**ગીતાર્થ ગંગા**
શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦

**✤ વડોદરા :**
**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬

**✤ મુંબઈ :**
**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**✤ સુરત :**
**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ જામનગર :**
**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

**✤ BANGALORE :**
**Shri Vimalchandji**
**C/o. J. Nemkumar & Co.**
**Kundan Market, D. S. Lane,**
**Chickpet Cross,**
**Bangalore-560053.**
**☎ (080) (O) 22875262**
**(R) 22259925**

**✤ રાજકોટ :**
**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યા રહસ્યોનાં જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૦ વિષયોનાં માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલા રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતાં વિરોધાભાસોનાં નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છૂપાયેલા રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયનાં લોકોને સીધા પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનનાં નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાનાં માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદનાં વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો-પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાનાં સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેનાં અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent *Religion* or *Denomination* ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

### संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :– પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક–વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧ (સૂત્ર ૧–૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ–૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨ (સૂત્ર ૩–૪–૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૩
૨૦. દાનદ્વાત્રિંશિકા–૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા–૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા–૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા–૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા–૬ શબ્દશઃ વિવેચન

૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન

૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# સંકલના

**પ્રથમ અધ્યાય :-**

ગ્રંથકારશ્રીએ સંક્ષેપથી પ્રારંભિક ભૂમિકાથી માંડીને મોક્ષફળની પ્રાપ્તિ સુધીના ધર્મના સ્વરૂપને બતાવવા અર્થે પ્રસ્તુત ગ્રંથનો પ્રારંભ કરેલ છે છતાં તે કથન સંક્ષેપમાં હોવાથી ગ્રંથનું નામ 'ધર્મબિન્દુ પ્રકરણ' આપેલ છે.

સૌ પ્રથમ ધર્મ અર્થ કામ ત્રણે પુરુષાર્થને સફળ કરનાર ધર્મ છે તેમ બતાવીને ધર્મ જ જીવ માટે સર્વ કલ્યાણનું કારણ છે તેમ બતાવેલ છે. જીવમાત્ર સુખના અર્થી છે. સુખના અર્થે જ કામનું સેવન કરે છે અને સુખના અર્થે જ ધનનું અર્જન કરે છે. પૂર્ણસુખમય મોક્ષ છે એવું જાણીને યોગીઓ મોક્ષ માટે યત્ન કરે છે. સંસારી જીવોને કામથી જે સુખ પ્રાપ્ત થાય છે, ધનપ્રાપ્તિથી જે સુખ અનુભૂત થાય છે તેની પ્રાપ્તિનો ઉપાય પણ ધર્મ જ છે અને પૂર્ણસુખની પ્રાપ્તિનો ઉપાય પણ ધર્મ જ છે. તેથી સુખના અર્થીએ સ્વભૂમિકા અનુસાર ધર્મ જ સેવવો જોઈએ, જેથી સંસારમાં રહે અને પૂર્ણધર્મ સેવવાની શક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કામ અને ધનની પ્રાપ્તિ દ્વારા પણ સુખ પ્રાપ્ત થાય, પરંતુ ક્લેશ પ્રાપ્ત ન થાય. તે માટે ધર્મથી નિયંત્રિત અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ આદિની પ્રવૃત્તિ કરવી જોઈએ. પૂર્ણધર્મ સેવવાની શક્તિ પ્રગટે ત્યારે મહાપરાક્રમ ફોરવીને પૂર્ણસુખમય મોક્ષ પ્રાપ્ત થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ તેવો બોધ કરાવવા અર્થે ધર્મનું કેવું શ્રેષ્ઠ ફળ છે ? તે શ્લોક-૨માં બતાવીને શ્લોક-૩માં ધર્મ કેવા ઉત્તમ સ્વરૂપવાળો છે ? તે બતાવવા અર્થે ધર્મનું લક્ષણ બતાવ્યું છે જેથી ભગવાનના વચન અનુસાર ધર્મનું સેવન કરીને યોગ્ય જીવો સુખની પરંપરાને પ્રાપ્ત કરીને પૂર્ણ સુખમય મોક્ષ પ્રાપ્ત કરી શકે.

આ રીતે ધર્મનું લક્ષણ બતાવ્યા પછી તે ધર્મના બે પ્રકારોનું વર્ણન કર્યું છે : (૧) ગૃહસ્થધર્મ અને (૨) યતિધર્મ. ગૃહસ્થધર્મમાં પણ (૧) સામાન્યગૃહસ્થધર્મ અને (૨) વિશેષગૃહસ્થધર્મ એમ બે પ્રકારો છે. તેમ બતાવીને પ્રસ્તુત ધર્મબિંદુ પ્રકરણ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં સામાન્ય ગૃહસ્થધર્મનું વિસ્તૃત સ્વરૂપ બતાવેલ છે. સામાન્ય ગૃહસ્થધર્મ ગૃહસ્થજીવનની વિવેકપૂર્વકની સર્વ ઉચિત આચરણા સ્વરૂપ છે. તે પ્રકારે જેઓ સામાન્ય ગૃહસ્થધર્મ સેવે છે તેઓ આલોકમાં સુખી થાય છે અને પરલોકમાં પણ સુખી થાય છે; કેમ કે હંમેશાં સ્વભૂમિકા અનુસાર સેવાયેલો ધર્મ અંતરંગ ક્લેશ દૂર કરીને સ્વસ્થતાને જ પ્રાપ્ત કરાવે છે. આથી જ સર્વવિરતિની શક્તિનો સંચય થયો નથી તેવા યોગ્ય જીવો સ્વસ્થતાનું કારણ બને તે પ્રકારના ગૃહસ્થધર્મનું સેવન કરે છે, જેથી ક્લેશની અલ્પતા થાય અને પોતાના વિકારો ક્રમસર ધર્મથી નિયંત્રિત થવાને કારણે અલ્પ-અલ્પતર થાય તે પ્રકારનો ધર્મ કરે છે. વળી સામાન્ય ગૃહસ્થધર્મ સેવીને પણ યોગ્ય જીવો શુભફલવાળા આલોકના અને પરલોકના સુખને પ્રાપ્ત કરે છે. તેની સ્પષ્ટતા શ્લોક-૪માં કરેલ છે. આ પ્રકારે બતાવીને

પ્રથમ અધ્યાયના અંતે શ્લોક-૫, ૬માં કહ્યું કે, દુર્લભ એવા મનુષ્યભવને પામીને આલોકમાં અને પરલોકમાં હિત થાય એવો જ યત્ન મહાત્માએ કરવો જોઈએ જેથી યોગ્ય જીવો સ્વ ભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને હિત સાધે.

**દ્વિતીય અધ્યાય :-**

જેઓ પૂર્વમાં વર્ણન કરાયેલા સામાન્ય ગૃહસ્થધર્મને સેવે છે તે જીવોમાં પ્રાયઃ ઉપદેશ આદિના નિમિત્તથી ધર્મના બીજોનું આધાન થાય છે, જેનાથી તે મહાત્માઓ વિશેષ પ્રકારના ધર્મને સેવવાને અભિમુખ પરિણામવાળા થાય છે અને જેઓ પ્રથમ અધ્યાયમાં કહ્યા તેવા ગુણોના લેશને પણ પામ્યા નથી તેવા જીવોમાં ઉપદેશથી પણ ધર્મના બીજોનું વપન થતું નથી. તેની સ્પષ્ટતા શ્લોક-૧-૨માં કરેલ છે. તેથી પ્રથમ અધ્યાયમાં બતાવ્યા તેવા ધર્મના સ્વરૂપને વારંવાર ભાવન કરીને તેના પ્રત્યે જેઓ રાગ કેળવે છે તે જીવોમાં તે સર્વ ગુણો પ્રગટ થયા ન હોય તોપણ તે ગુણો પ્રત્યેનો વધતો જતો રાગભાવ તે ગુણોના અંશોની નિષ્પત્તિનું જ કારણ બને છે. તેથી આલોકના અને પરલોકના કલ્યાણના અર્થી જીવે પ્રથમ અધ્યાયમાં બતાવેલ સામાન્ય ગૃહસ્થધર્મને ભાવન કરીને તેના હાર્દને સ્પર્શે તે રીતે સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. વળી, જેઓ સામાન્ય ગૃહસ્થધર્મ સેવવામાં પણ યત્ન વગરના છે તેથી આ ભવમાં પણ ક્લેશ પામે છે અને પરભવમાં પણ દુઃખી થાય છે તેવા મૂઢ જીવો બાહ્ય રીતે ધર્મ અનુષ્ઠાન સેવે તોપણ ધર્મને સાધી શકતા નથી તેની સ્પષ્ટતા શ્લોક-૩માં કરેલ છે. તેથી સામાન્ય ગૃહસ્થધર્મ સ્વીકારનારા યોગ્ય જીવો દેશના સાંભળવા માટે લાયક બને છે. આવા જીવોને કેવા પ્રકારની દેશના આપવી જોઈએ ? જેથી સંસારના વાસ્તવિક સ્વરૂપને યથાર્થ જાણીને અને કર્મકૃત કદર્થનાના વાસ્તવિક સ્વરૂપને જાણીને કર્મની વિડંબનાથી આત્માનું કઈ રીતે રક્ષણ કરવું જોઈએ ? તેનો યથાર્થ બોધ પ્રાપ્ત કરીને તે જીવ આત્મહિત સાધી શકે તેનું કાંઈ વિસ્તારથી વર્ણન ગ્રંથકારશ્રીએ ત્યારપછી કરેલ છે.

આ રીતે દેશના વિધિ બતાવ્યા પછી જે યોગ્ય શ્રોતા સંવેગના પરિણામને પામે તેવા છે તેઓને તેઓનાં બોધ અનુસાર ઉપદેશ આપવો જોઈએ તેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ ગાથા-૪માં કરેલ છે.

વળી, સદ્ધર્મની પ્રાપ્તિ અતિ દુષ્કર છે તેથી કોઈ ઉપદેશક શાસ્ત્રવિધિ અનુસાર પોતાની બુદ્ધિનો નિર્ણય કરીને સંવેગપૂર્વક ઉપદેશ આપે છતાં કોઈક યોગ્ય શ્રોતાને તેનાથી બોધ ન થાય તોપણ ઉપદેશકના પોતાના સંવેગના પરિણામને અનુરૂપ અને યોગ્ય જીવનાં ઉપકારની નિર્મળ બુદ્ધિને અનુરૂપ નિર્જરાની પ્રાપ્તિ થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૫માં કરેલ છે અને યોગ્ય જીવને આશ્રયીને શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત ઉપદેશ વગર અન્ય કોઈ જગતના જીવોનો ઉપકાર નથી માટે ઉપદેશકે તેમાં જ શક્તિ અનુસાર પ્રયત્ન કરવો જોઈએ તેની સ્પષ્ટતા ગાથા-૬માં કરેલ છે.

બીજા અધ્યાયમાં બતાવેલ આ દેશનાવિધિને કોઈ મહાત્મા સમ્યક્ રીતે અવધારણ કરે અને પુનઃ પુનઃ તેનું ભાવન કરે તો તે મહાત્માને અત્યંત સંવેગ ઉત્પન્ન થાય છે અને તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવા માટે

કારણ બને તેવા વિશિષ્ટ પ્રકારના શુશ્રૂષાગુણવાળા થાય છે. અને તેવા મહાત્માને ઉપદેશક યથાર્થ ધર્મનું સ્વરૂપ બતાવે તો તે મહાત્માને તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે બતાવીને બીજો અધ્યાય સમાપ્ત કરેલ છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**- પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,**
**તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર,**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# સંપાદિકાનું કથન

આ ગ્રંથના કર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજા અને ટીકાકાર આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિ મહારાજાને કોટિ કોટિ વંદન. પ્રસ્તુત ગ્રંથમાં શ્રાવકધર્મ અને સાધુધર્મનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે, જેના દ્વારા યોગ્ય જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિપૂર્વક દેશવિરતિધર્મ અને સર્વવિરતિધર્મ પાળવા સ્વભૂમિકા અનુસાર સમર્થ બની શકે છે.

પ્રસ્તુત ભાગ-૧માં ધર્મ, અર્થ અને કામ ત્રણે પુરુષાર્થનું સેવન સુખ પ્રાપ્તિ અર્થે જ જીવ કરે છે અને તેની પ્રાપ્તિનો ઉપાય ધર્મ જ છે. તેથી પૂર્ણધર્મ સેવવાની શક્તિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ધર્મથી નિયંત્રિત અર્થ અને કામ પુરુષાર્થની પ્રવૃત્તિ કરીને સ્વભૂમિકા અનુસાર સામાન્ય કે વિશેષ ગૃહસ્થધર્મનું સેવન કઈ રીતે કરવું જોઈએ ? જેથી દુર્લભ મનુષ્યભવ પામીને જીવ આલોક અને પરલોકમાં હિત કરી શકે તેનું સુંદર વિવેચન કર્યું છે.

વિવેચનકાર પંડિતવર્યશ્રી પ્રવીણભાઈ મોતાને કોટિ કોટિ પ્રણામ. સમગ્ર જીવન યોગસાધનામાં પસાર કરનાર તેઓશ્રીએ વિવિધ ગ્રંથોનું વાંચન ૧૦-૧૫ વખત કર્યા પછી વિવેચનનું કાર્ય કરીને આપણા ઉપર આ કાળમાં અત્યંત ઉપકાર કરેલ છે. ગ્રંથના વિવેચનકાર્ય સમયે પણ માત્ર ગ્રંથના લખાણના જ કાર્યને પ્રધાનતા આપવાને બદલે સ્વકલ્યાણ અને તત્ત્વજિજ્ઞાસુ સાધકને બોધ થાય તે માટે તેઓશ્રી સતત પ્રયત્નશીલ હોય છે.

આ ગ્રંથમાં સતત માર્ગદર્શન અને પ્રેરણા આપવા બદલ પૂ.સા. શ્રી ચારુનંદિતાશ્રીજી મહારાજ સાહેબનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી.

તત્ત્વજિજ્ઞાસુ જીવો સામાન્ય ગૃહસ્થધર્મ અને વિશેષ ગૃહસ્થધર્મનું વર્ણન વાંચીને પોતાની સ્વભૂમિકા અનુસાર શક્તિ આદિને અનુરૂપ ધર્મનું યોગ્ય સેવન કરીને ભાવની ઉત્તરોત્તર વિશુદ્ધિ દ્વારા ધર્મના ફલરૂપે મોક્ષની પ્રાપ્તિ કરે એ જ અભ્યર્થના.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના અને વિવેચનકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તે બદલ ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડમ્'.

**— સ્મિતા ડી. કોઠારી**

**વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,**
**તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર,**
**૧૨, બેન્ક ઑફ ઈન્ડિયા સોસાયટી,**
**ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

## અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **અધ્યાય-૧** | **૧-૧૧૯** |
| ૧. | મંગલાચરણ | ૧-૭ |
| ૨. | ધર્મનું તત્કાલ ફળ અને પરંપરા ફળ. | ૭-૧૨ |
| ૩. | (i) ધર્મનું લક્ષણ. | ૧૩-૧૯ |
| | (ii) ગૃહસ્થધર્મના બે ભેદોમાંથી સામાન્યગૃહસ્થધર્મનું વિસ્તારથી વર્ણન. | ૧૯-૧૧૪ |
| ૪. | સામાન્ય ગૃહસ્થધર્મના સેવનનું આલોક અને પરલોકમાં પ્રાપ્ત થતું ફળ. | ૧૧૪-૧૧૬ |
| ૫-૬. | મનુષ્યભવની દુર્લભતા. મનુષ્યભવને પામીને શક્તિના પ્રકર્ષથી સ્વભૂમિકા અનુસાર ધર્મસેવનનો ઉદ્દેશ. | ૧૧૬-૧૧૯ |
| | **અધ્યાય-૨** | **૧૨૦-૨૫૨** |
| ૧. | સામાન્ય ગૃહસ્થધર્મ સેવનારમાં સદ્ધર્મના બીજની પ્રાપ્તિ. | ૧૨૦-૧૨૩ |
| ૨. | સામાન્ય ગૃહસ્થ નહિ સેવનારમાં પ્રાયઃ બીજ પ્રાપ્તિનો અસંભવ. | ૧૨૩-૧૨૪ |
| ૩. | સામાન્ય ગૃહસ્થધર્મના સેવન વગર બીજન્યાસનો અભાવ. સામાન્ય ગૃહસ્થધર્મ સેવનારને દેશના આપવાની વિધિનું સ્વરૂપ. | ૧૨૫-૨૪૬ |
| ૪. | યોગ્ય જીવોને ઉપદેશકે કઈ રીતે દેશના આપવી જોઈએ તેની મર્યાદાનું સ્વરૂપ. | ૨૪૬-૨૪૯ |
| ૫. | શ્રોતાને ફળની પ્રાપ્તિ ન થાય તોપણ ઉપદેશકને શુદ્ધ આશ્રયથી નિર્જરાની પ્રાપ્તિ. | ૨૪૯-૨૫૦ |
| ૬. | યોગ્ય જીવો પર ધર્મદેશનાથી અધિક અન્ય કોઈ પ્રકારનાં ઉપકારનો અભાવ. | ૨૫૦-૨૫૨ |


❋ ❋ ❋

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

યાકિનીમહત્તરાસૂનુ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત
પ. પૂ. આચાર્યદેવ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

# ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૧

## શબ્દશઃ વિવેચન

## પ્રથમ અધ્યાય

**ટીકાકારનું મંગલાચરણ :-**

शुद्धन्यायवशायत्तीभूतसद्भूतसम्पदे ।
पदे परे स्थितायाऽस्तु श्रीजिनप्रभवे नमः ।।१।।

जयन्तु ते पूर्वमुनीशमेधा यैर्विश्वमाश्वेव हतोपतापम् ।
चक्रे बृहद्वाङ्मयसिन्धुपानप्रपन्नतुङ्गातिगभीररूपैः ।।२।।

यन्नामानुस्मृतिमयममयं सज्जनश्चित्तचक्षुः-
क्षेपाद्दिव्याञ्जनमनुसरँल्लब्धशुद्धावलोकः ।
सद्यः पश्यत्यमलमतिहन्मेदिनीमध्यमग्नं,
गम्भीरार्थं प्रवचननिधिं भारतीं तां स्तवीमि ।।३।।

विदधामि धर्मबिन्दोरतिविरलीभूतगर्भपदबिन्दोः ।
भव्यजनोपकृतिकृते यथावबोधं विवृतिमेताम् ।।४।।

**ટીકાકારનું મંગલાચરણ :-**

શુદ્ધન્યાયવશ આયત્તીભૂત થઈ છે=આધીન થઈ છે, સદ્ભૂત સંપત્તિ જેને એવા પરમપદમાં રહેલા શ્રી જિનપ્રભવને=જિનેશ્વરદેવોને નમસ્કાર થાઓ. ।।૧।।

**બૃહદ્વાઙ્મય=વાણીમય, એવા સિંધુના પાનથી પ્રાપ્ત કરેલી, ઊંચી અને અતિગંભીરરૂપવાળી એવી જેના વડે=જે મેધા વડે, વિશ્વને શીઘ્ર જ હતઉપતાપવાળું કરાયું તે પૂર્વમુનિઓની મેધા જય પામો. ॥૨॥**

**ચિત્તરૂપી ચક્ષુમાં આંજવાથી દિવ્ય અંજનને અનુસરતો લબ્ધશુદ્ધ અવલોકવાળો સજ્જન, જેના નામની અનુસ્મૃતિમય એવી આને અમલમતિરૂપ હૃદયપૃથ્વીના મધ્યમાં મગ્ન, ગંભીર અર્થવાળી પ્રવચનનિધિને સદ્ય જુએ છે તે ભારતીની=ભગવાનની વાણીની, હું સ્તુતિ કરું છું. ॥૩॥**

**ભવ્યજનના ઉપકાર માટે યથાઅવબોધ=પોતાના બોધ અનુસાર, અતિવિરલીભૂત ગર્ભપદના બિંદુવાળા એવા ધર્મબિંદુની આ વિવૃતિને હું કરું છું. ॥૪॥**

**ભાવાર્થ :–**

તીર્થંકરના જીવો પૂર્વભવમાં શુદ્ધ ન્યાયપૂર્વકની ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેને વશ તીર્થંકરનામકર્મ બાંધે છે. તેને આધીન સદ્ભૂત એવી તીર્થંકરની સમૃદ્ધિવાળા છે. ભવના અંતે યોગનિરોધ કરીને પરમપદ એવા મોક્ષમાં રહેલા છે. આવા જિનેશ્વરને નમસ્કાર થાઓ એ પ્રમાણે ટીકાકારશ્રી નમસ્કાર કરવાની ઇચ્છા કરે છે.

વળી, તીર્થંકરને નમસ્કાર કર્યા પછી પૂર્વમુનિઓની મેધાની સ્તુતિ કરે છે.

પૂર્વમુનિઓ કેવા છે ? તે બતાવતાં કહે છે –

ઘણા વાઙ્મય એવાં સદ્શાસ્ત્રોરૂપી અમૃતના પાનથી પ્રાપ્ત કરેલ ઊંચા અને અતિગંભીર રૂપવાળા છે. આવા મુનિઓએ સદ્ઉપદેશ દ્વારા પૃથ્વીને શીઘ્ર જ હણાયેલા ઉપતાપવાળી કરેલ છે. આવા પૂર્વમુનિઓની મેધા જગતમાં વિસ્તારને પામો. અર્થાત્ તેઓએ રચેલાં સદ્શાસ્ત્રો જગતમાં વિસ્તારને પામો, જેથી જગતના જીવો કષાયના ઉપતાપથી રક્ષિત બને.

વળી, પૂર્વમુનિઓની મેધાની સ્તુતિ કર્યા બાદ ટીકાકારશ્રી ભગવાનની વાણીની સ્તુતિ કરે છે.

ચિત્તરૂપી ચક્ષુમાં ભગવાનની વાણીનો ક્ષેપ કરવામાં આવે તો અંતરંગ ચક્ષુ દિવ્ય અંજનને અનુસરનાર બને છે અર્થાત્ સંસારના ઘણા અતીન્દ્રિય ભાવો શ્રુતરૂપ ચક્ષુથી દેખાય છે અને તેના કારણે પ્રાપ્ત થયેલ શુદ્ધઅવલોકવાળો એવો સજ્જન પુરુષ આ ગંભીર અર્થવાળા પ્રવચનનિધિને શીઘ્ર જોનારો બને છે.

તે પ્રવચનનિધિ કેવું છે ? તે બતાવતાં કહે છે –

અતિનિર્મળ મતિરૂપ હૃદયરૂપી પૃથ્વીના મધ્યમાં મગ્ન છે અર્થાત્ નિર્મળ મતિવાળા જીવોમાં ક્ષયોપશમરૂપે પ્રવચનનિધિ રહેલું છે.

વળી, જેના નામની અનુસ્મૃતિમય એવા પ્રવચનનિધિને આ સજ્જન પુરુષ સદ્ય=શીઘ્ર જુએ છે. તે ભારતીની=ભગવાનની વાણીની, ટીકાકારશ્રી સ્તુતિ કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનની વાણી સરસ્વતીના નામની અનુસ્મૃતિમય છે અને ગંભીરઅર્થવાળી છે. સજ્જન પુરુષો પોતાની નિર્મળ મતિને કારણે તેના પરમાર્થને જોનાર છે. આવી ભગવાનની વાણીની ટીકાકારશ્રી સ્તુતિ કરે છે.

આ રીતે તીર્થંકરની, પૂર્વમુનિઓની મેધાની અને ભગવાનની વાણીની સ્તુતિ કરીને હવે 'ધર્મબિંદુ'ની વૃત્તિ કરવાની ટીકાકારશ્રી પ્રતિજ્ઞા કરે છે. ટીકાકારશ્રી કહે છે કે અતિવિરલીભૂત ગર્ભપદનાં બિંદુઓ છે જેમાં, એવું આ ધર્મબિંદુ છે, તેથી એ પ્રાપ્ત થાય કે પ્રસ્તુત ગ્રંથમાં ઘણા શ્લોકની વચમાં ઘણાં ગંભીર પદો રહેલા છે, જે ગ્રંથકારશ્રીએ બતાવ્યાં નથી તે ગર્ભપદોને ટીકાકારશ્રી સ્પષ્ટ કરશે. આ ગ્રંથ અતિ ગંભીર છે, તેથી ટીકાકારશ્રી કહે છે – "હું મારા બોધને અનુરૂપ આ ગ્રંથની વિવૃત્તિને ભવ્યજીવોના ઉપકાર માટે કરું છું."

**શ્લોક :-**

**प्रणम्य परमात्मानं समुद्धृत्य श्रुतार्णवात् ।**
**धर्मबिन्दुं प्रवक्ष्यामि तोयबिन्दुमिवोदधेः ।।१।। इति ।**

**શ્લોકાર્થ :-**

**પરમાત્માને નમસ્કાર કરીને સમુદ્રમાંથી પાણીના બિંદુની જેમ શ્રુતરૂપી સમુદ્રમાંથી સમુદ્ધૃત કરીને હું ધર્મબિંદુને કહીશ. ।।૧।।**

**ટીકા :-**

**'प्रणम्य'=प्रकर्षेण, नत्वा=वन्दनस्तवनाऽनुचिन्तनादिप्रशस्तकायवाङ्मनोव्यापारगोचरभावमुपनीय, कमित्याह–'परमात्मानम्', अतति सततमेव अपरापरपर्यायान् गच्छतीति आत्मा जीवः, स च द्विधा परमोऽपरमश्च, तत्र परमो यः खलु निखिलमलविलयवशोपलब्धविशुद्धज्ञानबलविलोकितलोकालोकः जगज्जन्तुचित्तसंतोषकारणपुरन्दरादिसुन्दरसुरसमूहाह्रियमाणप्रातिहार्यपूजोपचारः तदनु सर्वसत्त्वस्वभाषापरिणामिवाणीविशेषापादितैककालानेकसत्त्वसंशयसंदोहापोहः स्वविहारपवनप्रसरसमुत्सारितसमस्तमहीमण्डलातिविततदुरितरजोराशिः 'सदाशिवा'दिशब्दाभिधेयो भगवानर्हन्निति स परमः, तदन्यस्तु अपरमः, ततोऽपरमात्मव्यवच्छेदेन 'परमात्मानं प्रणम्य', किमित्याह–'समुद्धृत्य', सम्यगुद्धारस्थानाविसंवादिरूपतया 'उद्धृत्य'=पृथक्कृत्य, 'श्रुतार्णवात्'=अनेकभङ्गभङ्गुरावर्त्तगर्त्तगहनादतिविपुलनयजालमणिमालाकुलात् मन्दमतिपोतजन्तुजातात्यन्तदुस्तरादागमसमुद्रात् 'धर्मबिन्दुं' वक्ष्यमाणलक्षणधर्मावयवप्रतिपादनपरतया लब्धयथार्थाभिधानं 'धर्मबिन्दु'नामकं प्रकरणं 'प्रवक्ष्यामि'= भणिष्यामि, कमिव कस्मात् समुद्धृत्येत्याह–'तोयबिन्दुमिव' जलावयववत् 'उदधेः' दुग्धोदधि-**

प्रभृतेर्जलराशेरिति, अत्र च 'तोयबिन्दुमिवोदधे'रिति बिन्दूपमेयतास्य प्रकरणस्य सूत्रसंक्षेपापेक्षया भणिता, अन्यथाऽर्थापेक्षया कर्पूरजलबिन्दोरिव कुम्भादिजलव्यापनन्यायेन समस्तधर्मशास्त्र-व्यापकताऽस्येति । इह 'प्रणम्य परमात्मान'मित्यनेन विघ्नापोहहेतुः शास्त्रमूलमङ्गलमुक्तम्, परमात्म-प्रणामस्य सकलाकुशलकलापसमूलोन्मूलकत्वेन भावमङ्गलत्वात् । 'धर्मबिन्दुं प्रवक्ष्यामी'त्यनेन तु अभिधेयम्, धर्मलेशस्यात्राभिधास्यमानत्वात्, अभिधानाभिधेयलक्षणश्च सामर्थ्यात् संबन्धः, यतो धर्मबिन्दुरिहाभिधेयः, इदं च प्रकरणं वचनरूपापन्नमभिधानमिति । प्रयोजनं च प्रकरणकर्तुरनन्तरं सत्त्वानुग्रहः, श्रोतुश्च प्रकरणार्थाधिगमः, परम्परं तु द्वयोरपि मुक्तिः, कुशलानुष्ठानस्य निर्वाणैक-फलत्वादिति ।।१।।

**ટીકાર્થ :-**

**'प्रणम्य' ..... निर्वाणैकफलत्वादिति ।। પ્રણામ કરીને=પ્રકર્ષથી નમન કરીને=વંદન, સ્તવન, અનુચિંતન આદિ પ્રશસ્ત કાય, વાણી અને મનોવ્યાપારના વિષયરૂપ ભાવને કરીને.**

કોને પ્રણામ કરીને કહે છે ? એથી કહે છે –

**પરમાત્માને પ્રણામ કરીને હું કહીશ એમ અન્વય છે.**

પરમાત્મ શબ્દનો અર્થ કરતાં કહે છે –

**જાય છે=સતત જ અપર અપર પર્યાયને પ્રાપ્ત કરે છે એ આત્મા જીવ છે અને તે=જીવરૂપ આત્મા, બે પ્રકારનો છે. (૧) પરમ આત્મા અને (૨) અપરમ આત્મા. ત્યાં પરમ એ છે કે જે ખરેખર નિખિલમલના વિલયના વશથી પ્રાપ્ત કરેલું છે વિશુદ્ધ જ્ઞાન, તેના બળથી વિલોકિત લોકાલોકવાળા છે. જગતજંતુના ચિત્તના સંતોષનું કારણ એવા ઈન્દ્રાદિ સુંદર દેવોના સમૂહથી રચાયેલા પ્રાતિહાર્યરૂપ પૂજાના ઉપચારવાળા છે. ત્યારપછી સર્વ જીવોને સ્વ સ્વ ભાષાના પરિણામી એવી વાણી વિશેષથી આપાદિત એક કાળ અનેક જીવોના સંશયના સમૂહને દૂર કરનારા છે, સ્વવિહારના પવનના પ્રસરથી દૂર કર્યા છે સમસ્ત મહીમંડળના અતિવિસ્તારવાળી એવી દૂરિત રજોરાશિવાળા છે. સદાશિવ આદિ શબ્દથી અભિધેય એવા ભગવાન અરિહંત છે. એથી તે પરમ છે=તે પરમ આત્મા છે. વળી, તેનાથી અન્ય અપરમ આત્મા છે, તેથી=પરમાત્માને પ્રણામ કરીને એમ કહ્યું તેથી, અપરમ આત્માના વ્યવચ્છેદ વડે પરમાત્માને પ્રણામ કરીને હું ધર્મબિંદુ કહીશ એમ અન્વય છે.**

**કેવી રીતે ધર્મબિંદુ કહીશ ? એથી કહે છે – શ્રુતરૂપી અર્ણવથી સમુદ્ધૃત કરીને=અનેક ભંગોથી ભંગુર અને આવર્તોનાં ગર્તથી ગહન એવા અને અતિવિપુલ નયજાલ મણિમાલાથી આકુળ અને મંદમતિરૂપ નાવ વડે જંતુના સમૂહથી અત્યંત દુઃખે તરી શકાય એવા આગમરૂપી સમુદ્રથી સમ્યક્ ઉદ્ધાર સ્થાનના અવિસંવાદીરૂપપણાથી ઉદ્ધૃત કરીને, ધર્મબિંદુને=વક્ષ્યમાણ લક્ષણવાળા ધર્મના**

**અવયવના પ્રતિપાદનમાં તત્પરપણાને કારણે પ્રાપ્ત કર્યું છે યથાર્થ નામ જેણે એવા 'ધર્મબિંદુ' નામના પ્રકરણને, હું કહીશ.**

**કોનામાંથી ઉદ્ધૃત કરીને કોની જેમ આ ધર્મબિંદુ કહેશે ? એથી કહે છે –**

**ઉદધિથી=ક્ષીરસમુદ્ર વગેરે જલરાશિથી, પાણીના બિંદુની જેમ ઉદ્ધૃત કરીને ધર્મબિંદુને કહીશ એમ અન્વય છે. અને અહીં=પ્રસ્તુત શ્લોકમાં, ઉદધિથી 'તોયબિંદુની જેમ' એ પ્રમાણે કહેવાથી બિંદુની ઉપમેયતા આ પ્રકરણની સૂત્રસંક્ષેપની અપેક્ષાએ કહેવાય છે. અન્યથા=સૂત્રસંક્ષેપની અપેક્ષાએ ન વિચારીએ તો, અર્થની અપેક્ષાથી કર્પૂરના જલબિંદુની જેમ કુંભાદિના જલમાં વ્યાપનના ન્યાયથી સમસ્ત ધર્મશાસ્ત્રની વ્યાપકતા આની છે=આ ગ્રંથની છે.**

**અહીં=શ્લોકમાં, પરમાત્માને પ્રણામ કરીને એ કથન દ્વારા વિઘ્નના અપાયનો હેતુ શાસ્ત્રના મૂલ એવું મંગલ કહેવાયું; કેમ કે પરમાત્માના પ્રણામનું સકલ અકુશલ સમૂહના સમૂલઉન્મૂલકપણું હોવાને કારણે ભાવમંગલપણું છે. ધર્મબિંદુ કહીશ એના દ્વારા વળી અભિધેય કહેવાયું; કેમ કે અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, 'ધર્મના લેશનું કથન કરાવાશે' અને સામર્થ્યથી અભિધાન અભિધેય લક્ષણ સંબંધ જાણવો. જે કારણથી ધર્મબિંદુ અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, અભિધેય છે. વચનરૂપને પામેલું આ પ્રકરણ અભિધાન છે. અને પ્રકરણ કરનારનું અનંતર પ્રયોજન જીવોનો અનુગ્રહ છે તથા શ્રોતાનું અનંતર પ્રયોજન પ્રકરણના અર્થનો બોધ છે. વળી બન્નેનું પણ=પ્રકરણ કરનારનું અને શ્રોતાનું એ બન્નેનું પણ, પરંપર પ્રયોજન મુક્તિ છે; કેમ કે કુશલ અનુષ્ઠાનનું નિર્વાણ એક ફલપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧॥**

**ભાવાર્થ :–**

ગ્રંથકારશ્રી શ્લોકમાં "પરમાત્માને પ્રણામ કરીને" એટલા વચનથી મંગલાચરણ કરે છે અને પરમાત્મા શબ્દમાં રહેલ આત્મ શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં કહે છે –

'अत्' ધાતુમાંથી આત્મા શબ્દ બનેલો છે. 'अत्' ધાતુ ગતિઅર્થક છે, અને ગતિઅર્થક ધાતુ પ્રાપ્તિ અર્થમાં પણ વપરાય છે, તેથી એ પ્રાપ્ત થાય કે સતત જ અપર અપર પર્યાયને જે પામે છે તે આત્મા છે. આત્માની બે પ્રકારની અવસ્થા પ્રાપ્ત થાય છે : (૧) મુક્ત અવસ્થા અને (૨) સંસાર અવસ્થા. સંસાર અવસ્થામાં આત્માની બે પ્રકારની અવસ્થા પ્રાપ્ત થાય છે : (૧) પરમ આત્મા (૨) અપરમ આત્મા.

**(૧) પરમ આત્મા :–**

પરમ આત્મા કોણ છે ? તે બતાવતાં કહે છે –

(૧) જેઓએ સંપૂર્ણ ભાવમલનો નાશ કર્યો છે તેના કારણે વિશુદ્ધજ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને તે જ્ઞાનના બળથી જેમને લોક અને અલોકરૂપ સંપૂર્ણ જગત કેવળજ્ઞાનમાં યથાર્થ જણાય છે એવા પૂર્ણજ્ઞાનવાળા છે.

(૨) વળી, જગતના જીવમાત્રનાં ચિત્તને સંતોષનું કારણ બને એવા ઇન્દ્રાદિ દેવોના સમૂહથી રચાયેલા આઠ પ્રાતિહાર્યરૂપ પૂજાના ઉપચારવાળા છે.

(૩) વળી, તીર્થંકરો વચનાતિશયને કારણે સર્વ જીવોને પોતપોતાની ભાષામાં પરિણમન પામે એવી વાણી વિશેષ દ્વારા એક કાળમાં અનેક જીવોના સંશયને દૂર કરનારા છે.

(૪) વળી, તીર્થંકરો પોતાના વિહારને કારણે તેમના દેહને સ્પર્શીને જતા પવનથી પૃથ્વીમાં રહેલા રોગાદિ આપાદક દૂરિતરજને દૂર કરનારા છે.

વળી, સદાશિવ આદિ શ્રેષ્ઠ શબ્દોથી વાચ્ય છે. આવા ભગવાન પરમ આત્મા છે.

**(૨) અપરમ આત્મા :-**

અન્ય સંસારી જીવો અપરમ આત્મા છે.

આવા પરમાત્માને કઈ રીતે પ્રણામ કરીને ગ્રંથકારશ્રી મંગલાચરણ કરે છે ? તે બતાવવા માટે "प्रणम्य"નો અર્થ કરે છે –

કાયાથી વંદન, વાણીથી સ્તવન અને મનથી પરમાત્માના સ્વરૂપનું અનુચિંતવન તથા 'આદિ' શબ્દથી તેમના સ્વરૂપમાં તન્મયતા વગેરે ભાવોથી નમસ્કાર કરીને ગ્રંથકારશ્રી મંગલાચરણ કરે છે. આ રીતે કરાયેલા મંગલાચરણથી ગ્રંથના નિર્માણમાં અંતરંગ અને બહિરંગ વિઘ્ન દૂર થાય છે, તેથી શાસ્ત્રનું સમ્યક્ નિર્માણ થાય છે.

ગ્રંથકારશ્રી મંગલાચરણ કર્યા પછી 'ધર્મબિંદુ'ને કહેવાની પ્રતિજ્ઞા કરે છે. આ 'ધર્મબિંદુ' સ્વમતિથી કહેતા નથી, પરંતુ સર્વજ્ઞે કહેલા શ્રુતરૂપી સમુદ્રમાંથી ઉદ્ધૃત કરીને કહે છે.

શ્રુતરૂપી સમુદ્ર કેવું છે ? તે બતાવે છે –

અનેક પ્રકારના જેમાં ભાંગાઓ છે અને તેના કારણે તે અતિગહન છે અને અતિ વિપુલ એવા નયના જાળારૂપ મણિમાળાથી યુક્ત છે, તેથી મંદમતિવાળા જીવો તેના પરમાર્થને જાણી શકે તેમ નથી. આવા મહાસમુદ્ર જેવા આગમસમુદ્રમાંથી ગ્રંથકારશ્રી તે આગમનો વિરોધ ન આવે તે રીતે પૃથગ્ કરીને ધર્મબિંદુને કહેવાની પ્રતિજ્ઞા કરે છે. આગમમાંથી ઉદ્ધાર કરેલ હોવાથી અને આગમ સાથે અવિરોધી કથનરૂપ હોવાથી પ્રસ્તુત ગ્રંથ સર્વજ્ઞના વચનઅનુપાતી છે એમ ફલિત થાય છે, તેથી એકાંતે પ્રમાણભૂત છે.

વળી, ધર્મબિંદુને કહેવાની પ્રતિજ્ઞા કરી એમાં બિંદુ શબ્દથી એ કહેવું છે કે ગ્રંથકારશ્રી અતિસંક્ષેપથી કહેવાના છે, તેથી બિંદુ તુલ્ય છે. વસ્તુતઃ સર્વજ્ઞે કહેલા પૂર્ણ ધર્મને સૂત્રના સંક્ષેપથી ગ્રંથકારશ્રી બતાવવાના છે, તેથી પ્રારંભિક ભૂમિકાથી માંડીને અંતિમ ભૂમિકાનો ધર્મ ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગ્રંથમાં બતાવે છે.

ધર્મબિંદુ કહેવાની પ્રતિજ્ઞા દ્વારા ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથનો અભિધેય કહેલ છે અને સામર્થ્યથી સંબંધ અને પ્રયોજન બતાવે છે. અર્થાત્ શ્લોકમાં શબ્દથી સંબંધ અને પ્રયોજન બતાવેલ નથી તોપણ અર્થથી સંબંધ અને પ્રયોજન બતાવેલ છે. તે આ રીતે –

પ્રસ્તુત ગ્રંથમાં વર્ણન કરાયેલા શબ્દોથી વાચ્ય ધર્મનું સ્વરૂપ છે. જેનાથી ધર્મના સ્વરૂપનો બોધ થાય છે. તે બોધ અનુસાર પ્રવૃત્તિ કરીને જીવ ધર્મના અંતિમ ફળરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે, તેથી પ્રસ્તુત ગ્રંથની શબ્દરાશિ એ અભિધેય એવા ધર્મના સ્વરૂપની વાચક છે અને તેનાથી વાચ્ય ધર્મનું સ્વરૂપ છે, તેથી ધર્મ અને પ્રસ્તુત ગ્રંથ વચ્ચે અભિધાન-અભિધેય રૂપ અથવા વાચ્ય-વાચકરૂપ સંબંધ છે. આ પ્રકારના સંબંધનું જ્ઞાન થવાથી શ્રોતાને નિર્ણય થાય છે કે પ્રસ્તુત ગ્રંથમાં કહેલાં દરેક વચનો ધર્મના સ્વરૂપને જ માત્ર કહેનારાં છે, અન્ય કોઈ વસ્તુને કહેનારાં નથી. આ ગ્રંથના અધ્યયનનું સાક્ષાત્ ફળ ધર્મના સ્વરૂપનો યથાર્થ બોધ છે, તેથી ગ્રંથનું પ્રયોજન શ્રોતાને ધર્મના સ્વરૂપનો બોધ કરાવવાનું છે અને તે શ્રોતા ધર્મના સ્વરૂપને જાણીને સ્વભૂમિકા અનુસાર ધર્મને સેવે તો ક્રમસર ઉત્તર ઉત્તરના ધર્મને પામીને ધર્મના અંતિમ ફળરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે, તેથી પ્રસ્તુત ગ્રંથના અધ્યયનનું અંતિમ પ્રયોજન મોક્ષ છે.

વળી, ગ્રંથકારશ્રીનું પ્રસ્તુત ગ્રંથ રચવાનું અનંતર પ્રયોજન જીવોને ધર્મનો બોધ કરાવીને તેમના ઉપર ઉપકાર કરવાનું છે પરંતુ અન્ય કોઈ માન-ખ્યાતિ આદિનું પ્રયોજન નથી.

વળી, યોગ્ય જીવોને ધર્મમાં યોજન કરવાની પ્રવૃત્તિ કુશલ અનુષ્ઠાનરૂપ છે, તેથી યોગ્ય જીવોના ઉપકાર માટે કરાતી ગ્રંથરચના કુશલ અનુષ્ઠાનરૂપ થવાને કારણે ગ્રંથકારશ્રી માટે પણ પરંપરાએ મોક્ષનું કારણ છે, તેથી ગ્રંથકારશ્રીનું પણ અંતિમ પ્રયોજન મોક્ષ છે.

શ્રોતાનું અનંતરપ્રયોજન ધર્મનો બોધ છે અને પરંપરપ્રયોજન મોક્ષ છે, એમ કહેવાથી એ ફલિત થાય કે કોઈ યોગ્ય શ્રોતા કોઈ કારણે અનેક ગ્રંથો ભણી શકે તેમ ન હોય છતાં ધર્મના પરમાર્થને પ્રાપ્ત કરવા અત્યંત ઇચ્છે છે, તેવો શ્રોતા પ્રસ્તુત ગ્રંથને પુનઃ પુનઃ વાંચીને તેના હાર્દને સ્પર્શવા યત્ન કરે તો તે યોગ્ય શ્રોતા અવશ્ય આ ગ્રંથના બળથી સ્વભૂમિકાના ધર્મને સેવવાની દિશાને પ્રાપ્ત કરે છે. ત્યારપછી શક્તિ અનુસાર સદા તે ધર્મને સેવવા યત્ન કરે તો પરિમિત ભવોમાં તે શ્રોતા અવશ્ય મોક્ષફળને પ્રાપ્ત કરે છે; કેમ કે સર્વજ્ઞના એક પણ વચનથી અનંતા આત્માઓ મોક્ષમાં ગયા છે અને પ્રસ્તુત ગ્રંથ સર્વજ્ઞના વચનરૂપ જ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**'धर्मबिन्दुं प्रवक्ष्यामी'त्युक्तम्, अथ धर्मस्यैव हेतुं स्वरूपं फलं च बिभणिषुः 'फलप्रधानाः प्रारम्भा मतिमतां भवन्ति' इति फलमेवादौ, तदनु हेतुशुद्धिभणनद्वारेण धर्मस्वरूपं चोपदर्शयन्निदं श्लोकद्वयमाह -**

**અવતરણિકાર્થ :-**

**ધર્મબિંદુને હું કહીશ એ પ્રમાણે શ્લોક-૧માં કહ્યું. હવે ધર્મના જ હેતુ, સ્વરૂપ અને ફલને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી "મતિમાન પુરુષો ફળપ્રધાન પ્રારંભવાળા હોય છે" એથી ફલને જ આદિમાં, અને ત્યારપછી હેતુશુદ્ધિના કથન દ્વારા ધર્મના સ્વરૂપને બતાવતાં આ શ્લોકદ્વયને=આગળમાં બતાવે છે એ શ્લોક-૨ અને ૩ને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧માં મંગલાચરણ કરીને ગ્રંથકારશ્રીએ ધર્મબિંદુ કહેવાની પ્રતિજ્ઞા કરી, તેથી હવે ધર્મનો હેતુ શું છે ? ધર્મનું સ્વરૂપ શું છે ? અને ધર્મનું ફલ શું છે ? એ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી છે, તેથી પહેલાં ધર્મનો હેતુ કહેવો જોઈએ, આમ છતાં ધર્મના હેતુને પહેલાં ન કહેતાં ગ્રંથકારશ્રી શ્લોકમાં પ્રથમ ફલને જ બતાવે છે; કેમ કે બુદ્ધિમાન પુરુષો ફલપ્રધાન પ્રારંભવાળા હોય છે, તેથી ગ્રંથકારશ્રી પહેલાં ધર્મનું ફળ બતાવે અને તે ધર્મનું ફળ કેવું શ્રેષ્ઠ છે ? તેનું જ્ઞાન થાય તો વિચારક પુરુષ ધર્મ જાણવાની તીવ્ર જિજ્ઞાસાવાળા બને. વળી, ધર્મને જાણવાની તીવ્ર જિજ્ઞાસાવાળા બને તો ધર્મનું સ્વરૂપ બતાવવાથી તેઓને લાભ થાય, તેથી શ્રોતાને ધર્મ જાણવાની તીવ્ર જિજ્ઞાસા નિષ્પન્ન કરવા માટે પ્રથમ શ્લોક-૨માં ધર્મનું ફળ બતાવે છે. ત્યારપછી ત્રીજા શ્લોકમાં ધર્મના હેતુની શુદ્ધિ બતાવીને ધર્મના સ્વરૂપને બતાવતાં કહે છે –

**શ્લોક :-**

**धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः ।**
**धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः ।।२।।**

**શ્લોકાર્થ :-**

**ધનના અર્થી જીવોને ધનને દેનારો કહેવાયો છે=ધર્મ ધનને દેનારો કહેવાયો છે. કામી જીવોને સર્વ પ્રકારનાં કામને દેનારો કહેવાયો છે. ધર્મ જ પરંપરાથી અપવર્ગનો સાધક છે. ।।૨।।**

**ટીકા :-**

**'धनं' धान्य-क्षेत्र-वास्तु-द्विपद-चतुष्पदभेदभिन्नं हिरण्य-सुवर्ण-मणि-मौक्तिक-शङ्ख-शिला-प्रवालादिभेदं च धनपतिधनर्द्धिप्रतिस्पर्धि तीर्थोपयोगफलं ददाति=प्रयच्छति, यः स तथा, 'धनार्थिनां' धनमन्तरेण गृहिणो न किञ्चिदिति बुद्ध्या धनविषयातिरेकस्पृहावतां 'प्रोक्तः' शास्त्रेषु निरूपितः, 'धर्म एवे'त्युत्तरेण योगः, तथा 'कामिनां' कामाभिलाषवतां प्राणिनाम्, काम्यन्ते इति 'कामाः' मनोहरा अक्लिष्टप्रकृतयः परमाह्लाददायिनः परिणामसुन्दराः शब्द-रूप-रस-गन्ध-स्पर्शलक्षणा इन्द्रियार्थाः, ततः सर्वे च ते कामाश्च सर्वकामाः, तान् ददातीति 'सर्वकामदः' । इत्थमभ्युदय-फलतया धर्ममभिधाय निःश्रेयसफलत्वेनाह–'धर्म एव' नापरं किञ्चित्, अपवृज्यन्ते=उच्छिद्यन्ते, जाति-जरा-मरणादयो दोषा अस्मिन्नित्यपवर्गः मोक्षः, तस्य, 'पारम्पर्येण' अविरतसम्यग्दृष्टि-गुणस्थानाद्यारोहणलक्षणेन सुदेवत्वमनुष्यत्वादिस्वरूपेण वा 'साधकः' सूत्रपिण्ड इव पटस्य स्वयं परिणामिकारणभावमुपगम्य निर्वर्त्तक इति ।।२।।**

**ટીકાર્થ :-**

**'धनं' धान्य ..... निर्वर्त्तक इति ।। ધન=ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, દ્વિપદ, ચતુષ્પદના ભેદથી અનેક પ્રકારના ભેદવાળું અને ચાંદી, સુવર્ણ, મણિ, મોતી, શંખ, શિલા-પ્રવાલાદિ ભેદવાળું, ધનપતિના ધનની ઋદ્ધિ સાથે પ્રતિસ્પર્ધા કરે તેવું અને તીર્થના ઉપયોગના ફલવાળું ધન=સંસારથી તરવા માટેનું કારણ બને એવા ભગવદ્ભક્તિ આદિ અનુષ્ઠાનમાં ઉપયોગી થાય તેવા ફલવાળું ધન, જે આપે છે તે તેવું છે=જે ધર્મ આપે છે તે ધર્મ ધનને દેનારો છે.**

કોને ધન આપનારું છે ? તેથી કહે છે –

**ધનના અર્થી જીવોને=ધન વગર ગૃહસ્થોને કાંઈ નથી તેવી બુદ્ધિના કારણે ધન વિષયક અતિ સ્પૃહાવાળા જીવોને, ધનને દેનારો ધર્મ કહેવાયો છે=શાસ્ત્રમાં કહેવાયો છે ધર્મ જ એ પ્રકારનાં બીજા પાદ સાથે પ્રથમ પાદનો સંબંધ છે, તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મ જ ધનાર્થીઓને ધનને દેનારો કહેવાયો છે. અને કામીઓને=કામની અભિલાષવાળા જીવોને મનોહર, અક્લિષ્ટ પ્રકૃતિવાળા, પરમ આહ્લાદને દેનારા, પરિણામસુંદર, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શસ્વરૂપવાળા, ઈન્દ્રિયોના અર્થોરૂપ કામો છે. ત્યારપછી સર્વ એવા તે કામો=સર્વકામો એ પ્રમાણે સમાસ કરવો અને તે કામોને આપે છે તે સર્વકામદ.**

આનાથી એ ફલિત થાય કે કામી જીવોને સુંદર એવા કામોને આપનાર ધર્મ જ કહેવાયો છે. આ રીતે અભ્યુદયફલપણાથી ધર્મને કહીને નિઃશ્રેયસફલપણાથી કહે છે=ધર્મને કહે છે.

**ધર્મ જ બીજું કાંઈ નહિ, અપવર્ગને=મોક્ષને, પરંપરાથી=અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનાદિ આરોહણરૂપ પરંપરાથી અથવા સુદેવત્વ-સુમાનુષત્વ આદિરૂપ પરંપરાથી સાધક છે=સુતરના તાંતણા જેમ પટના સાધક છે તેમ સ્વયં પરિણામ કારણભાવને પામીને નિવર્તક છે=મોક્ષ નિષ્પાદક છે.**

મૂળ શ્લોકમાં ધર્મને અપવર્ગનો સાધક કહ્યો, તેથી અપવર્ગ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

**જાતિ=જન્મ, જરા-મરણાદિ દોષો અપવૃજન થાય છે=ઉચ્છેદ પામે છે આમાં, એ અપવર્ગ છે= મોક્ષ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહેલ કે બુદ્ધિમાન પુરુષો ફલપ્રધાન પ્રવૃત્તિ કરનારા હોય છે, તેથી આદિમાં ગ્રંથકારશ્રી ધર્મનું ફલ બતાવે છે.

આનાથી એ ફલિત થાય કે ધર્મનાં જે ત્રણ ફલ બતાવ્યાં છે તે ફલના અર્થીએ ધર્મમાં જ પ્રવૃત્તિ કરવી જોઈએ. તે ધર્મનાં ત્રણ ફલો આ પ્રમાણે છે –

**(૧) ધનના અર્થીને ધન આપનાર :-**

જે જીવોને સંસાર અવસ્થા જીવની વિડંબનારૂપ જણાય છે અને સંસારથી પર એવી મુક્ત અવસ્થા

જન્મ-જરા-મરણ આદિ દોષોથી રહિત હોવાથી સારભૂત જણાય છે અને તેનો ઉપાય ધર્મનું સેવન છે તેવો બોધ છે, આમ છતાં સર્વસંગના ત્યાગ સ્વરૂપ ધર્મ સેવવા માટે સમર્થ નથી તેવા જીવોને સ્વભૂમિકા અનુસાર ધર્મ સેવવાનો પરિણામ થાય છે. ત્યારે તેઓ વિચારે છે કે ધન વગર ગૃહસ્થને કંઈ જ નથી અર્થાત્ ધન વગર ભોગનું પણ સુખ નથી અને ધર્મનું સેવન પણ શક્ય નથી, તેથી તેવા જીવો મોક્ષના અર્થી હોવા છતાં ધનના પણ અર્થી છે. તેથી વિચારે છે કે "જો મને ધનની પ્રાપ્તિ થાય તો સંસારનાં સુખોને ભોગવીને હું સુખી થાઉં. અને ગુણવાન એવા તીર્થંકરો અને સુસાધુ આદિની ભક્તિ કરીને ધર્મનું સેવન કરી શકું" તેવા મનોવૃત્તિવાળા જીવોને સમ્યક્ રીતે સેવાયેલો ધર્મ ધનને આપનારો છે અને તેવા જીવો સ્વભૂમિકા અનુસાર સંસારથી તરવાનું કારણ બને એ રીતે ધનનો ઉપયોગ ધર્મના ક્ષેત્રમાં કરીને તે ધનથી પણ પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરે છે અર્થાત્ ધનવ્યય દ્વારા ગુણવાન એવા તીર્થંકર આદિ પ્રત્યે રાગની વૃદ્ધિ કરીને વીતરાગના ગુણોથી આત્માને વાસિત કરે છે તે ગુણના રાગના સંસ્કારોથી યુક્ત જે પુણ્ય પ્રાપ્ત કરે છે તે પુણ્યાનુબંધીપુણ્ય છે, તેને પ્રાપ્ત કરે છે.

**(૨) કામના અર્થીને કામ આપનાર :-**

વળી, જેઓને મોક્ષ સારભૂત જણાય છે એવા પણ કેટલાક જીવો પોતાના ચિત્તમાં કામના વિકારો શાંત થયેલા નથી, તેથી કામના પણ અર્થી છે. અને તેવા જીવો સમ્યક્ પ્રકારે ધર્મનું સેવન કરે તો તેઓને સુંદર ભોગસામગ્રી મળે છે જે અક્લિષ્ટ પ્રકૃતિવાળી હોય છે અર્થાત્ તે ભોગોથી તેઓના ચિત્તમાં વિકારોનું શમન થાય છે પરંતુ વિકારોની વૃદ્ધિ થતી નથી.

વળી, તે ભોગો પરમ આહ્‌લાદને દેનારા હોય છે અર્થાત્ ભોગની ઇચ્છા થઈ અને ઇચ્છાને અનુરૂપ શ્રેષ્ઠ ભોગો મળ્યા, તેથી તૃપ્તિરૂપ પરમ આહ્‌લાદને દેનારા બને છે.

વળી, તે ભોગો પરિણામથી સુંદર હોય છે; કેમ કે વિવેકી જીવો ભોગકાળમાં પણ વિવેકદૃષ્ટિવાળા હોવાથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે અને સુંદર સેવાયેલા ધર્મથી કામી જીવોને તેવા ભોગો મળે છે, તેથી તે ભોગથી તેઓનું કોઈ અહિત થતું નથી. આ રીતે ધર્મનું ધનપ્રાપ્તિ અને કામપ્રાપ્તિરૂપ અભ્યુદયફળ બતાવ્યું.

**(૩) મોક્ષના અર્થીને મોક્ષ આપનાર :**

વળી, જેમ તે ધર્મ અભ્યુદયફળને આપે છે તેમ પરંપરાએ મોક્ષફળને પણ અવશ્ય આપે છે.

કઈ રીતે તે ધર્મ પરંપરાએ મોક્ષફળને આપે છે ? તે કહે છે –

જે જીવોમાં મંદમિથ્યાત્વ વર્તે છે તે જીવો માર્ગાનુસારી બુદ્ધિપૂર્વક ધર્મને સેવીને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે, ત્યારપછી દેશવિરતિ આદિના ક્રમથી ઉત્તર ઉત્તરનાં ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને યોગનિરોધરૂપ ચરમ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે, તેથી તેવા જીવો ધર્મના સેવનથી ધનના સુખને મેળવે છે. કામના સુખને મેળવે છે અને પરંપરાથી મોક્ષના સુખને મેળવે છે.

વળી, પરંપરાનો અન્ય રીતે અર્થ કરતાં કહે છે કે ધર્મ સેવીને સુદેવત્વ, સુમનુષ્યત્વ, આદિ પરંપરાથી મોક્ષને પ્રાપ્ત કરે છે.

વળી, ત્રણ પ્રકારના ફલને દેનારો ધર્મ માત્ર બાહ્ય આચરણારૂપ નથી, પરંતુ મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિરૂપ છે. તે બતાવવા અર્થે કહે છે –

જેમ સૂતરના તાંતણા પટરૂપે=વસ્ત્રરૂપે થાય છે તેમાં તે તાંતણા જ પટરૂપે પરિણમન પામે છે માટે તે તાંતણા વસ્ત્રના પરિણામીકારણ છે તેમ આદ્યભૂમિકામાં પ્રગટ થયેલો માર્ગાનુસારી પરિણામરૂપ જે ધર્મ તે ધર્મ જ સમ્યક્ત્વ, દેશવિરતિ આદિ પરિણામરૂપે પામીને અંતે યોગનિરોધરૂપ પરિણામને પ્રાપ્ત કરે છે અને જેમ તે સૂતરના તાંતણા વસ્ત્રરૂપે પરિણમન પામે છે તેમ આદ્યભૂમિકાથી નિષ્પન્ન થયેલો ધર્મ યોગનિરોધરૂપ ચરમભૂમિકાને પામ્યા પછી મોક્ષરૂપ ફલમાં વિશ્રાંત થાય છે.

અહીં વિશેષ એ છે કે જેમ કોઈ જીવને તૃષા લાગે છે અને પાણી પીવાથી તૃષા શાંત થાય છે તે વખતે મધુર સ્વાદુ પાણી પીવાથી તેને પરમ આહ્લાદ થાય છે અને તે પાણી શરીરને ઉપષ્ટંભક હોવાથી પરિણામથી સુંદર છે તેમ પુણ્યાનુબંધીપુણ્યના ઉદયથી=દર્શનમોહનીયના ક્ષયોપશમથી બંધાયેલા પુણ્યના ઉદયથી, કામના અભિલાષવાળા જીવોને ભોગોની ઇચ્છા થાય છે ત્યારે વિવેકચક્ષુ વિદ્યમાન હોવાથી તેઓ ભોગમાં લંપટ થતા નથી, પરંતુ ભોગના વિકારોનું શમન કરીને પરમઆહ્લાદના પરિણામને પ્રાપ્ત કરે છે.

વિવેકી જીવો તે ભોગો ભોગવીને, પણ ક્લિષ્ટચિત્તવૃત્તિવાળા નહિ હોવાથી તે ભોગના સેવનકાળમાં પણ વિકારોને શમાવીને ઉત્તમ ભાવવાળા બને છે, તેથી તેઓના ભોગો પરિણામથી સુંદર બને છે માટે ધર્મથી પ્રાપ્ત થયેલા ભોગો પણ તે જીવોનું અહિત કરનારા થતા નથી.

વળી, જેમ શરીરની વિકૃતિને કારણે ખોટી તૃષા લાગે છે અને તે તૃષાવાળા જીવો પાણી પીને પણ શાંત થતા નથી પણ અધિક અધિક તૃષાને પ્રાપ્ત કરે છે, તેથી તૃષાકાળમાં તેઓનું જલપાન આહ્લાદકારી બનતું નથી પરંતુ અધિકતૃષા કરીને વિહ્વળતાનું કારણ બને છે, તેથી તે જલપાન પણ પરિણામથી સુંદર નથી; તેમ જેઓ મિથ્યાધર્મ સેવીને પાપાનુબંધી પુણ્યને પ્રાપ્ત કરે છે તેઓના ભોગો અધિક અધિક તૃષા કરીને વિહ્વળતાને પ્રાપ્ત કરાવે છે અને ક્લિષ્ટ ચિત્તવૃત્તિ કરાવીને દુર્ગતિનું કારણ બને છે માટે પરિણામથી સુંદર નથી. અને સુંદર રીતે સેવાયેલો ધર્મ તેવા ભોગોને આપનાર નથી પરંતુ કુત્સિત રીતે સેવાયેલો ધર્મ તેવા ભોગોને આપે છે જ્યારે અહીં તો વિવેકપૂર્વક સેવાયેલો ધર્મ ધનને દેનારો છે, કામને દેનારો છે અને પરંપરાએ મોક્ષસાધક છે એમ કહેલ છે.

વળી, જે જીવો ધનના અર્થી નથી, કામના અર્થી નથી, પરંતુ એકાંતે ઉત્તરઉત્તરના યોગમાર્ગને સેવીને શીઘ્ર સંસારના અંતને કરવાના અર્થી છે તેવા જીવોનો સેવાયેલો ધર્મ ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિ દ્વારા તે જ ભવમાં મોક્ષને દેનારો છે. કદાચ પ્રાપ્ત થયેલા ભવમાં નિષ્ઠા સુધીનો ધર્મ સેવી ન શકાય તો તે ધર્મ સુદેવત્વ અને સુમાનુષ્યત્વની પ્રાપ્તિ દ્વારા શીઘ્ર મોક્ષને દેનારો છે. અને તેવા જીવો દેવભવમાં જાય તો

ત્યાં ભોગસામગ્રી હોવા છતાં તેઓનું ચિત્ત પ્રધાનરૂપે ઉત્તર ઉત્તરના ધર્મ સાધવાને અનુકૂળ શક્તિસંચયમાં પ્રવર્તે છે. આથી જ અનુત્તરવાસી દેવો દેવભવમાં પણ સૂત્રના ચિંતવનથી જ આત્માને સદા વાસિત કરે છે. અને જેઓનું ચિત્ત હજી સંસારમાં ભોગોના વિકારવાળું છે અને વિવેકદૃષ્ટિવાળું પણ છે તેવા જીવો ધર્મ સેવીને સંસારના ભોગો પણ મેળવે છે અને નિઃસ્પૃહી ચિત્તવાળા યોગીઓ કરતાં કંઈક અધિક દેવ અને મનુષ્યના ભવો કરીને અંતે મોક્ષફળને પામે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨ની અવતરણિકામાં કહેલ કે "બુદ્ધિમાન પુરુષોની ફલપ્રધાન પ્રવૃત્તિ હોય છે, તેથી પ્રથમ ધર્મના ફળને બતાવીને ત્યારપછી ધર્મના હેતુની શુદ્ધિના કથન દ્વારા ધર્મના સ્વરૂપને ગ્રંથકારશ્રી બતાવશે.", તેથી હવે ધર્મના હેતુની શુદ્ધિને બતાવવાપૂર્વક ધર્મના સ્વરૂપને બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्त्यते ।।३।। इति ।

**શ્લોકાર્થ :-**

**અવિરુદ્ધ એવા વચનથી મૈત્રી આદિ ભાવથી સંયુક્ત યથોદિત=શાસ્ત્રમાં જે પ્રમાણે કહેવાયું એ પ્રકારનું જે અનુષ્ઠાન તે ધર્મ એ પ્રમાણે કહેવાય છે. ।।૩।।**

**ટીકા :-**

उच्यते इति वचनम् आगमः तस्मात्, वचनमनुसृत्येत्यर्थः, 'यदि'त्यद्याप्यनिरूपितविशेषम् 'अनुष्ठानम्' इहलोकपरलोकावपेक्ष्य हेयोपादेययोरर्थयोरिहैव शास्त्रे वक्ष्यमाणलक्षणयोर्हानोपादानलक्षणा प्रवृत्तिः 'तद् धर्म इति कीर्त्त्यते' इत्युत्तरेण योगः, कीदृशाद्वचनादित्याह–'अविरुद्धात्' निर्देक्ष्यमाणलक्षणेषु कषच्छेदतापेषु अविघटमानात्, तच्चाविरुद्धं वचनं जिनप्रणीतमेव, निमित्तशुद्धेः, वचनस्य हि वक्ता निमित्तमन्तरङ्गम्, तस्य च रागद्वेषमोहपारतन्त्र्यमशुद्धिः, तेभ्यो वितथवचनप्रवृत्तेः, न चैषा अशुद्धि-र्जिने भगवति, जिनत्वविरोधात्, जयति रागद्वेषमोहस्वरूपानन्तरङ्गान् रिपूनिति जिन इति शब्दा-र्थानुपपत्तेः, तपनदहनादिशब्दवदन्वर्थतया चास्याभ्युपगमात् । निमित्तशुद्ध्यभावान्नाजिनप्रणीत-मविरुद्धं वचनम्, यतः कारणस्वरूपानुविधायि कार्यम्, तन्न दुष्टकारणारब्धं कार्यमदुष्टं भवितु-मर्हति, निम्बबीजादिवेक्षुयष्टिरिति, अन्यथा कारणव्यवस्थोपरमप्रसङ्गात्, यच्च यदृच्छाप्रणयन-प्रवृत्तेषु तीर्थान्तरीयेषु रागादिमत्स्वपि घुणाक्षरोत्किरणव्यवहारेण क्वचित् किञ्चिदविरुद्धमपि वचनमुपलभ्यते मार्गानुसारिबुद्धौ वा प्राणिनि क्वचित् तदपि जिनप्रणीतमेव, तन्मूलत्वात् तस्य । न

च वक्तव्यं 'तर्हि अपौरुषेयं वचनमविरुद्धं भविष्यति', कुतः? यतस्तस्यापौरुषेयत्वे स्वरूपलाभस्याप्यभावः, तथाहि–उक्तिर्वचनम्, पुरुषव्यापारानुगतं रूपमस्य, पुरुषक्रियायास्ताल्वोष्ठादिव्यापाररूपाया अभावे कथं वचनं भवितुमर्हति? किञ्च, एतदपौरुषेयं न क्वचिद् ध्वनदुपलभ्यते, उपलम्भेऽप्यदृष्टस्य पिशाचादेर्वक्तुराशङ्काऽनिवृत्तेः–'मा न तेन तद् भाषितं स्यात्', ततः कथं तस्मादपि मनस्विनां सुनिश्चिता प्रवृत्तिः प्रसूयत इति?

कीदृशमनुष्ठानं धर्म इत्याह–'यथोदितं' यथा येन प्रकारेण कालाद्याराधनानुसाररूपेणोदितं= प्रतिपादितं, तत्रैवाविरुद्धे वचने, अन्यथा प्रवृत्तौ तु तद्द्वेषित्वमेवापद्यते, न तु धर्मः, यथोक्तम् –

"तत्कारी स्यात् स नियमात् तद्द्वेषी चेति यो जडः ।
आगमार्थे तमुल्लङ्घ्य तत एव प्रवर्त्तते ।।१।।" [योगबिन्दौ २४०] इति ।

पुनरपि कीदृशमित्याह–'मैत्र्यादिभावसंयुक्तम्', मैत्र्यादयो मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यलक्षणा ये भावा अन्तःकरणपरिणामाः, तत्पूर्वकाश्च बाह्यचेष्टाविशेषाः सत्त्वगुणाधिकक्लिश्यमानाऽविनेयेषु, तैः 'संयुक्तं'=संमिलितं, मैत्र्यादिभावानां निःश्रेयसाऽभ्युदयफलधर्मकल्पद्रुममूलत्वेन शास्त्रान्तरेषु प्रतिपादनात्, तदेवंविधमनुष्ठानं 'धर्म' इति=दुर्गतिपतज्जन्तुजातधरणात् स्वर्गादिसुगतौ धानाच्च 'धर्म इत्ये'वंरूपत्वेन, कीर्त्त्यते=शब्द्यते, सकलाकल्पितभावकलापाऽऽकलनकुशलैः सुधीभिरिति । इदं चाविरुद्धवचनादनुष्ठानमिह धर्म उच्यते उपचारात्, यथा नड्वलोदकं पादरोगः, अन्यथा शुद्धानुष्ठानजन्या कर्ममलापगमलक्षणा सम्यग्दर्शनादिनिर्वाणबीजलाभफला जीवशुद्धिरेव धर्मः ।।३।।

**ટીકાર્થ :-**

उच्यते इति ..... जीवशुद्धिरेव धर्मः ।। કહેવાય એ વચન એ પ્રકારની વચન શબ્દની વ્યુત્પત્તિ છે અને વચન એટલે આગમ, તેનાથી=આગમવચનને અનુસરીને, જે અનુષ્ઠાન=હજી પણ અનિરૂપિત એવું વિશેષ અનુષ્ઠાન=આ લોક અને પરલોકની અપેક્ષાએ હેય અને ઉપાદેયની આ જ શાસ્ત્રમાં કહેવાનારા લક્ષણવાળી ત્યાગ અને સેવનરૂપ પ્રવૃત્તિ, તે ધર્મ એ પ્રમાણે કહેવાય છે એ પ્રકારે ઉત્તરની સાથે યોગ છે=શ્લોકના અંતિમ ભાગ સાથે સંબંધ છે.

કેવા વચનથી કરાયેલું અનુષ્ઠાન ધર્મ છે ? એથી કહે છે –

અવિરુદ્ધ=આગળમાં નિર્દેશ કરાશે એવા કષ-છેદ-તાપમાં અવિઘટમાન વચનથી કરાયેલી પ્રવૃત્તિ ધર્મ છે એમ અન્વય છે. અને તે અવિરુદ્ધ વચન જિનપ્રણીત જ છે; કેમ કે નિમિત્તની શુદ્ધિ છે.

જિનપ્રણીત વચનમાં નિમિત્તની શુદ્ધિ કેમ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**વચનના વક્તા અંતરંગ નિમિત્ત છે=વચન કહેવા પ્રત્યે અંતરંગ કારણ છે, અને તેનું રાગ-દ્વેષ-મોહને પરતંત્રપણું અશુદ્ધિ છે; કેમ કે તેમનાથી=રાગાદિવાળા જીવથી, વિતથવચનની પ્રવૃત્તિ છે=મિથ્યાવચનની પ્રવૃત્તિ છે, અને આ અશુદ્ધિ=મિથ્યાવચનની પ્રવૃત્તિરૂપ અશુદ્ધિ, જિન ભગવંતમાં નથી; કેમ કે જિનત્વનો વિરોધ છે.**

જિન ભગવંતમાં વિતથવચન પ્રવૃત્તિ સ્વીકારવામાં જિનત્વનો વિરોધ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**'રાગ-દ્વેષ અને મોહરૂપ અંતરંગ શત્રુનો જય કરે છે તે જિન' એ પ્રકારની શબ્દના અર્થની અનુપપત્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે જેનું જે નામ હોય તે નામની વ્યુત્પત્તિનો અર્થ તેમાં સંભવે, તેવો નિયમ નથી, તેથી જિનમાં પણ જિનશબ્દના અર્થની અનુપપત્તિ થાય તો શું વાંધો ? તેથી કહે છે –

**તપન-દહન આદિ શબ્દની જેમ અન્વર્થપણાથી=શબ્દના વાચ્ય અર્થના યોજનપણાથી, આનો=જિન શબ્દનો, અભ્યુપગમ છે=જિનમાં જિન શબ્દનો સ્વીકાર છે.**

જિનપ્રણીત આગમ અવિરુદ્ધ છે એમ બતાવ્યા પછી અન્ય આગમ અવિરુદ્ધ નથી એમ બતાવતાં કહે છે –

**નિમિત્તશુદ્ધિનો અભાવ હોવાના કારણે=છદ્મસ્થ એવા વક્તામાં રાગ-દ્વેષ અને મોહના પારતંત્ર્યરૂપ શબ્દના નિમિત્તની શુદ્ધિનો અભાવ હોવાના કારણે, અજિનપ્રણીત વચન અવિરુદ્ધ નથી. જે કારણથી કારણના સ્વરૂપને અનુસરનાર કાર્ય હોય છે તે કારણથી દુષ્ટ કારણથી આરબ્ધ કાર્ય અદુષ્ટ થવા માટે યોગ્ય નથી. જેમ લીમડાના બીજથી શેરડીનો સાંઠો થાય નહિ તેમ અજિનપ્રણીત વચન અવિરુદ્ધ થાય નહિ, એમ અન્વય છે. અન્યથા=નિમિત્તશુદ્ધિનો અભાવ હોવા છતાં અજિનપ્રણીત વચન અવિરુદ્ધ છે એમ સ્વીકારવામાં આવે તો, કારણની વ્યવસ્થાના ઉપરમનો પ્રસંગ છે=નિયત કારણથી નિયત કાર્ય થાય છે એ પ્રકારની વ્યવસ્થાના લોપનો પ્રસંગ છે.**

**અને જે યદચ્છારચના કરવામાં પ્રવૃત્ત રાગાદિવાળા પણ તીર્થાંતરીઓમાં ઘુણાક્ષરના ઉત્કિરણના વ્યવહારથી=લાકડાને કોતરતા કીડાથી અનાભોગથી અક્ષરો કોતરાય છે એ પ્રકારના વ્યવહારથી, કોઈક સ્થાનમાં કંઈક અવિરુદ્ધ પણ વચન પ્રાપ્ત થાય છે અથવા માર્ગાનુસારી બુદ્ધિવાળા પ્રાણીમાં ક્વચિત્ અવિરુદ્ધ વચન ઉપલબ્ધ થાય છે તે પણ જિનપ્રણીત જ છે; કેમ કે તેનું તદ્દમૂલપણું છે=તીર્થાંતરીઓના વચનનું કે માર્ગાનુસારી બુદ્ધિવાળા પ્રાણીઓના વચનનું જિનવચનમૂલપણું છે.**

અહીં કોઈ કહે કે બોલનારની અંતરંગ અશુદ્ધિના કારણે વચનમાં અશુદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી અપૌરુષેય વચનને જ શુદ્ધ સ્વીકારવું જોઈએ, તેનું નિરાકરણ કરતાં કહે છે –

**તો=બોલનારની અશુદ્ધિને કારણે વચનમાં અશુદ્ધિ પ્રાપ્ત થાય છે તો, અપૌરુષેય વચન અવિરુદ્ધ થશે એમ ન કહેવું.**

કેમ ન કહેવું ? એથી કહે છે –

**જે કારણથી તેના=વચનના, અપૌરુષેયત્વમાં સ્વરૂપ લાભનો પણ અભાવ છે=વચનના સ્વરૂપના લાભનો પણ અભાવ છે.**

**તે આ પ્રમાણે –**

**ઉક્તિ વચન છે અને આનું=વચનનું, સ્વરૂપ પુરુષના વ્યાપાર અનુગત છે અને તાલ-ઓષ્ઠાદિવ્યાપારરૂપ પુરુષની ક્રિયાના અભાવમાં કેવી રીતે વચન થવા માટે યોગ્ય છે ? અર્થાત્ વચન સંભવે નહિ, વળી અપૌરુષેય એવું આ=વચન ક્યારેય પણ સંભળાતું ઉપલબ્ધ થતું નથી. ઉપલંભમાં પણ=અવાજના સંભળાવામાં, પણ પિશાચાદિ વક્તાની આશંકાની અનિવૃત્તિ છે=તેના વડે=પિશાચ વડે તે=સંભળાતું વચન ભાષિત ન થાઓ એ પ્રકારની આશંકાની નિવૃત્તિ થતી નથી, તેથી કેવી રીતે તેનાથી પણ= અપૌરુષેય વચનથી પણ, બુદ્ધિમાનોની સુનિશ્ચિત એવી પ્રવૃત્તિ પ્રસિદ્ધ થાય ? અર્થાત્ થઈ શકે નહિ.**

**'इति' શબ્દ 'तथाहि'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે.**

કેવું અનુષ્ઠાન ધર્મ છે ? એથી કહે છે –

**જે પ્રમાણે કહેવાયેલું છે=કાલાદિ આરાધના અનુસારરૂપ જે પ્રકારથી શાસ્ત્રમાં પ્રતિપાદિત છે, તે જ અવિરુદ્ધવચનમાં પ્રવૃત્તિ ધર્મ છે એમ અન્વય છે. વળી, અન્યથા પ્રવૃત્તિમાં=શાસ્ત્રમાં જે અનુષ્ઠાન જે પ્રકારે કરવાનું કહ્યું છે તેનાથી અન્ય પ્રકારની પ્રવૃત્તિમાં, તદ્દ્વેષીપણું જ=શાસ્ત્રનું દ્વેષીપણું જ, પ્રાપ્ત થાય છે, ધર્મ પ્રાપ્ત થતો નથી.**

**જે કારણથી કહેવાયું છે –**

"જડ એવો જે આગમના અર્થમાં=આગમે કહેલી ચૈત્યવંદન આદિ પ્રવૃત્તિમાં, તેને ઉલ્લંઘીને=આગમની વિધિને ઉલ્લંઘીને, તેનાથી જ=આગમથી જ, પ્રવર્તે છે. તે=તે પુરુષ, તેને કરનાર થાય=ધર્મને કરનાર થાય, અને નિયમથી તેનો દ્વેષી થાય=કરાતા ધર્મનો દ્વેષી થાય. ॥૧॥" **(યોગબિંદુ-૨૪૦)**

વળી તે ધર્મનું અનુષ્ઠાન કેવા પ્રકારનું છે ? એથી કહે છે –

**મૈત્ર્યાદિ ભાવથી સંયુક્ત છે. મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્યરૂપ જે મૈત્રી આદિ ભાવો=અંતઃકરણના પરિણામો અને તદ્પૂર્વક બાહ્યચેષ્ટા વિશેષ=સર્વ જીવોમાં મૈત્રી, ગુણાધિકમાં પ્રમોદ, ક્લિશ્યમાનમાં કરુણા અને અવિનેયમાં=અયોગ્યમાં, માધ્યસ્થ્યભાવ લક્ષણ, અંતઃકરણના પરિણામપૂર્વક બાહ્યચેષ્ટા વિશેષ, તેનાથી સંયુક્ત એવું ધર્મઅનુષ્ઠાન ધર્મ છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાનને ધર્મ ન કહેતાં મૈત્ર્યાદિ ભાવથી યુક્ત અનુષ્ઠાનને ધર્મ કેમ કહ્યું ? એમાં હેતુ કહે છે –

**મૈત્રી આદિ ભાવોનો નિઃશ્રેયસ અને અભ્યુદયના ફ્લવાળા ધર્મરૂપ કલ્પદ્રુમના મૂલપણાથી શાસ્ત્રાન્તરમાં પ્રતિપાદન છે. આવા પ્રકારનું અનુષ્ઠાન ધર્મ એ પ્રકારથી=દુર્ગતિમાં પડતા જીવોના સમૂહને ધારણ**

**કરનાર હોવાથી અને સ્વર્ગાદિ સુગતિમાં સ્થાપન કરનાર હોવાથી ધર્મ એ સ્વરૂપથી, સકલ અકલ્પિત એવા ભાવના સમૂહને જાણવામાં કુશલ એવા સુંદર બુદ્ધિવાળા તીર્થંકરો વડે કહેવાય છે.**

**'इति' શબ્દ શ્લોક સ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

**અને અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, અવિરુદ્ધ વચનથી આ અનુષ્ઠાન ધર્મ ઉપચારથી કહેવાય છે. જેમ નડ્વલ ઉદક=નડ્વલ વનસ્પતિવાળું પાણી, પાદરોગ છે. અન્યથા=ઉપચારથી અનુષ્ઠાનને ધર્મ કહેવામાં ન આવે તો, શુદ્ધ અનુષ્ઠાનથી જન્ય કર્મમલના અપગમરૂપ સમ્યગ્દર્શન આદિ નિર્વાણના બીજલાભ ફલવાળી જીવની શુદ્ધિ જ ધર્મ છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨ની અવતરણિકામાં કહેલ કે હેતુની શુદ્ધિના કથન દ્વારા ધર્મનું સ્વરૂપ ત્રીજા શ્લોકમાં બતાવાશે તેમાં "અવિરુદ્ધ વચનથી જે અનુષ્ઠાન ધર્મ છે" તેમ કહેવાથી અવિરુદ્ધ વચનરૂપ હેતુની શુદ્ધિનું કથન છે અને યથોદિત મૈત્રી આદિ ભાવોથી યુક્ત એવું જે અનુષ્ઠાન તે ધર્મનું સ્વરૂપ છે.

અવિરુદ્ધ વચનથી જે અનુષ્ઠાન તે ધર્મ છે તેમાં પ્રથમ 'વચન' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. 'જે કોઈનાથી બોલાય' તે વચન કહેવાય. જો આમ સ્વીકારીએ તો દરેક પુરુષોથી બોલાયેલું વચન, વચન બને; પરંતુ અતીન્દ્રિય પદાર્થને કહેનારા વચનનું અહીં ગ્રહણ છે, જે વચન આગમ સ્વરૂપ છે, તેથી આગમને અનુસરીને જે અનુષ્ઠાન છે તે ધર્મ છે તેમ અર્થ પ્રાપ્ત થાય.

આગમને અનુસરીને જે અનુષ્ઠાન છે તે ધર્મ છે તેમ કહેવાથી સર્વદર્શનનાં આગમોની પ્રાપ્તિ થાય, તેથી કહે છે –

અવિરુદ્ધ એવા વચનને આશ્રયીને જે અનુષ્ઠાન કરાય છે તે ધર્મ છે, અન્ય અનુષ્ઠાન નહિ.

અવિરુદ્ધ વચનનો અર્થ સ્પષ્ટ કરે છે –

ગ્રંથકારશ્રી આગળમાં બતાવશે એ સ્વરૂપવાળી કષ-છેદ અને તાપપરીક્ષામાંથી જે આગમ પસાર થતું હોય તે આગમ અવિરુદ્ધ આગમ છે, અન્ય આગમ નહિ. તે આગમથી નિરૂપિત એવું અનુષ્ઠાન ધર્મ છે.

તે અનુષ્ઠાનનું સ્વરૂપ જ સ્પષ્ટ કરે છે –

આ લોક અને પરલોકની અપેક્ષાએ હેય અને ઉપાદેય અર્થનાં ત્યાગ અને સેવનરૂપ જે પ્રવૃત્તિ તે ધર્મ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે આ લોક અને પરલોકમાં જે અહિતકારી છે તેના ત્યાગની પ્રવૃત્તિ અને આ લોક અને પરલોકમાં જે હિતકારી છે તેના સેવનની પ્રવૃત્તિ આગમ બતાવે છે અને તેવી પ્રવૃત્તિ ધર્મ છે, અન્ય પ્રવૃત્તિ ધર્મ નથી. ધર્મની વિરુદ્ધ એવી સર્વ પ્રવૃત્તિ જીવ માટે આ લોકમાં અને પરલોકમાં અહિતકારી છે. જેમ કોઈ વિવેકસંપન્ન શ્રાવક ભગવાનનાં વચનના પરમાર્થને જાણતો હોય તો સર્વ કર્મ રહિત અવસ્થા તેને સુંદર જણાય છે, જેનો ઉપાય યોગનિરોધ છે. આ યોગનિરોધની પ્રાપ્તિ માટે ભગવાને ધર્મ બતાવ્યો છે એ પ્રકારે પ્રતિસંધાન કરીને પોતાની ભૂમિકા અનુસાર સર્વવિરતિની શક્તિના

સંચય અર્થે દેશવિરતિનું પાલન કરે છે. જેનાથી તેના રાગાદિ ભાવો ઘટે છે, તેથી ચિત્તની શાંતતા વધે છે, તેથી સુખ ઉત્પન્ન થાય છે. વળી, તે ધર્મસેવનકાળમાં વર્તતા શુભભાવોથી વર્તમાનની પુણ્યપ્રકૃતિ જાગ્રત થાય છે, તેથી બાહ્ય અનુકૂળતાઓ વધે છે. માટે તે શ્રાવકના ધર્મનું સેવન ચિત્તની શાંતતાને કારણે અને પુણ્યપ્રકૃતિ જાગ્રત થવાના કારણે આ લોક માટે હિતકારી બને છે. વળી, તે શ્રાવક સ્વભૂમિકા અનુસાર ધર્મનું સેવન કરે છે તેનાથી પુણ્યપ્રકૃતિ બંધાય છે અને આત્મામાં ધર્મના સેવનના ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે, જેનાથી પરલોકમાં હિતની પ્રાપ્તિ થાય છે. આ રીતે સ્વભૂમિકા અનુસાર સેવાયેલો ધર્મ આ લોકના અને પરલોકના હિતની પ્રવૃત્તિરૂપ છે.

વળી, આ લોક અને પરલોકનું જેનાથી અહિત થાય તેવી પ્રમાદી આચરણાના ત્યાગરૂપ ધર્મ છે, તેથી જે શ્રાવક સ્વભૂમિકા અનુસાર પ્રમાદનું વર્જન થાય તે રીતે દ્રવ્યસ્તવ આદિ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેનાથી તેનામાં રાગાદિની આકુળતા ઘટે છે, તેથી પ્રમાદના વર્જનથી તેના આ લોકના અહિતનું વર્જન થાય છે; કેમ કે પ્રમાદને કારણે જે રાગાદિના ક્લેશો થાય છે તેનાથી પાપપ્રકૃતિ જાગ્રત થાય છે તેનું વર્જન થાય છે.

વળી, પરલોકના અહિતનું પણ વર્જન થાય છે; કેમ કે પ્રમાદના વર્જનને કારણે અપ્રમાદના ઉત્તમ સંસ્કારો પડે છે અને પ્રમાદકૃત પાપપ્રકૃતિ બંધાતી નથી, તેથી પરલોકમાં પણ હિત થાય છે. માટે આ લોક અને પરલોકને આશ્રયીને અહિતકારી પ્રવૃત્તિનું વર્જન અને હિતકારી પ્રવૃત્તિનું સેવન તે ધર્મ છે.

વળી, તે ધર્મનું સેવન જે તે આગમથી કરવામાં આવે તો તેનાથી વિવેક વગરની પ્રવૃત્તિ થાય છે અને વિવેક વગરની પ્રવૃત્તિ ધર્મરૂપ બને નહિ. માટે જે આગમ પરિપૂર્ણ શુદ્ધ વચનને બતાવનાર હોય તેવા વચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ. સુવર્ણની જેમ કષ-છેદ-તાપશુદ્ધ વચન છે તેનો નિર્ણય બુદ્ધિમાન પુરુષે કરવો જોઈએ. તે વચન અનુસાર કરાયેલી પ્રવૃત્તિ જ ધર્મ છે.

અહીં પ્રશ્ન થાય કે તેવું વચન કોનું છે કે જે વચન અનુસાર પ્રવૃત્તિ કરવાથી એકાંતે શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય ? તેથી કહે છે –

તેવું અવિરુદ્ધ વચન જિનપ્રણીત જ છે.

કેમ તેવું અવિરુદ્ધ વચન જિનપ્રણીત જ છે ? તેથી કહે છે –

વચનને શુદ્ધ અને અશુદ્ધ કહેવામાં વક્તા અંતરંગ નિમિત્તકારણ છે, તેથી વક્તાની ભૂલથી કે વક્તાના અજ્ઞાનથી કે વક્તાના રાગાદિ ભાવોથી અશુદ્ધ વચનની પ્રાપ્તિ થાય છે. જિન રાગ-દ્વેષ કે અજ્ઞાનરૂપ મોહને પરતંત્ર નથી, તેથી તેમનું વચન એકાંતે શુદ્ધ છે. જેઓ જિન નથી તેઓ ક્યારેક અજ્ઞાનને વશ મિથ્યા કહી શકે અને ક્યારેક રાગ-દ્વેષને વશ મિથ્યા કહી શકે. માટે વીતરાગ-સર્વજ્ઞ સિવાયના કોઈનાં વચનો એકાંતે શુદ્ધ નથી.

વળી, અન્યદર્શનવાળા સર્વજ્ઞ નથી અને રાગાદિવાળા છે, છતાં જે કંઈ કહે છે તેમાંથી કેટલાંક વચનો સત્ય પણ હોય છે તે જિનપ્રણીત જ છે; કેમ કે સર્વજ્ઞના દ્વારા સ્થાપન કરાયેલા યોગમાર્ગને

કહેનારા વચનના ઉપદેશથી અન્યદર્શનવાળાઓએ જે કાંઈ પોતાનાં શાસ્ત્રો બનાવ્યાં તેમાં સર્વજ્ઞે કહેલા તે તે નયોનું અવલંબન હોવાથી તેઓના કથનમાં તે તે અંશમાં યથાર્થ કથન પ્રાપ્ત થાય છે. વળી અન્ય પણ માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવોનાં કેટલાંક વચનો સત્ય છે તે પણ જિનપ્રણીત જ છે, તોપણ સંપૂર્ણ પરિશુદ્ધ વચન તો સર્વજ્ઞકથિત આગમવચન જ છે. માટે તેવા વચનને ગ્રહણ કરીને તે વચનના યથાર્થ તાત્પર્યને જાણીને જિને કહેલા તાત્પર્ય અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પ્રવૃત્તિથી આત્મામાં મોક્ષને અનુકૂળ એવી પરિણતિરૂપ ધર્મ પ્રગટે છે, તેથી મોક્ષને અનુકૂળ એવું અભ્યુદયનું કારણ બને અને મોક્ષનું કારણ બને એવી ઉત્તમ પરિણતિ પરમાર્થથી ધર્મ છે અને તે ધર્મના નિષ્પત્તિના ઉપાયભૂત સદ્અનુષ્ઠાનને ઉપચારથી ધર્મ કહેવાય છે.

વળી, અવિરુદ્ધ એવા વચનને અવલંબીને જે પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રમાણે, તે અનુષ્ઠાન, તે કાળ, તે આલંબન અને તે પ્રકારની વિધિ અનુસાર કરવામાં આવે તો ધર્મ બને, પરંતુ અવિરુદ્ધ એવા જિનવચનના અવલંબનથી પણ શાસ્ત્રમાં બતાવેલું અનુષ્ઠાન શાસ્ત્રવિધિપૂર્વક કરવામાં ન આવે તો તે અનુષ્ઠાન ધર્મ બને નહિ. ફક્ત જે જીવો જિનવચનના અવલંબનથી પોતાની ભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાનની વિધિને જાણીને શાસ્ત્રમાં જે પ્રમાણે જે અનુષ્ઠાન જે વિધિથી કરવાનું કહ્યું છે તે પ્રકારની વિધિથી તે અનુષ્ઠાનને કરવાની અત્યંત રુચિથી તે અનુષ્ઠાન કરે છે, આમ છતાં અનભ્યસ્તદશામાં તે અનુષ્ઠાન ત્રુટિવાળું થાય છે, તોપણ ક્રમસર શુદ્ધ અનુષ્ઠાન પ્રત્યેના બદ્ધરાગને કારણે શુદ્ધ અનુષ્ઠાનની નિષ્પત્તિનું કારણ છે તેવું અનુષ્ઠાન પણ ધર્મ છે; કેમ કે શુદ્ધધર્મની પ્રાપ્તિનું કારણ છે.

વળી, જેઓ શુદ્ધ અનુષ્ઠાનની નિષ્પત્તિ પ્રત્યેના બદ્ધ રાગવાળા નથી અને પોતાના સેવાતા અનુષ્ઠાનમાં થતી ત્રુટિઓના પરિહાર માટે કોઈ પ્રકારનો યત્ન કરતા નથી તેઓની તે ધર્મઅનુષ્ઠાનની પ્રવૃત્તિ ધર્મરૂપ નથી પરંતુ અધર્મરૂપ છે; કેમ કે ભગવાનનાં વચન અનુસાર અનુષ્ઠાન કરવાની રુચિ નથી, પરંતુ તેના પ્રત્યે દ્વેષભાવ છે. આથી જે પ્રકારે શાસ્ત્રમાં કહ્યું છે તે પ્રકારે અનુષ્ઠાન સેવવાની ઉપેક્ષા કરે છે. આને સ્પષ્ટ કરવા માટે 'યોગબિંદુ'માં કહ્યું છે કે જેઓ આગમમાં બતાવેલી વિધિનું ઉલ્લંઘન કરીને આગમમાં બતાવેલાં અનુષ્ઠાનો સેવે છે તેઓ આગમે બતાવેલી વિધિ પ્રત્યે દ્વેષવાળા છે માટે જડ છે, તેથી તેઓનું તે ધર્મ અનુષ્ઠાન પરમાર્થથી ધર્મરૂપ નથી.

આ રીતે અવિરુદ્ધ એવા આગમના વચનથી આગમની વિધિ અનુસાર કરાયેલું અનુષ્ઠાન ધર્મ છે એમ બતાવ્યા પછી તે ધર્મઅનુષ્ઠાન કરનારા જીવનો અંતઃકરણનો પરિણામ કેવો આવશ્યક છે ? જેથી સેવાયેલું ધર્મઅનુષ્ઠાન મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિની નિષ્પત્તિનું કારણ બને તે બતાવવા અર્થે કહે છે –

વળી, તે અનુષ્ઠાન મૈત્રી ભાવથી યુક્ત જોઈએ. અર્થાત્ સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિ ધારણ કરીને તેઓના હિતને અનુકૂળ પરિણામવાળું ચિત્ત જોઈએ. વળી, ગુણવાનના ગુણોને જોઈને પ્રમોદભાવવાળું ચિત્ત જોઈએ. દુઃખી જીવોને જોઈને કરુણાવાળું અંતઃકરણ જોઈએ. અયોગ્ય જીવો પ્રત્યે દ્વેષ કરવાને

બદલે, તેઓ સુધરે તેવા ન જણાય તો ઉપેક્ષાભાવરૂપ માધ્યસ્થ્યભાવવાળું ચિત્ત જોઈએ, તેથી જે જીવો આ ચાર ભાવનાઓથી ભાવિત થઈને જેટલા અંશમાં તે ભાવની પરિણતિવાળા બને છે તેઓ વડે સેવાયેલું શાસ્ત્રાનુસારી ધર્મઅનુષ્ઠાન તેટલા અંશમાં રાગાદિની અલ્પતા કરીને યોગમાર્ગની નિષ્પત્તિનું કારણ બને છે માટે ધર્મ છે.

વળી, અહીં અવિરુદ્ધવચન જિનનું છે તેમ કહ્યું. ત્યાં કોઈક કહે કે સાંસારિક જીવોમાં રાગ-દ્વેષ અને અજ્ઞાન વર્તે છે, તેથી તેઓથી બોલાયેલું વચન વિપરીત થઈ શકે, માટે અપૌરુષેય વચનને જ પ્રમાણભૂત માનવું જોઈએ; કેમ કે અપૌરુષેય વચન સ્વીકારવાથી પુરુષના વચનમાં રાગાદિ ભાવોરૂપ દોષની પ્રાપ્તિ થાય છે તેવા દોષની પ્રાપ્તિ અપૌરુષેય વચન સ્વીકારવાથી થશે નહિ. તેના નિરાકરણ માટે ટીકાકારશ્રી કહે છે કે અપૌરુષેય વચન સંભવી શકે નહિ; કેમ કે 'પુરુષના વ્યાપારથી જે બોલાયેલું હોય' તે વચન કહેવાય. જેને બોલનાર કોઈ ન હોય તેવું વચન સંભવી શકે નહિ.

વળી, પુરુષથી ન બોલાયેલું એવું વચન ક્યારેય સંભળાતું નથી. અને ક્યારેક સંભળાતું હોય તો આ વચનને બોલનાર કોઈક પિશાચાદિ હશે તેવી શંકા નિવર્તન પામતી નથી. માટે 'કોઈ પુરુષથી બોલાયેલું ન હોય તેવું વચન પ્રમાણ છે અને તેવા વચનથી કરાયેલી પ્રવૃત્તિ ધર્મ છે' તેમ કહી શકાય નહિ, પરંતુ જિનપ્રણીત વચનથી જ કરાયેલી પ્રવૃત્તિ ધર્મરૂપ છે તેમ કહી શકાય. **॥૩॥**

**ઉત્થાન :-**

ત્રીજા શ્લોકની શ્લોકસ્પર્શી ટીકા પૂરી કરી. હવે ગ્રંથકારશ્રી હરિભદ્રસૂરિ ત્રીજા શ્લોકના અંતર્ગત જ ધર્મનો બોધ કરાવવા અર્થે અવાંતર ૫૮ સૂત્રો બતાવે છે. ત્યારપછી ગ્રંથકારશ્રીનો ૪થો શ્લોક પ્રાપ્ત થશે.

**અવતરણિકા :-**

**अथामुमेव धर्मं भेदतः प्रभेदतश्च बिभणिषुराह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આ જ ધર્મને ભેદ-પ્રભેદથી કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**સૂત્ર :-**

सोऽयमनुष्ठातृभेदात् द्विविधः गृहस्थधर्मो यतिधर्मश्च ।।१।।

**સૂત્રાર્થ :-**

**તે આ=પૂર્વમાં ધર્મનું લક્ષણ બતાવ્યું તે આ ધર્મ, અનુષ્ઠાતૃના ભેદથી બે પ્રકારનો છે. (૧) ગૃહસ્થધર્મ અને (૨) યતિધર્મ. ।।૧।।**

**ટીકા :-**

**'सः' यः पूर्वं प्रवक्तुमिष्टः 'अयं' साक्षादेव हृदि विवर्त्तमानतया प्रत्यक्षः 'अनुष्ठातृभेदात्'**

**धर्मानुष्ठायकपुरुषविशेषात् 'द्विविधो' द्विप्रकारो धर्मः, प्रकारावेव दर्शयति–'गृहस्थधर्मो यतिधर्मश्चेति' । गृहे तिष्ठतीति गृहस्थः, तस्य धर्मो नित्यनैमित्तिकानुष्ठानरूपः । यः खलु देहमात्रारामः सम्यग्-विद्यानौलाभेन तृष्णासरित्तरणाय योगाय सततमेव यतते स यतिः, तस्य धर्मः गुर्वन्तेवासिता तद्भक्तिबहुमानावित्यादिः वक्ष्यमाणलक्षणः ।।१।।**

**ટીકાર્થ :-**

**'सः' यः ..... वक्ष्यमाणलक्षणः ।। જે પૂર્વમાં કહેવા માટે ઈષ્ટ છે તે આ=સાક્ષાત્ જ હૃદયમાં વર્તતો હોવાના કારણે પ્રત્યક્ષ એવો ધર્મ, અનુષ્ઠાતૃના ભેદથી=ધર્મઅનુષ્ઠાન કરનારા પુરુષના ભેદથી બે પ્રકારનો ધર્મ છે. બે પ્રકારોને જ બતાવે છે – (૧) ગૃહસ્થધર્મ અને (૨) યતિધર્મ.**

ગૃહસ્થધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

**ઘરમાં જે રહે છે તે ગૃહસ્થ. તેનો નિત્ય-નૈમિત્તિક અનુષ્ઠાનરૂપ ધર્મ તે ગૃહસ્થધર્મ છે.**

યતિધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

**જે ખરેખર દેહમાત્રમાં રહેલા સમ્યક્ વિદ્યારૂપી નાવના લાભથી તૃષ્ણારૂપી સરોવરને તરવા માટેના યોગ માટે સતત જ યત્ન કરે છે તે યતિ છે. તેનો ગુરુઅંતેવાસિતા, તદ્ભક્તિબહુમાન ઈત્યાદિ કહેવાનારા લક્ષણવાળો ધર્મ તે યતિધર્મ છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩માં ધર્મનું લક્ષણ બતાવ્યું. તે ધર્મ અનુષ્ઠાન સેવનારા જીવોની યોગ્યતાના ભેદથી બે પ્રકારનો છે. (૧) ગૃહસ્થધર્મ. (૨) યતિધર્મ.

**(૧) ગૃહસ્થધર્મ :-**

જેઓ ઘરમાં વસતા હોય તે ગૃહસ્થ કહેવાય. તેઓ કેટલાંક અનુષ્ઠાનો નિત્ય સેવે છે અને કેટલાંક નૈમિત્તિક સેવે છે. તે અનુષ્ઠાનનું સેવન ગૃહસ્થનો ધર્મ છે.

**(૨) યતિધર્મ :-**

સાધુઓ નિષ્પરિગ્રહી હોય છે, તેથી ગૃહ રાખતા નથી પરંતુ દેહ માત્ર જ તેમનું વિશ્રામસ્થાન છે. આવા સાધુઓ સર્વ ક્ષેત્રમાં અપ્રતિબદ્ધ થઈને જિનવચનના બોધરૂપ સમ્યક્ વિદ્યારૂપ નાવના બળથી તૃષ્ણારૂપી સરોવરને તરવા માટે સંયમના યોગોમાં સતત યત્ન કરે છે, તેથી સંપૂર્ણ તૃષ્ણાના ઉચ્છેદના અર્થી એવા તેઓ ગૃહ કે અન્ય કોઈ સામગ્રી ધારણ કરતા નથી. માત્ર સંયમના ઉપકારક વસ્ત્ર-પાત્રાદિને ધારણ કરે છે અને દેહને પણ સંયમના ઉપકરણરૂપે ધારણ કરીને સર્વત્ર પ્રતિબંધ વગરના અપ્રમાદભાવથી વિહરે છે. તેઓ ગુરુની નિશ્રામાં રહીને ગુરુ પ્રત્યેની ભક્તિ, બહુમાન આદિ ઉચિત અનુષ્ઠાન સેવે છે તે યતિધર્મ છે. **।।૧।।**

**અવતરણિકા :-**

**तत्र च –**

**અવતરણિકાર્થ :-**

**અને ત્યાં=પૂર્વ સૂત્રમાં બે પ્રકારનો ધર્મ કહ્યો તે બે પ્રકારના ધર્મમાં –**

**સૂત્ર :-**

गृहस्थधर्मोऽपि द्विविधः–सामान्यतो विशेषतश्च ।।२।।

**સૂત્રાર્થ :-**

**ગૃહસ્થધર્મ પણ બે પ્રકારનો છે : સામાન્યથી અને વિશેષથી. ।।૨।।**

**ટીકા :-**

**'गृहस्थधर्मोऽपि' उक्तलक्षणः, किं पुनः सामान्यतो धर्म इति अपिशब्दार्थः, 'द्विविधो' द्विभेदः, द्वैविध्यमेव दर्शयति–'सामान्यतो' नाम सर्वशिष्टसाधारणानुष्ठानरूपः, 'विशेषतो' विशेषेण सम्यग्दर्शना-ऽणुव्रतादिप्रतिपत्तिरूपः, 'च'कार उक्तसमुच्चये इति ।।२।।**

**ટીકાર્થ :-**

**'गृहस्थधर्मोऽपि' ..... उक्तसमुच्चये इति ।। ઉક્ત લક્ષણવાળો ગૃહસ્થધર્મ પણ, વળી સામાન્યથી ધર્મનું શું કહેવું ? અર્થાત્ સામાન્યથી ધર્મ તો બે પ્રકારનો છે, પરંતુ ગૃહસ્થધર્મ પણ બે પ્રકારનો છે એ 'अपि' શબ્દનો અર્થ છે='गृहस्थधर्मोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**બે ભેદને જ બતાવે છે –**

**સર્વ શિષ્ટ સાધારણ એવા અનુષ્ઠાનરૂપ સામાન્યથી અને સમ્યગ્દર્શન અણુવ્રતાદિના સ્વીકારરૂપ વિશેષથી બે પ્રકારનો છે એમ અન્વય છે. સૂત્રમાં 'च' કાર ઉક્તના સમુચ્ચયમાં છે=સામાન્યથી અને વિશેષથી એમ જે કહ્યું તેના સમુચ્ચયમાં છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩માં સામાન્યથી ધર્મનું લક્ષણ કહ્યું તે સામાન્યધર્મ બે ભેદવાળો છે એમ પૂર્વ સૂત્રમાં કહ્યું. તે બે ભેદમાંથી પ્રથમ ભેદરૂપ ગૃહસ્થધર્મ પણ બે ભેદવાળો છે : (૧) સામાન્યગૃહસ્થધર્મ અને (૨) વિશેષગૃહસ્થધર્મ.

સર્વદર્શનમાં રહેલા શિષ્ટ પુરુષો પોતાની કુળમર્યાદા અનુસાર જે ઉચિત આચરણાઓ કરે છે તે સર્વશિષ્ટ સાધારણ અનુષ્ઠાનરૂપ છે તે સામાન્યથી ગૃહસ્થધર્મ છે અને આવો ગૃહસ્થધર્મ પાળીને જેઓ

ભગવાનના વચન અનુસાર સંસારનું સ્વરૂપ જાણીને સર્વવિરતિના અર્થી બને છે. આમ છતાં સર્વવિરતિની શક્તિ નથી, તેથી સર્વવિરતિની શક્તિના સંચય અર્થે સમ્યક્દર્શન, અણુવ્રત આદિનો સ્વીકાર કરે છે. તે વિશેષથી ગૃહસ્થધર્મ છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**तत्राद्यं भेदं शास्त्रकृत् स्वयमेवाध्यायपरिसमाप्तिं यावद् भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=પૂર્વ સૂત્રમાં બે પ્રકારનો ગૃહસ્થધર્મ બતાવ્યો તેમાં, આદ્ય ભેદને=સામાન્યથી ગૃહસ્થધર્મરૂપ પ્રથમ ભેદને, શાસ્ત્રકાર સ્વયં જ અધ્યાયની પરિસમાપ્તિ સુધી=પ્રસ્તુતગ્રંથના પ્રથમ અધ્યાયની પરિસમાપ્તિ સુધી, ભાવન કરતાં કહે છે –**

**સૂત્ર :-**

तत्र सामान्यतो गृहस्थधर्मः-[१] कुलक्रमागतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानम् ।।३।।

**સૂત્રાર્થ :-**

**ત્યાં=બે પ્રકારના ગૃહસ્થધર્મમાં, સામાન્યથી ગૃહસ્થધર્મ (૧) કુલક્રમથી આવેલું અનિંદ્ય વૈભવ આદિની અપેક્ષાએ ન્યાયથી યુક્ત અનુષ્ઠાન. ।।૩।।**

**ટીકા :-**

**'तत्र'=तयोः सामान्यविशेषरूपयोः गृहस्थधर्मयोः वक्तुमुपक्रान्तयोर्मध्ये, 'सामान्यतः गृहस्थधर्मो'-ऽयम्, यथा 'कुलक्रमागतं'=पितृपितामहादिपूर्वपुरुषपरम्परासेवनाद्द्वारेण स्वकालं यावदायातम्, 'अनुष्ठानमि'त्युत्तरेण योगः, पुनः कीदृशं तदित्याह–'अनिन्द्यम्'=निन्द्यं तथाविधपरलोकप्रधानसाधु-जनानामत्यन्तमनादरणीयतया गर्हणीयं यथा सुरासंधानादि, तन्निषेधादनिन्द्यम्, तथा 'विभवाद्यपेक्षया' विभवं=स्वकीयमूलधनरूपमादिशब्दात् सहायकालक्षेत्रादिबलं चापेक्ष्य 'न्यायतो' न्यायेन शुद्धमान-तुलोचितकलाव्यवहारादिरूपेण आसेवनीयावसरचित्ताराधनादिरूपेण च 'अनुष्ठानं' वाणिज्य-राजसेवादिरूपम्, इदमुक्तं भवति–सर्वसाधुसंमतन्यायप्रधानस्य स्वविभवतृतीयभागादिना व्यवहार-मारभमाणस्य राजसेवादौ च तदुचितक्रमानुवर्त्तिनः कुलक्रमायातानिन्द्यानुष्ठानस्य अत्यन्तनिपुणबुद्धेः अत एव सर्वापायस्थानपरिहारवतो गृहस्थस्य धर्म एव स्यात्, दीनानाथाद्युपयोगयोग्यतया धर्मसाधनस्य विभवस्योपार्जनं प्रति प्रतिबद्धचित्तत्वादिति । यच्चाऽऽदावेवानिन्द्यानुष्ठानस्य गृहस्थसंबन्धिनो धर्मतया**

**शास्त्रकारेण निदर्शनमकारि तत् ज्ञापयति निरनुष्ठानस्य निर्वाहविच्छेदेन गृहस्थस्य सर्वशुभक्रियोपरमप्रसङ्गादधर्म एव स्यादिति, पठ्यते च –**

"वित्तीवोच्छेयंमी गिहिणो सीयंति सव्वकिरियाओ ।

निरवेक्खस्स उ जुत्तो संपुण्णो संजमो चेव ।।२।।" **[पञ्चा. ४/७] ।।३।।**

**ટીકાર્થ :-**

**'तत्र' तयोः ..... संजमो चेव ।। ત્યાં=કહેવા માટે ઉપક્રાન્ત એવા સામાન્ય વિશેષ રૂપ ગૃહસ્થધર્મમાં, સામાન્યથી ગૃહસ્થધર્મ આ છે –**

**જે પ્રમાણે કુલક્રમથી આવેલું=પિતા, દાદા આદિ પૂર્વપુરુષના પરંપરાના આસેવન દ્વારા પોતાના કાળ સુધી આવેલું અનુષ્ઠાન ધર્મ છે એ પ્રકારે સૂત્રના અંતિમભાગ સાથે સંબંધ છે.**

વળી, તે અનુષ્ઠાન કેવું છે ? એથી કહે છે –

**અનિન્દ્ય છે=તેવા પ્રકારના પરલોકપ્રધાન એવા સુંદર જીવોને અત્યંત અનાદરણીયપણાને કારણે ગર્હણીય એવા સુરાપાનાદિ=દારૂ આદિ, જે નિન્દ્ય તેના નિષેધથી અનિન્દ્ય અનુષ્ઠાન છે. અને વિભવની અપેક્ષાએ=પોતાના મૂલધનરૂપ વિભવની અપેક્ષાએ અને 'आदि' શબ્દથી સહાય, કાળ, ક્ષેત્રાદિના બલની અપેક્ષાએ, ન્યાયથી=શુદ્ધ માન તુલા ઉચિતકલાના વ્યવહાર આદિરૂપ અને આસેવનીય એવા અવસરવાળા ચિત્તની આરાધનાદિરૂપ ન્યાયથી, યુક્ત અને વાણિજ્ય, રાજસેવાદિરૂપ અનુષ્ઠાન ગૃહસ્થધર્મ છે.**

**આ કહેવાયેલું થાય છે=સૂત્રમાં જે વાણિજ્ય રાજસેવાદિરૂપ અનુષ્ઠાનને ધર્મ કહ્યો તેનાથી આગળમાં કહેશે એ કહેવાયેલું થાય છે. સર્વ શિષ્ટ પુરુષને સંમત એવા ન્યાયની પ્રધાનતાવાળું, પોતાના વૈભવના તૃતીય ભાગાદિ દ્વારા વ્યવહારને આચરનારા અને રાજસેવાદિમાં તેને ઉચિત ક્રમના અનુવર્તી, કુલક્રમથી આવેલ અનિન્દ્ય અનુષ્ઠાન કરનારા, અત્યંત નિપુણ બુદ્ધિવાળા, આથી જ સર્વ અપાયસ્થાનના પરિહારવાળા ગૃહસ્થને ધર્મ જ થાય; કેમ કે દીન, અનાથ આદિના ઉપયોગનું યોગ્યપણું હોવાને કારણે અને ધર્મના સાધન એવા વિભવનું ઉપાર્જન પ્રત્યે પ્રતિબદ્ધ ચિત્તપણું છે.**

**અને જે આદિમાં જ ગૃહસ્થ સંબંધી એવા અનિન્દ્ય અનુષ્ઠાનનું=અનિન્દ્ય એવું ધન અર્જનની ક્રિયારૂપ અનુષ્ઠાનનું, ધર્મપણાથી શાસ્ત્રકારે નિદર્શન કર્યું તે જણાવે છે.**

શું જણાવે છે ? તે સ્પષ્ટ કરે છે –

**નિરનુષ્ઠાનવાળા=ધન અર્જન પ્રત્યે અપ્રયત્નવાળા ગૃહસ્થના નિર્વાહનો વિચ્છેદ થવાથી ગૃહસ્થની સર્વ શુભક્રિયાના ઉપરમનો પ્રસંગ હોવાથી અધર્મ જ થાય.**

**અને કહેવાય છે –**

"વૃત્તિના ઉચ્છેદમાં ગૃહસ્થની સર્વ ક્રિયાઓ સીદાય છે=સર્વધર્મની ક્રિયાઓ સીદાય છે. વળી નિરપેક્ષને=સંસારના સર્વ ભાવો પ્રત્યે નિરપેક્ષ એવા સાધુને સંપૂર્ણ સંયમ જ યુક્ત છે. ।।૨।।" **(પંચાશક ૪/૭)** ।।૩।।

**ભાવાર્થ :-**

**ગૃહસ્થના સામાન્યધર્મનું સ્વરૂપ :-**

ગૃહસ્થના સામાન્યધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે –

**(૧) "કુલક્રમાગત અનિંદ્ય વૈભવ સાપેક્ષ ન્યાય યુક્ત અનુષ્ઠાન" :-**

પોતાની કુલપરંપરાથી જે ધન કમાવા માટે ઉચિત અનુષ્ઠાન પોતાને પ્રાપ્ત થયેલું હોય અને તેવું અનુષ્ઠાન અનિન્દ્ય હોય. અર્થાત્ તે ધન કમાઈને તે ધન દ્વારા દારૂ આદિ વ્યસનોનું સેવન ન થતું હોય, વળી તે ધન કમાવાની ક્રિયા પોતાના વૈભવને અનુસાર હોય અને પોતાને જે પ્રકારની સહાયતા મળતી હોય અને જે પ્રકારે વર્તમાનનો કાળ, ક્ષેત્રાદિ હોય તેના બળનો વિચાર કરીને, ધન કમાવા માટે યત્ન થતો હોય અને તે ધન કમાવાની ક્રિયા પણ શુદ્ધ માપ-તોલ વગેરેથી કરાતી હોય કે ઉચિત કલાના આચારોથી કરાતી હોય અને ધન કમાવા માટે ઉચિત અવસરનો વિચાર કરીને, પોતાના જીવનમાં આસેવનીય એવા અવસરને અનુરૂપ ધર્મઅનુષ્ઠાન દ્વારા ચિત્તની આરાધના આદિને વ્યાઘાત ન થતો હોય તે રીતે વાણિજ્યની ક્રિયા કે રાજસેવાદિની ક્રિયા કરવામાં આવે તો તે ગૃહસ્થનો સામાન્યધર્મ છે અર્થાત્ પ્રારંભિક ભૂમિકાનો ધર્મ છે.

અહીં સામાન્યધર્મના કથનમાં સૌ પ્રથમ ધન કમાવાની ઉચિત ક્રિયાને ધર્મઅનુષ્ઠાન કહેવાથી એ બતાવવામાં આવે છે કે કોઈ ગૃહસ્થ ધન કમાવામાં યત્ન ન કરે તો તેના જીવનનિર્વાહનો વિચ્છેદ થાય, તેથી તે ગૃહસ્થજીવનમાં સર્વ શુભ ક્રિયાઓ જે કરી શકે તેમ છે તેનો વિચ્છેદ થાય અને તેનું જીવન અધર્મમય બને. માટે ગૃહસ્થના જીવનમાં ધન કમાવવું પ્રથમ કર્તવ્ય છે. તે ધન કમાવાની ક્રિયા પોતાના કુલને કલંક ન લાગે અને પોતાના જીવનમાં ક્લેશો ન થાય તે રીતે ઉચિત યત્નપૂર્વક કરે તો તે ધનઅર્જનની ક્રિયા માત્ર ભોગમાં વિશ્રાંત થતી નથી, પરંતુ દીન-અનાથાદિના ઉપયોગમાં આવે છે, જેથી ગૃહસ્થનું હૈયું દયાપ્રધાન બને છે. અને પોતાના ઇષ્ટ એવા દેવની ઉત્તમ ભક્તિ કરવામાં ઉપયોગી થાય છે. તેથી ધન અર્જન કરતી વખતે પણ ગૃહસ્થના ચિત્તમાં અધ્યવસાય વર્તે છે કે "મારું જીવન ગૃહસ્થઅવસ્થામાં ક્લેશ વગરનું થાય, દીનાદિ પ્રત્યે દયાળુ પરિણામવાળું થાય અને ઉચિત ધર્મઅનુષ્ઠાનમાં ધનનો વ્યય કરીને હું મારું જીવન સફળ કરું.", તેથી ધનની અર્જનની ક્રિયાને પણ ધર્મરૂપ કહેલ છે.

આનાથી એ ફલિત થાય કે જે ગૃહસ્થ ન્યાય-નીતિપૂર્વક ધન અર્જન કરે છે, ઔચિત્યપૂર્વક કુટુંબનું પરિપાલન કરે છે, દીન આદિ પ્રત્યે અનુકંપાના પરિણામવાળા છે અને સ્વભૂમિકા અનુસાર ધર્મકૃત્યોમાં ધનનો વ્યય કરીને ઉત્તમ સંસ્કારો આધાન કરે છે. તેઓની ધન કમાવાની ક્રિયા પણ આ લોકમાં અને પરલોકમાં અક્લેશ કરનારી બને છે, તેથી કુલક્રમને અવિરુદ્ધ, ધર્મને અવ્યાઘાતક, ન્યાયપૂર્વક ધન કમાનારા

જીવો આ લોકમાં પણ ધન કમાઈને ઉચિત ધર્મકૃત્યો કરવા દ્વારા સુંદર ચિત્તવાળા બને છે અને સદ્ગતિમાં જાય છે, તેથી ધનના અર્જનની ક્રિયા પણ ધર્મનું અંગ બનવાથી ધર્મરૂપ છે.

વળી, પંચાશકનું ઉદ્ધરણ આપ્યું તેનો અર્થ એ છે કે "ગૃહસ્થ ધનઅર્જન ન કરે તો આજીવિકાનો ઉચ્છેદ થાય છે અને આજીવિકા નહિ થતી હોવાને કારણે જીવન ક્લેશકારી બને છે, તેથી દાનાદિ સર્વ ક્રિયાઓ સીદાય છે." પરંતુ જો સર્વભાવો પ્રત્યે નિરપેક્ષ એવું તેનું ચિત્ત હોય તો તે ગૃહસ્થ આજીવિકાના અભાવમાં પણ સંક્લેશ વગર રહી શકે. જો તે ગૃહસ્થ સર્વભાવો પ્રત્યે નિરપેક્ષ રહી શકતો હોય તો તેને સર્વવિરતિ-સંયમ ગ્રહણ કરવું ઉચિત છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**अथ कस्मात् 'न्यायत' इत्युक्तमिति, उच्यते –**

**અવતરણિકાર્થ :-**

**ન્યાયથી એ પ્રમાણે કયા કારણથી કહ્યું=સૂત્ર-૩માં કયા કારણથી કહ્યું ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

સૂત્ર-૩માં કહેલ કે શુદ્ધ માપતોલ, ઉચિત કલા અને શુદ્ધવ્યવહાર આદિ ન્યાયપૂર્વક ગૃહસ્થે ધન કમાવું જોઈએ. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે ગમે તે રીતે ધન મળે તો ધનથી ધર્મ આદિ સર્વ કાર્યો સારી રીતે થઈ શકે છે, તેથી ન્યાયથી ધન કમાવું જોઈએ એમ કેમ કહ્યું ? એથી કહે છે –

**સૂત્ર :-**

न्यायोपात्तं हि वित्तमुभयलोकहिताय ।।४।। इति।

**સૂત્રાર્થ :-**

**જે કારણથી ન્યાયથી અર્જન કરાયેલું ધન ઉભયલોકના હિત માટે છે, તેથી ન્યાયઉપાત્ત ધન કમાવું જોઈએ એમ સૂત્ર-૩ સાથે સંબંધ છે. ॥૪॥**

**ટીકા :-**

**'न्यायोपात्तं'=शुद्धव्यवहारोपार्जितं, 'हिः'=यस्माद्, 'वित्तं'=द्रव्यं, निर्वाहहेतुः, किमित्याह– 'उभयलोकहिताय', उभयोः इहलोकपरलोकरूपयोः लोकयोः 'हिताय' कल्याणाय संपद्यते ।।४।।**

**ટીકાર્થ :-**

**न्यायोपात्तं ..... संपद्यते ।। હિ=જે કારણથી, ન્યાયથી ઉપાત્ત=શુદ્ધવ્યવહારથી ઉપાર્જિત એવું, વિત્ત=જીવનનિર્વાહનો હેતુ એવું દ્રવ્ય, ઉભયલોકના હિત માટે=આ લોક અને પરલોકના કલ્યાણ માટે, થાય છે. ॥૪॥**

**અવતરણિકા :-**

एतदपि कुतः ? इत्याह–

**અવતરણિકાર્થ :-**

આ પણ=ન્યાયપૂર્વક ઉપાર્જિત કરાયેલું ધન ઉભયલોકના કલ્યાણ માટે થાય છે એમ પૂર્વમાં કહ્યું એ પણ, કઈ રીતે છે ? એથી કહે છે –

**સૂત્ર :-**

अनभिशङ्कनीयतया परिभोगाद् विधिना तीर्थगमनाच्च ।।५।।

**સૂત્રાર્થ :-**

**અનભિશંકનીયપણાથી પરિભોગ હોવાના કારણે અને વિધિથી તીર્થમાં ગમન હોવાના કારણે ન્યાયપૂર્વકનું ઉપાર્જન કરાયેલું ધન ઉભયલોકના હિત માટે છે એમ પૂર્વસૂત્ર સાથે સંબંધ છે. ।।૫।।**

**ટીકા :-**

**इहान्यायप्रवृत्तौ पुरुषस्य द्विविधा अभिशङ्कनीयता–भोक्तुः भोग्यस्य च विभवस्य, तत्र भोक्तुः 'परद्रव्यद्रोहकार्ययम्' इत्येवं दोषसंभावनलक्षणा, भोग्यस्य पुनः 'परद्रव्यमिदमित्थमनेन भुज्यते' इत्येवंरूपा, ततस्तत्प्रतिषेधेन या 'अनभिशङ्कनीयता,' तया उपलक्षितेन भोक्त्रा 'परिभोगात्' स्नानपानाऽऽच्छादनाऽनुलेपनादिभिः भोगप्रकारैः आत्मना मित्रस्वजनादिभिश्च सह विभवस्योपजीवनात्, अयमत्र भावः–न्यायेनोपार्जितं विभवं भुञ्जानो न केनापि कदाचित् किञ्चिदभिशङ्क्यते, एवं चाव्याकुलचेतसः प्रशस्तपरिणतेरिहलोकेऽपि महान् सुखलाभ इति, परलोकहितत्वं च 'विधिना' सत्कारादिरूपेण, तीर्यते व्यसनसलिलनिधिः अस्मादिति 'तीर्थं' पवित्रगुणपात्रपुरुषवर्गः दीनानाथादिवर्गश्च, तत्र 'गमनं' प्रवेशः उपष्टम्भकतया प्रवृत्तिर्वित्तस्य तीर्थगमनम्, तस्मात्, 'च'कारः समुच्चये, पठ्यते च धार्मिकजनस्य शास्त्रान्तरे दानस्थानं यथा–**

"पात्रे दीनादिवर्गे च दानं विधिवदिष्यते ।
पोष्यवर्गाविरोधेन न विरुद्धं स्वतश्च यत् ।।३।।" **[योगबिन्दौ १२१] ।।५।।**

**ટીકાર્થ :-**

**इहान्यायप्रवृत्तौ ..... स्वतश्च यत् ।। અહીં અન્યાયની પ્રવૃત્તિમાં પુરુષની બે પ્રકારની અભિશંકનીયતા છે : (૧) ભોક્તાની અને (૨) ભોગ્ય એવા વિભવની અભિશંકનીયતા છે. ત્યાં=બે પ્રકારની**

**અભિશંકનીયતામાં, 'પરદ્રવ્યદ્રોહકારી આ છે' એ પ્રકારની દોષ સંભાવના લક્ષણ ભોક્તાની અભિશંકનીયતા છે.**

**વળી, આ રીતે=અન્યાયપૂર્વક ગ્રહણ કરાયું એ રીતે, આના દ્વારા આ પરદ્રવ્ય ભોગવાય છે એ રૂપ ભોગ્યની અભિશંકનીયતા છે, તેથી તેના પ્રતિષેધથી=બે પ્રકારની અભિશંકનીયતાના પ્રતિષેધથી, જે અનભિશંકનીયતા છે તેના વડે ઉપલક્ષિત એવા ભોક્તા દ્વારા પરિભોગ હોવાથી=સ્નાન, પાન, આચ્છાદન, અનુલેપનાદિ ભોગ પ્રકારો વડે, પોતાના વડે અને મિત્ર-સ્વજન આદિ સાથે વિભવનું ઉપજીવન હોવાથી આ લોકમાં ન્યાયપૂર્વકનું ધન કલ્યાણનું કારણ છે એમ અન્વય છે. આ=આગળમાં કહેવાય છે એ અહીં ભાવ છે. ન્યાય વડે ઉપાર્જિત એવા વૈભવને ભોગવતો પુરુષ કોઈના વડે પણ ક્યારેય પણ, કંઈ પણ શંકનીય થતો નથી. અને એ રીતે=ન્યાયપૂર્વક ધન કમાય છે એ રીતે અવ્યાકુળ ચિત્તવાળાને પ્રશસ્ત પરિણતિથી આ લોકમાં પણ મહાન સુખ લાભ છે.**

**'इति' શબ્દ 'अयंभाव'ના કથનની સમાપ્તિ માટે છે.**

**અને પરલોકનું હિતપણું વિધિથી=સત્કારથી તીર્થમાં ગમનના કારણે છે.**

તીર્થનો અર્થ કરે છે –

**આપત્તિરૂપી સમુદ્ર તરાય છે આનાથી તે તીર્થ છે અર્થાત્ પવિત્ર ગુણપાત્ર પુરુષવર્ગ અને દીનઅનાથાદિવર્ગ તીર્થ છે. તેમાં ગમન=પ્રવેશ=ઉપષ્ટંભકપણાથી, ધનની પ્રવૃત્તિ તીર્થગમન છે. અને તે તીર્થગમનથી પરલોકનું હિત થાય છે એમ અન્વય છે. સૂત્રમાં 'च'કાર બે હેતુના સમુચ્ચય માટે છે.**

તીર્થ શબ્દનો અર્થ કરતાં લખ્યું કે ગુણપાત્ર પુરુષવર્ગ અને દીનાદિવર્ગ એ તીર્થ છે અને તેમાં ધનનો વ્યય એ તીર્થગમન છે. તેથી ધાર્મિકજનને દાનનાં સ્થાનો શું છે ? તે બતાવવા અર્થે કહે છે –

**અને શાસ્ત્રાન્તરમાં=અન્ય ગ્રંથમાં, દાનસ્થાન આ પ્રમાણે કહેવાયેલાં છે –**

"પાત્રવર્ગમાં, દીનાદિવર્ગમાં પોષ્યવર્ગના અવિરોધથી અને જે સ્વતઃ અપાતું દાન વિરુદ્ધ નથી તે વિધિપૂર્વકનું દાન ઇચ્છાય છે. ।।૩।।" **(યોગબિંદુ-૧૨૧) ।।૫।।**

**ભાવાર્થ :-**

જે ગૃહસ્થ ન્યાયપૂર્વક ધન કમાય છે તેઓ આ લોકમાં કોઈનાથી શંકા કરાતા નથી અને ઉચિત રીતે ધન કમાયેલા હોવાથી પોતાને લોકો તરફથી કે રાજા આદિ તરફથી કોઈ ઉપદ્રવ નહિ હોવાની સંભાવના હોવાને કારણે અવ્યાકુળ ચિત્તવાળા અને ન્યાયપૂર્વક ધન કમાવાની પ્રશસ્ત પરિણતિના કારણે આ લોકમાં પણ તેઓને સુખની પ્રાપ્તિ થાય છે.

વળી, ન્યાયપૂર્વક ધન કમાનારા નીતિમાન ગૃહસ્થો ગુણવાન પવિત્ર પુરુષની ભક્તિમાં વિધિપૂર્વક ધનનો વ્યય કરે છે અને દીન-અનાથાદિની અનુકંપામાં ધનનો વ્યય કરે છે જે ધનના વ્યયની પ્રવૃત્તિ

સંસારસમુદ્રથી તારનાર હોવાથી તીર્થરૂપ છે અને તેવી પ્રવૃત્તિના કારણે સજ્જન ગૃહસ્થો પરલોકમાં પણ હિતની પ્રાપ્તિ કરે છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**अत्रैव विपक्षे बाधामाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=ધન કમાવાની પ્રવૃત્તિમાં જ, વિપક્ષમાં બાધાને કહે છે=ન્યાયપૂર્વક ધન કમાવાથી વિપરીત અન્યાયપૂર્વક ધન કમાવામાં અનર્થને કહે છે –**

**સૂત્ર :-**

अहितायैवान्यत् ।।६।। इति ।

**સૂત્રાર્થ :-**

**અન્ય=ન્યાયપૂર્વકના ધનથી અન્ય, અહિત માટે જ છે. ॥૬॥**

**ટીકા :-**

**'अहितायैव' अहितनिमित्तमेव उभयोरपि लोकयोः, न पुनः काकतालीयन्यायेनापि हितहेतुरिति एवकारार्थः, 'अन्यत्' न्यायोपात्तवित्ताद् विभिन्नम्, अन्यायोपात्तवित्तमित्यर्थः ।।६।।**

**ટીકાર્થ :-**

**'अहितायैव' ..... वित्तमित्यर्थः ।। ઉભય પણ લોકમાં અહિત માટે જ છે=અહિતનિમિત્ત જ છે પરંતુ કાકતાલીયન્યાયથી પણ હિતનો હેતુ નથી એ પ્રકારે 'एव'કારનો અર્થ છે.**

શું અહિતનો હેતુ છે ? એથી કહે છે –

**અન્ય=ન્યાયઅર્જિત ધનથી અન્ય, એવું અન્યાયઅર્જિત ધન અહિત માટે જ છે એમ અન્વય છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

અન્યાયથી ઉપાર્જિત ધન એકાંતથી અહિત છે એ બતાવવા માટે કહ્યું કે "કાકતાલીયન્યાયથી પણ હિતનો હેતુ નથી." તેથી એ પ્રાપ્ત થાય કે સંસારમાં કોઈ પુરુષ વિવેક વગરની ધન અર્જન આદિની ક્રિયા કરે તો પ્રાયઃ ધન કમાવાને બદલે ધનનાશનો પ્રસંગ આવે. છતાં કાકતાલીય ન્યાયથી ક્યારેક તેવી પ્રવૃત્તિ કરનારા જીવોને ધનની પ્રાપ્તિ થાય છે; કેમ કે તેવા પ્રકારના પુણ્યનો સહકાર હોય તો યથાતથા પ્રવૃત્તિથી પણ ધનલાભાદિ થઈ શકે છે, પરંતુ અન્યાયપૂર્વકના ધનઅર્જનની ક્રિયામાં ચિત્તમાં સંક્લેશ હોવાથી ઊભયલોકનું અહિત જ થાય છે, પરંતુ હિત થતું નથી. **॥૬॥**

**અવતરણિકા :-**

कुत एतदित्याह–

**અવતરણિકાર્થ :-**

આ=અન્યાય ઉપાર્જિત ધન ઉભયલોકના અહિત માટે જ છે એ, કયા કારણથી છે ? એથી કહે છે –

**સૂત્ર :-**

तदनपायित्वेऽपि मत्स्यादिगलादिवद्विपाकदारुणत्वात् ।।७।।

**સૂત્રાર્થ :-**

**તેના અનપાયિપણામાં પણ=અન્યાય અર્જિત ધનના આજીવન અવિનાશીપણામાં પણ, મત્સ્યાદિગલાદિની જેમ વિપાકથી દારુણપણું હોવાથી અહિતનું જ નિમિત્ત છે. ।।૭।।**

**ટીકા :-**

'तस्य' अन्यायोपात्तवित्तस्य 'अनपायित्वम्' अविनाशित्वमिति योऽर्थः तस्मिन्नपि, अन्यायोपार्जितो हि विभवः अस्थ्यादिशल्योपहतगृहमिवाचिरात् विनाशमनासाद्य नास्ते, अथ कदाचिद् बलवतः पापानुबन्धिनः पुण्यस्यानुभावात् स विभवो यावज्जीवमपि न विनश्येत् तथापि 'मत्स्यादीनां' मत्स्यकुरङ्गपतङ्गादीनां ये 'गलादयः' गलगोरिगानप्रदीपालोकादयो रसनादीन्द्रियलौल्यातिरेककारिणः विषयविशेषाः तद्वद् 'विपाके' परिणामे दारुणमत्यन्तव्यसनहेतुः, तस्य भावस्तत्त्वम्, तस्मात्, अन्यत्राप्यवाचि –

"पापेनैवार्थरागान्धः फलमाप्नोति यत् क्वचित् ।
बडिशामिषवत् तत् तमविनाश्य न जीर्यति ।।४।।" [] **इति ।।७।।**

**ટીકાર્થ :-**

'तस्य' ..... इति ।। તેનું=અન્યાય ઉપાર્જિત ધનનું, અનપાયિપણું=અવિનાશીપણું છે એ પ્રકારનો અર્થ છે તેમાં પણ, વિપાકદારુણપણું છે એમ આગળ અન્વય છે. હિ=જે કારણથી, અન્યાયઉપાર્જિત ધન અસ્થ્યાદિશલ્યથી ઉપહત ગૃહની જેમ શીઘ્ર વિનાશને પામ્યા વગર રહેતું નથી. હવે કદાચિત્ બલવાન પાપાનુબંધી પુણ્યના વિપાકના કારણે તે વૈભવ યાવત્જીવન પણ વિનાશ ન પામે, તોપણ મત્સ્યાદિના=મત્સ્ય, હરણ, પતંગિયા આદિના, જે ગલાદિ=ગલ, સુંદર ગીતો, પ્રદીપનો પ્રકાશ વગેરે, રસના આદિ ઈન્દ્રિયના લૌલ્યના અતિરેકને કરનાર વિષયવિશેષો, તેની જેમ, વિપાકમાં=પરિણામમાં,

**દારુણ=અત્યંત અનર્થનો હેતુ, તેનો ભાવ=તેપણું=અત્યંત અનર્થના હેતુપણું હોવાથી અન્યાયઉપાર્જિત ધન અહિત માટે જ છે એમ અન્વય છે. બીજે ઠેકાણે પણ કહેવાયું છે.**

"પાપ વડે જ ધનમાં રાગાંધ પુરુષ જે ક્વચિત્ ફલ પ્રાપ્ત કરે છે તે 'बडिशामिष'ની જેમ તેનો વિનાશ કર્યા વગર નાશ પામતું નથી. ।।૪।।" **()**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

માછલીને પકડવા માટે કાંટા ઉપર જે માંસ રાખવામાં આવે છે તે ગલ કહેવાય છે અને તે માંસને ખાવામાં લોલુપ માછલી જાળમાં ફસાઈને મૃત્યુ પામે છે. વળી, હરણને મારવા માટે સંગીતથી તેનું આવર્જન કરવામાં આવે છે. જે સુંદર ગીત છે તેને વશ થયેલ હરણ મૃત્યુને પ્રાપ્ત કરે છે. પતંગિયાં દીવાના પ્રકાશથી આવર્જિત થઈને દીવામાં બળીને મરે છે. આ સર્વની જેમ ધનમાં રાગાંધ થયેલ પુરુષ અન્યાયપૂર્વક ધન મેળવીને આ લોકમાં વિનાશ પામે છે. કદાચ બળવાન પાપાનુબંધીપુણ્ય વિદ્યમાન હોય તો આ ભવમાં વૈભવ આદિ નાશ ન પામે તોપણ તેનાથી બંધાયેલા પાપને કારણે પરલોકમાં દારુણ વિપાકને પ્રાપ્ત કરે છે. માટે અન્યાયઅર્જિત ધન અહિત માટે જ છે. **।।૭।।**

**અવતરણિકા :-**

**नन्वेवमन्यायेन व्यवहारप्रतिषेधे गृहस्थस्य वित्तप्राप्तिरेव न भविष्यति, तत् कथं निर्वाहव्यवच्छेदे धर्महेतुश्चित्तसमाधिलाभः स्यादित्याशङ्क्याह–**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=સૂત્ર-૩માં કહ્યું કે, ન્યાયથી કરાયેલું ધનનું અર્જન ગૃહસ્થધર્મ છે અને ત્યારપછી તેની પુષ્ટિ અત્યાર સુધી કરી તે રીતે, અન્યાયથી વ્યવહારનો પ્રતિષેધ કરાયે છતે=ધન કમાવાની પ્રવૃત્તિનો પ્રતિષેધ કરાયે છતે, ગૃહસ્થને ધનની પ્રાપ્તિ જ થશે નહિ, તેથી નિર્વાહનો વ્યવચ્છેદ થયે છતે કેવી રીતે ધર્મના હેતુ એવા ચિત્તની સમાધિનો લાભ થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**ભાવાર્થ :-**

ગૃહસ્થજીવનમાં જીવનનિર્વાહની ચિંતા ન થાય તેવા સંજોગો હોય તો ધર્મની ઉચિત પ્રવૃત્તિ કરી શકે તે પ્રકારની ચિત્તની સ્વસ્થતા વર્તે છે. તે ચિત્તની સ્વસ્થતાપૂર્વકની સમાધિવાળા જીવો સ્વભૂમિકા અનુસાર ઉચિત ધર્મ સેવી શકે છે. જેઓને આજીવિકાને અનુકૂળ ધનની પ્રાપ્તિ થતી નથી તેઓને ધર્મનું કારણ બને તેવી ચિત્તસમાધિ પણ પ્રાપ્ત થતી નથી. અન્યાયપૂર્વક ધન કમાવાનો નિષેધ કરવામાં આવે તો ઘણા ગૃહસ્થોને ધનની પ્રાપ્તિ પણ થાય નહિ, જેના કારણે તેઓના જીવન નિર્વાહનો પણ અભાવ થાય તો તેવા ગૃહસ્થો સ્વભૂમિકા અનુસાર ધર્મનું સેવન પણ કરી શકે નહિ. એ પ્રકારની આશંકા કરીને કહે છે –

**સૂત્ર :-**

**न्याय एव ह्यर्थाप्त्युपनिषत् परेति समयविदः ।।८।।**

**સૂત્રાર્થ :-**

**ન્યાય જ અર્થપ્રાપ્તિની પરા ઉપનિષદ્ છે=પ્રકૃષ્ટ ઉપાય છે, એ પ્રમાણે શાસ્ત્રના જાણનારાઓ કહે છે. ।।૮।।**

**ટીકા :-**

**'न्याय एव' न पुनरन्यायोऽपि 'अर्थस्य' विभवस्य 'आप्तिः' लाभः अर्थाप्तिः, तस्या 'उपनिषद्' अत्यन्तरहस्यभूत उपायः, युक्तायुक्तार्थसार्थविभागकलनकौशलविकलैः स्थूलमतिभिः स्वप्नायमानावस्थायामप्यनुपलब्ध इति योऽर्थः, 'परा' प्रकृष्टा, इत्येवं 'समयविदः' सदाचाराभिधायिशास्त्रज्ञा ब्रुवते, तथा हि ते पठन्ति –**

"निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति विवशाः सर्वसम्पदः ।।५।।" []

**तथा-**

"नोदन्वानर्थितामेति, न चाम्भोभिर्न पूर्यते ।
आत्मा तु पात्रतां नेयः, पात्रमायान्ति सम्पदः ।।६।।" [] ।।८।।

**ટીકાર્થ :-**

**'न्याय एव' ..... सम्पदः ।। ન્યાય જ, વળી અન્યાય પણ નહિ, અર્થની=વૈભવની, પ્રાપ્તિ=અર્થનો લાભ તેનો પરા ઉપનિષદ્ છે=અત્યંત રહસ્યભૂત ઉપાય છે.**

કેવો અત્યંત રહસ્યભૂત ઉપાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**યુક્ત, અયુક્ત, અર્થના સમુદાયના વિભાગને સમજવા માટે કુશળતા વગરના સ્થૂલમતિવાળા જીવો વડે સ્વપ્નમાં પણ નથી પ્રાપ્ત કર્યો એવો જે અર્થ તેવો અત્યંત રહસ્યભૂત ઉપાય છે. એ પ્રમાણે શાસ્ત્રના જાણનારાઓ=સદાચારને કહેનારા શાસ્ત્રના જાણનારાઓ, કહે છે=તે પ્રમાણે તેઓ કહે છે –**

"જેમ દેડકાઓ તળાવ તરફ જાય છે, જેમ પક્ષીઓ સરોવર તરફ જાય છે તેમ શુભકર્મોને વિવશ સર્વ સંપત્તિઓ આવે છે. ।।૫।।" ()

**અને**

"ઉદન્વાન=સમુદ્ર, અર્થિતાને પામતો નથી=પોતાનામાં અધિક પાણી આવે એવી અર્થિતાને પામતો નથી, અને પાણીથી નથી પુરાતો એમ નહિ. વળી, આત્મા પાત્રતાને પ્રાપ્ત કરાવો જોઈએ અર્થાત્ ન્યાયપૂર્વક ધન અર્જન કરીને પાત્રતાને પ્રાપ્ત કરવો જોઈએ. સંપત્તિઓ પાત્રને પ્રાપ્ત થાય છે. ।।૬।।" () ।।૮।।

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરી કે અન્યાય વગર ધનની પ્રાપ્તિ ગૃહસ્થોને દુર્લભ થશે, તેથી ધર્મના કારણભૂત ચિત્તની સમાધિ પણ ગૃહસ્થને દુર્લભ થશે. તેના નિવારણ અર્થે કહે છે –

ન્યાયપૂર્વક ધન કમાવામાં ઉદ્યમ કરવાથી પ્રકૃષ્ટ અર્થની પ્રાપ્તિ થાય છે; કેમ કે અર્થપ્રાપ્તિનો પ્રબળ ઉપાય ન્યાયપૂર્વકની વ્યાપારની ક્રિયા છે.

આશય એ છે કે જેઓ નીતિપૂર્વક વ્યાપારની ક્રિયા કરે છે તેઓના શુભ અધ્યવસાયને કારણે પુણ્યપ્રકૃતિ જાગ્રત થાય છે. વળી, લોકમાં પણ તેમના પ્રત્યે વિશ્વાસ ઊભો થાય છે, તેથી તેનો વ્યાપાર પણ સારો ચાલે છે. સ્થૂલથી અન્યાયપૂર્વક વ્યાપાર કરનારને તત્કાલ વિશેષ લાભ થાય છે એમ દેખાય છે. તોપણ લોકમાં અવિશ્વાસને કારણે તેનો વ્યાપાર ઓછો થાય છે, તેથી ન્યાયપૂર્વકની વ્યાપારની ક્રિયા પુણ્યની જાગૃતિ દ્વારા અને લોકમાં વિશ્વસનીયતા દ્વારા અધિક ધનની પ્રાપ્તિનું કારણ બને છે.

ન્યાય ધનપ્રાપ્તિનો અત્યંત ઉપાય છે તેમાં સાક્ષીપાઠ આપ્યો. તેનો અર્થ એ છે કે જેમ દેડકાઓ તળાવ તરફ જાય એ તેમનો સ્વભાવ છે, અને પક્ષીઓ સરોવર તરફ જાય એ તેમનો સ્વભાવ છે, તેમ ન્યાયપૂર્વક ધન કમાવાની શુભ ક્રિયાને વશ સર્વ સંપત્તિઓ આવે છે અને તેની પુષ્ટિ કરવા માટે કહે છે –

સમુદ્રને પાણીની અર્થિતા નથી તોપણ સમુદ્રમાં નદીઓમાંથી પાણી આવ્યા કરે છે, તેમ આત્માને ન્યાયપૂર્વક ધન કમાવાની પાત્રતાને પ્રાપ્ત કરાવવામાં આવે તો ધનરૂપ સંપત્તિ પાત્રમાં આવે છે. **।।૮।।**

**અવતરણિકા :-**

**कुत एतदेवमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ=ન્યાય અર્થ પ્રાપ્તિનો ઉપનિષદ્ છે એ, એ પ્રમાણે કેમ છે ? એથી કહે છે –**

**સૂત્ર :-**

**ततो हि नियमतः प्रतिबन्धककर्मविगमः ।।९।।**

**સૂત્રાર્થ :-**

**હિ=જે કારણથી, તેનાથી=ન્યાયપૂર્વકની પ્રવૃત્તિથી, નક્કી પ્રતિબંધક કર્મનું વિગમન થાય છે. (તે કારણથી ન્યાય ધનપ્રાપ્તિનો ઉપાય છે.) ।।૯।।**

**ટીકા :-**

**'ततो' न्यायात् सकाशात् 'हि'र्यस्मात् 'नियमतः' अवश्यंभावेन 'प्रतिबन्धकस्य' परलाभोपघात-जननद्वारेण भवान्तरे उपात्तस्य लाभविघ्नहेतोः 'कर्मणो' लाभान्तरायलक्षणस्य 'विगमो' विनाशः संपद्यते, यथा सम्यक्प्रयुक्तायाः लङ्घनादिक्रियायाः सकाशात् रोगस्य ज्वराऽतिसारादेरिति ।।९।।**

**ટીકાર્થ :-**

**'ततो' ..... अतिसारादेरिति ।। જે કારણથી તેનાથી=ન્યાયથી, અવશ્યપણે પ્રતિબંધક એવાં કર્મોનો=પરના લાભના ઉપઘાત જનન દ્વારા ભવાંતરમાં બાંધેલા ધનલાભના વિઘ્નના હેતુ એવા લાભાંતરાય કર્મોનો, વિનાશ થાય છે. જે પ્રમાણે સમ્યક્ પ્રયોગ કરાયેલ લાંઘણ આદિ ક્રિયાથી જ્વર, અતિસાર આદિ રોગનો વિનાશ થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૯।।**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થ ન્યાયપૂર્વક ધનઅર્જનની પ્રવૃત્તિ કરે તો લાભાંતરાય કર્મનો નાશ થાય છે, તેથી ન્યાયપૂર્વકની ધન કમાવાની ક્રિયા ધનપ્રાપ્તિનો ઉપાય છે. વળી, જીવે પરભવમાં બીજાના લાભમાં ઉપઘાત કરીને ભવાંતરમાં લાભાંતરાયકર્મ બાંધેલું, તે લાભાંતરાયનો વિનાશ ન્યાયપૂર્વકની ધન કમાવાની પ્રવૃત્તિથી થાય છે.

આશય એ છે કે જે જીવો અતિ ઉચિત પ્રવૃત્તિ કરનારા છે તેવા જીવો વિપુલ લાભાંતરાયના ક્ષયોપશમથી અલ્પ આયાસે પણ ઘણું ધન મેળવે છે. આથી જ ઉત્તમ સંયમ આદિ પાળીને આવેલા જીવો વૈભવશાળી કુટુંબોને ત્યાં જન્મે છે અને સહજ વિપુલ વૈભવ મેળવે છે; પરંતુ જે જીવોએ બીજાના લાભમાં ઉપઘાત કરે તેવી પ્રવૃત્તિ પૂર્વભવમાં કરેલી છે એવા જીવોને આ ભવમાં લાભાંતરાયનો ઉદય હોવાથી શ્રમથી પણ ધન પ્રાપ્ત થતું નથી. તેવા જીવોનો તે લાભાંતરાયનો ઉદય નિકાચિત આદિ અવસ્થાને પામેલો ન હોય તો ન્યાયપૂર્વકના ધનઅર્જનની પ્રવૃત્તિથી ક્ષયોપશમભાવને પામે છે, તેથી તેઓના શ્રમના ફળરૂપે વિપુલ ધનની પ્રાપ્તિ થાય છે. માટે અર્થપ્રાપ્તિનો ઉપાય ન્યાય છે. **।।૯।।**

**અવતરણિકા :-**

**ततोऽपि किं सिद्धमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**તેનાથી પણ=ન્યાયપૂર્વકની ધન કમાવાની પ્રવૃત્તિથી પ્રતિબંધક કર્મોનું વિગમન થાય છે તેમ પૂર્વ સૂત્રમાં કહ્યું તેનાથી પણ, શું સિદ્ધ થાય છે ? એથી કહે છે –**

**સૂત્ર :-**

सत्यस्मिन्नायत्यामर्थसिद्धिः ।।१०।।

**સૂત્રાર્થ :-**

**આ હોતે છતે=અંતરંગ પ્રતિબંધક એવા લાભાન્તરાયકર્મનો નાશ થયે છતે, આયતિમાં= ભવિષ્યકાળમાં, અર્થની સિદ્ધિ થાય છે. ।।૧૦।।**

**ટીકા :-**

'सति' विद्यमाने 'अस्मिन्' आन्तरे प्रतिबन्धककर्मविगमे 'आयत्याम्' आगामिनि काले 'अर्थसिद्धिः' अभिलषितविभवनिष्पत्तिः आविर्भवतीति ।।१०।।

**ટીકાર્થ :-**

'सति' ..... आविर्भवतीति ।। આ વિદ્યમાન હોતે છતે=અંતરંગ ધનપ્રાપ્તિમાં પ્રતિબંધક કર્મનું વિગમન થયે છતે, ભવિષ્યકાળમાં અર્થસિદ્ધિ થાય છે=ઇચ્છાયેલા એવા વૈભવની નિષ્પત્તિ આવિર્ભાવ પામે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૦।।

**અવતરણિકા :-**

एतद्विपर्यये दोषमाह –

**અવતરણિકાર્થ :-**

આના વિપર્યયમાં=ન્યાયપૂર્વક ધન કમાવાની પ્રવૃત્તિના વિપર્યયમાં, દોષને કહે છે –

**સૂત્ર :-**

अतोऽन्यथाऽपि प्रवृत्तौ पाक्षिकोऽर्थलाभो निःसंशयस्त्वनर्थ इति ।।११।।

**સૂત્રાર્થ :-**

**આનાથી=ન્યાયપૂર્વક ધન કમાવાની પ્રવૃત્તિથી, અન્યથા પણ પ્રવૃત્તિમાં=વિપરીત પણ પ્રવૃત્તિમાં, પાક્ષિક અર્થલાભ છે=વૈકલ્પિક ધનની પ્રાપ્તિ છે. વળી, નિઃસંશય અનર્થ છે. ।।૧૧।।**

**ટીકા :-**

'अत' उक्तलक्षणात् न्यायात् 'अन्यथाऽपि' अन्यायलक्षणेन प्रकारेण 'प्रवृत्तौ' व्यवहारलक्षणायां 'पाक्षिको' वैकल्पिकः 'अर्थलाभः,' कदाचित् स्यात् कदाचिन्नेत्यर्थः, 'निःसंशयो' निःसंदेहः 'तुः'

**पुनरर्थः 'अनर्थः' उपघातः आयत्यामेव । इदमुक्तं भवति–अन्यायप्रवृत्तिरेव तावदसंभविनी, राजदण्डभयादिभिर्हेतुभिः प्रतिहतत्वात्, पठ्यते च –**

"राजदण्डभयात् पापं नाचरत्यधमो जनः ।
परलोकभयान्मध्यः, स्वभावादेव चोत्तमः ।।७।।" []

**अथ कश्चिदधमाधमतामवलम्ब्य अन्यायेन प्रवर्तते तथाप्यर्थसिद्धिरनैकान्तिकी, तथाविधाशुद्धसामग्रीसव्यपेक्षपाकस्य कस्यचिदशुभानुबन्धिनः पुण्यविशेषस्य उदयवशात् स्यादन्यथा पुनर्नेति, यश्चानर्थः सोऽवश्यंभावी, अन्यायप्रवृत्तिवशोपात्तस्य अशुद्धकर्मणः नियमेन स्वफलमसंपाद्योपरमाभावात् । पठ्यते च –**

"अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।
नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।।८।।" [] **।।११।।**

**ટીકાર્થ :-**

**'अत' ..... कोटिशतैरपि ।। આનાથી=પૂર્વમાં કહેલા સ્વરૂપવાળા ન્યાયથી=ન્યાયપૂર્વક ધન કમાવાની પ્રવૃત્તિથી, અન્યથા પણ પ્રવૃત્તિમાં=અન્યાયસ્વરૂપ પ્રકારથી, વ્યાપાર કરવારૂપ પ્રવૃત્તિમાં પાક્ષિક અર્થલાભ થાય=વૈકલ્પિક ધનપ્રાપ્તિ થાય=ક્યારેક થાય, ક્યારેક ન થાય. વળી, નિઃસંશય આયતિમાં જ=ભવિષ્યમાં જ, અનર્થ=ઉપઘાત થાય.**

**આ કહેવાયેલું થાય છે=સૂત્રના વચનથી આ કહેવાયેલું થાય છે. અન્યાય પ્રવૃત્તિ જ અસંભવી છે; કેમ કે રાજદંડભય આદિ હેતુઓથી પ્રતિહતપણું છે=અન્યાયની પ્રવૃત્તિની નિવૃત્તિ છે.**

**અને કહેવાય છે –**

"રાજદંડના ભયથી અધમ પુરુષ પાપ આચરતા નથી. પરલોકના ભયથી મધ્યમ પુરુષ પાપ આચરતા નથી. અને સ્વભાવથી જ ઉત્તમ પુરુષ પાપ આચરતા નથી. ।।૭।।" ()

**હવે કોઈક અધમાધમતાને અવલંબીને અન્યાયથી ધન કમાવામાં પ્રયત્ન કરે તોપણ અર્થસિદ્ધિ=ધનની પ્રાપ્તિ અનેકાન્તિકી છે=ધનની પ્રાપ્તિ થાય પણ અને ન પણ થાય એ પ્રકારનો વિકલ્પ છે.**

કઈ રીતે ધનની પ્રાપ્તિ અનેકાન્તિકી છે ? તે સ્પષ્ટ કરે છે –

**તેવા પ્રકારના અશુદ્ધ સામગ્રીની અપેક્ષાએ પાકને પામનાર એવા કોઈક અશુભઅનુબંધવાળા પુણ્યવિશેષના ઉદયના વશથી થાય=ધનની પ્રાપ્તિ થાય. અન્યથા વળી=તેવું પુણ્ય ઉદયમાં ન હોય તો, ધનની પ્રાપ્તિ થાય નહિ અને જે અનર્થ છે=અન્યાયપૂર્વકના ધનઅર્જનથી થનારું અનર્થ છે તે અવશ્યંભાવી છે; કેમ કે અન્યાય પ્રવૃત્તિના વશથી બંધાયેલા અશુભકર્મના સ્વફ્લને સંપાદન કર્યા વગર નિયમથી ઉપરમનો અભાવ છે=નાશનો અભાવ છે.**

**અને કહેવાય છે –**

"શુભ કે અશુભ કરાયેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે. ક્રોડો વર્ષોથી પણ નહિ ભોગવાયેલું કર્મ ક્ષય પામતું નથી. ॥૮॥" () **॥૧૧॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે ન્યાયપૂર્વક ધન કમાવાથી લાભાંતરાયનો ક્ષયોપશમ થાય છે, તેથી ભવિષ્યમાં અર્થલાભ થાય છે માટે ધનના અર્થી જીવોએ પણ ન્યાયપૂર્વક ધન કમાવામાં ઉદ્યમ કરવો જોઈએ.

વળી, અન્યાયપૂર્વક ધન કમાવાની પ્રવૃત્તિમાં ધન પ્રાપ્ત થાય તેવો એકાંત નિયમ નથી, પરંતુ જે જીવોને તેવા પ્રકારના અશુભ અનુબંધવાળું પુણ્ય છે જે તેવા પ્રકારની અન્યાયપૂર્વકની પ્રવૃત્તિની અપેક્ષાએ વિપાકમાં આવે તેવું છે તેઓને અન્યાયપૂર્વકની પ્રવૃત્તિથી પણ ધન પ્રાપ્ત થાય છે. અને જેઓનું તેવા પ્રકારનું અશુભ અનુબંધવાળું પુણ્ય વિપાકમાં નથી તેઓને તો અન્યાયપૂર્વકના ધનઅર્જનની પ્રવૃત્તિથી પણ ધન પ્રાપ્ત થતું નથી.

વળી, અન્યાયપૂર્વકની ધનઅર્જનની પ્રવૃત્તિ કરનારાઓને ભવિષ્યમાં અવશ્ય અનર્થની પ્રાપ્તિ થાય છે; કેમ કે અન્યાયપૂર્વકની અર્થઅર્જનની પ્રવૃત્તિકાળમાં વર્તતા અશુભ અધ્યવસાયથી જે પાપ બંધાય છે તેનું ફળ અવશ્ય તેઓને પ્રાપ્ત થશે.

'રાજદંડના ભયથી પણ અધમપુરુષો પાપ આચરતા નથી' તેમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે જેઓ અન્યાયપૂર્વક ધન કમાય છે તેઓ અધમાધમ છે; કેમ કે આલોકના પણ ભાવિ અનર્થનો તેઓ વિચાર કરતા નથી તેવું ક્લિષ્ટચિત્ત વર્તે છે. આથી તત્કાલના સુખનો વિચાર કરીને અન્યાયપૂર્વક ધન મેળવવા યત્ન કરે છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**ગૃહસ્થનો સામાન્યધર્મ ન્યાયપૂર્વકના ધન અર્જનરૂપ છે એમ સૂત્ર-૩માં કહ્યું અને તેનું અત્યાર સુધી સ્પષ્ટીકરણ કર્યું. હવે ગૃહસ્થનો બીજો ધર્મ શું છે ? તે બતાવવા 'तथा'થી સમુચ્ચય કરે છે –**

**સૂત્ર :-**

**[२] समानकुलशीलादिभिरगोत्रजैर्वैवाह्यमन्यत्र बहुविरुद्धेभ्यः ।।१२।।**

**इति ।**

**સૂત્રાર્થ :-**

**(૨) બહુવિરુદ્ધથી અન્યત્ર સમાન કુલ, સમાનશીલાદિ અને અગોત્રવાળા સાથે વિવાહ કરવો એ સામાન્યથી ગૃહસ્થનો ધર્મ છે. ।।૧૨।।**

**ટીકા :-**

**'समानं' तुल्यं 'कुलं' पितृपितामहादिपूर्वपुरुषवंशः 'शीलं' मद्यमांसनिशाभोजनादिपरिहाररूपो व्यवहारः, 'आदि'शब्दात् विभववेषभाषादि च येषां ते तथा, तैः कुटुम्बिभिः लोकैः सह, 'अगोत्रजैः' गोत्रं नाम तथाविधैकपुरुषप्रभवो वंशः, ततो गोत्रे जाताः गोत्रजाः, तत्प्रतिषेधात् अगोत्रजाः, तैरतिचिरकालव्यवधानवशेन त्रुटितगोत्रसंबन्धैश्चेति, किमित्याह–'वैवाह्यं' विवाह एव तत्कर्म वा वैवाह्यम्, 'सामान्यतो गृहस्थधर्म' इति प्रकृतम्, किमविशेषेण ? नेत्याह–'अन्यत्र' विना 'बहुविरुद्धेभ्यः' कुतोऽपि महतोऽनौचित्यात् 'बहुभिः' तज्जातिवर्त्तिभिस्तत्स्थानतद्देशवासिभिर्वा जनैः सह 'विरुद्धा' घटनामनागता बहुविरुद्धाः, तैः, बहुविरुद्धान् लोकान् वर्जयित्वेत्यर्थः । असमानकुलशीलादित्वे हि परस्परं वैसदृश्यात् तथाविधनिर्व्रणसंबन्धाभावेन असंतोषादिसंभवः ।**

**ટીકાર્થ :-**

**'समानं' ..... असंतोषादिसंभवः । સમાન=તુલ્ય, કુલ=પિતા, દાદા આદિ પૂર્વપુરુષનો વંશ, અને સમાન શીલ=મદ્ય-માંસ-રાત્રિભોજન આદિ પરિહારરૂપ આચરણા, અને આદિ શબ્દથી વૈભવ, વેષ, ભાષા આદિ છે જેઓને તે તેવા છે=સમાન કુલ-શીલાદિવાળા છે તેવા સાથે અને અગોત્રવાળા સાથે વિવાહ કરવો જોઈએ એમ અન્વય છે.**

"અગોત્રજા"નો અર્થ સ્પષ્ટ કરે છે –

**ગોત્ર એટલે તેવા એક પુરુષથી ઉત્પન્ન થયેલો વંશ, તેથી ગોત્રમાં જે થયેલા હોય તે ગોત્રજ કહેવાય, તેના પ્રતિષેધથી અગોત્રજ કહેવાય. અર્થાત્ અતિ ચિરકાળના વ્યવધાનના વશથી ત્રુટિત થયેલા ગોત્રસંબંધવાળા સાથે વિવાહ કરવો જોઈએ. એ પ્રકારનો સામાન્યથી ગૃહસ્થધર્મ છે.**

**શું અવિશેષથી સમાન કુલ-શીલાદિવાળા સાથે વિવાહ કરવો જોઈએ ? એ પ્રકારની શંકામાં કહે છે –**

**બહુવિરુદ્ધને છોડીને સમાનકુલશીલાદિ સાથે વિવાહ કરવો જોઈએ.**

બહુવિરુદ્ધને છોડીને કેમ સમાનકુલ સાથે વિવાહ કરવો જોઈએ ? એથી કહે છે –

**કોઈ પણ કારણે મહાન અનૌચિત્યથી તે જાતિવર્તી ઘણા લોકો સાથે અથવા તે સ્થાન, તે દેશવાસી ઘણા લોકો સાથે જેઓ વિરુદ્ધ હોય તેવા વિરુદ્ધ લોકોને છોડીને સમાન કુલ-શીલાદિ સાથે વિવાહ કરવો જોઈએ. અસમાન કુલ-શીલાદિપણામાં પરસ્પર વિસદૃશ્યતાને કારણે તેવા પ્રકારના નિર્વાહ કરે તેવા સંબંધના અભાવના કારણે અસંતોષ આદિનો સંભવ છે.**

**ભાવાર્થ :-**

સદ્‌ગૃહસ્થ હંમેશાં ધર્મને પ્રધાન કરીને ધર્મનો વ્યાઘાત ન થાય તે રીતે ક્લેશ વગર જીવન જીવવા ઇચ્છે છે અને ચિત્ત ઉત્તમ બને તે માટે સ્વભૂમિકા અનુસાર દાનાદિ કૃત્યો કરે છે. તેવા ગૃહસ્થોએ જે પ્રકારના પોતે આચાર પાળતા હોય તેવા સમાન આચારવાળા સાથે વિવાહ કરવો જોઈએ. જેથી અસમાન કુલશીલાદિવાળા સાથે વિવાહ કરવાથી આચારોની અત્યંત વિસદૃશતાને કારણે અસંતોષ આદિ ક્લેશો થાય નહિ.

વળી, સદ્‌ગૃહસ્થોને સમાન ગોત્રવાળા સાથે વિવાહ કરવાનો વ્યવહારમાં નિષેધ છે, તેથી અસમાન ગોત્રવાળા સાથે, સમાન કુલશીલાદિવાળા સાથે વિવાહ કરવો જોઈએ તેમાં પણ અપવાદ કહે છે –

સમાન કુલશીલાદિવાળા પણ જેઓ બહુવિરુદ્ધ કૃત્યો કરનારા હોય તેવા સાથે વિવાહ કરવો જોઈએ નહિ; કેમ કે બહુવિરુદ્ધ કૃત્યો કરનારા સાથે વિવાહ કરવાથી સંક્લેશ થવાના પ્રસંગો પ્રાપ્ત થાય.

**ટીકા :-**

**किञ्च, विभववैषम्ये सति कन्या महतः स्वपितुरैश्वर्यादल्पविभवं भर्त्तारमवगणयति, इतरोऽपि प्रचुरस्वपितृविभववशोत्पन्नाहङ्कारः तत्पितुर्विभवविकलत्वेन दुर्बलपृष्ठोपष्टम्भां कन्यामवजानाति । तथा गोत्रजैर्वैवाह्ये स्वगोत्राचरितज्येष्ठकनिष्ठताव्यवहारविलोपः स्यात्, तथाहि–ज्येष्ठोऽपि वयोविभवादिभिः कन्यापिता कनिष्ठस्यापि जामातृकपितुः नीचैर्वृत्तिर्भवति, न च गोत्रजानां रूढं ज्येष्ठकनिष्ठव्यवहारम्, अतिलङ्घ्य अन्यो वैवाह्यव्यवहारो गुणं लभते, अपि तु तद्व्यवहारस्य प्रवृत्तौ गोत्रजेषु पूर्वप्रवृत्तविनयभङ्गात् महान् अनर्थ एव संपद्यते । तथा बहुविरुद्धैः सह संबन्धघटनायां स्वयमनपराद्धानामपि तत्संबन्धद्वारा आयातस्य महतो विरोधस्य भाजनभवनेन इहलोकपरलोकार्थयोः क्षतिः प्रसजति, जनानुरागप्रभवत्वात् संपत्तीनामिति पर्यालोच्य उक्तं–'समानकुलशीलादिभिः अगोत्रजैः वैवाह्यमन्यत्र बहुविरुद्धेभ्यः' इति ।**

**ટીકાર્થ :-**

**किञ्च ..... इति । વળી, વૈભવના વૈષમ્યમાં કન્યા પોતાના પિતાના મહાન ઐશ્વર્યના કારણે અલ્પવૈભવવાળા પતિની અવગણના કરે છે. ઈતર પણ=પતિ પણ, પ્રચુર પોતાના પિતાના વૈભવના વશથી ઉત્પન્ન થયેલા અહંકારવાળો પત્નીના પિતાના વૈભવના વિકલપણાના કારણે દુર્બલપૃષ્ઠઉપષ્ટંભવાળી કન્યાની= તેના પિતા તરફના નબળા ટેકાવાળી કન્યાની, અવગણના કરે છે. અને ગોત્રવાળા સાથે વિવાહમાં સ્વગોત્રથી આચરિત જ્યેષ્ઠતાના વ્યવહારનો વિલોપ થાય. તે આ પ્રમાણે –**

**વય અને વૈભવ આદિથી જ્યેષ્ઠ પણ કન્યાના પિતા કનિષ્ઠ પણ જમાઈના પિતાથી નીચ વૃત્તિવાળા થાય=નાના થાય, અને ગોત્રમાં થયેલા પુરુષોનો રૂઢ જ્યેષ્ઠ-કનિષ્ઠનો વ્યવહાર ઉલ્લંઘન**

**કરીને અન્ય વિવાહનો વ્યવહાર ગુણને પ્રાપ્ત કરતો નથી, પરંતુ તે વ્યવહારની પ્રવૃત્તિમાં ગોત્રજોમાં પૂર્વપ્રવૃત્ત વિનયનો ભંગ થવાથી મહાન અનર્થ જ પ્રાપ્ત થાય છે અને બહુવિરોધી પ્રવૃત્તિઓ કરનારા સાથે સંબંધની ઘટનામાં=વિવાહ કરવામાં, સ્વયં અનપરાધવાળાઓને પણ તેના સંબંધ દ્વારા=લગ્નના સંબંધ દ્વારા, પ્રાપ્ત થયેલા મહાન વિરોધના ભાજન થવાને કારણે આ લોક અને પરલોકના પ્રયોજનની ક્ષતિ પ્રાપ્ત થાય છે; કેમ કે સંપત્તિનું લોકના અનુરાગપ્રભવપણું છે એ પ્રમાણે પર્યાલોચન કરીને સમાન કુલ-શીલાદિ અને અગોત્રવાળા સાથે બહુવિરોધીઓને છોડીને વિવાહ કરવો જોઈએ એ પ્રમાણે કહેવાયું છે.**

**ભાવાર્થ :-**

કન્યા અને પતિના વૈભવનું વૈષમ્ય હોય તો પરસ્પર ક્લેશ થવાના પ્રસંગો આવે છે, તેથી સમાન વૈભવવાળા સાથે વિવાહ કરવો જોઈએ.

વળી, સમાન ગોત્રવાળામાં જેઓ વૈભવ અને વય આદિથી મોટા હોય તેઓ હંમેશાં પોતાના ગોત્રના જીવનવ્યવહારના પ્રસંગોમાં પોતે મોટા છે એ પ્રકારનો આદરસત્કાર પામે છે. હવે જો સમાન ગોત્રમાં વિવાહ કરવામાં આવે તો વય-વૈભવથી મોટા પણ કન્યાના પિતા, જમાઈના પિતાથી નાના થાય, તેથી પરસ્પરનો વિનયનો વ્યવહાર પૂર્વમાં પ્રવૃત્ત હતો તેનો ભંગ થાય, તેથી ક્લેશ થવાનો પ્રસંગ આવે. માટે સમાન ગોત્રવાળા સાથે વિવાહ કરવાનો નિષેધ છે.

વળી, જેઓ બહુજનો સાથે વિરોધવાળા હોય તેઓની સાથે વિવાહ કરવામાં આવે તો પોતે અપરાધરહિત હોવા છતાં બહુ વિરોધી સાથેના સંબંધના કારણે પોતે પણ મહાન વિરોધનું ભાજન બને છે, તેથી બહુ વિરોધી સાથે વિવાહ કરવાથી સંપત્તિનો નાશ થાય તો આ લોક અને પરલોકમાં અનર્થની પ્રાપ્તિ થાય; કેમ કે બહુ લોકો સાથે વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને સંપત્તિ નાશ થવાનો પ્રસંગ આવે. તેના કારણે આ લોકમાં પણ દુઃખી થવું પડે અને ક્લેશના કારણે પરલોકમાં પણ દુઃખી થવાનો પ્રસંગ આવે.

**ટીકા :-**

**अत्र च लौकिकनीतिशास्त्रमिदम्—द्वादशवर्षा स्त्री, षोडशवर्षः पुमान्, तौ विवाहयोग्यौ, विवाहपूर्वो व्यवहारः कुटुम्बोत्पादनपरिपालनारूपश्चतुरो वर्णान् कुलीनान् करोति, युक्तितो वरणविधानम्, अग्निदेवादिसाक्षिकं च पाणिग्रहणं विवाहः, स च ब्राह्मादिभेदादष्टधा ।**

**तथाहि—ब्राह्मो विवाहो यत्र वरायालङ्कृत्य कन्या प्रदीयते १, त्वं भवास्य महाभागस्य सधर्मचारिणीति विनियोगेन विभवस्य कन्याप्रदानात् प्राजापत्यः २, गोमिथुनपुरस्सरकन्याप्रदानादार्षः ३, स दैवो विवाहो यत्र यज्ञार्थमृत्विजः कन्याप्रदानमेव दक्षिणा ४, एते धर्म्या विवाहाश्चत्वारोऽपि, गृहस्थोचित-देवपूजनादिव्यवहाराणामेतदन्तरङ्गकारणत्वान्मातुः पितुर्बन्धूनां च प्रामाण्यात् । परस्परानुरागेण**

मिथः समवायात् गान्धर्वः ५, पणबन्धेन कन्याप्रदानमासुरः ६, प्रसह्य कन्याऽऽदानात् राक्षसः ७, सुप्तप्रमत्तकन्याऽऽदानात् पैशाचः ८, एते चत्वारोऽधर्म्या अपि नाधर्म्याः, यद्यस्ति वधूवरयोरनपवादं परस्पररुचितत्वमिति । शुद्धकलत्रलाभफलो विवाहः । तत्फलं च सुजातसुतसन्ततिः, अनुपहता चित्तनिर्वृतिः, गृहकृत्यसुविहितत्वम्, आभिजात्याचारविशुद्धत्वम्, देवातिथिबान्धवसत्कारानवद्यत्वं चेति ।।

कुलवधूरक्षणोपायाश्चैते –

गृहकर्मविनियोगः, परिमितोऽर्थसंयोगः, अस्वातन्त्र्यम्, सदा च मातृतुल्यस्त्रीलोकावरोधनमिति ।।

रजकशिलाकुर्कुरकर्परसमा हि वेश्याः, कस्तासु कुलीनो रज्येत? यतो दाने दौर्भाग्यम्, सत्कृतौ परोपभोग्यत्वम्, आसक्तौ परिभवो मरणं वा, महोपकारेऽप्यनात्मीयत्वम्, बहुकालसंबंधेऽपि त्यक्तानां तदैव पुरुषान्तरगमनमिति वेश्यानां कुलाऽऽगतो धर्म इति ।।१२।।

**ટીકાર્થ :-**

अत्र च ..... धर्म इति ।। અને અહીં=વિવાહના પ્રસંગમાં, લૌકિક નીતિશાસ્ત્ર આ છે=આગળમાં કહેવાય છે એ છે. ૧૨ વર્ષની સ્ત્રી, ૧૬ વર્ષનો પુરુષ તે વિવાહયોગ્ય છે. વિવાહપૂર્વકનો વ્યવહાર, કુટુંબઉત્પાદનપરિપાલનરૂપ વ્યવહાર ચારે વર્ણોને કુલીન કરે છે.

યુક્તિથી વર્ણનું વિધાન=સગપણનું વિધાન, અને અગ્નિદેવતાની સાક્ષીએ પાણિગ્રહણ વિવાહ છે. અને તે=વિવાહ બ્રાહ્માદિભેદથી આઠ પ્રકારનો છે.

(૧) બ્રાહ્મવિવાહ : જેમાં વરને અલંકૃત કરીને કન્યા અપાય છે તે બ્રાહ્મવિવાહ છે.

(૨) પ્રાજાપત્યવિવાહ : તું આ ભાગ્યશાળીની સધર્મચારિણી થાય એ પ્રકારે વિભવના વિનિયોગ વડે=ધનના વ્યય વડે, કન્યાના પ્રદાનથી વિવાહ થાય છે તે પ્રાજાપત્યવિવાહ છે.

(૩) આર્ષવિવાહ : ગોમિથુન પુરસ્સર કન્યાના પ્રદાનથી=ગાય-બળદ યુક્ત કન્યાના દાનથી, આર્ષવિવાહ થાય છે.

(૪) દૈવવિવાહ : તે દૈવવિવાહ છે જેમાં યજ્ઞાર્થબ્રાહ્મણને કન્યાનું પ્રદાન જ દક્ષિણા છે.

આ ચારે પણ વિવાહો ધર્મવિવાહો છે; કેમ કે ગૃહસ્થઉચિત દેવપૂજનાદિ વ્યવહારોનું=આનું=વિવાહનું અંતરંગ કારણપણું છે. અને માતા-પિતા અને બંધુઓનું પ્રમાણપણું છે=સંમતપણું છે.

(૫) ગાંધર્વવિવાહ : પરસ્પર અનુરાગ વડે સ્ત્રી-પુરુષના સંબંધથી ગાંધર્વવિવાહ છે.

(૬) આસુરવિવાહ : પણબન્ધથી=શરતથી, કન્યાનું પ્રદાન આસુરવિવાહ છે.

(૭) રાક્ષસવિવાહ : પ્રસહ્ય=બળાત્કારે, કન્યાના ગ્રહણથી રાક્ષસવિવાહ છે.

**(૮) પિશાચવિવાહ : સુપ્ત અને પ્રમત્ત=સૂતેલી અને પ્રમાદવાળી, કન્યાના ગ્રહણથી પિશાચવિવાહ છે.**

**આ ચારેય પણ અધર્મ્ય વિવાહો અધર્મ્ય નથી, જો વધૂ અને વરના અનપવાદ=સ્વાભાવિક પરસ્પર રુચિપણું છે.**

કેમ અધર્મ્યરૂપ નથી ? એથી કહે છે –

**શુદ્ધ સ્ત્રીના લાભ ફળવાળો વિવાહ છે અને તેનું ફળ=શુદ્ધ સ્ત્રીના લાભનું ફળ, સુજાતસુત સંતતિ=ગુણવાળા પુત્રની પ્રાપ્તિ, અનુપહત ચિત્તની નિર્વૃત્તિ=સંક્લેશ વગરની ચિત્તની પ્રાપ્તિ, ગૃહકૃત્યોનું સુવિહિતપણું=સદ્‌ગૃહસ્થોના ઉત્તમ કૃત્યોનું સુંદર સેવન, આભિજાત્ય આચારનું વિશુદ્ધત્વપણું=ઉત્તમ કુળના આચારોનું સમ્યક્‌પાલન, દેવતા-અતિથિ-બાંધવના સત્કારનું અનવદ્યપણું=દેવતા આદિની વિવેકપૂર્વકની ભક્તિ, આ સર્વ શુદ્ધ સ્ત્રીનાં લાભનાં ફલ છે.**

**કુલવાન સ્ત્રીના રક્ષણના ઉપાયો આ છે : (૧) ગૃહકાર્યમાં નિયોજન. (૨) પરિમિત અર્થનો વ્યાપાર=પરિમિત ધન કમાવાની પ્રવૃત્તિ (૩) અસ્વાતંત્ર્ય અને (૪) સદા માતૃતુલ્ય સ્ત્રીલોકોનો અવરોધ=માતાતુલ્ય સ્ત્રીઓની વચમાં રાખે.**

પૂર્વમાં લગ્ન પછી કુલીન સ્ત્રીના શીલના રક્ષણનો ઉપાય બતાવ્યો. હવે જો તે પ્રમાણે કુલવધૂનું રક્ષણ કરવામાં ન આવે અને કોઈક રીતે તે સ્ત્રી વેશ્યા જેવી બને તો સદ્‌ગૃહસ્થનું જીવન નાશ પામે, તેથી કહે છે –

**ધોબીની શિલા અને કૂતરાના આહાર માટે અપાતા ઠીકરા સમાન વેશ્યા છે. કોણ કુલીન પુરુષ તેવી સ્ત્રીમાં રાગ રાખે ?**

કેમ તેવી સ્ત્રીમાં રાગ ન રાખે ? તેથી કહે છે –

**જે કારણથી દાનમાં=વેશ્યાતુલ્ય સ્ત્રીને ધન આપવામાં, દૌર્ભાગ્ય પ્રાપ્ત થાય છે. સત્કાર કરવામાં=અલંકારાદિ આપીને સત્કાર કરવામાં, પરઉપભોગ્યપણું પ્રાપ્ત થાય છે, આસકિતમાં=તે સ્ત્રી વ્યભિચારી છે તેમ જાણવા છતાં તેમાં આસક્તિને કારણે તેનો ત્યાગ કરવામાં ન આવે તો, પરિભવ અથવા મરણ થાય છે. મહાઉપકારમાં પણ=તે સ્ત્રી ઉપર ઘણો ઉપકાર કર્યો હોવા છતાં પણ, અનાત્મીયપણું પ્રાપ્ત થાય છે. ઘણા કાળના સંબંધમાં પણ પુરુષથી ત્યજાયેલી એવી તે સ્ત્રીનું ત્યારે જ પુરુષાન્તર સાથે ગમન થાય છે. આ પ્રકારનો વેશ્યાઓનો કુલઆગત ધર્મ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૨।।**

**ભાવાર્થ :–**

સ્ત્રીઓને શીલસંપન્ન કરવા અર્થે અને પુરુષોનું અનાચારની પ્રવૃત્તિથી રક્ષણ કરવા અર્થે, લૌકિક નીતિથી

૧૨ વર્ષની કન્યા અને ૧૬ વર્ષનો પુરુષ વિવાહ માટે યોગ્ય સ્વીકારાય છે; કેમ કે કામના વિકારો થાય તે પ્રકારની વય પૂર્વે લગ્ન થયેલા હોય તો કુલીન સ્ત્રી શીલની મર્યાદામાં રહી શકે છે અને વયના ઉલ્લંઘનમાં માનસિક વિકારો થવાથી યોગ્ય પણ જીવો પ્રાયઃ શીલસંપન્ન થઈ શકે નહીં.

વળી, ઉચિત વ્યવહારપૂર્વક લગ્ન કરવાથી ચારેય વર્ણના જીવો કુલીન થાય છે.

વળી, વિવાહ આઠ પ્રકારના છે. તેમાં ચાર પ્રકારના વિવાહ વર-કન્યાના હિતને સામે રાખીને ઉચિત રીતે કરાયેલા છે, તેથી ધર્મરૂપ છે. ચાર પ્રકારના વિવાહ અનુચિત રીતે થયેલા છે, તેથી અધર્મરૂપ છે; તોપણ તેઓ વિવાહ કર્યા પછી પરસ્પર પ્રીતિપૂર્વક પરલોકપ્રધાન એવું ગૃહસ્થજીવન જીવે તો તે વિવાહ તેઓના હિતનું કારણ બને છે માટે ધર્મરૂપ છે.

વિવાહનું પ્રયોજન શુદ્ધ સ્ત્રીની પ્રાપ્તિ છે=શીલસંપન્ન સ્ત્રીની પ્રાપ્તિ છે અને તેનું ફળ (૧) સુંદર પુત્રોની સંતતિ (૨) અનુપહત ચિત્તની નિષ્પત્તિ=પરસ્પર ક્લેશ વગરનું જીવન (૩) ગૃહકૃત્યો સુંદર રીતે કરવાં (૪) ઉત્તમ આચારોનું વિશુદ્ધપાલન અને (૫) દેવનો=ઉપાસ્ય દેવનો, અતિથિનો=ત્યાગી સાધુઓનો, બાંધવનો=બંધુવર્ગનો, ઉચિત સત્કાર. આ પ્રકારના ગૃહસ્થજીવનમાં ક્લેશ નહીં હોવાથી ચિત્તની સ્વસ્થતારૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે, માટે સામાન્યગૃહસ્થધર્મ છે.

વળી, કુલવધૂના રક્ષણના ઉપાયો બતાવે છે, જેનાથી કુલવધૂના શિયળનું રક્ષણ થાય.

(૧) સ્ત્રીઓને ગૃહકાર્યમાં વિનિયોજન કરવાથી ચિત્ત નિરર્થક વિચારો કરીને શીલના દૂષણને પ્રાપ્ત કરે નહિ.

(૨) વળી, પુરુષ પણ પરિમિત અર્થસંયોગના વ્યાપારવાળો રહે તો સ્ત્રી સાથે રહેવાનો પ્રસંગ આવે, જેથી શીલભંગ થવાનો પ્રસંગ આવે નહિ.

(૩) વળી, સ્વતંત્રતાથી બધે સ્ત્રીઓ જતી હોય તો વિકારો થવાના પ્રસંગો ઊભા થાય, તેથી વડીલોને પુછીને જ ઉચિત સ્થાને જવાની મર્યાદાનું પાલન કરવાથી શીલનું રક્ષણ થાય છે.

(૪) વળી, માતાતુલ્ય સ્ત્રીઓની વચમાં યુવાન સ્ત્રી રહે તો વિકારો થવાના પ્રશ્નો ઓછા આવે, તેથી શીલરક્ષણ અર્થે આ પ્રકારની લૌકિક શાસ્ત્રની મર્યાદા છે.

વળી, જો સ્ત્રીના શીલરક્ષણ માટે ઉચિત પ્રયત્ન ન કરવામાં આવે તો તે વેશ્યા જેવી થાય અને તેવી સ્ત્રીમાં કોણ કુલીન પુરુષ રાગ કરે ? અર્થાત્ કરે નહિ.

વેશ્યા કેવી હોય છે ? તે સ્પષ્ટ કરે છે –

(૧) ધોબીને કપડાં ધોવાની શિલા જેમ બધાના માટે ઉપભોગ્ય હોય છે તેના જેવી વેશ્યા છે.

(૨) વળી કૂતરાને ઠીકરામાં વધેલું આહાર અપાય છે તે ઠીકરામાં અન્ય પણ કૂતરા આદિને આહાર અપાય છે, તેથી તે ઠીકરું બધા માટે ભોગ્ય છે તેના જેવી વેશ્યા છે.

આવી સ્ત્રીમાં કુલીન પુરુષને રાગ ન થાય.

કેમ ન થાય ? તેથી કહે છે –

(૧) તેને ધન આપવામાં દુર્ભાગ્યની પ્રાપ્તિ છે; કેમ કે તે ધનનો તે દુર્વ્યય કરશે. (૨) વળી અલંકાર આદિથી સત્કાર કરવામાં તે સ્ત્રી પરને ભોગ્ય બનશે. (૩) તેવી સ્ત્રીમાં આસક્તિ થાય તો તેનાં અકાર્યો જાણવા છતાં ઉપેક્ષા કરવામાં આવે તો પ્રસંગે પુરુષનો પરાભવ થાય અને મરણ પણ થાય. (૪) મહાન ઉપકારમાં પણ=ઘણું ધન આપે, ઘણું સારી રીતે સાચવે તોપણ, અન્ય પુરુષમાં આસક્ત એવી સ્ત્રી સાથે આત્મીયતા ન થાય. (૫) વળી, ઘણા કાળ સુધીનો સંબંધ હોવા છતાં પુરુષ વડે ત્યાગ કરાયેલી તે સ્ત્રી અન્ય પુરુષ સાથે સંબંધ કરે.

આ પ્રકારનો વેશ્યાઓનો કુલઆગત ધર્મ છે=વેશ્યાઓ આવી પ્રકૃતિવાળી હોય છે. માટે કુલવધૂના શીલના રક્ષણ માટે ગૃહસ્થે ઉચિત યત્ન કરવો જોઈએ. જેથી આ લોક અને પરલોક એકાંતે સુંદર બને. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**ગૃહસ્થોનો સામાન્યધર્મ બતાવતાં ગૃહસ્થે કઈ રીતે ધન કમાવું જોઈએ ? જેથી તે ધર્મરૂપ બને તે પ્રથમ બતાવ્યું. ત્યાર પછી કઈ રીતે વિવાહ કરવો જોઈએ ? જેથી તે ધર્મરૂપ બને, હવે 'તથા'થી અન્યધર્મનો સમુચ્ચય કરે છે –**

**સૂત્ર :-**

[૩] दृष्टादृष्टबाधाभीतता ।।१३।।

**સૂત્રાર્થ :-**

**(૩) દૃષ્ટ અદૃષ્ટ બાધાની ભીતતા. ॥૧૩॥**

**ટીકા :-**

**दृष्टाश्च प्रत्यक्षत एव अवलोकिताः, अदृष्टाश्च अनुमानागमगम्याः, ताश्च ता बाधाश्च उपद्रवाः, दृष्टादृष्टबाधास्ताभ्यो 'भीतता' भयं 'सामान्यतो गृहस्थधर्म' इति, तदा च तद् भयं चेतसि व्यवस्थापितं भवति यदि यथाशक्ति दूरत एव तत्कारणपरिहारः कृतो भवति, न पुनरन्यथा, तत्र दृष्टबाधाकारणानि अन्यायव्यवहरणद्यूतरमणपररामाभिगमनादीनि इहलोकेऽपि सकललोकसमुपलभ्यमाननानाविधविडम्बनास्थानानि, अदृष्टबाधाकारणानि पुनर्मद्यमांससेवनादीनि शास्त्र-**

निरूपितनरकादियातनाफलानि भवन्ति, किं भणितं भवति? दृष्टादृष्टबाधाहेतुभ्यो दूरमात्मा व्यावर्त्तनीय इति ।।१३।।

**ટીકાર્થ :-**

दृष्टाश्च ..... व्यावर्त्तनीय इति ।। દૃષ્ટ=પ્રત્યક્ષથી જોવાયેલ, અને અદૃષ્ટ=અનુમાન અને આગમથી જોવાયેલ, એવી જે બાધા=જે ઉપદ્રવો, તેનાથી ભીતતા=ભય, સામાન્યથી ગૃહસ્થધર્મ છે. અને ત્યારે તે ભય ચિત્તમાં વ્યવસ્થાપિત થાય છે જ્યારે યથાશક્તિ દૂરથી જ તેના કારણનો પરિહાર કરાયેલો થાય છે, પરંતુ અન્યથા આ લોક અને પરલોકની દૃષ્ટઅદૃષ્ટ બાધા કરાયેલી થતી નથી. ત્યાં=દૃષ્ટ-અદૃષ્ટ બાધાનાં ભયના વિષયમાં દૃષ્ટ બાધાનાં કારણો અન્યાયપૂર્વકનો ધન કમાવાનો વ્યવહાર, જુગારમાં રમવું, પરસ્ત્રીગમન આદિ આ લોકમાં પણ સકલ લોકને પ્રાપ્ત થતાં નાના વિડંબનાના સ્થાનો છે. અને અદૃષ્ટ બાધાના કારણો મદ્યમાંસસેવનાદિ શાસ્ત્રમાં કહેલા નરકાદિ યાતનાના ફલવાળાં કારણો છે.

આનાથી શું કહેવાયેલું થાય છે ? તે કહે છે –

દૃષ્ટ અને અદૃષ્ટ બાધાના હેતુઓથી પોતાનો આત્મા દૂર રાખવો જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૩।।

**ભાવાર્થ :-**

આ લોકમાં જીવન ઉપદ્રવવાળું ન થાય, સુખ-શાંતિપૂર્વક જીવાય અને પરલોકમાં દુર્ગતિ ન થાય તે પ્રકારનું માર્ગાનુસારી વિચારણાપૂર્વકનું જીવન ગૃહસ્થ જીવે તે દૃષ્ટ-અદૃષ્ટ બાધાના ભય સ્વરૂપ ગૃહસ્થધર્મ છે. **।।૧૩।।**

**અવતરણિકા :-**

तथा –

**અવતરણિકાર્થ :-**

'तथा'થી અન્ય ગૃહસ્થધર્મ બતાવે છે –

**સૂત્ર :-**

[૪] शिष्टचरितप्रशंसनम् ।।१४।।

**સૂત્રાર્થ :-**

**(૪) શિષ્ટનાં ચરિત્રનું પ્રશંસન ગૃહસ્થધર્મ છે. ।।૧૪।।**

**ટીકા :-**

**शिष्यन्ते स्म 'शिष्टाः' वृत्तस्थज्ञानवृद्धपुरुषविशेषसंनिधानोपलब्धविशुद्धशिक्षा मनुजविशेषाः, तेषां 'चरितम्' आचरणं शिष्टचरितम्, यथा –**

"लोकापवादभीरुत्वं दीनाभ्युद्धरणादरः ।
कृतज्ञता सुदाक्षिण्यं सदाचारः प्रकीर्त्तितः ।।९।।
सर्वत्र निन्दासंत्यागो, वर्णवादश्च साधुषु ।
आपद्यदैन्यमत्यन्तं तद्वत् संपदि नम्रता ।।१०।।
प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा ।
प्रतिपन्नक्रिया चेति कुलधर्मानुपालनम् ।।११।।
असद्व्ययपरित्यागः स्थाने चैव क्रिया सदा ।
प्रधानकार्ये निर्बन्धः प्रमादस्य विवर्जनम् ।।१२।।
लोकाचारानुवृत्तिश्च सर्वत्रौचित्यपालनम् ।
प्रवृत्तिर्गर्हिते नेति प्राणैः कण्ठगतैरपि ।।१३।।" **[योगबिन्दौ १२६-१३०] इत्यादि ।**

**तस्य 'प्रशंसनं' प्रशंसा, पुरस्कार इत्यर्थः, यथा –**

"गुणेषु यत्नः क्रियतां किमाटोपैः प्रयोजनम्? ।
विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः ।।१४।।" []

**तथा –**

"शुद्धाः प्रसिद्धिमायान्ति लघवोऽपीह नेतरे ।
तमस्यपि विलोक्यन्ते दन्तिदन्ता न दन्तिनः ।।१५।।" [] **इत्यादि ।।१४।।**

**ટીકાર્થ :-**

**शिष्यन्ते ..... इत्यादि ।। આત્માને માર્ગાનુસારી શિક્ષણ આપે તે શિષ્ટો કહેવાય.**

તે શિષ્ટો કેવા હોય ? તે સ્પષ્ટ કરે છે –

**વ્રતમાં રહેલા એવા જ્ઞાનવૃદ્ધપુરુષવિશેષનાં સંનિધાનથી પ્રાપ્ત કરેલી છે વિશુદ્ધ શિક્ષા જેમણે એવા મનુષ્યવિશેષ શિષ્ટો છે. તેઓનું ચરિત્ર=આચરણ, તે શિષ્ટ ચરિત્ર છે અને તે શિષ્ટચરિત્ર 'यथा'થી બતાવે છે –**

"લોકાપવાદનું ભીરુપણું, દીનજીવોના ઉદ્ધારનો આદર, કૃતજ્ઞતા, સુદાક્ષિણ્ય સદાચાર કહેવાયા છે. ।।૯।।

સર્વત્ર નિંદાનો ત્યાગ, સદાચારવાળા પુરુષનો વર્ણવાદ=પ્રશંસા, આપત્તિમાં અત્યંત અદૈન્ય અને તેની જેમ સંપત્તિમાં નમ્રતા. ।।૧૦।।

પ્રસ્તાવમાં મિતભાષીપણું=બોલવાના પ્રસંગમાં પરિમિત હિતકારી બોલવાનો સ્વભાવ, અવિસંવાદન=પોતાનાં પૂર્વ-અપરવચનોમાં વિસંવાદ ન થાય તેવું વચન બોલે. સ્વીકારેયેલી ક્રિયાનો નિર્વાહ, કુલધર્મનું અનુપાલન. ॥૧૧॥

ધનના અસદ્વ્યયનો પરિત્યાગ, ઉચિત સ્થાને સદા ધનવ્યયની ક્રિયા, પ્રધાનકાર્યમાં આગ્રહ=વિશેષ હિતકારી કાર્યમાં આગ્રહ, પ્રમાદનું વર્જન=વ્યસનોનો ત્યાગ. ॥૧૨॥

લોકઆચારની અનુવૃત્તિ=લોકોમાં રૂઢ એવા ઉચિત આચારોનું પાલન, સર્વત્ર=પોતાના સ્વજન પક્ષમાં કે પોતાના વિરોધી પક્ષમાં ઔચિત્યનું પાલન, પ્રાણના ભોગે પણ કુલને દૂષિત કરે તેવી પ્રવૃત્તિનો ત્યાગ. ॥૧૩॥" **(યોગબિન્દુ૦ શ્લોક-૧૨૬-૧૩૦)**

**આ સર્વ શિષ્ટાચારોની પ્રશંસા કરે જેથી પોતાને શિષ્ટના ઉત્તમ આચારો પ્રાપ્ત થાય.**

શિષ્ટાચારનું પ્રશંસન કેમ કરે છે ? તેમાં યુક્તિ બતાવે છે –

"ગુણોમાં યત્ન કરવો જોઈએ. આટોપ વડે પ્રયોજન શું છે ? દૂધવર્જિત ગાય ઘંટ વગાડવાથી પણ વેચાતી નથી." ॥૧૪॥" **()**

**અને**

"નાના માણસો પણ શુદ્ધ આચારવાળા પ્રસિદ્ધિમાં આવે છે. ઇતર=મોટા પણ, અશુદ્ધ આચારવાળા પ્રસિદ્ધિમાં આવતા નથી. અંધકારમાં પણ હાથીના દાંતો દેખાય છે, હાથી દેખાતો નથી. ॥૧૫॥" **() ॥૧૪॥**

**ભાવાર્થ :-**

વ્રતવાળા જ્ઞાનવૃદ્ધ પુરુષવિશેષના પરિચયથી શિષ્ટોની આચરણા શું હોય છે ? તેનું જ્ઞાન સદ્ગૃહસ્થ મેળવે છે. તે પ્રમાણે જીવનમાં ઉચિત આચરણા કરનારા હોય છે તેઓ શિષ્ટ પુરુષો છે. તેવા શિષ્ટ પુરુષો કેવી ઉચિત આચરણા કરે છે ? તે કોઈક ગ્રંથમાંથી ગ્રહણ કરીને ટીકાકારશ્રીએ શ્લોક ૯થી ૧૩ સુધીમાં બતાવેલ છે. આ ૯થી ૧૩ શ્લોકો 'યોગબિંદુ'માં પણ ગાથા ૧૨૬થી ૧૩૦માં છે. આવી શિષ્ટોની આચરણાને જે સદ્ગૃહસ્થો વારંવાર યાદ કરે છે અને તેની પ્રશંસા કરે છે તેવા સદ્ગૃહસ્થોમાં શિષ્ટોની તેવી ઉચિત આચરણા નિષ્પન્ન થાય છે, જેથી તેઓનું ગૃહસ્થજીવન પણ અતિ ઉચિત પ્રવૃત્તિવાળું બને છે.

વળી, શિષ્ટોની આચરણાની પ્રશંસા કરવી જોઈએ તેની પુષ્ટિ માટે ટીકાકારશ્રી શ્લોક-૧૪ અને ૧૫ બતાવે છે –

તેનાથી એ બતાવવામાં આવે છે કે સદ્ગૃહસ્થે ગુણોમાં જ પ્રયત્ન કરવો જોઈએ. આટોપ વડે કોઈ પ્રયોજન નથી અર્થાત્ પોતે સારા ગૃહસ્થ છે તેમ બતાવવાનું કોઈ પ્રયોજન નથી, પરંતુ શિષ્ટોના આચારને જાણીને તેવા ગુણો પોતાનામાં પ્રગટે તેવો યત્ન કરવો જોઈએ. તેમાં યુક્તિ બતાવે છે –

દૂધ નહિ આપતી ગાય હોય અને કોઈ ઘંટ વગાડીને કહે કે "મારે આ ગાય વેચવી છે" તેટલામાત્રથી ગાય વેચાતી નથી. તેમ જેઓ ગુણોમાં યત્ન કરતા નથી, ફક્ત પોતે આવાં સુંદર કાર્યો કરે છે ઇત્યાદિ પોતાનાં બાહ્ય કાર્યોને લોક આગળ બતાવીને આટોપ કરે છે એટલામાત્રથી પોતાનામાં ગુણો પ્રગટ થતા

નથી, પરંતુ ગંભીરતાપૂર્વક પોતાનામાં ગુણો પ્રગટ થાય એ રીતે બાહ્ય ઉચિત કૃત્યો કરવાં જોઈએ, જેથી ગુણની વૃદ્ધિ દ્વારા કલ્યાણની પ્રાપ્તિ થાય.

વળી, જેઓ પોતાની ભૂમિકા અનુસાર ઉચિત દાનધર્મ કરે છે અને શિષ્ટ પુરુષોની જેમ ગંભીરતાપૂર્વક ગુણોમાં પ્રયત્ન કરે છે તેવા જીવો કદાચ અલ્પ સંપત્તિવાળા હોય, તેથી બાહ્યથી અલ્પ દાનનાં કાર્યો કરતા હોય તોપણ શિષ્ટ એવા તેઓ પ્રસિદ્ધિમાં આવે છે. અને ઇતર=ઘણું દાન કરનારા અને પોતાનાં સદ્કાર્યોનું પ્રદર્શન કરીને આટોપ કરનારા, પ્રસિદ્ધિમાં આવતા નથી. જેમ અંધકારમાં કાળો હાથી મોટો હોવા છતાં દેખાતો નથી પરંતુ સફેદ નાના પણ દાંત અંધકારમાં દેખાય છે તેમ પોતાના ગુણો બહાર પ્રગટ કરવા જેઓ યત્ન કરતા નથી, તેથી લોકમાં તેઓના ગુણોને જાણવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ તોપણ તેઓના શિષ્ટ આચારોના બળથી સારા પુરુષોમાં તે પ્રસિદ્ધિને પામે છે અને જેઓ પોતાના ગુણનું પ્રદર્શન કરે છે તેઓમાં શિષ્ટોના ગુણો નહિ હોવાથી કાળા હાથીની જેમ લોકમાં શિષ્ટ તરીકેની પ્રસિદ્ધિને પામતા નથી. ॥૧૪॥

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**વળી, અન્ય ગૃહસ્થનો ઉચિત ધર્મ બતાવે છે –**

**સૂત્ર :-**

(५) अरिषड्वर्गत्यागेनाविरुद्धार्थप्रतिपत्त्येन्द्रियजयः ।।१५।।

**સૂત્રાર્થ :-**

**(૫) અરિષડ્વર્ગના ત્યાગ દ્વારા અવિરુદ્ધ એવા અર્થોની=અવિરુદ્ધ એવી ભોગસામગ્રીની, પ્રતિપત્તિથી= સ્વીકૃતિથી, ઇન્દ્રિયોનો જય ગૃહસ્થોનો ધર્મ છે. ।।૧૫।।**

**ટીકા :-**

**अयुक्तितः प्रयुक्ताः कामक्रोधलोभमानमदहर्षाः शिष्टगृहस्थानामन्तरङ्गोऽरिषड्वर्गः, तत्र परपरिगृहीतास्वनूढासु वा स्त्रीषु दुरभिसन्धिः कामः, अविचार्य परस्यात्मनो वाऽपायहेतुः क्रोधः, दानार्हेषु स्वधनाप्रदानमकारणपरधनग्रहणं वा लोभः, दुरभिनिवेशामोक्षो युक्तोक्ताग्रहणं वा मानः, कुलबलैश्वर्यरूपविद्याभिरात्माहङ्कारकरणं परप्रधर्षनिबन्धनं वा मदः, निर्निमित्तमन्यस्य दुःखोत्पादनेन स्वस्य द्यूतपापर्द्ध्याद्यनर्थसंश्रयेण वा मनःप्रीतिजननो हर्षः, ततोऽस्य अरिषड्वर्गस्य 'त्यागः' प्रोज्झनम्, तेन, 'अविरुद्धानां' गृहस्थावस्थोचितधर्मार्थाभ्यां विरोधमनागतानाम् 'अर्थानां' शब्दादीनां**

श्रोत्रादीन्द्रियविषयभावापन्नानां 'प्रतिपत्तिः' अङ्गीकरणम् अविरुद्धार्थप्रतिपत्तिः, तया, 'इन्द्रियजयः' अत्यन्तासक्तिपरिहारेण श्रोत्रादीन्द्रियविकारनिरोधः, सर्वेन्द्रियार्थनिरोधेन पुनर्यो धर्मः स यतीनामेवाधिकरिष्यते, इह तु सामान्यरूपगृहस्थधर्म एवाधिकृतस्तेनैवमुक्तमिति ।।१५।।

**ટીકાર્થ :-**

अयुक्तितः ..... तेनैवमुक्तमिति ।। **અયુક્તિથી પ્રયોગ કરાયેલા=અસમંજસ રીતે વર્તતા કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ શિષ્ટગૃહસ્થના=ધર્મીગૃહસ્થના અંતરંગ શત્રુષડ્વર્ગ છે. તેમાં=અરિષડ્વર્ગમાં, પરથી ગ્રહણ કરાયેલી કે નહિ પરણેલી સ્ત્રીમાં દુરભિસંધિ=કામની ઇચ્છા, એ કામ છે=અસમંજસ કામ છે. વિચાર્યા વગર પરના કે પોતાના અનર્થનો હેતુ એવો ક્રોધ અસમંજસ ક્રોધ છે. દાન યોગ્ય એવા સુપાત્રમાં કે અનુકંપ્યમાં સ્વધનનું અપ્રદાન=પોતાની શક્તિ હોવા છતાં પોતાનું ધન વાપરે નહિ તે અથવા અકારણ એવા પરના ધનનું ગ્રહણ લોભ છે=અસમંજસ લોભ છે. દુરૂઅભિનિવેશનો અત્યાગ=પોતાનું વચન યથાર્થ ન હોય તોપણ પોતાનાથી કહેવાયેલા કથનનો વિચાર્યા વગરનો આગ્રહ અથવા યુક્ત કથનનું=કોઈ વિવેકીપુરુષ દ્વારા યુક્ત કથન કરેલ હોય છતાં પોતાના વિપરીત કથનનો ત્યાગ કરીને તેના વચનનું, અગ્રહણ માન છે=અસમંજસ માન છે. કુળ-બળ-ઐશ્વર્ય-રૂપ-વિદ્યાદિ દ્વારા આત્માના અહંકારનું કરવું અથવા પરને ઉતારી પાડવાનું કારણ મદ છે=અસમંજસ મદ છે. નિર્નિમિત્તક બીજાને દુઃખના ઉત્પાદનથી અથવા પોતાને દ્યૂત=જુગાર, પાપ=અકાર્ય, ઋદ્ધિ=સમૃદ્ધિ, આદિના આશ્રયણ દ્વારા મનની પ્રીતિનું જનન હર્ષ છે=અસમંજસ હર્ષ છે.**

**ત્યાર પછી=કામાદિ છ ભેદોનું સ્વરૂપ બતાવ્યા પછી, અરિષડ્વર્ગના સમાસનો અર્થ કરે છે –**

**આ અરિષડ્વર્ગનો ત્યાગ, તેનાથી=અરિષડ્વર્ગના ત્યાગથી, અવિરુદ્ધ એવા અર્થોનું=ગૃહસ્થઅવસ્થાને ઉચિત ધર્મ અર્થથી વિરોધ નહિ પામેલા એવા શબ્દાદિ ભોગોનું=શ્રોત્રાદિ ઇન્દ્રિયોના વિષયોનું, અંગીકરણ અવિરુદ્ધાર્થપ્રતિપત્તિ છે. તેનાથી=અવિરુદ્ધાર્થપ્રતિપત્તિથી ઇન્દ્રિયનો જય=અત્યંત આસક્તિના પરિહારથી શ્રોત્રાદિ ઇન્દ્રિયોના વિકારનો નિરોધ, એ ગૃહસ્થનો ધર્મ છે એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે અરિષડ્વર્ગના ત્યાગરૂપ ઇન્દ્રિયોની અત્યંત આસક્તિના પરિહારથી ઇન્દ્રિયોનો નિરોધ ગૃહસ્થનો ધર્મ છે એમ કેમ કહ્યું ? સર્વથા નિરોધ ગૃહસ્થનો ધર્મ છે એમ કેમ ન કહ્યું ? એથી કહે છે –

**વળી, સર્વ ઇન્દ્રિયોના વિષયના નિરોધથી જે ધર્મ છે તે યતિઓથી જ સ્વીકારાય છે. વળી, અહીં સામાન્યરૂપ ગૃહસ્થધર્મ જ અધિકૃત છે, તેથી આ પ્રમાણે=અત્યંત આસક્તિના પરિહારથી ઇન્દ્રિયનો નિરોધ એ પ્રમાણે, કહેવાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

ધર્મપરાયણ સદ્‌ગૃહસ્થો સર્વથા કષાયોનો ત્યાગ કરીને સર્વ કલ્યાણનું કારણ એવા વિશુદ્ધ ધર્મના જ ઇચ્છુક હોય છે. આમ છતાં પોતાની ચિત્તની ભૂમિકા તેવી સંપન્ન નહિ થયેલી હોવાથી કામની ઇચ્છાવાળા હોય છે અને પ્રસંગે ક્રોધાદિ કષાયો તેમનામાં વર્તે છે. છતાં અત્યંત અસમંજસ એવા કામક્રોધાદિ કષાયો વર્તતા નથી, તેથી ગૃહસ્થની મર્યાદા અનુસાર કામનું સેવન કરે છે, કોઈકની અનુચિત પ્રવૃત્તિ હોય ત્યારે ક્રોધ પણ થાય છે પરંતુ વિચાર્યા વગર પોતાની રુચિથી વિપરીત પ્રવૃત્તિ જોઈને ક્રોધ કરતા નથી. લોભ પણ તેઓમાં હોય છે તોપણ ધર્મવૃદ્ધિના સ્થાનમાં લોભને પરવશ થઈને ધનવ્યય ન થાય તેવો લોભ તેઓમાં નથી અને અનીતિપૂર્વક પરધન ગ્રહણ કરે તેવો લોભ પણ તેઓમાં નથી. આ રીતે છએ કષાયોને સમ્યક્ નિયંત્રિત કરીને ધર્મની સાથે અને અર્થ-ઉપાર્જનની સાથે વિરોધ ન આવે તે રીતે ઇન્દ્રિયોના વિષયોનો ભોગ કરે છે અને તેમાં પણ અત્યંત આસક્તિનો પરિહાર કરીને દેહ કે ધનનો નાશ ન થાય તે રીતે ભોગ કરે છે. આ રીતે ઇન્દ્રિયનો જય એ સદ્‌ગૃહસ્થનો ધર્મ છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

(६) उपप्लुतस्थानत्यागः ।।१६।।

**સૂત્રાર્થ :-**

**(૬) ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ. ॥૧૬॥**

**ટીકા :-**

**'उपप्लुतं' स्वचक्रपरचक्रविक्षोभात् दुर्भिक्षमारीतिजनविरोधादेश्चास्वस्थीभूतं यत् 'स्थानं' निवासभूमिलक्षणं ग्रामनगरादि तस्य 'त्यागः,' अत्यज्यमाने हि तस्मिन् धर्मार्थकामानां तत्र प्रवृत्तोपप्लववशेन पूर्वलब्धानां विनाशसंभवेन नवानां चानुपार्जनेनोभयोरपि लोकयोरनर्थ एवोपपद्यते इति ।।१६।।**

**ટીકાર્થ :-**

**'उपप्लुतं' ..... इति ।। સ્વચક્ર-પરચક્રના વિક્ષોભથી ઉપદ્રવવાળા અને દુર્ભિક્ષ, મારિ, ઈતિ, જનવિરોધ આદિથી અસ્વસ્થીભૂત એવું જે નિવાસભૂમિરૂપ સ્થાન ગ્રામ-નગરાદિ, તેનો ત્યાગ. તેનો અત્યાગ**

**કરાયે છતે, ત્યાં=તે સ્થાનમાં પ્રવૃત્ત ઉપદ્રવના વશથી પૂર્વપ્રાપ્ત ધર્મ, અર્થ, કામનો વિનાશ સંભવ હોવાને કારણે અને નવા ધર્મ, અર્થ, કામના અનુપાર્જનને કારણે ઉભય પણ લોકમાં અનર્થ જ પ્રાપ્ત થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

સામાન્ય રીતે જીવો પોતાના રક્ષણ અર્થે ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરે છે. તેવા ત્યાગને અહીં ધર્મરૂપે કહેલ નથી; પણ જે ગૃહસ્થો દેવની ઉપાસના કરીને મોક્ષ અર્થે ઉદ્યમ કરે છે અને શક્તિ અનુસાર ધર્મને પ્રધાન કરીને ધર્મ, અર્થ, કામ પુરુષાર્થો સેવે છે, જેના દ્વારા આ લોકમાં પણ સુખી છે અને પરલોકમાં પણ ધર્મપ્રધાન જીવ હોવાથી સુખી થશે, તેવા વિવેકી પુરુષો વિચારે છે કે પૂર્વના ઋષિઓ જેવા આપણે નથી, તેથી ઉપદ્રવવાળા સ્થાનમાં રહેવાથી ત્રણે સદ્પુરુષાર્થનો નાશ થશે, તેથી આ લોક અને પરલોકમાં અહિત થશે. માટે તેના રક્ષણ અર્થે તેવા સ્થાનનો ત્યાગ કરે તે ધર્મનું અંગ હોવાથી ધર્મ છે.

અહીં કહ્યું કે પૂર્વમાં પ્રાપ્ત કરાયેલા ધર્મ, અર્થ અને કામનો ઉપદ્રવના વશથી નાશ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે પૂર્વમાં પ્રાપ્ત કરાયેલો ધર્મ તો આત્મામાં પુણ્યબંધરૂપે કે સંસ્કારરૂપે રહેલ છે. તેનો નાશ કઈ રીતે થઈ શકે ? તેનો આશય એ છે કે ઉપદ્રવવાળા સ્થાનમાં રહેવાથી ક્લેશની પ્રાપ્તિ થવાને કારણે પૂર્વમાં સેવેલા ધર્મથી પડેલા ઉત્તમ સંસ્કારો પણ નાશ પામે છે અને બંધાયેલું પુણ્ય પણ નાશ પામે છે અને ક્લેશમાં મૃત્યુ થાય તો દુર્ગતિની પણ પ્રાપ્તિ છે. **।।૧૬।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

(૭) **स्वयोग्यस्याऽऽश्रयणम्** ।।१७।।

**સૂત્રાર્થ :-**

**(૭) સ્વયોગ્યનું=પોતાને ઉચિત એવા રાજાદિનું, આશ્રયણ. ।।૧૭।।**

**ટીકા :-**

**'स्वस्य' आत्मनो 'योग्यस्य' उचितस्य रक्षाकरस्य राजादेरपूर्वलाभसंपादनलब्धरक्षणक्षमस्य 'आश्रयणं' 'रक्षणीयोऽहं भवताम्' इत्यात्मसमर्पणम्, यत उक्तम्–**"स्वामिमूलाः सर्वाः प्रकृतयः, अमूलेषु तरुषु किं

कुर्यात् पुरुषप्रयत्नः" [नीतिवाक्या०] इति । **स्वामी च धार्मिकः कुलाचाराभिजनविशुद्धः प्रतापवान् न्यायानुगतश्च कार्य इति ।।१७।।**

**ટીકાર્થ :-**

**'स्वस्य' ..... कार्य इति ।। પોતાને યોગ્ય એવા રક્ષાને કરનાર અપૂર્વના લાભનું સંપાદન અને પ્રાપ્ત થયેલા રક્ષણમાં સમર્થ એવા રાજાદિનું આશ્રયણ="હું તમારા વડે રક્ષણીય છું" એ પ્રમાણે આત્મસમર્પણ જે કારણથી કહેવાયું છે –**

"સ્વામીના મૂલવાળી સર્વ પ્રકૃતિ હોય છે=રાજા વગેરે સ્વામી જેવા હોય તેને અનુરૂપ તેની પ્રજા થાય છે." (નીતિવાક્યા૦)

**વળી, મૂળ વગરના વૃક્ષોમાં પુરુષ પ્રયત્ન શું કરે ? અર્થાત્ જે નગરમાં રક્ષણ કરનાર સ્વામી ન હોય એવા સ્થાનમાં પુરુષ ધર્મઅર્થકામ પુરુષાર્થો કઈ રીતે સેવે ? અને સ્વામી ધાર્મિક કુલાચારના ઉત્તમ આચારોથી વિશુદ્ધ પ્રતાપવાળો ન્યાયયુક્ત કરવો જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

ધર્મપ્રધાન ગૃહસ્થજીવન જીવનારે રાજા આદિ સ્વામી પણ એવા કરવા જોઈએ, જેથી પોતાના જીવનમાં ધર્મની વૃદ્ધિ થાય. આથી ધાર્મિક, કુલાચારથી વિશુદ્ધ, પ્રતાપવાળો, ન્યાયી રાજાનો આશ્રય કરવો જોઈએ. જેથી સુખપૂર્વકનું પરલોકપ્રધાન જીવન જીવી શકાય. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

(८) प्रधानसाधुपरिग्रहः ।।१८।।

**સૂત્રાર્થ :-**

**(૮) પ્રધાન એવા ગુણોવાળા ઉત્તમ પુરુષોનો સ્વીકાર કરવો. ।।૧૮।।**

**ટીકા :-**

**'प्रधानानाम्' अन्वयगुणेन सौजन्यदाक्षिण्यकृतज्ञतादिभिश्च गुणैरुत्तमानां 'साधूनां'**

**सदाचाराभिनिवेशवतां 'परिग्रहः' स्वीकरणम्, क्षुद्रपरिवारो हि पुरुषः सर्पवानाश्रय इव न कस्यापि सेव्यः स्यात्, तथा उत्तमपरिग्रहेणैव 'गुणवान्' इति पुरुषस्य प्रसिद्धिरुत्पद्यते, यथोक्तम्–**

"गुणवानिति प्रसिद्धिः संनिहितैरेव भवति गुणवद्भिः ।

ख्यातो मधुर्जगत्यपि सुमनोभिः सुरभिभिः सुरभिः ।।१६।।" [] **इति ।।१८।।**

**ટીકાર્થ :-**

**प्रधानानाम् ..... सुरभिः ।। પ્રધાનનો=અન્વયગુણથી સૌજન્ય, દાક્ષિણ્ય, કૃતજ્ઞતા આદિ ગુણોથી ઉત્તમ એવા સદાચારમાં અભિનિવેશવાળા ઉત્તમપુરુષોનો, સ્વીકાર કરવો; કેમ કે ક્ષુદ્ર પરિવારવાળો પુરુષ સર્પવાળા આશ્રયની જેમ કોઈનાથી સેવ્ય થતો નથી અને ઉત્તમ પરિગ્રહથી જ ગુણવાન એવા પુરુષની પ્રસિદ્ધિ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે કહેવાયું છે –**

"ગુણવાન એ પ્રમાણેની પ્રસિદ્ધિ સંનિહિત=સંપર્કવાળા એવા ગુણવાન પુરુષોથી થાય છે. જગતમાં પણ સુમનોહર સુગંધથી મધુ=વસંતઋતુ સુરભિ ખ્યાત છે=સુરભિ એ પ્રમાણે વિખ્યાત છે. ॥૧૬॥" **()**

**"इति" શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

જે જીવોમાં સૌજન્ય, દાક્ષિણ્ય, કૃતજ્ઞતા આદિ ગુણો હોય તેવા ઉત્તમ આચારમાં અભિનિવેશવાળા= આગ્રહવાળા, પુરુષોને ગૃહસ્થે પોતાના મિત્ર આદિવર્ગરૂપે સ્વીકાર કરવો જોઈએ; કેમ કે જે જીવો ક્ષુદ્ર પરિવારવાળા હોય અર્થાત્ સૌજન્ય આદિ ગુણ વગરના મિત્રવર્ગના પરિવારવાળા હોય તેવા પુરુષો સર્પવાળા સ્થાનનો જેમ કોઈ આશ્રય કરે નહિ તેવી રીતે, કોઈ વિચારકને સેવ્ય થતા નથી=પરિચય કરવા યોગ્ય થતા નથી.

વળી, ઉત્તમ પુરુષના પરિવારથી આ પુરુષ ગુણવાન છે એ પ્રકારની પ્રસિદ્ધિની પ્રાપ્તિ થાય છે અને ઉત્તમ ગુણવાળા પુરુષનો પરિચયથી પોતાનામાં પણ જે ઉત્તમ ગુણો હોય તે અધિક વધે છે માટે સદ્ગૃહસ્થનો ધર્મ છે કે ગુણવાન પુરુષો સાથે સંબંધ રાખે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[९] **स्थाने गृहकरणम्** ।।१९।।

**સૂત્રાર્થ :-**

**(૯) સ્થાનમાં ઘર કરે. ॥૧૯॥**

**ટીકા :-**

**'स्थाने' वक्ष्यमाणलक्षणास्थानविलक्षणे ग्रामनगरादिभागे 'गृहस्य' स्वनिवासस्य 'करणं' विधानमिति ।।१९।।**

**ટીકાર્થ :-**

**'स्थाने' ..... विधानमिति ।। આગળમાં કહેવાશે એવા સ્વરૂપવાળા અસ્થાનથી વિલક્ષણ ગ્રામ-નગરાદિના ભાગરૂપ સ્થાનમાં ગૃહનું=સ્વનિવાસનું કરવું.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થ પોતાનો આ લોક અને પરલોક સંક્લેશરૂપ ન બને તેના ઉચિત ઉપાયોને વિચારપૂર્વક કરનારા હોય છે. આવા સદ્ગૃહસ્થે પોતાનું ઘર ઉચિત સ્થાને કરવું જોઈએ જેથી અનર્થોની પ્રાપ્તિ દ્વારા આ લોક અને પરલોકના વિનાશનો પ્રસંગ ન આવે. આવી પ્રવૃત્તિ ગૃહસ્થનો ઉચિત ધર્મ છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**अस्थानमेव व्यनक्ति-**

**અવતરણિકાર્થ :-**

**ગૃહ કરવાના અસ્થાનને જ વ્યક્ત કરે છે –**

**સૂત્ર :-**

**अतिप्रकटातिगुप्तमस्थानमनुचितप्रातिवेश्यं च ।।२०।।**

**સૂત્રાર્થ :-**

**અતિ પ્રકટ, અતિગુપ્ત અસ્થાન છે અને અનુચિત પાડોશવાળું અસ્થાન છે. ॥૨૦॥**

**ટીકા :-**

**तत्र 'अतिप्रकटम्' असन्निहितगृहान्तरतयाऽतिप्रकाशम्, 'अतिगुप्तं' गृहान्तरैरेव सर्वतोऽतिसन्निहितैरनुपलक्ष्यमाणद्वारादिविभागतयाऽतीव प्रच्छन्नम्, ततः अतिप्रकटं चातिगुप्तं चेत्यतिप्रकटातिगुप्तम्, किमित्याह–'अस्थानम्' अनुचितं गृहकरणस्य, तथा 'अनुचितप्रातिवेश्यं च', प्रतिवेशिनः सन्निहितद्वितीयादिगृहवासिनः कर्म भावो वा प्रातिवेश्यम्, 'अनुचितं' द्यूतादिव्यसनोपहततया धार्मिकाणामयोग्यं**

**प्रातिवेश्यं यत्र तद् अनुचितप्रातिवेश्यम्, चः समुच्चये, किं पुनः कारणमतिप्रकटादि अस्थानमिति? उच्यते—अतिप्रकटे प्रदेशे गृहं क्रियमाणं परिपार्श्वतो निरावरणतया चौरादयो निःशङ्कमनसोऽभिभवितुमुत्सहन्ते, अतिगुप्तं पुनः सर्वतो गृहान्तरैरतिनिरुद्धत्वान्न स्वशोभां लभते, प्रदीपनकाद्युपद्रवेषु च दुःखनिर्गमप्रवेशं भवति, अनुचितप्रातिवेश्यत्वे पुनः** "संसर्गजा दोषगुणा भवन्ति" **[] इति वचनात् कुशीलप्रातिवेशिकलोकालापदर्शनसहवासदोषवशात् स्वतः सगुणस्यापि जीवस्य निश्चितं गुणहानिरुत्पद्यते इति तन्निषेधः ।।२०।।**

**ટીકાર્થ :-**

**तत्र ..... तन्निषेधः ।। ત્યાં=ગૃહકરણમાં, અતિપ્રકટ=અસન્નિહિત ગૃહાન્તરપણું હોવાને કારણે અતિ ખુલ્લું, અતિગુપ્ત=સર્વ બાજુથી અતિસન્નિહિત એવા ગૃહાન્તરોથી નહિ જણાતા દ્વારાદિ વિભાગપણાને કારણે અતિ પ્રચ્છન્ન.**

ત્યારપછી સમાસ બતાવે છે –

**અતિપ્રકટ અને અતિગુપ્ત એ અતિપ્રકટઅતિગુપ્ત અસ્થાન છે=ગૃહકરણનું અનુચિત સ્થાન છે. અને અનુચિત પાડોશવાળા અસ્થાન છે.**

'પ્રાતિવેશ્ય'નો સમાસ કરે છે –

**પાસે વસનારાનો=સન્નિહિત બીજા આદિ ગૃહવાસીઓનો, કર્મ અથવા ભાવ તે પ્રાતિવેશ્ય છે.**

અનુચિત પાડોશીઓ કોણ છે ? તે બતાવે છે –

**દ્યૂતાદિવ્યસનથી હણાયેલા હોવાને કારણે ધાર્મિકોને અયોગ્ય એવા પાડોશીઓ જ્યાં છે તે અનુચિત પાડોશીવાળું સ્થાન છે.**

વળી, અતિપ્રકટાદિ અસ્થાન કયા કારણથી છે ? એથી કહે છે –

**અતિપ્રકટ પ્રદેશમાં ગૃહ કરાતું ચારે બાજુથી નિરાવરણ હોવાને કારણે નિઃશંકમનવાળા ચોરાદિ અભિભવ કરવા ઉત્સાહિત થાય છે. વળી, અતિગુપ્ત એવું ગૃહ સર્વબાજુથી ગૃહાન્તરોથી અતિ નિરુદ્ધ હોવાને કારણે સ્વશોભાને=ઘરની શોભાને પામતું નથી અને અગ્નિ આદિ ઉપદ્રવોમાં દુઃખપૂર્વક નિર્ગમ પ્રવેશ થાય છે. વળી અનુચિત પાડોશી હોતે છતે** "સંસર્ગથી દોષ અને ગુણો થાય છે." **() એ પ્રકારનું વચન હોવાને કારણે ખરાબ પાડોશીઓના આલાપ, દર્શન, સહવાસના દોષપણાથી સ્વતઃ ગુણવાળા પણ જીવની નિશ્ચિત ગુણહાનિ થાય છે, તેથી તેનો નિષેધ છે. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

ગૃહ કેવું કરવું ? ઇત્યાદિનો ઉપદેશ આરંભ-સમારંભ રૂપ છે, તેથી તેવો ઉપદેશ યોગીઓ આપે નહિ. આમ છતાં ધર્મપ્રધાન જીવનાર ગૃહસ્થ ઉચિત સ્થાને ગૃહનિર્માણ કરે તો તેના જીવનમાં સંકટ આવવાનો

પ્રસંગ ન આવે, તેથી આ લોકમાં ધર્મપ્રધાન જીવીને આ લોક અને પરલોકનું હિત કરી શકે એ પ્રકારની દૃષ્ટિને સામે રાખીને અસ્થાને ગૃહના નિષેધપૂર્વક સ્થાને ગૃહ કરવાની વિધિ ધર્મીગૃહસ્થને માટે ધર્મરૂપ છે તેમ અહીં કહેલ છે; કેમ કે ધર્મ ક્લેશના અભાવરૂપ છે અને આલોક તથા પરલોકમાં ક્લેશ ન થાય તેવું ઉચિત જીવન જીવવામાં વિવેકપૂર્વકનું ગૃહનિર્માણ પણ અંગ છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**स्थानेऽपि गृहकरणे विशेषविधिमाह –**

**અવતરણિકાર્થ :-**

**સ્થાનમાં પણ ગૃહકરણવિષયક વિશેષવિધિને કહે છે –**

**સૂત્ર :-**

**लक्षणोपेतगृहवासः ।।२१।।**

**સૂત્રાર્થ :-**

**લક્ષણથી યુક્ત ગૃહવાસ કરે. ।।૨૧।।**

**ટીકા :-**

**'लक्षणैः' प्रशस्तवास्तुस्वरूपसूचकैर्बहलदूर्वाप्रवालकुशस्तम्बप्रशस्तवर्णगन्धमृत्तिकासुस्वाद-जलोद्गमनिधानादियुक्तक्षितिप्रतिष्ठितत्ववेधविरहादिभिः 'उपेतं' समन्वितम्, तच्च तद् 'गृहं' च, तत्र 'वासः' अवस्थानम्, निर्लक्षणे हि गृहे वसतां सतां विभवविनाशादयो नानाविधा जनप्रसिद्धा एव दोषाः संपद्यन्ते, गृहलक्षणानामेव समीहितसिद्धौ प्रधानसाधनत्वात् ।।२१।।**

**ટીકાર્થ :-**

**लक्षणैः ..... प्रधानसाधनत्वात् ।। પ્રશસ્તવાસ્તુના સ્વરૂપના સૂચક બહલ, દુર્વા, પ્રવાલ, કુશસ્તંબ, પ્રશસ્ત વર્ણવાળી ગંધવાળી માટી, સુસ્વાદ જલના ઉદ્‌ગમવાળું, નિધાન આદિથી યુક્ત એવી ભૂમિમાં પ્રતિષ્ઠિતપણું વેધના વિરહ આદિથી યુક્ત એવું તે ગૃહ, તેમાં વાસ=અવસ્થાન, ગૃહસ્થે કરવો જોઈએ. નિર્લક્ષણવાળા ગૃહમાં વસતા પુરુષના વિભવનો વિનાશ આદિ લોકમાં પ્રસિદ્ધ જ અનેક પ્રકારના દોષો થાય છે; કેમ કે ગૃહલક્ષણોનું જ સમીહિત સિદ્ધિમાં=ઈચ્છિત સિદ્ધિમાં, પ્રધાન કારણપણું છે. ।।૨૧।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થે સારાલક્ષણથી યુક્ત સ્થાનમાં ગૃહવાસ કરવો જોઈએ જેથી વૈભવ આદિનો નાશ થાય નહિ અને ધર્મી ગૃહસ્થને મળેલો વૈભવ ધર્મપ્રધાન હોવાથી લક્ષણયુક્ત ગૃહને કારણે તેની બધી ઇષ્ટ સિદ્ધિમાં તે

ગૃહનું નિર્માણ પ્રધાન કારણ બને છે જેથી અધિક ધર્મપરાયણ થઈને વિશેષ પ્રકારના ઉત્તરના ઉત્તમ ભવને પ્રાપ્ત કરે છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**ननु कथं गृहलक्षणानामेव निःसंशयोऽवगमः? इत्याह–**

**અવતરણિકાર્થ :-**

**ગૃહલક્ષણોનો જ નિઃસંશય બોધ કઈ રીતે થાય ? એથી કહે છે –**

**સૂત્ર :-**

निमित्तपरीक्षा ।।२२।।

**સૂત્રાર્થ :-**

**નિમિત્તની પરીક્ષા કરવી જોઈએ. ।।૨૨।।**

**ટીકા :-**

**'निमित्तैः' शकुनस्वप्नोपश्रुतिप्रभृतिभिः अतीन्द्रियार्थपरिज्ञानहेतुभिः 'परीक्षा,' परीति सर्वतः सन्देहविपर्ययाऽनध्यवसायविज्ञानदोषपरिहारेण 'ईक्षणम्' अवलोकनं गृहलक्षणानां कार्यमिति ।।२२।।**

**ટીકાર્થ :-**

**निमित्तैः ..... कार्यमिति ।। નિમિત્તો વડે=શકુન, સ્વપ્ન, ઉપશ્રુતિ=શિષ્ટ પુરુષોની પરંપરાથી સંભળાતું હોય તે વગેરે અતીન્દ્રિય અર્થના પરિજ્ઞાનના હેતુઓ વડે પરીક્ષા કરવી જોઈએ.**

પરીક્ષા શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

**પરિ એટલે સર્વથી, સંદેહ, વિપર્યય, અનધ્યવસાયરૂપ વિજ્ઞાન દોષના પરિહારથી ઈક્ષણ=ગૃહલક્ષણોનું અવલોકન, કરવું જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થોના જીવનમાં પુણ્યપ્રકૃતિ જાગ્રત રહે, પાપપ્રકૃતિ વિપાકમાં ન આવે, તદ્ અર્થે ગૃહસ્થ ઉચિત સ્થાને લક્ષણયુક્ત ગૃહ કરે છે. અને તેમાં કોઈ અજ્ઞાનને કારણે પણ ખામી ન રહે તે માટે શકુન આદિ નિમિત્તો દ્વારા પરીક્ષા કરવામાં આવે છે, તેથી લક્ષણયુક્ત ગૃહ થયેલું છે, તેમાં કોઈ ખામી નથી, તેનો યથાર્થ નિર્ણય નિમિત્તોથી કરવાને કારણે, ક્વચિત્ અજ્ઞાનને કારણે કે વિપરીત બોધને કારણે લક્ષણરહિત ગૃહ થયું હોય તો તેનાથી થતા અનર્થથી રક્ષણ થાય. માટે વિવેકી સદ્ગૃહસ્થે નિમિત્તના બળથી પણ પરીક્ષા કરીને ગૃહનિર્માણ કરવું જોઈએ તે ધર્મનું અંગ હોવાથી ધર્મરૂપ છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

अनेकनिर्गमादिवर्जनम् ।।२३।।

**સૂત્રાર્થ :-**

**અનેક નિર્ગમાદિ દ્વારોનું વર્જન કરવું જોઈએ. ।।૨૩।।**

**ટીકા :-**

**'अनेके' बहवः ये 'निर्गमाः' निर्गमद्वाराणि, 'आदि'शब्दात् प्रवेशद्वाराणि च, तेषां 'वर्जनम्' अकरणम्, अनेकेषु हि निर्गमादिषु अनुपलक्ष्यमाणनिर्गमप्रवेशानां तथाविधलोकानामापाते सम्यग्गृहरक्षाऽभावेन स्त्र्यादिजनस्य विभवस्य च विप्लव एव स्यात्, निबिडतरगृहद्वाररक्षयैव तेऽनवकाशा भवन्ति, परिमितप्रवेशनिर्गमं च गृहं सुखरक्षं भवतीति ।।२३।।**

**ટીકાર્થ :-**

**अनेके ..... भवतीति ।। અનેક=બહુ જે નિર્ગમ=નિર્ગમદ્વારો અને આદિ શબ્દથી પ્રવેશદ્વારો તેનું વર્જન કરવું જોઈએ.**

કેમ અનેક નિર્ગમદ્વારો અને પ્રવેશદ્વારોનું વર્જન કરવું જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

**અનેક નિર્ગમ આદિ દ્વારો હોતે છતે નહિ જણાતા નિર્ગમ-પ્રવેશવાળા એવા તેવા પ્રકારના લોકોના=ઉપદ્રવને કરે તેવા પ્રકારના લોકોના, આગમનમાં સમ્યગ્‌ગૃહરક્ષાના અભાવને કારણે સ્ત્રી આદિ જનનો અને વિભવનો વિપ્લવ જ થાય. અને નિબિડતર ગૃહદ્વારની રક્ષાથી જ તે=તેવા ઉપદ્રવને કરનારા માણસો, અનવકાશવાળા થાય છે. અને પરિમિત પ્રવેશ-નિર્ગમવાળું ગૃહ સુખપૂર્વક રક્ષાવાળું થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૩।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થો લક્ષણયુક્ત ગૃહ પણ અનેક નીકળવાના અને પ્રવેશના દ્વારોવાળું કરે તો અનિષ્ટ માણસોના પ્રવેશથી સ્ત્રી આદિ લોકોનો અને વૈભવનો વિપ્લવ થાય. અને તેના રક્ષણ માટે ઘણી વ્યવસ્થા કરવી પડે

અને પરિમિત નિર્ગમ પ્રવેશદ્વારવાળું ગૃહ હોય તો સુખપૂર્વક રક્ષા થઈ શકે જેથી જીવનમાં ક્લેશ થવાનો પ્રસંગ ન આવે. માટે દીર્ઘવિચારપૂર્વક ગૃહનિર્માણ કરવું જોઈએ.

અક્લેશનો અર્થી જીવ અક્લેશના ઉપાયરૂપે જેમ ધર્મ સેવે છે તેમ અક્લેશના ઉપાયરૂપે જ વિવેકપૂર્વક ગૃહનિર્માણ કરે તો ગૃહનિર્માણની પ્રવૃત્તિ સાવદ્યરૂપ હોવા છતાં અક્લેશના ઉપાય અંશથી ધર્મરૂપ બને છે. તે અંશને સામે રાખીને જ મહાત્માઓ સામાન્યધર્મરૂપે ગૃહનિર્માણનો ઉપદેશ પણ આપે છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૧૦] विभवाद्यनुरूपो वेषो विरुद्धत्यागेन ।।२४।।**

**સૂત્રાર્થ :-**

**(૧૦) વિરુદ્ધના ત્યાગથી=શિષ્ટોને ન શોભે એવા વિરુદ્ધ વેશના ત્યાગથી, વૈભવ આદિને અનુરૂપ વેષધારણ કરવો જોઈએ. ।।૨૪।।**

**ટીકા :-**

**'विभवादीनां' वित्तवयोऽवस्थानिवासस्थानादीनाम् 'अनुरूपः' लोकपरिहासाद्यनास्पदतया योग्यः 'वेषः' वस्त्रादिनेपथ्यलक्षणः, 'विरुद्धस्य' जङ्घार्द्धोद्घाटनशिरोवेष्टनाञ्चलदेशोर्ध्वमुखन्यसनाऽत्यन्तगाढाङ्गिकालक्षणस्य विटचेष्टास्पष्टतानिमित्तस्य वेषस्यैव 'त्यागेन' अनासेवनेन, प्रसन्ननेपथ्यो हि पुमान् मङ्गलमूर्त्तिर्भवति, मङ्गलाच्च श्रीसमुत्पत्तिः, यथोक्तम् –**

"श्रीर्मङ्गलात् प्रभवति प्रागल्भ्याच्च प्रवर्द्धते ।
दाक्ष्यात् तु कुरुते मूलं संयमात् प्रतितिष्ठति ।।१७।।" **[महाभारते उद्योगपर्वणि ५/३५/४४]**

**'मूलम्' इत्यनुबन्धम्, 'प्रतितिष्ठति' इति प्रतिष्ठां लभते ।।२४।।**

**ટીકાર્થ :-**

**विभवादीनां ..... लभते ।। વૈભવ આદિને=ધન, વય અવસ્થા નિવાસસ્થાન આદિને, અનુરૂપ=લોકના પરિહાસ આદિના અસ્થાનપણાથી યોગ્ય, એવો વસ્ત્રાદિધારણરૂપ વેશ પહેરવો જોઈએ.**

કઈ રીતે પહેરવો જોઈએ ? એથી કહે છે –

**વિરુદ્ધના ત્યાગથી=જંઘા અર્ધખુલ્લી શિરોવેષ્ટનના અંચલ દેશને ઊર્ધ્વમુખ સ્થાપન દ્વારા, અત્યંત ગાઢ અંગીકાસ્વરૂપ વિટચેષ્ટાની સ્પષ્ટતાના નિમિત્ત એવા વેષના જ અનાસેવનથી વૈભવને અનુરૂપ વેશ ગ્રહણ કરવો જોઈએ, એમ અન્વય છે.**

કેમ વૈભવને અનુરૂપ સુંદર વેશ પહેરવો જોઈએ ? એથી કહે છે –

**સુંદર વસ્ત્રવાળો પુરુષ મંગલમૂર્તિ થાય છે અને મંગલથી સંપત્તિની ઉત્પત્તિ છે. જે કારણથી કહેવાયું છે –**

"મંગલથી લક્ષ્મી પ્રભવ પામે છે અને પ્રગલ્ભપણાથી વધે છે=ધનઅર્જનના ઉચિત યત્નથી વધે છે. દક્ષપણાથી મૂલને કરે છે અને સંયમથી પ્રતિષ્ઠિત થાય છે. ।।૧૭।।" **(મહાભારત ઉદ્યોગપર્વ, ૫/૩૫/૪૪)**

**મૂળ એટલે અનુબંધ=ઉદ્ધરણમાં રહેલ 'મૂલ' શબ્દ ઉત્તરોત્તર વૃદ્ધિને બતાવે છે. અને 'પ્રતિતિષ્ઠતિ' એટલે પ્રતિષ્ઠાને પામે છે. ।।૨૪।।**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થે લોકમાં ન શોભે તેવા વિરુદ્ધ વેષના ત્યાગપૂર્વક પોતાનું ધન, પોતાની વય, પોતાની સાંયોગિક અવસ્થા અને પોતાના નિવાસસ્થાનાદિને અનુરુપ ઉચિત વેષ ધારણ કરવો જોઈએ જેથી શિષ્ટ તરીકેની તેની પ્રતિષ્ઠાનો વ્યાઘાત થાય નહિ અને ઉચિત વેષથી સંપત્તિ વગેરે પણ તે પ્રમાણે તેને પ્રાપ્ત થાય છે; કેમ કે ઉચિત પહેરવેશ પણ તથા પ્રકારની પુણ્યપ્રકૃતિને વિપાકમાં લાવવાનું કારણ બને છે. **।।૨૪।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૧૧] आयोचितो व्ययः ।।२५।।

**સૂત્રાર્થ :-**

**(૧૧) આવકનો ઉચિત વ્યય કરવો જોઈએ. ।।૨૫।।**

**ટીકા :-**

**'आयस्य' वृद्ध्यादिप्रयुक्तधनधान्याद्युपचयरूपस्य 'उचितः' चतुर्भागादितया योग्यः वित्तस्य 'व्ययः' भर्तव्यभरणस्वभोगदेवाऽतिथिपूजनादिप्रयोजनेषु विनियोजनम्, तथा च नीतिशास्त्रम् –**

"पादमायान्निधिं कुर्यात् पादं वित्ताय घट्टयेत् ।
धर्मोपभोगयोः पादं पादं भर्तव्यपोषणे ।।१८।।"

– तथा-

"आयादर्द्धं नियुञ्जीत धर्मे समधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत यत्नतस्तुच्छमैहिकम् ।।१९।।" []

**आयानुचितो हि व्ययो रोग इव शरीरं कृशीकृत्य विभवसारमखिलव्यवहारासमर्थं पुरुषं करोति, पठ्यते च –**

"आयव्ययमनालोच्य यस्तु वैश्रवणायते ।
अचिरेणैव कालेन सोऽत्र वै श्रवणायते ।।२०।।" [] **।।२५।।**

**ટીકાર્થ :-**

**आयस्य ..... श्रवणायते ।। વૃદ્ધિ આદિથી પ્રયુક્ત એવા ધન, ધાન્ય આદિ ઉપચયરૂપ આયને ઉચિત=ચાર ભાગાદિપણાથી યોગ્ય, ધનનો વ્યય કરવો જોઈએ=ભર્તવ્યનું પોષણ, સ્વભોગ, દેવ-અતિથિપૂજન આદિ પ્રયોજનમાં ધનનું વિનિયોજન કરવું જોઈએ. અને તે પ્રમાણે નીતિશાસ્ત્ર છે –**

"આયથી=ધનની આવકથી, પાદને=ચોથા ભાગને, નિધિ કરે=સંગ્રહ કરે, ચોથા ભાગને વ્યાપારમાં નિયોજિત કરે, ધર્મ અને પોતાના ઉપભોગમાં ચોથા ભાગનું યોજન કરે, તથા ચોથો ભાગ ભર્તવ્યના પોષણમાં રાખે. ।।૧૮।।" ()

**વળી**

"આયથી=ધનના લાભમાંથી, અર્ધથી અધિક ધર્મમાં વાપરે. ત્યાર પછી શેષ વડે=શેષ ધન વડે, યત્નપૂર્વક તુચ્છ એવાં ઐહિક શેષ કૃત્યો કરે. ।।૧૯।।" ()

**આયથી અનુચિત એવો વ્યય શરીરને રોગની જેમ વૈભવનાં સારને કૃશ કરીને બધા વ્યવહારોમાં અસમર્થ પુરુષને કરે છે=ધર્મ, અર્થ અને કામરૂપ બધા વ્યવહારોમાં અસમર્થ એવા પુરુષને કરે છે.**

**અને કહેવાયું છે –**

"આય-વ્યયનો વિચાર કર્યા વિના જે શ્રીમંતની જેમ આચરણ કરે છે અલ્પકાળથી તે અહીં=સંસારમાં, ધન વગરનો થાય છે. ।।૨૦।।" () **।।૨૫।।**

**ભાવાર્થ :-**

સદ્‌ગૃહસ્થ પરલોકપ્રધાન જીવન જીવનારા છે, તેથી પોતાનું જીવન ક્લેશમય ન થાય અને ધર્મપ્રધાન ત્રણેય પુરુષાર્થને સમ્યક્ સેવી શકે તે રીતે જીવવા માટે યત્ન કરનારા હોય છે. તેઓ પોતાના ધર્મ અવિરુદ્ધ

પુરુષાર્થથી જે ધન પ્રાપ્ત થાય તેનું ઉચિત નિયોજન કરે છે.

કઈ રીતે ધનનું નિયોજન કરે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે મધ્યમકક્ષાના ધનના ઉપાર્જન કરનારા જીવોને આશ્રયીને કહે છે –

પ્રાપ્ત થયેલા ધનનો ચોથો ભાગ ભાવિ માટે સંગ્રહ કરે, ચોથો ભાગ વ્યાજમાં કે વ્યાપારમાં યોજન કરે. વળી, ચોથો ભાગ ધર્મ અને પોતાના ઉપભોગમાં ઉપયોગ કરે. અને ચોથો ભાગ પોતાના ઉપર આશ્રિત એવા ભર્તવ્યના પોષણ માટે ઉપયોગ કરે.

વળી, જેઓ વિપુલ ધન પ્રાપ્ત કરે છે તેઓ ધર્મમાં ઘણો ધન વ્યય કરે તોપણ અન્ય કાર્યો સીદાય તેમ નથી અને ભાવિની ચિંતા પણ થાય તેમ નથી તેવા ગૃહસ્થને આશ્રયીને કહે છે –

પોતાને જે ધનની પ્રાપ્તિ થાય છે તેમાંથી અર્ધાથી અધિક ધન ધર્મમાં વ્યય કરે; કેમ કે સદ્ગૃહસ્થ પરલોકની પ્રધાન ચિંતા કરનારા હોય છે, તેથી જીવનનાં સર્વ અંગોમાં ધનનું અધિક મહત્ત્વ ધારણ કરે છે અને તેવા ગૃહસ્થો ધર્મનાં ઉત્તમ કાર્યોમાં આવકના અર્ધાથી અધિક ધન વ્યય કરે તો તેઓનું ચિત્ત ધર્મપરાયણ બને છે. જેથી તેઓનો આ લોક અને પરલોક ઉભય કલ્યાણકારી બને છે. અને ધર્મમાં વ્યય કર્યા પછી જે શેષધન છે તેના દ્વારા તુચ્છ એવાં ઐહિક સર્વ કાર્યો તે ગૃહસ્થ કરે છે અર્થાત્ પોતાની ભૂમિકા અનુસાર નિધિ તરીકે ધન રાખે, વ્યાપાર માટે ધન રાખે, ભર્તવ્યના પોષણ માટે ઉપયોગ કરે અને પોતાના માટે પણ ઉપયોગ કરે. આ સર્વ ઉપયોગ યત્નથી કરે જેથી ધર્મને બાધ ન થાય તેવી જીવનપ્રવૃત્તિમાં ધનનો વ્યય થાય. અને જેઓ પોતાની આવક અનુસાર વ્યય ન કરતા હોય પરંતુ ઇન્દ્રિયોને વશ થઈને ગમે તે રીતે વ્યય કરતા હોય તેઓ પોતાનો વૈભવ નાશ થાય ત્યારે સર્વ ઉચિત વ્યવહાર કરવા અસમર્થ બને છે જેથી તેવા પુરુષના ધર્મ આદિ ત્રણેય પુરુષાર્થ નાશ પામે છે અને દુર્ધ્યાનપૂર્વક મૃત્યુ થવાની સંભાવનાને કારણે દુર્ગતિની પણ પ્રાપ્તિ થાય છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૧૨] प्रसिद्धदेशाचारपालनम् ।।२६।।

**સૂત્રાર્થ :-**

**(૧૨) પ્રસિદ્ધ એવા દેશના આચારોનું પાલન ગૃહસ્થનો ધર્મ છે. ॥૨૬॥**

**ટીકા :-**

**'प्रसिद्धस्य' तथाविधापरशिष्टसंमततया दूरं रूढिमागतस्य 'देशाचारस्य' सकलमण्डलव्यवहाररूपस्य भोजनाऽऽच्छादनादिविचित्रक्रियात्मकस्य 'पालनम्' अनुवर्त्तनम्, अन्यथा तदाचारातिलङ्घने तद्देशवासिजनतया सह विरोधसंभवेनाकल्याणलाभः स्यादिति । पठन्ति चात्र लौकिकाः –**

"यद्यपि सकलां योगी छिद्रां पश्यति मेदिनीम् ।

तथाऽपि लौकिकाचारं मनसाऽपि न लङ्घयेत् ।।२१।।" [] **इति ।।२६।।**

**ટીકાર્થ :-**

**'प्रसिद्धस्य' ..... इति ।। તેવા પ્રકારના અપરશિષ્ટને સંમતપણું હોવાને કારણે દૂર રૂઢિને પામેલ=અત્યંત રૂઢને પામેલ એવા દેશના આચારનું=સકલ નગરના વ્યવહારરૂપ ભોજન આચ્છાદનાદિ વિચિત્ર ક્રિયા સ્વરૂપ દેશના આચારનું, પાલન=અનુવર્તન કરવું જોઈએ, અન્યથા=તે આચારના ઉલ્લંઘનમાં તે દેશમાં વસનારા લોકો સાથે વિરોધનો સંભવ હોવાના કારણે અકલ્યાણની પ્રાપ્તિ થાય.**

**અહીં=પ્રસિદ્ધદેશના આચારના પાલનમાં, લૌકિકો કહે છે –**

"જો કે યોગી સકલ પૃથ્વીને છિદ્રવાળી જુએ છે તોપણ લૌકિક આચારનું મનથી ઉલ્લંઘન કરતા નથી. ।।૨૧।।" **()**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨૬।।**

**ભાવાર્થ :-**

જે દેશમાં શિષ્ટ પુરુષો રહેતા હોય તે શિષ્ટ પુરુષો જીવનની રહેણીકરણી વિષયક ઉચિત વ્યવસ્થા સ્વીકારતા હોય અને તે દેશમાં આ ઉચિત આચારો છે તે પ્રમાણે પ્રસિદ્ધિને પામેલા હોય તે આચારોનું અનુસરણ ગૃહસ્થે કરવું જોઈએ. જો તે આચારોનું અનુસરણ તે ગૃહસ્થ ન કરે તો તે દેશમાં રહેલા શિષ્ટ પુરુષો સાથે વિરોધનો સંભવ રહે, તેથી શિષ્ટ લોકો સાથેના વિરોધના કારણે ચિત્તના કાલુષ્યથી અકલ્યાણની પ્રાપ્તિ થાય. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૧૩] गर्हितेषु गाढमप्रवृत्तिः ।।२७।।**

**સૂત્રાર્થ :-**

**(૧૩) ગર્હિત એવી પ્રવૃત્તિઓમાં અત્યંત અપ્રવૃત્તિ એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૨૭।।**

**ટીકા :-**

**'गर्हितेषु' लोकलोकोत्तरयोरनादरणीयतया निन्दनीयेषु मद्यमांससेवनपररामाभिगमनादिषु, पाप-स्थानेषु 'गाढम्' अत्यर्थम्, 'अप्रवृत्तिः' मनोवाक्कायानामनवतारः । आचारशुद्धौ हि सामान्यायामपि कुलाद्युत्पत्तौ पुरुषस्य महन्माहात्म्यमुत्पद्यते, यथोक्तम्-**

"न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः ।
अन्त्येष्वपि हि जातानां वृत्तमेव विशिष्यते ।।२२।।" **[महाभारते उद्योगपर्वणि ५/३४/३९]**

**यतः-**

"निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति विवशाः सर्वसम्पदः ।।२३।।" [] **।।२७।।**

**ટીકાર્થ :-**

**गर्हितेषु ..... सर्वसम्पदः ।। ગર્હિત કૃત્યોમાં=લોક અને લોકોત્તરમાં અનાદરણીયપણાથી નિંદનીય એવા મદ્ય-માંસસેવન-પરસ્ત્રીગમન આદિ પાપસ્થાનકોમાં અત્યંત મન-વચન-કાયાની અપ્રવૃત્તિ ગૃહસ્થનો ધર્મ છે.**

**જે કારણથી આચારશુદ્ધિમાં સામાન્ય પણ કુલાદિની ઉત્પત્તિ હોતે છતે પુરુષનું મહાન માહાત્મ્ય ઉત્પન્ન થાય છે. જે કારણથી કહેવાયું છે –**

"આચારથી હીનનું કુલ પ્રમાણ નથી=કલ્યાણનું કારણ નથી એ પ્રમાણે મારી મતિ છે. અન્ત્ય=નીચ, પણ કુળોમાં જન્મેલાને આચાર જ વિશેષ કરે છે=તેમને અતિશય બનાવે છે. ।।૨૨।।" **(મહાભારત ઉદ્યોગપર્વ ૫/૩૪/૩૯)**

**જે કારણથી કહેવાયું છે –**

"જેમ પાણીના ખાબોચિયા તરફ દેડકાઓ અને જેમ ભરેલા સરોવર તરફ પક્ષીઓ જાય છે તેમ શુભકર્મો કરનાર જીવોને વિવશ એવી સર્વ સંપત્તિ આવે છે. ।।૨૩।।" **() ।।૨૭।।**

**ભાવાર્થ :-**

વળી, ગૃહસ્થો લોકમાં ગર્હિત પ્રવૃત્તિ હોય તેવી સર્વ પ્રવૃત્તિને મનથી, વચનથી અને કાયાથી સેવતા નથી. અને આવા આચાર પાળનારા ગૃહસ્થ કદાચ સામાન્ય કુળમાં ઉત્પન્ન થયા હોય તોપણ તેઓની આચારની શુદ્ધિને કારણે તે પુરુષોનું માહાત્મ્ય જગતમાં પ્રાપ્ત થાય છે.

વળી, કોઈ સારા કુળમાં જન્મ્યા હોય છતાં ગર્હિત એવા આચારોમાં પ્રવૃત્તિ કરતા હોય તો તેઓના કુળની કોઈ કિંમત નથી. **॥૨૭॥**

**અવતરણિકા :-**

तथा –

**અવતરણિકાર્થ :-**

અને –

**સૂત્ર :-**

[१४] सर्वेष्ववर्णवादत्यागो विशेषतो राजादिषु ।।२८।।

**સૂત્રાર્થ :-**

**(૧૪) સર્વ જીવો વિષયક અવર્ણવાદનો ત્યાગ. વિશેષથી રાજાદિવિષયક અવર્ણવાદનો ત્યાગ ગૃહસ્થનો ધર્મ છે. ॥૨૮॥**

**ટીકા :-**

**'सर्वेषु' जघन्योत्तममध्यमभेदभिन्नेषु प्राणिषु 'अवर्णवादस्य' अप्रसिद्धिप्रख्यापनरूपस्य 'त्यागः' परिहारः कार्यः, 'विशेषतः' अतिशयेन 'राजादिषु' राजाऽमात्यपुरोहितादिषु बहुजनमान्येषु, सामान्यजनापवादे हि स्वस्य द्वेष्यभावो भूयानाविर्भावितो भवति, यत उच्यते–**"न परपरिवादादन्यविद्वेषणे परं भैषजमस्ति ।" **[नीतिवाक्या० १६/१२] राजादिषु तु वित्तप्राणनाशादिरपि दोषः स्यादिति ।।२८।।**

**ટીકાર્થ :-**

**सर्वेषु ..... दोषः स्यादिति ।। સર્વ જીવો વિષયક=જઘન્ય, ઉત્તમ અને મધ્યમ ભેદવાળા જીવો વિષયક=અપ્રસિદ્ધિના ખ્યાપનરૂપ અવર્ણવાદનો=સામેનાની ખરાબ પ્રસિદ્ધિ થાય તેવા અવર્ણવાદનો ત્યાગ કરવો જોઈએ. વિશેષથી= અતિશયથી રાજાદિવિષયક=રાજા, અમાત્ય, પુરોહિત વિષયક, બહુજનમાન્ય પુરુષો વિષયક અવર્ણવાદનો ત્યાગ કરવો જોઈએ.**

અહીં પ્રશ્ન થાય કે, બીજા જીવોની ખરાબ પ્રવૃત્તિ હોય તો તે પ્રવૃત્તિ ખરાબ કહેવામાં શું દોષ છે ? એથી કહે છે –

**સામાન્ય જીવોના અપવાદમાં=નિંદામાં પોતાને અત્યંત દ્વેષભાવ=તે જીવો પ્રત્યે અત્યંત દ્વેષભાવ આવિર્ભાવ થાય છે.**

**જે કારણથી કહેવાય છે –**

"વિશેષ પ્રકારના દ્વેષમાં પરની નિંદાથી અન્ય બીજું ઔષધ નથી. અર્થાત્ દ્વેષ વધારવામાં અત્યંત કારણ છે." **(નીતિવાક્યા૦ ૧૬/૧૨)**

**વળી, રાજાદિવિષયક અવર્ણવાદ કરવાથી ધનનાશ, પ્રાણનાશ આદિ પણ દોષો થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

કોઈની અનુચિત પ્રવૃત્તિ હોય પણ, ન પણ હોય તોપણ શિષ્ટ પુરુષો નિંદાનું વચન ક્યારેય બોલતા નથી. ફક્ત કોઈકના હિત અર્થે કોઈકની અનુચિત પ્રવૃત્તિ હોય તો તેના પ્રત્યે દ્વેષ કર્યા વગર તેમના હિત અર્થે કહે છે અને પ્રયોજન ન હોય આમ છતાં અન્ય વિષયક યથા-તથા બોલવાની ટેવ હોય તો તેવી પ્રવૃત્તિથી ગૃહસ્થનો ધર્મ નાશ પામે છે, તેથી ગૃહસ્થએ અવર્ણવાદનો ત્યાગ કરવો જોઈએ અને વિશેષથી લોકમાન્ય પુરુષો વિષયક અવર્ણવાદનો ત્યાગ કરવો જોઈએ. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૧૫] असदाचारैरसंसर्गः ।२९ ।।

**સૂત્રાર્થ :-**

**(૧૫) અસદાચારવાળા પુરુષોની સાથે અસંસર્ગ ગૃહસ્થનો ધર્મ છે. ॥૨૯॥**

**ટીકા :-**

**'असदाचारैः' इहलोकपरलोकयोः अहितत्वेन 'असन्' असुन्दरः 'आचारः' प्रवृत्तिर्येषां ते तथा, ते च द्यूतकारादयः, तैः 'असंसर्गः' असंबन्धः, प्रदीपनकाऽशिवदुर्भिक्षोपहतदेशादीनामिव तेषां दूरतो वर्जनमित्यर्थः ।।२९।।**

**ટીકાર્થ :-**

**'असदाचारैः' ..... वर्जनमित्यर्थः ।। અસદ્ આચારવાળા પુરુષોની સાથે=આ લોક અને પરલોકમાં અહિતપણું હોવાથી અસુંદર એવા આચારની પ્રવૃત્તિવાળા દ્યૂતકાર આદિ સાથે, સંબંધનો ત્યાગ કરવો જોઈએ=અગ્નિ, ઉપદ્રવો, દુર્ભિક્ષથી હણાયેલા દેશાદિના ત્યાગની જેમ તેઓનો દૂરથી ત્યાગ કરવો જોઈએ. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

જે જીવો આ લોક અને પરલોકનું અહિત થાય તેવી અસુંદર પ્રવૃત્તિ કરતા હોય તેવા જીવો સાથે સંસર્ગ કરવાથી પોતાની પ્રકૃતિમાં પણ તે પ્રકારના દોષો પ્રાપ્ત થવાની સંભાવના રહે છે. માટે ગૃહસ્થે તેનું અત્યંત વર્જન કરવું જોઈએ. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**एतदेव व्यतिरेकत आह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=અસદ્ આચારના વર્જનને જ, વ્યતિરેકથી કહે છે –**

**સૂત્ર :-**

संसर्गः सदाचारैः ।।३०।।

**સૂત્રાર્થ :-**

**સદાચારવાળા સાથે સંસર્ગ કરવો જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૩૦॥**

**ટીકા :-**

**प्रतीतार्थमेव, असदाचारसंसर्गवर्जनेऽपि यदि सदाचारसंसर्गो न स्यात् तदा न तथाविधा गुणवृद्धिः संपद्यते इत्येतत् सूत्रमुपन्यस्तम्, उक्तं चैतदर्थानुवादि –**

"यदि सत्सङ्गनिरतो भविष्यसि भविष्यसि ।
अथासज्जनगोष्ठीषु पतिष्यसि पतिष्यसि ।।२४।।" [] **इति ।।३०।।**

**ટીકાર્થ :-**

**प्रतीतार्थमेव ..... इति ।। સૂત્રનો અર્થ પ્રતીત જ છે. અસદાચારના સંસર્ગના વર્જનમાં પણ જો સદાચારવાળા પુરુષો સાથે સંસર્ગ ન થાય તો તેવા પ્રકારના ગુણવૃદ્ધિ=ઉત્તમ પુરુષોના સંસર્ગથી જન્ય એવી ગુણવૃદ્ધિ થાય નહિ એથી આ સૂત્રનો ઉપન્યાસ કરેલ છે. અને આ અર્થને કહેનાર વચન કહેવાયું છે –**

"જો સત્સંગમાં નિરત થઈશ તો તું થઈશ=ઉત્તમ થઈશ, અને અસજ્જનના સમુદાયમાં પડીશ તો પડીશ=અસદ્આચરણામાં પડીશ. ॥૨૪॥" **()**

**"इति" શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

ઉત્તમ પુરુષો સાથે સંસર્ગ કરવાથી ઉત્તમ પુરુષોના ગુણો પ્રત્યે પોતાનામાં જે પક્ષપાતનો ભાવ છે તે

ઉત્તમ પુરુષોના સંસર્ગકાળમાં પુષ્ટ-પુષ્ટતર થાય છે અને તેઓના ઉત્તમ આચારોથી પોતાના ચિત્તમાં પણ તેવા આચારો સેવવાનો વિશેષ અભિલાષ થાય છે અને તેવા પુરુષોના સહવાસથી શીઘ્ર તેવા ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે ગૃહસ્થે સદાચારવાળા પુરુષો સાથે સંસર્ગ કરવો જોઈએ. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[१६] मातापितृपूजा ।३१ ।।**

**સૂત્રાર્થ :-**

**(૧૬) માતા-પિતાદિની પૂજા ગૃહસ્થનો ધર્મ છે. ॥૩૧॥**

**ટીકા :-**

**'मातापित्रोः' जननी-जनकयोः 'पूजा' त्रिसन्ध्यं प्रणामकरणादि, यथोक्तम् –**

"पूजनं चास्य विज्ञेयं त्रिसन्ध्यं नमनक्रिया ।
तस्यानवसरेऽप्युच्चैश्चेतस्यारोपितस्य तु ।।२५।।" **[योगबि० १११]**

**'अस्येति'**

"माता पिता कलाचार्य एतेषां ज्ञातयस्तथा ।
वृद्धा धर्मोपदेष्टारो गुरुवर्गः सतां मतः ।।२६।।" **[योगबि० ११०]**

**इति श्लोकोक्तस्य गुरुवर्गस्य ।**

"अभ्युत्थानादियोगश्च तदन्ते निभृतासनम् ।
नामग्रहश्च नास्थाने नावर्णश्रवणं क्वचित् ।।२७।।" **[योगबि० ११२] ।।३१।।**

**ટીકાર્થ :-**

**मातापित्रोः ..... क्वचित् ।। માતાપિતાની પ્રણામ કરણાદિરૂપ ત્રિસન્ધ્યા પૂજા કરવી જોઈએ.**

**જે કારણથી કહેવાયું છે –**

"આનું=ગુરુવર્ગનું ત્રિસન્ધ્ય નમનક્રિયા પૂજન જાણવું. તેના અનવસરમાં પણ=ગુરુવર્ગના અનવસરમાં પણ, ચિત્તમાં અત્યંત આરોપિત એવા તેમનું પૂજન જાણવું. ॥૨૫॥" **(યોગબિંદુ-શ્લોક-૧૧૧)**

**ઉદ્ધરણમાં રહેલા 'अस्य'નો અર્થ કરે છે –**

"માતાપિતા, કલાચાર્ય તથા એમના જ્ઞાતિઓ અને વૃદ્ધ એવા ધર્મોપદેશકો સંતોને ગુરુવર્ગ સંમત છે. ॥૨૬॥" **(યોગબિંદુ-શ્લોક-૧૧૦)**

ઉદ્ધરણના શ્લોકમાં કહેલા ગુરુવર્ગનું, શું કરવું જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

"અભ્યુત્થાન આદિ યોગ, તેમની પાસે નમ્રતાથી બેસવું, અસ્થાનમાં તેમનું નામ ન બોલવું, ક્યારેય તેમના અવર્ણવાદનું શ્રવણ ન કરવું એ ગુરુવર્ગની પૂજા છે, એમ અન્વય છે. ॥૨૭॥" **(યોગબિંદુ-શ્લોક-૧૧૨) ॥૩૧॥**

**ભાવાર્થ :-**

સદ્‌ગૃહસ્થ માતા-પિતાની પૂજા કરે એ સદ્‌ગૃહસ્થનો ધર્મ છે એ કથનથી ઉપલક્ષણ દ્વારા ગુરુવર્ગનું ગ્રહણ છે, તેથી સાક્ષીપાઠમાં પૂજનીય એવા ગુરુવર્ગનું સ્વરૂપ બતાવેલ છે. તેમાં માતા-પિતાએ પોતાના હિતની ચિંતા કરીને પોતાને મોટો કર્યો, તેથી પૂજનીય છે. કલાચાર્યોએ કળા શીખવાડીને સંસ્કારવાળો બનાવ્યો, તેથી પૂજનીય છે અને વૃદ્ધ ધર્મ-ઉપદેશકો સન્માર્ગનો બોધ કરાવીને મહાન ઉપકાર કરનાર છે, તેથી પૂજનીય છે. અને પોતાના ઉપકારી સાથે સંબંધવાળા જે જ્ઞાતિજનો છે તે પણ ઉપકારી સાથે સંબંધવાળા હોવાથી પૂજનીય છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**अथ मातापितृविषयमेवान्यं विनयविशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે માતાપિતા વિષય જ અન્ય વિનયવિશેષને કહે છે –**

**સૂત્ર :-**

आमुष्मिकयोगकारणम्, तदनुज्ञया प्रवृत्तिः, प्रधानाभिनवोपनयनम्, तद्भोगे भोगोऽन्यत्र तदनुचितात् ।।३२।।

**સૂત્રાર્થ :-**

**પરલોકનાં કૃત્યોનું માતાપિતા પાસેથી કરાવણ, તેમની અનુજ્ઞાથી પ્રવૃત્તિ=સર્વ પ્રવૃત્તિ, પ્રધાન એવી વસ્તુઓનું માતાપિતાને અર્પણ, તેમના અનુચિતને છોડીને=તેમને અપથ્ય આદિ હોય તેવી વસ્તુને છોડીને, તેમના ભોગમાં ભોગ=તેઓ જે વસ્તુનું ભોજન કરે તેવી વસ્તુનું ભોજન કરવું, એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૩૨॥**

**ટીકા :-**

**'आमुष्मिकाः' परलोकप्रयोजना 'योगा' देवतापूजनादयो धर्मव्यापारा आमुष्मिकयोगास्तेषां 'कारणं' स्वयमेवामुष्मिकयोगान् मातापित्रोः कुर्वतोर्हेतुकर्तृभावेन नियोजनम्, यथा नातः परं भवद्भ्यां कुटुम्बकार्येषु किञ्चिदुत्सहनीयम्, केवलं धर्मकर्मप्रतिबद्धमानसाभ्यामनवरतं भाव्यमिति । तथा 'तदनुज्ञया' मातापितृजनानुमत्या 'प्रवृत्तिः' सकलैहिकाऽऽमुष्मिकव्यापारकरणम्, तथा 'प्रधानस्य' वर्णगन्धादिभिः सारस्य 'अभिनवस्य' च तत्कालसंपन्नस्य पुष्पफलवस्त्रादेर्वस्तुनः 'उपनयनं' ढौकनं मातापित्रोरेव । तथा 'तद्भोगे' मातापितृभोगे अन्नादीनां 'भोगः' स्वयमासेवनम्, अत्रापवादमाह—'अन्यत्र' अन्तरेण 'तदनुचितात्' तयोः प्रकृतयोरेव मातापित्रोरनुचितात् कुतोऽपि व्रतादिविशेषादिति ।।३२।।**

**ટીકાર્થ :-**

**'आमुष्मिकाः' ..... व्रतादिविशेषादिति ।। આમુષ્મિક=પરલોકના પ્રયોજનવાળા, યોગો=દેવતાપૂજન આદિ ધર્મવ્યાપારો આમુષ્મિક યોગો, છે. તેઓનું કરાવણ=આમુષ્મિક યોગોને કર્તા એવા માતાપિતાને સ્વયં જ હેતુના કર્તૃભાવથી નિયોજન કરે. જે આ પ્રમાણે – હવે પછી તમારા વડે કુટુંબકાર્યોમાં કાંઈ જ ઉત્સાહ લેવો જોઈએ નહિ, માત્ર ધર્મકર્મમાં પ્રતિબદ્ધ માનસવાળા એવા તમારા વડે સતત રહેવું જોઈએ. અને તેમની અનુજ્ઞાથી=માતા-પિતાની અનુમતિથી, પ્રવૃત્તિ=સર્વ ઐહિક-આમુષ્મિક વ્યાપારનું કરવું. અને પ્રધાન=વર્ણ-ગંધાદિ દ્વારા સારભૂત અને અભિનવ=તત્કાલસંપન્ન, એવાં પુષ્પ, ફલ, વસ્ત્ર આદિનું માતાપિતાને આપવું. અને તેમના ભોગમાં=માતાપિતાના અન્ન આદિના ભોગમાં, ભોગ=સ્વયં ભોગ કરે. આમાં અપવાદને કહે છે – તે માતા-પિતાને પ્રકૃતિથી જ પ્રતિકુળ હોય તેને છોડીને માતાપિતાના ભોગ પછી પોતે ભોગ કરે.**

માતાપિતાને અનુચિત કયા કારણથી હોય ? એથી કહે છે –

**કોઈપણ વ્રતાદિ વિશેષના કારણે માતા-પિતાદિને ભોજન અનુચિત હોય ત્યારે માતાપિતાના ભોગ વગર પણ ભોગ કરે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૨।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થે માતા-પિતાને પરલોકની પ્રવૃત્તિમાં યોજન કરવું જોઈએ. અર્થાત્ કહેવું જોઈએ કે કુટુંબની ચિંતાને છોડીને કેવલ ધર્મપરાયણ થઈને તમે સર્વ ઉદ્યમ કરો જેથી તમારું પરલોકનું હિત થાય. આ પ્રમાણે વિનય કરવાથી માતાપિતા પ્રત્યેનો કૃતજ્ઞતાગુણ પણ સચવાય છે અને પોતાનો ધર્મભાવ પણ પુષ્ટ-પુષ્ટતર થાય છે અને માતાપિતા દ્વારા કરાયેલાં ધર્મકૃત્યોમાં કરાવણનો પરિણામ અને અનુમોદનનો પરિણામ પ્રાપ્ત થાય છે.

વળી, આ લોકની કે પરલોકની જે કોઈ પ્રવૃત્તિ કરે તે તેમને પૂછીને કરે. જેથી તેમના ઉપકારને અનુરૂપ ઉચિત વિનયની પ્રાપ્તિ થાય છે. ફક્ત કોઈક એવા કારણે માતા-પિતા ધર્મથી વિમુખ ભાવવાળાં હોય તો તેઓને પૂછવાથી તેઓને અરુચિ થશે તેવું જણાય તો તેમની અનુજ્ઞા વગર કરવામાં કે તેમનાથી પ્રચ્છન્ન ધર્મકૃત્ય કરવામાં પણ દોષ નથી.

વળી, પોતાની પાસે જે સુંદર વસ્તુ હોય તે સર્વ તેમને આપે, પરંતુ સ્વયં પોતાના ભોગમાં વાપરે નહિ. આનાથી પણ પોતાના કૃતજ્ઞતાગુણની પુષ્ટિ થાય છે.

વળી, માતા-પિતાદિ ભોજન કરે ત્યારપછી પોતે ભોજન કરે. સિવાય વ્રતાદિના કારણે તેઓને ભોજન કરવાનું ન હોય તો અથવા તેમની શારીરિક પ્રકૃતિને કોઈ વસ્તુ અનુકૂળ ન હોય તો પોતે તે વસ્તુનું ભોજન કરે. **॥૩૨॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[१७] अनुद्वेजनीया प्रवृत्तिः ।।३३।।

**સૂત્રાર્થ :-**

**(૧૭) અનુદ્વેજનીય પ્રવૃત્તિ ગૃહસ્થનો ધર્મ છે. ॥૩૩॥**

**ટીકા :-**

**स्वपक्षपरपक्षयोः 'अनुद्वेजनीया' अनुद्वेगहेतुः 'प्रवृत्तिः' कायवाङ्मनश्चेष्टारूपा, परोद्वेगहेतोर्हि पुरुषस्य न क्वापि समाधिलाभोऽस्ति, अनुरूपफलप्रदत्वात् सर्वप्रवृत्तीनामिति ।।३३।।**

**ટીકાર્થ :-**

**स्वपक्ष ..... सर्वप्रवृत्तीनामिति ।। સ્વપક્ષ અને પરપક્ષમાં અનુદ્વેગનો હેતુ એવી કાયા, વાણી અને મનની ચેષ્ટારૂપ પ્રવૃત્તિ ગૃહસ્થનો ધર્મ છે, જે કારણથી પરના ઉદ્વેગના હેતુ એવા પુરુષને ક્યાંય પણ સમાધિનો લાભ થતો નથી; કેમ કે સર્વ પ્રવૃત્તિઓનું અનુરૂપ ફલ દેવાપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૩॥**

**ભાવાર્થ :-**

શિષ્ટ ગૃહસ્થનો આચાર છે કે પોતાના સ્વજન સાથે કે પોતાના વિરોધી પક્ષ સાથે પણ બેસવાનો પ્રસંગ હોય ત્યારે કોઈના ઉદ્વેગનું કારણ બને તેવી મન-વચન-કાયાથી પ્રવૃત્તિ કરે નહિ; અને જે જીવોનો વિચાર્યા વગર બોલવાનો કે પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ છે તેવા જીવો ગમે તે પ્રસંગમાં કાયાથી, વાણીથી કે અંતે મનથી પણ કોઈને ઉદ્વેગ થાય તેવો પરિણામ કરનારા હોય છે. તેવા જીવોને તેવા પ્રકારની પ્રવૃત્તિને કારણે અશુભ કર્મો બંધાય છે જેથી અન્યને અસમાધિની પ્રાપ્તિમાં નિમિત્ત બનીને પોતાને અસમાધિની પ્રાપ્તિ થાય તેવાં કર્મ બાંધે છે; જેથી તેવા જીવોને ક્યાંય સમાધિની પ્રાપ્તિ થાય નહિ. **॥૩૩॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૧૮] भर्तव्यभरणम् ।।३४।।**

**સૂત્રાર્થ :-**

**(૧૮) ભર્તવ્યનું ભરણ એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૩૪॥**

**ટીકા :-**

**'भर्तव्यानां' भर्तुं शक्यानां मातापितृसमाश्रितस्वजनलोकतथाविधभृत्यप्रभृतीनां 'भरणं' पोषणं भर्तव्यभरणम् । तत्र त्रीणि अवश्यं भर्तव्यानि-मातापितरौ सती भार्या अलब्धबलानि चापत्यानि, यत उक्तम् –**

"वृद्धौ च मातापितरौ सतीं भार्यां सुतान् शिशून् ।
अप्यकर्मशतं कृत्वा भर्तव्या मनुरब्रवीत् ।।२८।।" **[मनुस्मृतौ ११/११]**

**विभवसंपत्तौ चान्यान्यपि, अत्राप्युक्तम् –**

"चत्वारि ते तात! गृहे वसन्तु श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ।
सखा दरिद्रो भगिनी व्यपत्या ज्ञातिश्च वृद्धो विधनः कुलीनः ।।२९।।" **[महाभारते उद्योगपर्वणि ५/३३/५९] इति ।।३४।।**

**ટીકાર્થ :-**

**भर्तव्यानां ..... कुलीनः ।। ભર્તવ્ય=પોષણ કરવા યોગ્ય એવા માતા-પિતા, સમાશ્રિત એવો સ્વજન લોક અને તેવા પ્રકારનો નોકરવર્ગ વગેરેનું ભરણ=પોષણ કરવું જોઈએ. ત્યાં ત્રણ અવશ્ય ભરણપોષણ કરવા યોગ્ય છે.**

**(૧) માતાપિતા (૨) સતી સ્ત્રી અને (૩) અલબ્ધબળવાળા પુત્રો જે કારણથી કહેવાયું છે –**

"વૃદ્ધ માતા-પિતા, સતી સ્ત્રી અને નાની ઉંમરના પુત્રોને સેંકડો અકાર્યો કરીને પણ પોષવાં જોઈએ એમ મનુ કહે છે. ।।૨૮।।" **(મનુસ્મૃતિ ૧૧/૧૧)**

**અને વિભવની સંપત્તિ હોતે છતે અન્યોને પણ પોષવા જોઈએ. અહીં પણ કહેવાયું છે –**

"હે તાત ! ગૃહસ્થધર્મ હોતે છતે ધનથી યુક્ત એવા તારા ઘરમાં ચાર વસો. દરિદ્ર એવો મિત્ર, પતિ વગરની બહેન, વૃદ્ધ જ્ઞાતિવાળો અને ધન વગરનો કુલીન. ।।૨૯।।" **(મહાભારત, ઉદ્યોગપર્વ, ૫/૩૩/૫૯)**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૪।।**

❖ ઉદ્ધરણ શ્લોક-૨૯માં 'भगिनी व्यपत्या' પાઠ ઉપલબ્ધ છે, પરંતુ તે સંગત જણાતો નથી, તેથી 'भगिनी व्यपगतपति' કે અન્ય કોઈ તેવા પ્રકારનો પાઠ જોઈએ, તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે. તત્ત્વ બહુશ્રુત વિચારે.

**ભાવાર્થ :-**

ધર્મપ્રધાન ગૃહસ્થજીવન જીવનાર માટે ભર્તવ્યનું પોષણ કરવું એ પણ ધર્મરૂપ છે; કેમ કે સર્વ જીવો સાથે ઉચિત વર્તન કરવું એ ધર્મ છે અને પોતાના ઉપર નિર્ભર હોય તેઓ સાથે તેઓની જીવનવ્યવસ્થાની ચિંતા કરવી એ ઉચિત વર્તન છે. તેમાં વૃદ્ધ માતા-પિતા, સતી સ્ત્રી અને નાની વયના બાળકોને ગમે તે રીતે યત્ન કરીને પોષવાં જોઈએ. અન્યથા તેઓના જીવનનો જે રીતે વિનાશ થાય તે સર્વની અનુમોદનાનું પાપ લાગે અને ચિત્ત અતિસ્વાર્થી બનવાથી અન્ય સેવાતો ધર્મ પણ ધર્મરૂપે પરિણમન પામે નહિ.

વળી, જેઓ વૈભવયુક્ત તેવા ગૃહસ્થને તો માતા-પિતા આદિથી અતિરિક્ત એવા ચાર પ્રકારના જીવો પણ ભર્તવ્ય છે. પોતાનો દરિદ્ર મિત્ર હોય તેને પણ પોતાના ઘરે પોતાની જેમ રહી શકે તેમ સાચવે. પોતાની બહેન પતિરહિત હોય કે પતિથી ત્યાગ કરાયેલી હોય તો તેને પણ પોતાના ઘરમાં સારી રીતે સાચવે. વળી, પોતાની જ્ઞાતિના કોઈ વૃદ્ધ હોય તેને પણ પોતાના ઘરમાં સારી રીતે રાખે. તે સિવાય કોઈ કુલીન હોય અને ધનરહિત હોય તો પોતાના ઘરમાં સારી રીતે રાખે. આ સર્વ કૃત્યો આરંભરૂપ નથી, પરંતુ ઉચિત કૃત્યરૂપ હોવાથી ગુણવૃદ્ધિનાં કારણ છે માટે ધર્મરૂપ જ છે. **।।૩૪।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

અને –

**સૂત્ર :-**

यथोचितं विनियोगः ।।३५।।

**સૂત્રાર્થ :-**

**યથોચિત વિનિયોગ કરવો એ ઉચિત ગૃહસ્થધર્મ છે. ।।૩૫।।**

**ટીકા :-**

**तस्य भर्तव्यस्य भृतस्य सतः 'यथोचितं' यो यत्र धर्मे कर्मणि वा समुचितः तस्य तत्र 'विनियोगः' व्यापारणम्, अव्यापारितो हि परिवारः समुचितानुष्ठानेषु निर्विनोदतया द्यूतादिव्यसनमप्यभ्यस्येत् निष्फलशक्तिक्षयाच्चाकिञ्चित्करत्वेनावस्त्वपि स्यात्, एवं चासौ नानुगृहीतः स्यादपि तु विनाशित इति ।।३५।।**

**ટીકાર્થ :-**

**तस्य भर्तव्यस्य ..... विनाशित इति ।। ભર્તવ્ય એવા જીવોને પોષણ કર્યા પછી યથોચિત=જે ભર્તવ્ય, જે ધર્મ કે કર્મમાં ઉચિત હોય તેમાં તેમને વિનિયોજિત કરવો જોઈએ=વ્યાપારવાળો કરવો જોઈએ; કેમ કે ઉચિત અનુષ્ઠાનોમાં અવ્યાપારવાળો પરિવાર આનંદરહિતપણું હોવાને કારણે ઘૂતાદિ=જુગાર આદિ વ્યસન પણ સેવે અને નિષ્ફળ શક્તિનાં ક્ષયથી અકિંચિત્કરપણું હોવાને કારણે અવસ્તુ પણ થાય અને એ રીતે આ=પરિવાર, અનુગૃહીત ન થાય પરંતુ વિનાશિત થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૫।।**

**ભાવાર્થ :-**

પોતાની ભૂમિકા અનુસાર જે ગૃહસ્થ જે જે ભર્તવ્યનું પોષણ કરે, તેઓને ઉચિત ધર્મકૃત્યોમાં કે અન્ય કૃત્યોમાં વ્યાપારવાળા કરે, જેથી તેઓનું જીવન આનંદરહિત બને નહિ અને જો તેઓનું જીવન આનંદરહિત બને તો વ્યસનાદિ સેવીને વિનાશ પામે અને કદાચ વ્યસનાદિ ન સેવે તોપણ જે ધર્મકૃત્યોની તેમની શક્તિ છે તે નિષ્ફળ જાય; તેથી તેઓનો મનુષ્યભવ અકિંચિત્કર થાય અને તેઓનું પોષણ કરીને તેઓનું જે હિતરૂપ વસ્તુ થવાની હતી તે થાય નહિ, તેથી તેઓના ઉપર કોઈ ઉપકાર ન થાય, પરંતુ તેઓનો વિનાશ જ થાય.

આનાથી એ ફલિત થાય કે ભર્તવ્યનું ઉચિત રીતે પોષણ કરીને તેઓનું આ લોક અને પરલોકમાં હિત થાય તેવું શાંતિમય જીવન બને તેવું કરવું જોઈએ, પરંતુ તેઓનું પોષણ કર્યા પછી તેઓના હિતની ઉપેક્ષા

કરવી જોઈએ નહિ. જો તેઓના હિતની ઉપેક્ષા કરવામાં આવે તો તે ભર્તવ્યના પોષણની ક્રિયા ધર્મરૂપ બને નહિ. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

तत्प्रयोजनेषु बद्धलक्ष्यता ।।३६।।

**સૂત્રાર્થ :-**

**તેઓના પ્રયોજનોમાં=ભર્તવ્યોના પ્રયોજનોમાં બદ્ધલક્ષ્યતા ગૃહસ્થનો ધર્મ છે. ।।૩૬।।**

**ટીકા :-**

**'तस्य' भर्तव्यस्य 'प्रयोजनेषु' धर्मार्थकामगोचरेषु चित्ररूपेषु 'बद्धलक्ष्यता' नित्योपयुक्तचित्तता, ते हि तस्मिंश्चिन्ताकरे नित्यं निक्षिप्तात्मानः तेनाचिन्त्यमानप्रयोजनाः सीदन्तः सन्तोऽप्रसन्नमनस्कतया न स्वनिरूपितकार्यकरणक्षमाः संपद्यन्ते इति ।।३६।।**

**ટીકાર્થ :-**

**'तस्य' ..... संपद्यन्ते इति ।। તેનાં=ભર્તવ્યનાં ધર્મ, અર્થ, કામ વિષયક ચિત્રરૂપ પ્રયોજનોમાં બદ્ધલક્ષ્યતા=નિત્યઉપયુક્ત ચિત્તતા, ગૃહસ્થનો ધર્મ છે એમ અન્વય છે. જે કારણથી તે ચિંતાકર હોતે છતે=ભરણપોષણ કરનાર પુરુષ તેઓની ચિંતા કરનાર હોતે છતે નિત્ય નિક્ષિપ્ત આત્માવાળા=હંમેશાં સમર્પિત થયેલા એવા તેઓ તેમના વડે=ભર્તવ્ય પુરુષ વડે અચિંતા કરાતા પ્રયોજનવાળા થાય તો સીદાતા છતાં અપ્રસન્નમનપણાથી પોતાને સોંપાયેલું કાર્ય કરવામાં સમર્થ થતા નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૬।।**

**ભાવાર્થ :-**

સુખી ગૃહસ્થ કે સામાન્ય ગૃહસ્થ પોતાના ભર્તવ્યનું જે ભરણપોષણ કરે છે તેઓનાં ધર્મ-અર્થ અને કામ વિષયક પ્રયોજનમાં અત્યંત ઉપયુક્ત થઈને ચિંતા કરે.

આનાથી એ ફલિત થાય કે પોતાનાં માતા-પિતાદિ હોય તો તેઓની પણ ધર્મ-અર્થ અને કામ વિષયક પૂરતી ચિંતા કરે, સતી પત્ની હોય તો તેઓની પણ પૂરતી ચિંતા કરે. જેથી તેઓનો આ લોક અને પરલોક સુંદર થાય અને અલબ્ધ બળવાળો પુત્ર હોય તો તેઓ પણ ધર્મપ્રધાન કેમ બને અને આ લોકમાં પણ

અર્થઉપાર્જન આદિમાં કુશળ બને તેની ચિંતા કરે. જેથી તેઓ પણ આ લોક અને પરલોકમાં સુખી બને.

વળી, સુખી ગૃહસ્થ દરિદ્ર મિત્ર આદિને પોતાના ગૃહમાં રાખ્યા હોય તો તેઓની પણ ધર્મ-અર્થ અને કામ વિષયક તે રીતે ચિંતા કરે જેથી તેઓ પ્રસન્નતાપૂર્વક ધર્મપ્રધાન રહીને આ લોકમાં પણ સુખી થાય અને પરલોકમાં પણ સુખી થાય. જો તેઓનું પોષણ કરવા માટે તેમને ઘરે રાખ્યા પછી તેમની ઉચિત ચિંતા કરવામાં ન આવે તો તેઓનું આ લોક અને પરલોકમાં જે કાંઈ અહિત થાય તેનું પાપ ભર્તવ્યનું પોષણ કરનાર પુરુષને પ્રાપ્ત થાય, તેથી તેવી ભર્તવ્યના પોષણની પ્રવૃત્તિ ગૃહસ્થના ધર્મરૂપ બને નહિ. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

अपायपरिरक्षोद्योगः ॥३७॥ इति।

**સૂત્રાર્થ :-**

**ભર્તવ્યના અપાયોથી=આ લોક અને પરલોકના અનર્થોથી પરિરક્ષાનો ઉદ્યોગ=ઉદ્યમ એ ગૃહસ્થધર્મ છે. ॥૩૭॥**

**ટીકા :-**

**तस्यैव भर्तव्यस्य 'अपायेभ्यः' अनर्थेभ्यः ऐहिकामुष्मिकेभ्यः 'परिरक्षा' सर्वतस्त्राणम्, तत्र 'उद्योगो' महानुद्यमः, एवं हि भर्तव्यान् प्रति 'तस्य' नाथत्वं स्याद् यदि सोऽलब्धलाभलक्षणं योगं लब्धरक्षारूपं च क्षेमं कर्तुं क्षमः स्यात्, योगक्षेमकरस्यैव नाथत्वादिति ॥३७॥**

**ટીકાર્થ :-**

**तस्यैव ..... नाथत्वादिति ॥ તેના જ=ભર્તવ્યના જ, અપાયોથી=આ લોક અને પરલોકના અનર્થોથી, પરિરક્ષામાં=સર્વ પ્રકારે તેઓના રક્ષણમાં, ઉદ્યોગ કરવો જોઈએ=મહાન ઉદ્યમ કરવો જોઈએ. આ રીતે ભર્તવ્યો પ્રત્યે ભર્તવ્યના પોષણ કરનારનું નાથપણું થાય. જો તે=પોષણ કરનાર પુરુષ, અલબ્ધના લાભલક્ષણ યોગને=આશ્રિતોને અપ્રાપ્ત એવા ધર્માદિ પ્રયોજનરૂપ લાભના યોગને, અને લબ્ધના રક્ષારૂપ ક્ષેમને=પોષણીયને પ્રાપ્ત એવા ધર્માદિની રક્ષારૂપ ક્ષેમને, કરવા માટે સમર્થ થાય (તો નાથપણું થાય એમ અન્વય છે); કેમ કે યોગક્ષેમકરનું જ નાથપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

સૂત્ર-૩૪માં કહ્યું કે ભર્તવ્યનું રક્ષણ કરવું એ ગૃહસ્થનો ધર્મ છે. ભર્તવ્યનું રક્ષણ કરનાર પુરુષે તે ભર્તવ્યને સર્વ ઉચિત પ્રવૃત્તિમાં વ્યાપારવાળા કરવા જોઈએ અને તેઓનું આ લોકમાં અને પરલોકમાં એકાંતે હિત થાય તેમ ઉદ્યમ કરવો જોઈએ એમ સૂત્ર ૩૫-૩૬માં બતાવ્યું. હવે કોઈક કારણથી ભર્તવ્ય જીવો પણ અનર્થ પ્રાપ્ત કરે તેવા સંયોગમાં મુકાય તો સર્વ ઉદ્યમથી તેઓના આ લોક અને પરલોકના હિતનું રક્ષણ કરવું જોઈએ અને તે રક્ષણ માટે જે ગુણો પ્રાપ્ત થયા ન હોય તેની પ્રાપ્તિ માટે ઉચિત યત્ન કરવો જોઈએ અને જે ગુણો તેમને પ્રાપ્ત થયા છે તે નાશ ન થાય તેની ઉચિત ચિંતા કરવી જોઈએ. આમ કરવાથી જ તે ભર્તવ્યના નાથ તરીકેનો ઉચિત વ્યવહાર સંપાદન કરાયેલો થાય છે.

અહીં વિશેષ એ છે કે આ રીતે જે વિવેકી ગૃહસ્થ યોગ્ય જીવને આ લોક અને પરલોકમાં સુખી કરે છે અને તેનાથી તે યોગ્ય જીવો અલ્પકાળમાં સમ્યગ્ ધર્મને પ્રાપ્ત કરીને સંસારનો અંત કરશે તે સર્વમાં નિમિત્તભાવની પ્રાપ્તિ ભર્તવ્યના પોષણ કરનાર વિવેકી ગૃહસ્થને પ્રાપ્ત થશે, તેથી તેનું પણ કલ્યાણ થશે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[१९] गर्ह्ये ज्ञानस्वगौरवरक्षे।।३८।।

**સૂત્રાર્થ :-**

**(૧૯) ગર્હ્યમાં=ગર્હણીય વ્યક્તિની પ્રાપ્તિમાં, જ્ઞાન=યથાર્થ નિર્ણય, અને સ્વથી ગૌરવની રક્ષા કરવી જોઈએ. ॥૩૮॥**

**ટીકા :-**

**'गर्ह्ये' गर्हणीये कुतोऽपि लोकविरुद्धाद्यनाचारासेवनान्निन्दनीयतां प्राप्ते भर्तव्ये सामान्यतो वा सर्वस्मिन् जने किं विधेयमित्याह–'ज्ञानं' संशयविपर्ययाऽनध्यवसायपरिहारेण यथावत् स्वरूपनिश्चयः, 'स्वगौरवरक्षा, स्वेन' आत्मना 'गौरवं' पुरस्करणं स्वगौरवं तस्य 'रक्षा' निवारणम्, ततो ज्ञानं च स्वगौरवरक्षा च 'ज्ञानस्वगौरवरक्षे' कर्त्तव्ये, गर्ह्यो ह्यर्थः सम्यग् ज्ञातव्यः प्रथमतः, ततोऽनुमति-दोषपरिहाराय सर्वप्रकारैर्न पुरस्कारस्तस्य कर्त्तव्य इति ।।३८।।**

**ટીકાર્થ :-**

**'गर्ह्ये' ..... कर्त्तव्य इति ।। ગર્હ્યમાં=કોઈપણ લોકવિરુદ્ધ અનાચારના સેવનથી નિંદનીયતાને પ્રાપ્ત એવા ગર્હણીય ભર્તવ્યમાં, અથવા સામાન્યથી સર્વ જનમાં શું કરવું જોઈએ ? એને કહે છે –**

**જ્ઞાન=સંશય, વિપર્યય અને અનધ્યવસાયના પરિહારથી યથાવત્ સ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ અને સ્વથી ગૌરવની રક્ષા કરવી જોઈએ=પોતાનાથી ગૌરવનું=પુરસ્કરણનું=ટેકાનું નિવારણ કરવું જોઈએ.**

તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**પ્રથમ તેનું ગર્હ્ય કર્તવ્ય સમ્યગ્ જાણવું જોઈએ. ત્યારપછી અનુમતિ દોષના પરિહાર માટે સર્વપ્રકારથી તેને ટેકો આપવો જોઈએ નહિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૮।।**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થ પોતાનાથી ભર્તવ્ય હોય તેવો પણ કોઈ જીવ કોઈ નિમિત્ત દોષથી લોકવિરુદ્ધ એવા અનાચારોનું સેવન કરીને નિંદનીય કૃત્યો કરતો હોય અથવા પોતાનાથી ભર્તવ્ય ન હોય એવો પણ કોઈ અન્ય જીવ નિંદનીય કૃત્ય કરતો હોય તો તેના તે ગર્હ્ય કૃત્ય વિષયક પોતાને ભ્રમ થયો નથી તેનો યથાર્થ નિર્ણય કરીને પોતાના ભર્તવ્યને ગર્હ્ય કૃત્યના નિવારણથી રક્ષણ કરવા માટે શક્ય યત્ન કરવો જોઈએ અને અન્ય કોઈ પરિચિત વ્યક્તિ હોય તો તેનું પણ પોતાનાથી રક્ષણ થાય તેમ હોય તો તેના ગર્હ્ય કૃત્યના નિવારણ માટે સમ્યક્ યત્ન કરવો જોઈએ અને તેઓનું તે ગર્હ્ય કૃત્ય નિવારણ થાય તેમ ન હોય તો તેઓના તે કૃત્યમાં પોતે અનુમતિદોષની પ્રાપ્તિ ન કરે તે માટે સર્વ પ્રકારથી તેને કોઈ ટેકો આપવો જોઈએ નહિ, જેથી પોતાના ટેકાના બળથી તે ગર્હ્ય કૃત્ય કરી શકે. **II૩૮II**

**સૂત્ર :-**

[२०] देवाऽतिथिदीनप्रतिपत्तिः ।।३९।।

**સૂત્રાર્થ :-**

**(૨૦) દેવ-અતિથિ અને દીનની પ્રતિપત્તિ ગૃહસ્થનો ધર્મ છે. ।।૩૯।।**

**ટીકા :-**

**'दीव्यते' स्तूयते भक्तिभरनिर्भरामरप्रभुप्रभृतिभिर्भव्यैरनवरतमिति 'देवः,' स च क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेषः, तस्यैवैतानि नामानि-अर्हन्नजोऽनन्तः शम्भुर्बुद्धस्तमोऽन्तक इति । न विद्यते सततप्रवृत्तातिविशदैकाकारानुष्ठानतया तिथ्यादिदिनविभागो येषां ते 'अतिथयः', यथोक्तम् -**

"तिथिपर्वोत्सवाः सर्वे त्यक्ता येन महात्मना ।

अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ।।३०।।" [ ]

**'दीनाः' पुनः दीङ् क्षये [पा.धा. ११५९] इति वचनात् क्षीणसकलधर्माऽर्थकामाराधनशक्तयः, ततः देवातिथिदीनानां 'प्रतिपत्तिः' उपचारः पूजाऽन्नपानदानादिरूपः 'देवाऽतिथिदीनप्रतिपत्तिः' ।।३९।।**

**ટીકાર્થ :-**

**'दीव्यते' ..... दीनप्रतिपत्तिः ।। ભક્તિથી ભરાયેલા એવા ઈન્દ્ર વગેરે ભવ્યજીવો વડે સતત સ્તુતિ કરાય છે એ દેવ, અને તે દેવ ક્લેશ, કર્મ અને વિપાકના આશય વડે અપરામૃષ્ટ એવો પુરુષવિશેષ છે. તેનાં જ આ નામો છે –**

**અર્હન્=અરિહંત, અજ=જેને જન્મ નથી તે અજ, અનંત=જેને મૃત્યુરૂપી અંત નથી તે અનંત, શંભુ=સુખમય, બુદ્ધ=બોધવાળા, તમોઽન્તક=અંધકારનો નાશ કરનાર.**

**'इति' શબ્દ દેવોના સ્વરૂપના વાચક નામોની સમાપ્તિ માટે છે.**

**સતત પ્રવૃત્તિ હોતે છતે=યોગમાર્ગની સતત પ્રવૃત્તિ હોતે છતે, અતિવિશદ એવા એકાકારવાળા અનુષ્ઠાનપણાને કારણે તિથિ આદિ દિવસનો વિભાગ જેઓને નથી તેઓ અતિથિ છે=સુસાધુ છે. જે કારણથી કહેવાયું છે –**

"તિથિ, પર્વ, ઉત્સવ વગેરે સર્વ જે મહાત્મા વડે ત્યજાયા છે તેને અતિથિ જાણવો. શેષ=ઘરે આવેલા શેષ લોકો અભ્યાગત=પરોણા જાણવા. ।।૩૦।।" **()**

**વળી, 'દીન' દીન ધાતુ ક્ષય અર્થમાં છે (પા. ધા. ૧૧૫૯) એ પ્રકારનું વચન હોવાથી ક્ષીણ સકલ ધર્મ-અર્થ-કામની આરાધનાની શક્તિવાળા દીન છે.**

દેવ, અતિથિ અને દીનનો અર્થ કર્યા પછી શેષ સમાસ સ્પષ્ટ કરે છે –

**ત્યારપછી દેવ, અતિથિ અને દીનની પ્રતિપત્તિ=ઉપચાર=પૂજા, અન્નપાનદાનાદિરૂપ ઉપચાર દેવ, અતિથિ અને દીનની પ્રતિપત્તિ છે. ।।૩૯।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થે ઉપાસ્ય એવા દેવની શક્તિ અનુસાર ભક્તિ કરવી જોઈએ, જેથી દેવની ઉપાસના કરીને સંસારના ઉચ્છેદને અનુકૂળ સત્ત્વનો સંચય થાય એ ગૃહસ્થનો ધર્મ છે.

વળી, અતિથિની=સુસાધુની ગૃહસ્થે શક્તિ અનુસાર ભક્તિ કરવી જોઈએ જેથી સુસાધુ જેવા થવાની શક્તિનો સંચય થાય.

વળી, દીન પ્રત્યે અનુકંપા બુદ્ધિથી અન્નપાન આપવાં જોઈએ જેથી દુઃખી જીવો પ્રત્યે દયાળુ હૈયું થાય.

**(૧) દેવનું સ્વરૂપ :-**

ઉપાસ્ય દેવ કેવા હોય ? તેનું સ્વરૂપ બતાવે છે –

જેઓના ગુણથી આવર્જિત થઈને ઇન્દ્રો પણ સતત જેમની ભક્તિ કરે છે તે પુરુષવિશેષ ઉપાસ્ય દેવ છે. તેઓને અરિહંત કહેવાય છે; કેમ કે ભાવશત્રુનો નાશ કર્યો છે. તેમની અરિહંતરૂપે સ્મૃતિ કરીને ભક્તિ કરવાથી ભાવશત્રુના નાશનું વીર્ય સંચય થાય છે.

વળી, અરિહંતનું બીજું નામ અજ છે; જેમને મૃત્યુ પછી જન્મ નથી, એવા અજન્મવાળા છે અને તે રૂપે સ્મૃતિ કરીને તેમની ઉપાસના કરવાથી અજન્મ અવસ્થા પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે છે.

વળી, તેઓનું અન્ય નામ અનંત છે અર્થાત્ મુક્ત થયા પછી તેઓ ક્યારેય પણ મોક્ષઅવસ્થાના અંતને પામનારા નથી, તેથી અનંતરૂપે તેમને ઉપસ્થિત કરીને ભક્તિ કરવાથી જીવની અંત વગરની શાશ્વત અવસ્થા પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે છે.

વળી, દેવનું અન્ય નામ શંભુ છે=પૂર્ણ સુખમયવાળા છે અને તે રીતે સ્મૃતિ કરીને ભગવાનની ભક્તિ કરવાથી પૂર્ણ સુખમય એવા મોક્ષ પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે છે.

વળી, દેવનું અન્ય નામ બુદ્ધ છે=પૂર્ણ બોધવાળા છે અને તે રીતે તેમની સ્મૃતિ કરીને ભગવાનની ભક્તિ કરવાથી પૂર્ણ બોધરૂપ કેવળજ્ઞાન પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે છે.

વળી, દેવનું અન્ય નામ તમો અંતક છે અને તે રીતે સ્મૃતિ કરીને ભક્તિ કરવાથી પોતાનામાં વર્તતો અજ્ઞાનરૂપી 'તમ' ભગવાન નાશ કરનારા છે તે પ્રકારે બોધ થવાથી પોતાનામાં વર્તતા અજ્ઞાનરૂપી અંધકારના નાશ માટેનું જીવવીર્ય ઉલ્લસિત થાય છે.

**(૨) અતિથિનું સ્વરૂપ :-**

દેવનું સ્વરૂપ બતાવ્યા પછી અતિથિનું સ્વરૂપ બતાવે છે –

જે મહાત્માઓ સંસારના પારમાર્થિક સ્વરૂપને જાણનારા છે, તેથી સંસારના ઉચ્છેદ અર્થે સતત પ્રવૃત્તિવાળા છે અને શક્તિના પ્રકર્ષથી અસંગની શક્તિના સંચય અર્થે અતિવિશદ્ એવું એક આકારવાળું અનુષ્ઠાન સેવે છે અર્થાત્ જે કોઈ પ્રવૃત્તિઓ કરે છે તે સર્વ પ્રવૃત્તિઓ વીતરાગતાને અનુકૂળ મહાપરાક્રમવાળી હોવાથી એક આકારવાળા અનુષ્ઠાન રૂપ છે, તેથી તેઓના માટે આરાધના અર્થે તિથિ, પર્વ કે ઉત્સવ જેવા દિવસનો વિભાગ નથી, પરંતુ સદા પૂર્ણધર્મ સેવે છે તે અતિથિ છે. અને તે સ્વરૂપે તેમને ઉપસ્થિત કરીને તેઓને અન્નપાનદાનાદિ દ્વારા ભક્તિ કરવામાં આવે તો દાન આપનારમાં પણ તે અતિથિ તુલ્ય થવાની શક્તિનો સંચય થાય છે.

**(૩) દીનનું સ્વરૂપ :-**

દીન શબ્દનો અર્થ કરે છે –

જેઓની ધર્મ, અર્થ અને કામને સેવવાની સર્વશક્તિઓ ક્ષીણ થઈ છે તેવા જીવો ભૂતકાળનાં પાપથી અતિ દુઃખી છે અને તેઓને દયાદિ ભાવથી અન્નાદિ આપવામાં આવે તો ગૃહસ્થનું ચિત્ત દુઃખી પ્રત્યે અત્યંત દયાળુ બને છે જેથી મોક્ષને અનુકૂળ બીજની પ્રાપ્તિ થાય છે, સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે છે; કેમ કે સમ્યક્ત્વનું લિંગ અનુકંપા છે. **||૩૯||**

**અવતરણિકા :-**

**तत्र च –**

**અવતરણિકાર્થ :-**

**અને ત્યાં –**

**સૂત્ર :-**

**तदौचित्याबाधनमुत्तमनिदर्शनेन ।।४०।।**

**સૂત્રાર્થ :-**

**ઉત્તમના દૃષ્ટાંતથી, તેઓનું=દેવાદિનું ઔચિત્યનું અબાધન ગૃહસ્થનો ધર્મ છે. ||૪૦||**

**ટીકા :-**

**तेषां देवादीनामौचित्यं योग्यत्वं यस्य देवादेरुत्तममध्यमजघन्यरूपा या प्रतिपत्तिरित्यर्थः तस्य 'अबाधनम्' अनुल्लङ्घनम्, तदुल्लङ्घने शेषाः सन्तोऽपि गुणा असन्त इव भवन्ति, यत उक्तम्–**

"औचित्यमेकमेकत्र गुणानां राशिरेकतः ।
विषायते गुणग्राम औचित्यपरिवर्जितः ।।३१।।" [ ] **इति ।**

**कथं तदौचित्याबाधनमित्याह–'उत्तमनिदर्शनेन', अतिशयेन शेषलोकादूर्ध्वं वर्त्तन्त इत्युत्तमाः, ते च प्रकृत्यैव परोपकरणप्रियभाषणादिगुणमणिमकराकरोपमाना मानवाः, तेषां 'निदर्शनम्' उदाहरणं तेन, उत्तमनिदर्शनानुसारिणो हि पुरुषा उदात्तात्मतया न स्वप्नेऽपि विकृतप्रकृतयः संभवन्ति । इयं च देवादिप्रतिपत्तिर्नित्यमेवोचिता, विशेषतश्च भोजनावसर इति ।।४०।।**

**ટીકાર્થ :-**

**'तेषां' ..... भोजनावसर इति ।। તેઓનું=દેવાદિનું, ઔચિત્ય=યોગ્યત્વ=જે દેવાદિની ઉત્તમ, મધ્યમ, જઘન્યરૂપ જે પ્રતિપત્તિ તે રૂપ ઔચિત્ય, તેનું અબાધન=અનુલ્લંઘન, ગૃહસ્થનો ધર્મ છે, એમ અન્વય છે. તેના ઉલ્લંઘનમાં=ઔચિત્યના ઉલ્લંઘનમાં, શેષ વિદ્યમાન પણ ગુણો અવિદ્યમાન જેવા થાય છે=નિષ્ફળ થાય છે. જે કારણથી કહેવાયું છે –**

"એક સ્થાનમાં એક ઔચિત્ય અને એક બાજુ ગુણોનો સમુદાય, ઔચિત્યથી પરિવર્જિત એવો ગુણોનો સમુદાય વિષતુલ્ય છે અર્થાત્ જેમ વિષ મારે છે તેમ આવા ગુણોનો સમુદાય તેનો વિનાશ કરે છે. ।।૩૧।।" ()

**કેવી રીતે તેઓના ઔચિત્યનું અબાધન કરવું જોઈએ=દેવાદિના ઔચિત્યનું અબાધન કરવું જોઈએ ? એથી કહે છે –**

**ઉત્તમ દૃષ્ટાંતથી=શેષ લોકોથી અતિશયથી ઊર્ધ્વ વર્તે છે તે ઉત્તમ. અને તેઓ પ્રકૃતિથી જ પરના ઉપકારને કરનારા પ્રિય ભાષણાદિ ગુણમણિના સમૂહના આકરના=ખાણના ઉપમાવાળા માનવો છે તેઓના દૃષ્ટાંતથી ઔચિત્યનું અબાધન કરવું જોઈએ, એમ અન્વય છે. જે કારણથી ઉત્તમ નિદર્શનને અનુસરનારા પુરુષો ઉદાત્તઆત્મપણું હોવાને કારણે સ્વપ્નમાં પણ વિકૃત પ્રકૃતિવાળા થતા નથી. અને આ દેવાદિની પ્રતિપત્તિ નિત્ય જ ઉચિત છે અને વિશેષથી ભોજનના અવસરમાં છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૦।।**

**ભાવાર્થ :–**

યોગમાર્ગ અત્યંત ઉચિત પ્રવૃત્તિરૂપ છે અને યોગમાર્ગના અર્થી એવા ગૃહસ્થો પોતાની શક્તિ અનુસાર ઉત્તમ એવા દેવની, મધ્યમ એવા અતિથિની અને જઘન્ય એવા દીનની ઔચિત્યનું ઉલ્લંઘન કર્યા વિના પ્રતિપત્તિ કરે છે અને તે પણ હંમેશાં ઉત્તમ દૃષ્ટાંતથી કરે છે જેથી તેમના ઔચિત્યનું બાધન થાય નહિ.

આશય એ છે કે ભગવાનની પુષ્પપૂજા કરતાં નાગકેતુને કેવળજ્ઞાન થયું. કેમ થયું ? તેનો વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવે કે વીતરાગના ગુણોને અવલંબીને વીતરાગભાવ પ્રત્યે બહુમાનની વૃદ્ધિ થાય તે રીતે સ્વશક્તિ અનુસાર જે ગૃહસ્થ ઉત્તમ સામગ્રીથી ભક્તિ કરે છે અને ભક્તિકાળમાં વીતરાગના ગુણોને અવલંબીને વીતરાગભાવથી આત્માને ભાવિત કરવા ઉદ્યમ કરે છે તે ઉત્તમ એવા નાગકેતુના દૃષ્ટાંતથી ઔચિત્યપૂર્વકની લોકોત્તમ પુરુષને પ્રતિપત્તિ છે=ભક્તિ છે.

વળી, વિવેકી સદ્‌ગૃહસ્થ ઉત્તમ દૃષ્ટાંતથી ઔચિત્યના અનુલ્લંઘનપૂર્વક અતિથિની પ્રતિપત્તિ કરે છે. તે આ રીતે –

બલભદ્ર મુનિની ભક્તિ કરનાર કઠિયારાને બલભદ્ર મુનિની જેમ પાંચમા દેવલોકની પ્રાપ્તિ થઈ અને એકાવતારી બન્યા. તેનો વિચાર કરવામાં આવે તો ખ્યાલ આવે કે ગુપ્તિના પ્રકર્ષવાળા મુનિઓના ગુણોના સ્મરણપૂર્વક તેઓને દાન આપવાની ક્રિયાથી મધ્યમ એવા અતિથિરૂપ સાધુની ઔચિત્યપૂર્વકની ભક્તિ થાય છે અને, તેથી શીઘ્ર સંસારનો અંત થાય છે. તેથી જે ગૃહસ્થ તે કઠિયારાના દૃષ્ટાંતને લક્ષમાં રાખીને સ્વશક્તિ અનુસાર ગુણસંપન્ન એવા ગુરુના ગુણોના યથાર્થ જ્ઞાનપૂર્વક તેઓની સ્વશક્તિ અનુસાર ભક્તિ કરે છે તેનાથી પોતાનો સંસાર પરિમિત થાય છે, તેથી હું પણ તે પ્રકારે ભક્તિ કરીને સંસારનો અંત કરું એ પ્રકારના ઉત્તમ ભાવોપૂર્વક સ્વશક્તિ અનુસાર ઉત્તમ સામગ્રીથી સુસાધુની ભક્તિ કરે એ મધ્યમ એવા અતિથિની ઔચિત્યના અનુલ્લંઘનથી પ્રતિપત્તિ છે.

વળી, કોઈ વિવેકી સદ્‌ગૃહસ્થ દીન જીવોને દુઃખી જોઈને તેમના પ્રત્યે કરુણાબુદ્ધિપૂર્વક ઔચિત્યના

અબાધાથી તેઓની પ્રતિપત્તિ કરે અર્થાત્ અન્નદાનાદિ આપે તે ગૃહસ્થનો ધર્મ છે. જેમ મેઘકુમારના જીવને હાથીના ભવમાં સસલા પ્રત્યે દયાનો પરિણામ થયો જેના ફળરૂપે તે હાથીનો જીવ મનુષ્યભવને પામીને સંયમ પ્રાપ્ત કરીને સર્વાર્થસિદ્ધ નામના અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થયો. આ ઉત્તમ દૃષ્ટાંતને અવલંબીને કોઈ ગૃહસ્થ વિચારે કે દુઃખી જીવો પ્રત્યે અત્યંત કરુણાથી તેમના દુઃખો દૂર કરવાની પ્રવૃત્તિ મહાકલ્યાણનું કારણ છે માટે મેઘકુમારના જીવ એવા હાથીના દૃષ્ટાંતથી દુઃખી જીવો પ્રત્યે દયાળુ ભાવથી સ્વશક્તિ અનુસાર તેઓનાં દુઃખ દૂર કરવાની પ્રવૃત્તિ કરે તે ઔચિત્યના અનુલ્લંઘનથી જઘન્ય એવા દીનની પ્રતિપત્તિ છે.

વળી ગૃહસ્થે દેવની, અતિથિની અને દીનની પ્રતિપત્તિ નિત્ય જ કરવી જોઈએ અને વિશેષથી ભોજનના અવસરમાં કરવી જોઈએ, તેથી એ પ્રાપ્ત થાય કે સદ્‌ગૃહસ્થે પોતે જે કોઈ ભોજન કરે છે તે દેવને અર્પણ કરીને પછી ભોજન કરવું જોઈએ. ગામમાં અતિથિ=સુસાધુ વિદ્યમાન હોય તો તેઓની ભક્તિ કરીને પછી જ વાપરવું જોઈએ. કદાચ કોઈ સુસાધુનો યોગ ન હોય તો વાપરતા પૂર્વે કોઈ સુસાધુ વિહાર કરીને આવ્યા છે કે નહિ તે જાણવા યત્ન કરવો જોઈએ. તેના માટે ઉચિત સ્થાને અવલોકન કરવું જોઈએ અને જો કોઈ સુસાધુનું આગમન થયેલ હોય તો તેમની ભક્તિ કર્યા પછી જ વાપરવું જોઈએ. આ રીતે કરવાથી ક્યારેક સુસાધુનો યોગ ન હોય તોપણ દાન આપવાના અભિલાષના અતિરેકના કારણે સુપાત્રદાનના ફળની પ્રાપ્તિ થાય છે.

વળી, અનુકંપાપાત્ર જીવોને અનુકંપાદાન કરીને ભોજન કરવું જોઈએ, જેથી તેઓ પ્રત્યેનો દયાળુ ભાવ વાપરતા પૂર્વે વિશેષથી પ્રગટે.

ઉદ્ધરણમાં કહ્યું કે ઔચિત્ય વગરનો સર્વ ગુણગ્રામ વિષતુલ્ય છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે જે ગૃહસ્થ દેવપૂજા કરે છે, અતિથિની પ્રતિપત્તિ કરે છે, અનુકંપાદાન કરે છે પરંતુ ઉત્તમ દૃષ્ટાંતના અવલંબનથી દેવાદિની ભક્તિ કરીને પોતાનામાં ગુણવૃદ્ધિ થાય તે પ્રકારના કોઈ ઊહાપોહ વગર બાહ્યથી પ્રવૃત્તિ કરે છે અથવા તો તે પ્રવૃત્તિ માનપ્રતિષ્ઠાદિ માટે કરે છે કે પોતાના મોભા પ્રમાણે મારે આ કરવું જોઈએ તેવી બુદ્ધિથી કરે છે તેઓનો દાનાદિ ગુણનો સમુદાય ઔચિત્યની બાધાવાળો હોવાથી ગુણવૃદ્ધિ દ્વારા કલ્યાણનું કારણ બનતો નથી, તેથી તુચ્છ માન-પ્રતિષ્ઠા કે તુચ્છ પુણ્ય પ્રાપ્ત કરીને નાશ પામે છે, તેથી વિષ જેવો તેઓનો દાનાદિ ધર્મ છે. **॥૪૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૨૧] सात्म्यतः कालभोजनम् ।।४१।।**

**સૂત્રાર્થ :-**

**(૨૧) સાત્મ્યથી કાળે ભોજન કરવું એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૪૧।।**

**ટીકા :-**

"पानाहारादयो यस्य विरुद्धाः प्रकृतेरपि ।

सुखित्वायावकल्पन्ते तत् सात्म्यमिति गीयते ।।३२।।" [ ] **इति ।**

**एवंलक्षणात् 'सात्म्यात् काले' बुभुक्षोदयावसरलक्षणे 'भोजनम्,' अन्नोपजीवनं=कालभोजनम्, अयमभिप्रायः—आजन्म सात्म्येन भुक्तं विषमपि पथ्यं भवति, परमसात्म्यमपि पथ्यं सेवेत न पुनः सात्म्यप्राप्तमप्यपथ्यम्, सर्वं बलवतः पथ्यमिति मत्वा न कालकूटं खादेत्, सुशिक्षितो हि विषतन्त्रज्ञो म्रियते एव कदाचिद्विषात्, तथा अक्षुधितेनामृतमप्युपभुक्तं भवति विषम्, तथा क्षुत्कालातिक्रमादन्नद्वेषो देहसादश्च भवति, विध्यातेऽग्नौ किं नामेन्धनं कुर्यादिति ।।४१।।**

**ટીકાર્થ :-**

**"पानाहारादयो ..... कुर्यादिति ।।**

"જેની પ્રકૃતિથી પણ વિરુદ્ધ એવા પાનઆહારાદિ સુખીપણા માટે થાય છે તે સાત્મ્ય છે તે પ્રમાણે કહેવાય છે. ।।૩૨।।" ()

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**આવા સ્વરૂપવાળા સાત્મ્યથી બુભુક્ષાના=ભૂખના ઉદયના અવસરરૂપ કાળમાં, ભોજન=અન્નનું ગ્રહણ એ કાળે ભોજન છે. આ અભિપ્રાય છે – આજન્મ=પ્રતિદિવસ, સાત્મ્યથી ખવાયેલું વિષ પણ પથ્ય થાય છે, પરંતુ વિવેકી ગૃહસ્થ અસાત્મ્ય પણ પથ્યને સેવે છે. વળી, સાત્મ્ય પ્રાપ્ત પણ અપથ્યને સેવે નહિ. બલવાળાને બધું જ પથ્ય છે એમ માનીને કાલકૂટ ખાય નહિ. જે કારણથી સુશિક્ષિત=પ્રતિદિન થોડું થોડું વિષ ભક્ષણ કરીને શરીરને વિષ પચાવવાની શક્તિવાળો થયેલો પુરુષ વિષતન્ત્રજ્ઞ ક્યારેક વિષથી મરે જ છે. તે રીતે અક્ષુધિત એવા પુરુષ વડે અમૃત પણ વપરાયેલું વિષ થાય છે. અને ક્ષુધાકાળના અતિક્રમથી અન્નનો દ્વેષ અને દેહનો નાશ થાય છે.**

કેમ નાશ થાય છે ? એથી કહે છે –

**અગ્નિ નાશ થયે છતે=કાળના અતિક્રમને કારણે જઠરાગ્નિ શાંત થયે છતે, ઇંધણ શું કરે ? અર્થાત્ ઇંધનરૂપ આહાર જઠરાગ્નિને દીપ્ત ન કરી શકે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૧।।**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થે સાત્મ્યથી પથ્ય અને કાળે ભોજન કરવું જોઈએ, જેથી ધર્મપ્રધાન એવી કાયાનું રક્ષણ થાય; કેમ કે સદ્ગૃહસ્થ ધર્મ, અર્થ અને કામને સેવે છે તોપણ તેઓ ધર્મપ્રધાન હોય છે.

વળી, ત્રણે પણ પુરુષાર્થનું પ્રયોજન ચિત્તના સ્વાસ્થ્યની પ્રાપ્તિ છે. તેથી સુખના અર્થી જીવે વિષયોમાં મૂઢ થઈને ભોજન કરવું જોઈએ નહીં અથવા નિર્વિચારક થઈને ભોજન કરવું જોઈએ નહીં, પરંતુ ચિત્તની સ્વસ્થતા વર્તે તે માટે સાત્મ્યથી ભોજન કરવું એ ગૃહસ્થનો ઉચિત ધર્મ છે.

સાત્મ્યનું લક્ષણ કરતાં કહે છે –

જે આહાર પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ હોય તેવો પણ આહાર વાપરવાથી પચી જાય તેવું ભોજન સાત્મ્ય ભોજન કહેવાય, તેથી એ ફલિત થાય કે પોતાની પાચનશક્તિને અનુરૂપ પ્રમાણથી યુક્ત ભોજન કરવામાં આવે તો તે અવશ્ય પચે છે અને જે આહાર પ્રકૃતિથી વિરુદ્ધ છે તે પણ પોતાની પાચનશક્તિને અનુરૂપ પ્રમાણથી યુક્ત કરવામાં આવે તો તે નિયમા પચે છે. આથી જ કોઈ વ્યક્તિ પોતાની શરીરની શક્તિને અનુરૂપ પરિમિત વિષ ખાય તો તે પણ પથ્ય બને છે, તેથી સદ્ગૃહસ્થે સુખપૂર્વક પચે તેટલું પ્રમાણયુક્ત ભોજન કરવું જોઈએ જે સાત્મ્ય ભોજન કહેવાય. અને તે પણ ભોજન પથ્ય કરવું જોઈએ. અર્થાત્ પોતાની પ્રકૃતિને અનુરૂપ હોય તેવું ભોજન કરવું જોઈએ, પરંતુ પોતાને અપથ્ય ભોજન કરવું જોઈએ નહિ જેથી અકાળે દેહનો નાશ થાય નહિ.

વળી, ક્ષુધાના કાળનો અતિક્રમ કરીને ભોજન કરવું જોઈએ નહિ; કેમ કે તેમ કરવાથી પણ તે ગ્રહણ કરાયેલા આહારની વિકૃતિ થાય છે. આ રીતે વિવેકપૂર્વક ભોજન કરનાર ગૃહસ્થ આ લોકમાં સુખી થાય છે અને સાત્મ્ય ભોજન કરવાથી દેહના પ્રશ્નો ન થાય તો દેહકૃત ચિત્તની પણ સ્વસ્થતા હોવાના કારણે સુખપૂર્વક પરલોકને અનુકૂળ ઉચિત ધર્મ કરીને તે મહાત્મા પરલોકમાં પણ સુખી થાય છે. માટે શાસ્ત્રકારો ગૃહસ્થને સાત્મ્યથી કાળે ભોજન કરવાનો ઉપદેશ આપે છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૨૨] लौल्यत्यागः ॥૪૨॥

**સૂત્રાર્થ :-**

**(૨૨) લૌલ્ય=લોલુપતાનો ત્યાગ કરવો એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૪૨॥**

**ટીકા :-**

**सात्म्यतः कालभोजनेऽपि 'लौल्यस्य' आकाङ्क्षातिरेकादधिकभोजनलक्षणस्य 'त्यागः,' यतः यो मितं भुङ्क्ते स बहु भुङ्क्ते, अतिरिक्तभुक्तं हि उद्वामनहादनमारणानामन्यतमदसंपाद्य नोपरमं प्रतिपद्यते, तथा भुञ्जीत यथा सायमन्येद्युश्च न विपद्यते वह्निः, न भुक्तेः परिमाणे सिद्धान्तोऽस्ति, वह्न्यभिलाषायत्तं हि भोजनम्, अतिमात्रभोजी देहमग्निं च विधुरयति, तथा दीप्तोऽग्निर्लघुभोजनाद् देहबलं क्षपयति, अत्यशितुर्दुःखेन परिणामः, श्रमार्त्तस्य पानं भोजनं वा नियमात् ज्वराय छर्दिषे वा स्यात् ।।४२।।**

**ટીકાર્થ :-**

**सात्म्यतः ..... स्यात् ।। સાત્મ્યથી કાળે ભોજનમાં પણ લૌલ્યનો=આકાંક્ષાના અતિરેકથી અધિક ભોજનરૂપ લોલુપતાનો, ત્યાગ કરવો જોઈએ. જે કારણથી જે પુરુષ પરિમિત ભોગવે છે તે બહુ ભોગવે છે, અતિરિક્ત ખાધેલું વળી ઉદ્‌વમન=ઊલ્ટી, હાદન=ઝાડા અને મારણ=મૃત્યુ, આમાંથી અન્યતમને સંપાદન કર્યા વગર ઉપરમ પામતું નથી=ઊલ્ટી, ઝાડા અને મૃત્યુ કર્યા વગર વિરામ પામતું નથી. અને તે પ્રકારે ખાવું જોઈએ જે રીતે સાંજના કે અન્ય દિવસે અગ્નિ વિનાશ પામે નહિ=જઠરાગ્નિ મંદ થાય નહિ. ભોજનના પરિમાણમાં સિદ્ધાંત નથી, પરંતુ અગ્નિના અભિલાષને આધીન ભોજન છે અને અતિમાત્રાનું ભોજન કરનાર દેહ અને અગ્નિને ક્ષીણ કરે છે અને દીપ્ત થયેલો અગ્નિ અલ્પભોજનથી દેહબળનો ક્ષય કરે છે. અતિશય ખાનારને દુઃખથી પરિણામ પામે છે=ભોજન મુશ્કેલીથી પાચનને પામે છે અને શ્રમથી પીડાયેલાને પાન અને ભોજન નિયમથી જ્વર માટે અથવા વમન માટે થાય છે. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થ સર્વથા ભોગની લાલસા વગરના નથી, તેથી જ શરીરના શાતાના અર્થી પણ છે અને ઇષ્ટ ભોજનના પણ અર્થી છે. આમ છતાં ધર્મપ્રધાન મનોવૃત્તિવાળા છે અને ધર્મ-અર્થ-કામનું સાધન દેહ છે, તેથી ધર્મ-અર્થ અને કામને સાધવાના ઉપાયરૂપે દેહનું સમ્યક્ પાલન કરે છે, તેથી સાત્મ્યથી કાળે ભોજન કરે ત્યારે પણ ઇષ્ટ પદાર્થમાં આકાંક્ષાના અતિરેકથી અધિક ભોજન કરવારૂપ લોલુપતાનો ત્યાગ કરે છે. તેના કારણે ગ્રહણ કરાયેલો આહાર દેહની પુષ્ટિનું કારણ બને છે, પરંતુ વિકૃતિનું કારણ બનતું નથી.

વળી, આયુર્વેદમાં કહ્યું છે કે જેઓ પરિમિત ખાય છે=પોતાની પાચનશક્તિની મર્યાદાને ઓળંગીને લેશ પણ ખાતા નથી તેઓ બહુ ખાય છે; કેમ કે દેહના સ્વાસ્થ્યને કારણે લાંબું જીવે છે, રોગરહિત જીવે છે, તેથી અધિક ખાય છે. વિવેકી ગૃહસ્થ સ્વસ્થતાના ઉપાયભૂત સાત્મ્યભોજન અને લૌલ્યનો ત્યાગ કરીને સ્વસ્થતાના સુખને જ પ્રાપ્ત કરે છે તેથી તે પ્રવૃત્તિ ધર્મ બને છે. **।।૪૨।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[२३] अजीर्णे अभोजनम् ।।४३।।

**સૂત્રાર્થ :-**

**(૨૩) અજીર્ણમાં અભોજન=ભોજનનો ત્યાગ ગૃહસ્થનો ધર્મ છે. ।।૪૩।।**

**ટીકા :-**

**प्रागुपभुक्तस्य आहारस्य 'अजीर्णे' अजरणेऽजीर्णे वा तत्र परिपाकमनागते 'अभोजनं' सर्वथा भोजनपरिहारः, अजीर्णे भोजने हि अजीर्णस्य सर्वरोगमूलस्य वृद्धिरेव कृता भवति, पठ्यते च–**

"अजीर्णप्रभवा रोगास्तत्राजीर्णं चतुर्विधम् ।
आमं विदग्धं विष्टब्धं रसशेषं तथापरम् ।।३३।।
आमे तु द्रवगन्धित्वं विदग्धे धूमगन्धिता ।
विष्टब्धे गात्रभङ्गोऽत्र रसशेषे तु जाड्यता ।।३४।।" [ ]

**'द्रवगन्धित्वम्' इति द्रवस्य श्लथस्य कुथिततक्रादेरिव गन्धो यस्यास्ति तत् तथा, तद्भावस्तत्त्वमिति ।**

"मलवातयोर्विगन्धो विड्भेदो गात्रगौरवमरुच्यम् ।
अविशुद्धश्चोद्गारः षडजीर्णव्यक्तिलिङ्गानि ।।३५।।
मूर्च्छा प्रलापो वमथुः प्रसेकः सदनं भ्रमः ।
उपद्रवा भवन्त्येते मरणं चाऽप्यजीर्णतः ।।३६।।" **[सुश्रुतसंहिता १/४६/५०४]**

**'प्रसेक' इति अधिकनिष्ठीवनप्रवृत्तिः, 'सदनम्' इति अङ्गग्लानिः इति ।।४३।।**

**ટીકાર્થ :-**

**प्रागुपभुक्तस्य ..... अङ्गग्लानिः इति ।। પૂર્વમાં ખાધેલા આહારના અજરણમાં=પચીને ક્ષુધા ઉત્પન્ન કરે તે પ્રમાણેની સ્થિતિની અપ્રાપ્તિમાં, અથવા અજીર્ણમાં=અપાચનમાં, ત્યાં=બંને પ્રકારના અજીર્ણમાં, તેના પરિપાકની અપ્રાપ્તિ થયે છતે, અભોજન=સર્વથા ભોજનનો પરિહાર ગૃહસ્થનો ધર્મ છે.**

**અજીર્ણમાં ભોજન કરાયે છતે સર્વ રોગોના મૂળ એવા અજીર્ણની વૃદ્ધિ જ કરાયેલી થાય છે. અને કહેવાય છે –**

"અજીર્ણપ્રભવ રોગો છે. ત્યાં અજીર્ણ ચાર પ્રકારનું છે. આમ, વિદગ્ધ, વિષ્ટબ્ધ અને અપર રસશેષ. ॥૩૩॥

વળી, આમમાં દ્રવગંધીપણું છે=મળ ઢીલો અને દુર્ગંધવાળો થાય છે. વિદગ્ધમાં ધૂમગંધિતા છે=ધૂમાડા જેવી ગંધ છે. વિષ્ટબ્ધમાં ગાત્રભંગ છે=શરીર તૂટે છે. અપર રસશેષમાં=અજીર્ણરૂપ રસશેષમાં જડતા છે. ॥૩૪॥" ()

**'દ્રવગંધીપણાં'નો અર્થ સ્પષ્ટ કરે છે –**

**દ્રવ=શ્લથની=ઢીલા મળની, કુથિત એવી છાશાદિ જેવી ગંધ છે જેને તે તેવો છે=દ્રવગંધી છે. તેનો ભાવ=દ્રવગંધીનો ભાવ, દ્રવગંધિત્વ છે.**

"(૧-૨) મળ અને વાયુમાં વિગંધ (૩) વિડ્ભેદ=મળભેદ=એક સાથે મળ ન થાય પણ તૂટક-તૂટક આવે, (૪) શરીરની જડતા, (૫) અરુચ્ય=આહાર અરુચ્ય બને અને (૬) અવિશુદ્ધ ઓડકાર. છ અજીર્ણના વ્યક્ત લિંગો છે. ॥૩૫॥

(૧) મૂર્ચ્છા (૨) પ્રલાપ=અસંબદ્ધ બોલવું, (૩) વમથુ:=ઊલટી (૪) પ્રસેક, (૫) સદન, (૬) ભ્રમ=ચિત્તનો ભ્રમ આ ઉપદ્રવો થાય છે. અને (૭) મરણ થાય છે. ॥૩૬॥" **(સુશ્રુતસંહિતા ૧/૪૬/૫૦૪)**

**પ્રસેક=મોઢામાં થૂંકનું વારંવાર આવવું અને સદન=અંગોમાં ગ્લાનિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૩॥**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થો ધર્મપ્રધાન ત્રણ પુરુષાર્થને સેવનારા હોય છે, તેથી તેઓને અર્થ અને કામ પણ ધર્મનું અંગ બને છે તેમ દેહ પણ ધર્મનું અંગ છે, તેથી ધર્મમાં અંગભૂત દેહને સારી રીતે રક્ષણ કરવા અર્થે અજીર્ણમાં ભોજનનો ત્યાગ કરવો જોઈએ એ પ્રકારનો ગૃહસ્થનો ધર્મ છે.

અજીર્ણ બે પ્રકારે છે –

(૧) પૂર્વમાં ગ્રહસ્થે કરેલો આહાર અજીર્ણ થયો હોય તો તે સમયે લાંઘણ કરીને દેહને સ્વસ્થ કરવા માટે ગૃહસ્થે ભોજનનો ત્યાગ કરવો જોઈએ.

(૨) ભોજન કર્યા પછી તે ભોજન પચી ગયું ન હોય તેટલા અલ્પકાળમાં ફરી ભોજન કરવામાં આવે તો દેહમાં વિકૃતિ થાય માટે ભોજન કર્યા પછી તે ભોજન પચન થવા છતાં જ્યાં સુધી પરિપાકને પામે નહિ=મળ-ધાતુ આદિ રૂપે પરિણમન પામે નહિ ત્યાં સુધી સર્વથા ભોજનનો પરિહાર કરવો જોઈએ; કેમ કે અજીર્ણ હોતે છતે સર્વ રોગના મૂળભૂત અજીર્ણરૂપ રોગની જ વૃદ્ધિ ભોજનથી થાય છે. **॥૪૩॥**

**અવતરણિકા :-**

तथा –

**અવતરણિકાર્થ :-**

અને –

**સૂત્ર :-**

बलापाये प्रतिक्रिया ।।४४।।

**સૂત્રાર્થ :-**

**બળનો અપાય હોતે છતે=કોઈક રીતે શરીરબળ ક્ષીણ થયે છતે પ્રતિક્રિયા કરવી જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૪૩।।**

**ટીકા :-**

**'बलस्य' शरीरसामर्थ्यलक्षणस्य 'अपाये' कथञ्चिद् ह्रासे सति 'प्रतिक्रिया' तथाविधात्यन्तपरिश्रमपरिहारेण स्निग्धाल्पभोजनादिना च प्रकारेण प्रतिविधानं बलापायस्यैव,** "बलमूलं हि जीवितम्" **[ ] इति वचनात्, बलमुचितमपातयता सता सर्वकार्येषु यतितव्यम्, अथ कथञ्चित् कदाचिद् बलपातोऽपि कश्चिद् भवेत् तदा** "विषं व्याधिरुपेक्षितः" **[ ] इति वचनात् सद्य एवासौ प्रतिविधेयो न पुनरुपेक्षितव्य इति ।।४४।।**

**ટીકાર્થ :-**

'बलस्य' ..... इति ।। શરીરના સામર્થ્યરૂપ બળનો અપગમ થયે છતે=કોઈક રીતે નાશ થયે છતે, પ્રતિક્રિયા કરવી જોઈએ, એવા પ્રકારના અત્યંત પરિશ્રમના પરિહારથી=ક્ષીણ થયેલું શરીરબળ અધિક ક્ષીણ થાય તેવા પ્રકારના અત્યંત પરિશ્રમના પરિહારથી, અને સ્નિગ્ધ અલ્પ ભોજન આદિ પ્રકારથી બલ અપાયનું જ પ્રતિવિધાન કરવું જોઈએ=બલનો અપગમ દૂર થાય એવી પ્રવૃત્તિ કરવી જોઈએ; કેમ કે "બલમૂલ જીવિત છે" () એ પ્રકારનું વચન છે. ઉચિત બળનો નાશ ન થાય એ પ્રકારે સર્વ કાર્યમાં યત્ન કરવો જોઈએ=ધર્મ, અર્થ અને કામ એ સર્વમાં યત્ન કરવો જોઈએ. હવે કોઈક રીતે ક્યારેક કોઈક ગૃહસ્થને બળનો પાત પણ થાય=બળ ક્ષીણ પણ થાય તો "ઉપેક્ષિત એવો વ્યાધિ વિષ છે" () એ પ્રકારના વચનથી સદ્ય જ=તરત જ, આનું=બળના પાતનું, પ્રતિવિધાન કરવું જોઈએ=બળના પાતનું નિવારણ કરવું જોઈએ, પરંતુ ઉપેક્ષા કરવી જોઈએ નહિ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૪।।

**ભાવાર્થ :-**

સદ્‌ગૃહસ્થ દેહના બળથી ધર્મપ્રધાન ત્રણે પુરુષાર્થો સેવે છે. અને કોઈક નિમિત્તથી શરીરબળ ક્ષીણ થાય તો ઉચિત પ્રયત્નપૂર્વક તેની પ્રતિક્રિયા કરવામાં ન આવે તો ક્ષીણ થયેલા દેહને કારણે તે ગૃહસ્થધર્મ આદિ ત્રણ પુરુષાર્થો સમ્યક્ સેવી ન શકે, તેથી આ લોકનું પણ હિત થાય નહિ અને પરલોકનું પણ હિત થાય નહિ. ઉભયલોકના હિતના અર્થી ગૃહસ્થે ધર્મના અંગભૂત દેહના બળનો નાશ ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ અને કોઈક રીતે દેહના બળનો નાશ થાય તો ઉચિત ક્રિયા દ્વારા બળનો સંચય કરી લેવો જોઈએ તે ગૃહસ્થનો ધર્મ છે. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[२४] अदेशकालचर्यापरिहारः ।।४५।।**

**સૂત્રાર્થ :-**

**(૨૪) અદેશ અને અકાલ ચર્યાનો પરિહાર કરવો જોઈએ, એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૪૫॥**

**ટીકા :-**

**'देशकालः' प्रस्तावः, तत्र चर्या देशकालचर्या, तत्प्रतिषेधात् 'अदेशकालचर्या', तस्याः 'परिहारः,' अदेशकालचर्यापरो हि नरः तथाविधचौराद्युपद्रवव्रातविषयतया इहलोकपरलोकानर्थयोर्नियमादास्पदीभवति ।।४५।।**

**ટીકાર્થ :-**

**'देशकालः' ..... दास्पदीभवति ।। દેશકાલ પ્રસ્તાવ છે=પ્રવૃત્તિનું આલંબન છે, તેમાં=દેશકાલમાં ચર્યા તે દેશકાલ ચર્યા. તેના પ્રતિષેધથી=દેશકાલના ચર્યાના પ્રતિષેધથી અદેશકાલચર્યા પ્રાપ્ત થાય. તેનો પરિહાર ગૃહસ્થે કરવો જોઈએ. हि=જે કારણથી, અદેશકાલચર્યામાં પ્રવૃત્ત એવો મનુષ્ય તેવા પ્રકારના ચોરાદિ ઉપદ્રવના સમૂહના વિષયપણાથી આ લોક અને પરલોકમાં નિયમથી અનર્થોનું સ્થાન થાય છે. ॥૪૫॥**

**ભાવાર્થ :-**

સદ્‌ગૃહસ્થ પરલોકપ્રધાન જીવનારા છે, માર્ગાનુસારી બુદ્ધિવાળા છે. તેઓ વિચારે છે કે જે દેશમાં

જવાથી ચોરાદિના ઉપદ્રવો થાય, શરીરનાશના પ્રશ્નો આવે અથવા જે કાળમાં જવાથી સારા દેશમાં પણ ઉપદ્રવો થવાની શક્યતા હોય તેવા કાળમાં સદ્ગૃહસ્થ બહાર જાય નહિ જેથી ઉપદ્રવોને પ્રાપ્ત કરીને આ લોકમાં દુઃખી થવાનો પ્રસંગ આવે અને દેહની સ્થિતિ ખરાબ થવાથી પરલોકની સાધના પણ સમ્યગ્ થાય નહિ અને આર્તધ્યાન થવાના કારણે પરલોકનો પણ વિનાશ થાય. માટે આ લોક અને પરલોકનો વિનાશ થાય તેવી પ્રવૃત્તિનો ગૃહસ્થે અવશ્ય પરિહાર કરવો જોઈએ જે ગૃહસ્થનો ઉચિત ધર્મ છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૨૫] यथोचितं लोकयात्रा ।।४६।।**

**સૂત્રાર્થ :-**

**(૨૫) યથોચિત લોકયાત્રા=જે જીવોની સાથે જે પ્રકારનો ઉચિત વ્યવહાર હોય તે પ્રકારનો તેઓના સાથે ઉચિત વ્યવહાર, એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૪૬।।**

**ટીકા :-**

**'यथोचितं' या यस्योचिता 'लोकयात्रा' लोकचित्तानुवृत्तिरूपो व्यवहारः सा विधेया, यथोचितलोकयात्रातिक्रमे हि लोकचित्तविराधनेन तेषामात्मन्यनादेयतापरिणामापादनेन स्वलाघवमेवोत्पादितं भवति, एवं चान्यस्यापि सम्यगाचारस्य स्वगतस्य लघुत्वमेवोपनीतं स्यादिति, उक्तं च –**

"लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ।।३७।।" **[प्रशम० १३१] ।।४६।।**

**ટીકાર્થ :-**

**'यथोचितं' ..... संत्याज्यम् ।। યથાઉચિત=જેને જે ઉચિત હોય તે, લોકયાત્રા=લોકચિત્તની અનુવૃત્તિરૂપ વ્યવહાર, તે કરવી જોઈએ=લોકયાત્રા કરવી જોઈએ. हि=જે કારણથી, યથાઉચિત લોકયાત્રાનો અતિક્રમ કરાયે છતે લોકના ચિત્તના વિરાધનને કારણે તેઓને પોતાનામાં અનાદેયતાના પરિણામના આપાદનથી સ્વનું લાઘવ જ ઉત્પાદિત થાય છે. અને આ રીતે=અન્યને પોતાનું લાઘવ ઉત્પાદિત થાય એ રીતે, સ્વગત સમ્યગ્ આચારનું લઘુપણું જ અન્યને ઉપનીત થાય=અન્યને પ્રાપ્ત થાય. અને કહેવાયું છે –**

"જે કારણથી સર્વધર્મ કરનારાઓનો લોક આધાર છે તે કારણથી લોકવિરુદ્ધનો અને ધર્મવિરુદ્ધનો ત્યાગ કરવો જોઈએ. ।।૩૭।।" **(પ્રશમ-૧૩૧) ।।૪૬।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થ ભોગની લાલસાવાળા હોય છે, તેથી સંયમ ગ્રહણ કરતા નથી, તોપણ ઉત્તમ પ્રકૃતિવાળા ગૃહસ્થનો સ્વભાવ હોય છે કે પોતાની સાથે સંબંધમાં આવતા સર્વલોકોમાંથી જેની સાથે જે વ્યવહાર ઉચિત હોય તેની સાથે તે પ્રમાણે ઉચિત વ્યવહાર કરે છે. જેથી તે લોકોની કોઈક અનુચિત પ્રકૃતિ હોય તોપણ સદ્ગૃહસ્થની ઉચિત પ્રવૃત્તિને કારણે તેના પ્રત્યે આદેયતાનો પરિણામ થાય છે, તેથી તે ગૃહસ્થના ધર્મના આચારો પ્રત્યે પણ તેઓને બહુમાન થાય છે. અને જો ધર્મપ્રધાન એવા પણ ગૃહસ્થનો દરેક સાથે ઉચિત વ્યવહાર કરવાનો સ્વભાવ ન હોય તો તે ગૃહસ્થનો ધર્મ પણ અન્ય લોકો આગળ લઘુપણાને પામે છે, તેથી અન્યને પોતાના ધર્મ પ્રત્યે દુર્ભાવ કરવામાં પોતાની અનુચિત પ્રવૃત્તિ કારણ છે, તેથી ગૃહસ્થે સર્વ યત્નથી તેનો પરિહાર કરવો જોઈએ. **।।૪૬।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

हीनेषु हीनक्रमः ।।४७।। इति।

**સૂત્રાર્થ :-**

**હીન જીવોમાં હીનક્રમ ગૃહસ્થનો ધર્મ છે=વિદ્યાદિથી હીનબુદ્ધિવાળા જીવોમાં તેના હીનબોધને અનુરૂપ પ્રયત્નથી તેઓને સંપન્ન કરવા યત્ન કરવો જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૪૭।।**

**ટીકા :-**

**'हीनेषु' जातिविद्यादिभिः गुणैः स्वकर्मदोषान्नीचतां गतेषु लोकेषु 'हीनक्रमः' लोकयात्राया एव तुच्छताऽकरणरूपः, हीना अपि लोकाः किञ्चिदनुवर्तनीया इत्यर्थः, ते हि हीनगुणतयाऽऽत्मानं तथाविधप्रतिपत्तेरयोग्यं संभावयन्तो यया कयाचिदपि उत्तमलोकानुवृत्त्या कृतार्थं मन्यमानाः प्रमुदित-चेतसो भवन्तीति ।।४७।।**

**ટીકાર્થ :-**

'हीनेषु' ..... भवन्तीति ।। હીનમાં=સ્વકર્મના દોષના કારણે જાતિ-વિદ્યાદિ ગુણો વડે નીચતાને

**પામેલા, લોકોમાં=હીનતાને પામેલા લોકોમાં, હીનનો ક્રમ=લોકયાત્રાથી જ તુચ્છતાના અકરણરૂપ હીનનો ક્રમ, કરવો જોઈએ=હીન પણ લોકો કંઈક અનુવર્તનીય છે=તેમની ભૂમિકા પ્રમાણે તેઓને સંપન્ન કરવા અર્થે ઉચિત પ્રયત્ન કરવા યોગ્ય છે, તેઓ હીનગુણપણાને કારણે તેવા પ્રકારની પ્રતિપત્તિને અયોગ્ય પોતાની સંભાવના કરતાં જે કોઈક પણ ઉત્તમ લોકોની અનુવૃત્તિથી કૃતાર્થ માનતા પ્રમુદિત ચિત્તવાળા થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૭॥**

**ભાવાર્થ :-**

ધર્મી ગૃહસ્થ ધર્મપ્રધાન અર્થ-કામ પુરુષાર્થને સેવનારા હોય છે અને પ્રકૃતિથી દયાળુ હોય છે, તેથી પોતાના પરિચિત લોકોમાં પોતાનાથી હીનશક્તિવાળા જીવો પ્રત્યે દયાની બુદ્ધિવાળા હોય છે, તેથી તેવા હીનશક્તિવાળા જીવો પ્રત્યે તુચ્છતાથી વર્તન કરતા નથી, પરંતુ પોતાની શક્તિ અનુસાર તેઓને અર્થઉપાર્જન આદિ ઉચિત કૃત્યોમાં જોડે છે અને તે હીનગુણવાળા જીવો પણ આવા શક્તિ સંપન્ન જીવોના પોતાના પ્રત્યેના ઉચિત વર્તનથી પ્રમોદિત થાય છે. તેના કારણે હીનગુણવાળા પણ જીવો તેવા શક્તિસંપન્ન ગૃહસ્થની પ્રેરણાના બળથી ધર્મ આદિ પુરુષાર્થ સેવીને આ લોક અને પરલોકમાં સુખી થાય તેવી સંભાવના રહે છે. અને આ રીતે હીન એવા પણ લોકોમાં તેઓની ભૂમિકા અનુસાર હીન એવા ક્રમથી તેમનું હિત કરવામાં આવે તો પોતાની પણ ઉત્તમ પ્રકૃતિ બને છે. **॥૪૭॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[२६] अतिसङ्गवर्जनम् ।।४८।।

**સૂત્રાર્થ :-**

**(૨૬) અતિસંગનું વર્જન ગૃહસ્થનો ધર્મ છે. ॥૪૮॥**

**ટીકા :-**

**'अतिसङ्गस्य' अतिपरिचयलक्षणस्य सर्वैरेव सार्द्धं 'वर्जनं' परिहरणम्, यतः अतिपरिचयाद् भवति गुणवत्यप्यनादरः, पठ्यते च –**

"अतिपरिचयादवज्ञा भवति विशिष्टेऽपि वस्तुनि प्रायः ।
लोकः प्रयागवासी कूपे स्नानं सदा कुरुते ।।३८।।" [ ] ।।४८।।

**ટીકાર્થ :-**

**અતિપરિચયરૂપ અતિસંગનું સર્વની સાથે જ વર્જન કરવું જોઈએ જે કારણથી અતિપરિચયના કારણે ગુણવાનમાં પણ અનાદર થાય છે અને કહેવાય છે –**

"અતિપરિચયથી વિશિષ્ટ પણ વસ્તુમાં પ્રાયઃ અવજ્ઞા થાય છે. કૂપમાં પ્રયાગવાસી લોક સ્નાન સદા કરે છે (તેથી પ્રયાગ પ્રત્યે તેઓને અવજ્ઞા રહે છે એમ અધ્યાહાર છે.) ॥૩૮॥" **() ॥૪૮॥**

**ભાવાર્થ :-**

"ગૃહસ્થે સર્વ જીવોની સાથે અતિપરિચયનું વર્જન કરવું જોઈએ" એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે અયોગ્યની સાથે તો પરિચય કરવો જોઈએ નહિ. કોઈક કારણથી તેનો પરિચય કરવો પડે તોપણ તેનાથી પોતાને તેના દોષની પ્રાપ્તિ ન થાય તે રીતે પોતાના પ્રયોજન પૂરતો જ પરિચય કરવો જોઈએ અને ગુણવાન સાથે ગુણવૃદ્ધિ માટે જ્યારે જ્યારે ઉપયોગિતા જણાય ત્યારે ત્યારે અવશ્ય પરિચય કરવો જોઈએ. પરંતુ તેવું કોઈ પ્રયોજન ન હોય છતાં ગુણવાન સાથે પરિચય કરવામાં આવે તો ગુણવાનના ગુણોનું મહત્ત્વ ઓછું થવાની સંભાવના રહે અને રોજના પરિચયથી ગુણવાનના ગુણો પ્રત્યેના અનાદરને કારણે ગુણવાનની આશાતના થાય તેના પરિહાર અર્થે ગુણવૃદ્ધિના પ્રયોજન વગર તેના પરિચયનું વર્જન કરવું જોઈએ. જેમ પ્રયાગ તીર્થમાં વસનારા રોજ પ્રયાગના ઝરણામાં સ્નાન કરતા હોય, તેથી તેઓને તે પ્રયાગતીર્થનું કોઈ મહત્ત્વ ભાસતું નથી તેમ ગુણવાન પ્રત્યે અનાદર થાય તો અહિત થાય તે અર્થે ગુણવાનની સાથે પણ અતિ પરિચયનું વર્જન કરવું જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે એમ કહેલ છે. **॥૪૮॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૨૭] वृत्तस्थज्ञानवृद्धसेवा ॥४९॥**

**સૂત્રાર્થ :-**

**(૨૭) "વૃત્તમાં રહેલા જ્ઞાનવૃદ્ધની સેવા" એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૪૯॥**

**ટીકા :-**

**'वृत्तम्' असदाचारनिवृत्तिः सदाचारप्रवृत्तिश्च, 'ज्ञानं' पुनः हेयोपादेयवस्तुविभागविनिश्चयः,**

**ततः वृत्ते तिष्ठन्तीति वृत्तस्थाः, ज्ञानेन वृद्धा महान्तः ज्ञानवृद्धाः, वृत्तस्थाश्च ते ज्ञानवृद्धाश्च 'वृत्तस्थज्ञानवृद्धाः', तेषां 'सेवा' दरिद्रेश्वरसेवाज्ञातसिद्धाऽऽराधना, सम्यग्ज्ञानक्रियागुणभाजो हि पुरुषाः सम्यक् सेव्यमाना नियमात् सदुपदेशादिफलैः फलन्ति, यथोक्तम् –**

"उपदेशः शुभो नित्यं दर्शनं धर्मचारिणाम् ।

स्थाने विनय इत्येतत् साधुसेवाफलं महत् ।।३९।।" **[शास्त्रवार्त्ता० ७] ।।४९।।**

**ટીકાર્થ :-**

**'वृत्तम्' ..... महत् ।। અસદ્ આચારની નિવૃત્તિ અને સદાચારની પ્રવૃત્તિ વૃત્ત છે. વળી, હેય-ઉપાદેય વસ્તુના વિભાગનો નિર્ણય જ્ઞાન છે. ત્યારપછી વૃત્તમાં રહે છે તે વૃત્તસ્થ એમ સમાસ કરવો અને જ્ઞાનથી વૃદ્ધ=મહાન, તે જ્ઞાનવૃદ્ધ અને વૃત્તસ્થ એવા તે જ્ઞાનવૃદ્ધો એટલે વૃત્તસ્થજ્ઞાનવૃદ્ધો. તેઓની સેવા=દરિદ્ર પુરુષ શ્રીમંતની સેવા કરે એ દૃષ્ટાંતથી સિદ્ધ એવી આરાધના.**

કેમ વૃત્તસ્થ જ્ઞાનવૃદ્ધની સેવા કરવી જોઈએ ? એથી કહે છે –

**સમ્યગ્જ્ઞાન અને ક્રિયાગુણથી યુક્ત એવા પુરુષો સમ્યગ્ સેવા કરાતા નિયમથી સદુપદેશ આદિ ફલો વડે ફલવાન થાય છે=ઉપકારક થાય છે. જે કારણથી કહેવાયું છે –**

"નિત્ય શુભ ઉપદેશ, ધર્મચારીઓનું દર્શન, સ્થાને વિનય એ સાધુ સેવાનું મહાન ફલ છે. ।।૩૯।।" **(શાસ્ત્રવાર્તા૦ ગાથા-૭) ।।૪૯।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સંસારના આરંભ-સમારંભથી નિવૃત્ત થયા છે અને સંસારના ઉચ્છેદને અનુકૂળ એવા સદાચારમાં પ્રવૃત્ત છે અને આત્માને માટે હેય શું છે અને ઉપાદેય શું છે તેના વિભાગને જાણનારા છે તેઓ વૃત્તસ્થ જ્ઞાનવૃદ્ધ પુરુષો છે.

આશય એ છે કે સંસારનું પારમાર્થિક સ્વરૂપ જેઓએ જાણ્યું છે અને, તેથી કર્મબંધના કારણભૂત એવા આત્માના ભાવો જેઓને હેય જણાય છે અને તેવા ભાવોની નિષ્પત્તિને અનુકૂળ એવી ક્રિયાઓ જેઓને હેય જણાય છે. તેમજ સંસારથી મુક્ત થવાના ઉપાયભૂત એવા ઉત્તમ ભાવો જેઓને ઉપાદેય જણાય છે અને તેવા ભાવોની નિષ્પત્તિને અનુકૂળ સ્વ-સ્વ ભૂમિકાની ઉચિત પ્રવૃત્તિઓ જેઓને ઉપાદેય જણાય છે તેઓ જ્ઞાનવૃદ્ધ છે. તેવા જ્ઞાનવૃદ્ધ પુરુષો સ્વશક્તિ અનુસાર સંસારના ભાવોના નિવર્તન અર્થે અને મોક્ષને અનુકૂળ ભાવોની નિષ્પત્તિ અર્થે ઉચિત ક્રિયાઓ કરે છે, તેવા વૃત્તસ્થ જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરવી જોઈએ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે તેઓની સેવા કરવી એટલે શું ? એથી કહે છે –

જેમ દરિદ્ર પુરુષ શ્રીમંત પુરુષની સેવા કરે અર્થાત્ તેના વચન અનુસાર સર્વ પ્રવૃત્તિ કરે એ દૃષ્ટાંતથી સિદ્ધ એવી તે મહાત્માની આરાધના કરવી જોઈએ. અર્થાત્ તે મહાત્માની પાસે વિનયપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ.

કેમ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ ? એથી કહે છે –

સમ્યક્જ્ઞાન અને સમ્યક્ આચારથી યુક્ત પુરુષોની કોઈ સમ્યક્ સેવા કરે તો તે સેવા કરનારની યોગ્યતા અનુસાર તે મહાત્માઓ અવશ્ય તેને સદ્ઉપદેશ આપીને તેનું હિત કરે છે. આથી જ ઉદ્ધરણમાં કહ્યું કે સાધુસેવાનાં ત્રણ ફળો છે. (૧) નિત્ય શુભ ઉપદેશ : તેથી જેઓ મહાત્માની સેવા કરે છે તેના ફળરૂપે તેઓને નિત્ય સન્માર્ગની અવશ્ય પ્રાપ્તિ થાય છે. (૨) ધર્મચારીઓનું દર્શન : તેથી જેઓ ઉત્તમ પુરુષોની સેવા કરે છે ત્યારે તેઓનું દર્શન થાય છે, તેથી તેઓમાં વર્તતા ઉત્તમ ગુણો પ્રત્યે પક્ષપાત વધે છે જે સાધુસેવાનું ફળ છે. (૩) સ્થાને વિનય : ઉત્તમ પુરુષોની વિનયપૂર્વક સેવા કરવાથી ગુણવાન પુરુષો પ્રત્યે બહુમાનના ભાવની વૃદ્ધિરૂપ વિનયની પ્રાપ્તિ થાય છે જે સાધુસેવાનું ફળ છે. **॥૪૯॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૨૮] परस्परानुपघातेनान्योऽन्यानुबद्धत्रिवर्गप्रतिपत्तिः ।।५०।।

**સૂત્રાર્થ :-**

**(૨૮) પરસ્પર અનુપઘાતથી અન્યોન્ય અનુબદ્ધ એવા ત્રિવર્ગરૂપ ધર્મ, અર્થ અને કામની પ્રતિપત્તિ=સેવન ગૃહસ્થનો ધર્મ છે. ।।૫૦।।**

**ટીકા :-**

**इह धर्मार्थकामास्त्रिवर्गः, तत्र यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः, यतः सर्वप्रयोजनसिद्धिः सोऽर्थः, आभिमानिकरसानुविद्धा यतः सर्वेन्द्रियप्रीतिः स कामः, ततः 'परस्परस्य' अन्योऽन्यस्य 'अनुपघातेन' अपीडनेन, अत एव 'अन्योऽन्यानुबद्धस्य' परस्परानुबन्धप्रधानस्य 'त्रिवर्गस्य प्रतिपत्तिः' आसेवनम्, तत्र धर्मार्थयोरुपघातेन तादात्विकविषयसुखलुब्धो वनगज इव को नाम न भवत्यास्पदमापदाम्? धर्मातिक्रमाद्धनमुपार्जितं परेऽनुभवन्ति, स्वयं तु परं पापस्य भाजनं सिंह इव सिन्धुरवधात्, बीजभोजिनः कुटुम्बिन इव नास्त्यधार्मिकस्यायत्यां किमपि कल्याणम्, स खलु सुखी योऽमुत्रसुखाविरोधेनेहलोकसुखमनुभवति, तस्माद्धर्माबाधनेन कामाऽर्थयोर्मतिमता यतितव्यम्, यस्त्वर्थ-कामावुपहत्य धर्ममेवोपास्ते तस्य यतित्वमेव श्रेयो न तु गृहवासः, इति तस्यार्थकामयोरप्याराधनं श्रेय**

इति । तथा तादात्त्विकमूलहरकदर्याणां नासुलभः प्रत्यवायः, तत्र यः किमप्यसंचिन्त्यो-(त्यो)त्पन्नमर्थमपव्येति स तादात्विकः, यः पितृपैतामहमर्थमन्यायेन भक्षयति स मूलहरः, यो भृत्यात्मपीडाभ्यामर्थं संचिनोति न तु क्वचिदपि व्ययते स कदर्यः, तादात्विकमूलहरयोरायत्यां नास्ति कल्याणम्, किन्त्वर्थभ्रंशेन धर्मकामयोर्विनाश एव, कदर्यस्य त्वर्थसंग्रहो राजदायाद-तस्काराणामन्यतमस्य निधिः, न तु धर्मकामयोर्हेतुः, अत एतत्पुरुषत्रयप्रकृतिपरिहारेण मतिमता अर्थोऽनुशीलनीयः, तथा नाजितेन्द्रियस्य कापि कार्यसिद्धिरस्ति, न कामासक्तस्य समस्ति चिकित्सितम्, न तस्य धनं धर्मः शरीरं वा यस्य स्त्रीष्वत्यन्तासक्तिः, विरुद्धकामवृत्तिर्न चिरं नन्दति, अतो धर्मार्थाबाधनेन कामे प्रवर्त्तितव्यमिति पर्यालोच्य परस्पराविरोधेन धर्मार्थकामासेवनमुपदिष्टमिति ।।५०।।

**ટીકાર્થ :-**

**इह ..... उपदिष्टमिति ।। અહીં=સંસારમાં, ધર્મ-અર્થ અને કામ એ ત્રિવર્ગ છે. તેમાં=ત્રિવર્ગમાં, જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ છે=સદ્ગતિ અને મોક્ષની પ્રાપ્તિ છે તે ધર્મ છે. જેનાથી સર્વ પ્રયોજનની સિદ્ધિ છે=ધર્મ-અર્થ અને કામરૂપ ત્રણે પ્રયોજનની સિદ્ધિ છે, તે અર્થ છે. જેનાથી આભિમાનિક રસથી અનુવિદ્ધ સર્વ ઈન્દ્રિયની પ્રીતિ છે તે કામ છે.**

ત્રિવર્ગનો અર્થ કર્યા પછી સૂત્રનો સમાસ બતાવે છે –

**ત્યારપછી પરસ્પર ધર્મ-અર્થ અને કામ અન્યોન્યના અનુપઘાતથી=અપીડનથી, આથી જ=અન્યોન્યના અનુપઘાતથી ત્રિવર્ગનું સેવન કરવાનું છે આથી જ, અન્યોન્ય અનુબદ્ધ એવા=પરસ્પર પ્રવાહ પ્રધાન એવા, ત્રિવર્ગની પ્રતિપત્તિ=ત્રિવર્ગનું આસેવન ગૃહસ્થનો ધર્મ છે. ત્યાં=ત્રિવર્ગમાં, ધર્મ-અર્થના ઉપઘાતથી તાત્કાલિક વિષયસુખમાં લુબ્ધ વનના હાથીની જેમ કોણ આપત્તિનું સ્થાન ન બને ? અર્થાત્ આપત્તિનું સ્થાન અવશ્ય બને. ધર્મના અતિક્રમથી ઉપાર્જિત એવું ધન પર અનુભવે છે, સ્વયં વળી પાપનું પરમ ભાજન થાય છે, જેમ હાથીના વધથી સિંહ પાપનું પરમ ભાજન થાય છે. વળી બીજભોજી કુટુંબીની જેમ અધાર્મિકને ભવિષ્યમાં કંઈ પણ કલ્યાણ નથી તે ખરેખર સુખી છે જે પરલોકના સુખના અવિરોધથી આ લોકમાં સુખનો અનુભવ કરે છે, તેથી ધર્મના અબાધથી કામ અને અર્થમાં મતિમાન પુરુષે યત્ન કરવો જોઈએ. વળી, જે ગૃહસ્થ અર્થ-કામનો વિનાશ કરીને ધર્મ જ સેવે છે તેને યતિપણું જ શ્રેય છે, પણ ગૃહવાસ નહિ. એથી તેને=ગૃહસ્થને, અર્થ કામનું આરાધન પણ શ્રેય છે.**

વળી, ત્રણ પ્રકારના જીવો છે જેઓ ત્રિવર્ગની સમ્યક્ સાધના કર્યા વગર અહિત સાધે છે તે બતાવે છે –

**અને તાદાત્વિક=તત્કાલ જોનાર એવા ભોગપ્રધાન જીવો, મૂલહર=ધર્મનિરપેક્ષ અર્થ-કામમાં જીવનાર જીવો, અને કંજૂસ=ધનનો વ્યય કર્યા વગર માત્ર સંચયમાં યત્ન કરનારા જીવો; આ ત્રણે પ્રકારના જીવોને અનર્થો અસુલભ નથી. તેમાં=તે ત્રણ પ્રકારના જીવોમાં, જે પ્રાપ્ત થયેલું ધન સંચય કરતો નથી પરંતુ ભોગમાં વાપરી નાખે છે તે તાદાત્વિક છે=તત્કાલ સુખને જોનારો છે. જે પિતા-દાદા આદિનું ધન અન્યાયથી ભક્ષણ કરે છે તે મૂલહર છે=પૂર્વજોથી પ્રાપ્ત થયેલા ધનને મૂલથી હરનાર છે પરંતુ ત્રિવર્ગને સાધવામાં ધનનો ઉપયોગ કરતો નથી. જે નોકરવર્ગ અને પોતાની પીડા દ્વારા અર્થાત્ અતિ કરકસર કરીને જીવીને અર્થનો સંચય કરે છે પરંતુ ધર્મ કે ભોગમાં ક્યાંય વાપરતો નથી તે કંજૂસ કહેવાય. આ ત્રણ પ્રકારના પુરુષમાંથી તાદાત્વિક અને મૂલહર જીવોને ભવિષ્યમાં કલ્યાણ નથી પરંતુ અર્થના ભ્રંશથી ધર્મ અને કામનો વિનાશ જ છે અને કંજૂસ લોકોનો અર્થસંગ્રહ રાજા, વારસદાર કે ચોર અન્યતમનું ધન છે પરંતુ ધર્મ-કામનો હેતુ નથી. આથી જ પુરુષત્રયની પ્રકૃતિના પરિહારથી=તાદાત્વિક, મૂલહર અને કંજૂસરૂપ પુરુષત્રયની પ્રકૃતિના પરિહારથી, બુદ્ધિમાને અર્થનું અનુશીલન કરવું જોઈએ=અર્થનો ઉચિત વ્યય કરવો જોઈએ. અને અજિતેન્દ્રિયને=કામપ્રધાન જીવને કોઈપણ કાર્યસિદ્ધિ નથી. કામાસક્તને ચિકિત્સિત કાંઈ નથી=ચિકિત્સા કરી શકાય એવું કૃત્ય કાંઈ નથી.**

કેમ કામાસક્તને કોઈ ચિકિત્સા કરી શકાય એવું કૃત્ય નથી ? એથી કહે છે –

**તેનું ધન, ધર્મ અને શરીર નથી જેને સ્ત્રીઓમાં અત્યંત આસક્તિ છે. વિરુદ્ધ કામવૃત્તિવાળો જીવ લાંબા સમય સુધી સુખી રહેતો નથી. આથી ધર્મ-અર્થના અબાધથી કામમાં યત્ન કરવો જોઈએ એ પ્રમાણે પર્યાલોચન કરીને પરસ્પર અવિરોધથી=ધર્મ, અર્થ અને કામ ત્રણેના પરસ્પર અવિરોધથી, ધર્મ-અર્થ-કામનું સેવન ગૃહસ્થને ઉપદિષ્ટ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થો હંમેશાં વૃત્તસ્થ અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરીને શુભ ઉપદેશથી વાસિત અંતઃકરણવાળા હોય છે, તેથી તેઓને સર્વ ઉદ્યમથી ધર્મ જ સેવવા જેવો છે તેવી સ્થિરબુદ્ધિ હોય છે; આમ છતાં પૂર્ણધર્મ સેવવાની પોતાની શક્તિ નથી, તેથી ગૃહસ્થ અવસ્થા સ્વીકારે છે અને ગૃહસ્થ અવસ્થામાં ધર્મ-અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થ અન્યોન્ય પ્રવાહથી વૃદ્ધિ પામે તે રીતે સેવે છે કે જેથી આ લોકમાં અને પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય.

જે ગૃહસ્થો ધર્મપ્રધાન અર્થ-કામને સેવે છે તેનાથી વર્તમાનમાં પણ પુણ્ય જાગ્રત થાય છે, તેથી અધિક ધન આદિની પ્રાપ્તિ થાય છે. વળી, ધર્મપ્રધાન ત્રણ પુરુષાર્થ સેવેલા હોવાના કારણે ભવાંતરમાં વૈભવસંપન્ન

ભવ મળે છે જ્યાં અર્થ અને કામ પણ વિપુલ પ્રમાણમાં મળે છે અને ત્યાં પણ ધર્મપ્રધાન મતિના સંસ્કારો જાગ્રત થાય છે, તેથી વર્તમાનમાં સેવેલા ધર્માદિ ત્રણે પુરુષાર્થ પરસ્પર અનુબંધપ્રધાન બને છે=ઉત્તર-ઉત્તરના ભવોમાં વિશેષ વિશેષ પ્રાપ્ત થાય છે.

ત્યાં ધર્મપુરુષાર્થ શું છે ? તે પ્રથમ બતાવતાં કહે છે –

જે ધર્મના સેવનથી અભ્યુદય અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે તે ધર્મ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ગૃહસ્થ સ્વભૂમિકા અનુસાર દાન-શીલ-તપ-ભાવ એ ચાર પ્રકારનો ધર્મ સેવે છે. તે ધર્મસેવનકાલમાં દેવ-ગુરુ પ્રત્યે અને ગુણવાન પ્રત્યે જે બહુમાન છે તેનાથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે જે અભ્યુદયનું કારણ છે અને સ્વશક્તિ અનુસાર ધર્મસેવનકાલમાં જે ગુણનિષ્પત્તિનો યત્ન થાય છે તેના દ્વારા પ્રગટ થયેલા ગુણો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષનું કારણ બને છે. માટે સ્વભૂમિકા અનુસાર દાનાદિ ચારે પ્રકારે સેવાયેલો ધર્મ અભ્યુદય અને પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

હવે અર્થપુરુષાર્થ શું છે ? તે બતાવતાં કહે છે –

જેનાથી સર્વપ્રયોજનોની સિદ્ધિ છે=ધર્મ-અર્થ અને કામરૂપ બધાં પ્રયોજનોની સિદ્ધિ છે, તે અર્થ છે.

આશય એ છે કે સદ્ગૃહસ્થનું ધન ભગવદ્ભક્તિ આદિ કાર્યોમાં વપરાય છે જેના દ્વારા આત્મામાં ધર્મની નિષ્પત્તિ થાય છે, તેથી અર્થ ધર્મનિષ્પત્તિનું કારણ છે. વળી, પ્રાપ્ત થયેલા અર્થથી અધિક ધનનું અર્જન થાય છે, તેથી ધનથી અર્થ-પુરુષાર્થની પણ સિદ્ધિ છે. અને ધનથી ભોગોની પ્રાપ્તિ થાય છે, તેથી ધનથી કામ-પુરુષાર્થની પણ સિદ્ધિ છે.

હવે કામપુરુષાર્થ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

આભિમાનિક એવા રસથી યુક્ત એવી સર્વ ઇન્દ્રિયોની પ્રીતિ એ કામ છે. આશય એ છે કે જેને જે ઇન્દ્રિયોના વિષયોમાં ઉત્સુકતા હોય તેને તે ઇન્દ્રિયના વિષયોની પ્રાપ્તિમાં અભિમાન થાય છે અર્થાત્ વિકલ્પ થાય છે કે આ મને સુખાકારી છે, તેથી તે ભોગમાં તે ઇન્દ્રિયોથી જે પ્રીતિ થાય છે તે કામ છે.

આનાથી એ ફલિત થાય કે વિવેકી ગૃહસ્થને જ્ઞાન છે કે મારામાં વિકારો છે, તેથી તે તે ભોગોમાં આનંદ થાય છે અને વિકારના શમનનો ઉપાય ધર્મ છે, આમ છતાં પૂર્ણ ધર્મ સેવવાનું સામર્થ્ય નથી. કદાચ બળપૂર્વક આખો દિવસ ધર્મનાં અનુષ્ઠાનો સેવે તોપણ વિકારો ચિત્તમાં હોવાથી ધર્મની આચરણા દ્વારા અંતરંગ ધર્મ નિષ્પન્ન થાય તેમ નથી, તેથી ધર્મ નિષ્પત્તિમાં બાધક એવા કામને યતનાપૂર્વક સેવીને શાંત થયેલું ચિત્ત ધર્મમાં ઉદ્યમ કરી શકે છે, તેથી પોતાની ધર્મવૃદ્ધિમાં બાધ ન થાય તે રીતે ગૃહસ્થ કામને સેવે છે.

વળી, ગૃહસ્થ વિચારે છે કે સાધુની જેમ સર્વ ત્યાગથી હું ધર્મ સેવી શકું તેમ નથી પરંતુ દેવ-ગુરુની ભક્તિ દ્વારા કે ઉત્તમ કાર્યો દ્વારા ગુણ પ્રત્યેના પક્ષપાતને કેળવી શકું તેમ છું, તેથી મારા ધર્મની વૃદ્ધિમાં

ધન પણ અંગ છે; કેમ કે ઉત્તમ દ્રવ્યથી ભગવદ્ભક્તિ આદિ દ્વારા મારામાં ધર્મવૃદ્ધિ થાય તેમ છે, તેથી ધર્મવૃદ્ધિના અંગભૂત અને પ્રસંગે કામના પણ અંગભૂત એવા અર્થ-પુરુષાર્થને ધર્મની બાધા વગર સદ્ગૃહસ્થ સેવે છે, તેથી તેવા ગૃહસ્થના ધર્મ-અર્થ અને કામ ત્રણે પુરુષાર્થો આ લોકમાં સુખનાં કારણ બને છે; કેમ કે ત્રણે પુરુષાર્થના સેવનકાળમાં ચિત્તને કાંઈક સ્વાસ્થ્યનો અનુભવ થાય છે જે સુખના વેદનરૂપ છે. ફક્ત ધર્મપુરુષાર્થકાળમાં જેવું ચિત્તનું સ્વાસ્થ્ય વિવેકી જીવને છે તેવું અર્થ-કામની પ્રાપ્તિકાળમાં નથી, છતાં ઇચ્છા પ્રમાણે અર્થની પ્રાપ્તિથી અને ભોગનાં સેવનથી કાંઈક ચિત્તસ્વસ્થતાનો અનુભવ જીવ કરે છે. તેથી સુખરૂપ છે. અને ધર્મથી નિયંત્રિત અર્થ-કામ હોવાથી પરલોકમાં પણ અહિતનું કારણ બનતા નથી. માટે અભ્યુદયની પ્રાપ્તિ દ્વારા પરલોકના સુખનાં કારણ બને છે અને અંતે મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે. **॥૫૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**अन्यतरबाधासंभवे मूलाबाधा ।।५१।।**

**સૂત્રાર્થ :-**

**અન્યતરના બાધાના સંભવમાં=ધર્મ-અર્થ અને કામમાંથી કોઈના બાધાના સંભવમાં મૂલની=અર્થ અને કામના મૂલ એવા ધર્મની અને કામના મૂલ એવા અર્થની, અબાધા કરવી જોઈએ. ।।૫૧।।**

**ટીકા :-**

**अमीषां धर्मार्थकामानां मध्ये 'अन्यतरस्य' उत्तरोत्तरलक्षणस्य पुरुषार्थस्य 'बाधासंभवे' कुतोऽपि विषमप्रघट्टकवशाद् विरोधे संपद्यमाने सति, किं कर्त्तव्यमित्याह–'मूलाबाधा', यो यस्य पुरुषार्थस्य 'धर्मार्थकामाः त्रिवर्गः' इति क्रममपेक्ष्य 'मूलम्' आदिमस्तस्य 'अबाधा' अपीडनम्, तत्र कामलक्षण-पुरुषार्थबाधायां धर्मार्थयोर्बाधा रक्षणीया, तयोः सतोः कामस्य सुकरोत्पादत्वात्, कामार्थयोस्तु बाधायां धर्म एव रक्षणीयः, धर्ममूलत्वादर्थकामयोः, अत एवोक्तम् –**

"धर्मश्चेन्नावसीदेत कपालेनापि जीवतः ।

आढ्योऽस्मीत्यवगन्तव्यं धर्मवित्ता हि साधवः ।।४०।।" **[ ] इति ।।५१।।**

**ટીકાર્થ :-**

**अमीषां ..... साधवः ।। આ ધર્મ-અર્થ અને કામમાંથી અન્યતરની=ઉત્તરોત્તરરૂપ પુરુષાર્થની બાધાનો સંભવ હોતે છતે=કોઈક વિષમ સંયોગને વશ વિરોધ પ્રાપ્ત થયે છતે શું કરવું જોઈએ ? એથી કહે છે –**

**મૂલની અબાધા કરવી જોઈએ=ધર્મ-અર્થ અને કામરૂપ ત્રિવર્ગ એ ક્રમની અપેક્ષાએ જે પુરુષાર્થનું જે મૂલ છે=પ્રથમ છે, તેની અબાધા=અપીડન, કરવું જોઈએ. ત્યાં=ત્રણ પુરુષાર્થમાં, કામરૂપ પુરુષાર્થની બાધામાં ધર્મ-અર્થની બાધાનું રક્ષણ કરવું જોઈએ; કેમ કે ધર્મ અને અર્થ હોતે છતે કામની સુલભતાથી પ્રાપ્તિ છે. વળી કામ અને અર્થની બાધામાં ધર્મનું રક્ષણ કરવું જોઈએ; કેમ કે અર્થ-કામનું ધર્મ મૂલપણું છે.**

**આથી જ કહેવાયું છે –**

"કપાલ વડે પણ જીવનથી=ઠીકરા વડે પણ જીવનથી ધર્મ જો સીદાય નહિ. હું ધનાઢ્ય છું એ પ્રમાણે જાણવું જોઈએ જે કારણથી ધર્મરૂપી ધનવાળા ઉત્તમ પુરુષો હોય છે. ॥૪૦॥" **( )**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૫૧॥**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થ ધર્મ-અર્થ અને કામ પરસ્પર અવિરુદ્ધ રીતે સેવે છે; આમ છતાં કોઈક એવા વિષમ સંજોગો પ્રાપ્ત થાય ત્યારે તે ત્રણમાંથી કોની બાધાથી કોનું રક્ષણ કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

કામની બાધાથી પણ ધર્મ અને અર્થનું રક્ષણ કરવું જોઈએ અને અર્થ અને કામ બન્નેની બાધામાં પણ ધર્મનું રક્ષણ કરવું જોઈએ. જેમ કોઈ પુરુષને કોઈક પ્રકારના ઇન્દ્રિયના વિષયની ઇચ્છા હોય અને તે ઇન્દ્રિયના વિષયમાં પ્રવૃત્ત હોય ત્યારે કોઈક એવા વિષમ સંજોગો પ્રાપ્ત થાય ત્યારે ધર્મ અને ધનનો નાશ થાય તેમ હોય અને પોતાના પ્રયત્નથી ધર્મ અને ધનનું રક્ષણ થાય તેમ હોય તો તે કામની બાધા કરીને પણ ધર્મ અને ધનનું રક્ષણ કરવું જોઈએ; કેમ કે ધર્મ અને ધનથી કામની સિદ્ધિ છે.

વળી, કોઈ વ્યક્તિને ઇષ્ટ એવા કામની બાધા થાય તેમ છે અને અર્થની બાધા પણ થાય તેમ છે અને તે બાધાને દૂર કરવા યત્ન કરે તો ધર્મની બાધા થાય તેમ છે તે વખતે અર્થ-કામની બાધાથી પણ ધર્મનું રક્ષણ કરવું જોઈએ; કેમ કે રક્ષણ કરાયેલો ધર્મ અર્થ-કામની પ્રાપ્તિનું કારણ પણ બનશે જેથી કદાચ આ ભવમાં અર્થ-કામની બાધા થાય તોપણ રક્ષણ કરાયેલો ધર્મ જન્માંતરમાં ધર્મ-અર્થ-કામ ત્રણેયની પ્રાપ્તિ કરાવીને કલ્યાણની પરંપરાનું કારણ બનશે.

જેમ કોઈ શ્રેષ્ઠીપુત્રે પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતમાં પોતાના પરિગ્રહ કરતાં પણ વધુ વિપુલ પ્રમાણમાં પરિગ્રહનું પ્રમાણ રાખેલ. પરંતુ પરિગ્રહ પરિમાણ વ્રતમાં રાજ્ય નહિ ગ્રહણ કરવાનો અભિગ્રહ ગ્રહણ

કરેલ. કોઈક દેવે તેની પરીક્ષા અર્થે તેના ગમનસ્થાનમાં કોઈક નગરને મનુષ્યની વસ્તી વગરનું કરેલ અને ત્યાંના રાજાના રાજમહેલમાં રાજકન્યાને લાવીને રાખેલ. યોગાનુયોગ તે શ્રેષ્ઠીપુત્ર તે નગરમાં પ્રવેશ કરે છે. આખું નગર સુરક્ષિત હતું પરંતુ મનુષ્યની વસ્તી વગરનું જોઈને કુતૂહલથી નગરમાં જાય છે, રાજમહેલમાં જાય છે. ત્યાં રાજકન્યા સિવાય કોઈ નહિ, તેથી તે રાજકન્યાને પૂછે છે કે આ પ્રકારે નગરની સ્થિતિ થવાનું કારણ શું ? ત્યારે તે કન્યાએ કહેલ કે કોઈક દેવે અહીંના લોકોનો નાશ કરીને મને અહીંયાં લાવીને મૂકેલ છે અને કોઈ મનુષ્ય આવે તો તેને મારી નાખે છે. દિવસના તે અન્યત્ર જાય છે અને રાત્રીના આવીને મનુષ્યને મારી નાખે છે, તેથી રાતના કોઈ પુરુષને જોશે તો મારી નાખશે, તેથી શીઘ્ર આ નગરથી ચાલ્યા જવું ઉત્તમ છે; છતાં તે સાહસિક શ્રેષ્ઠીપુત્ર ત્યાં જ રહે છે અને દેવના આગમનકાળે શાંતિથી શય્યામાં સૂતો છે. દેવ ગુસ્સે થઈને કહે છે ત્યારે શ્રેષ્ઠીપુત્ર કહે છે કે હું થાકેલો છું માટે મારી પગચંપી કર. આ પ્રકારના તેના નીડરતાપૂર્વકનાં વચન સાંભળીને કુતૂહલથી દેવ તેની પગચંપી કરે છે. ત્યારપછી ખુશ થઈને શ્રેષ્ઠીપુત્ર કહે છે કે હું તારી સેવાથી ખુશ થયો છું, માટે તારે જોઈએ તે માંગ. ત્યારે દેવ માગણી કરે છે કે જો મારા પર પ્રસન્ન થયા હો તો આ રાજ્ય અને રાજકન્યા ગ્રહણ કરો. પોતાનો રાજ્ય નહિ ગ્રહણ કરવાનો અભિગ્રહ હોવાથી શ્રેષ્ઠીપુત્ર કહે છે કે રાજ્ય મારાથી સ્વીકારી શકાય તેમ નથી માટે તેનો અન્ય વિકલ્પ બતાવ. ત્યારે દેવ કહે છે : "મૃત્યુનો સ્વીકાર." તેથી શ્રેષ્ઠીપુત્ર કહે છે કે ખુશીથી મને મારી નાખ, તેથી દેવ તેને ગળાથી પકડીને સમુદ્ર ઉપર લાવે છે અને કહે છે હજુ પણ રાજ્ય અને રાજકન્યાનો સ્વીકાર કરો, નહિ તો સમુદ્રમાં નાખી દઈશ. ત્યારે શ્રેષ્ઠીપુત્ર કહે છે વિલંબન વગર સમુદ્રમાં નાખી દઈને મારા વ્રતનું અને મારા વચનનું રક્ષણ કરો. ત્યારપછી દેવ પ્રગટ થાય છે. તે સ્થાનમાં તે શ્રેષ્ઠીપુત્રે રાજ્યરૂપ અર્થ અને કન્યારૂપ કામના ભોગે જે ધર્મનું રક્ષણ કર્યું તે રીતે વિવેકી ગૃહસ્થે અર્થ અને કામની બાધામાં પણ ધર્મનું રક્ષણ કરવું જોઈએ. **||૫૧||**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૨૯] बलाबलापेक्षणम् ||२८||५२||**

**સૂત્રાર્થ :-**

**(૨૯) બલાબલની અપેક્ષા કરવી એ ગૃહસ્થનો ધર્મ છે. ||૫૨||**

**ટીકા :-**

**इह बुद्धिमता मनुजेन सर्वेष्वपि कार्येषु प्रवृत्तिमादधता सता 'बलस्य' द्रव्यक्षेत्रकालभावकृतस्य आत्मसामर्थ्यस्य 'अबलस्य' च तद्विलक्षणस्य 'अपेक्षणम्,' आलोचनम् अङ्गीकर्तव्यम्, अयथाबलमारम्भस्य क्षयसंपदेकनिमित्तत्वात्, अत एव पठ्यते च –**

"कः कालः कानि मित्राणि को देशः कौ व्ययागमौ ?

कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ।।४१।।" [ ] **।।५२।।**

**ટીકાર્થ :-**

**इह बुद्धिमता ..... मुहुर्मुहुः ।। અહીં=સંસારમાં સર્વ પણ કાર્યોમાં પ્રવૃત્તિને કરતાં છતાં બુદ્ધિમાન મનુષ્યે બલનું=દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવકૃત પોતાના સામર્થ્યનું અને અબલનું=તેનાથી વિલક્ષણ એવા અબળનું આલોચન કરવું જોઈએ; કેમ કે અયથાબલના આરંભનાં કાર્યોનું ક્ષયસંપદનું એક નિમિત્તપણું છે=પોતાની જે પ્રકારની કાર્યશક્તિ હોય તે કાર્યશક્તિના નાશનું એક કારણપણું છે. અને આથી જ=બલાબલની અપેક્ષાએ સર્વ કાર્યો કરવાં જોઈએ આથી જ, કહેવાય છે –**

"કયો કાળ છે ?, કોણ મિત્રો છે ?, કયો દેશ છે ?, લાભ અને નુકસાન કેવાં છે ?, હું કેવો છું ? અને મારી શક્તિ કેવી છે ? એ પ્રકારે વારંવાર ચિંતન કરવું જોઈએ=જે કાંઈ કાર્યો કરવાનાં હોય તે કાર્યો કરતાં પૂર્વે વારંવાર વિચારવું જોઈએ. ।।૪૧।।" **() ।।૫૨।।**

**ભાવાર્થ :-**

ગૃહસ્થ પોતાની ભૂમિકા અનુસાર ધર્મ-અર્થ અને કામ પુરુષાર્થ સેવે છે તે સર્વ પુરુષાર્થમાં બલાબલનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે.

બલાબલ વિષયક કઈ રીતે વિચારણા કરવી જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

પોતે જે ધર્મનું કૃત્ય, અર્થઉપાર્જનનું કૃત્ય કે ભોગનું કૃત્ય કરવા ઇચ્છે છે તેના વિષયમાં વિચારવું જોઈએ કે આ કયો કાળ છે ?, મારા મિત્રો કેવા છે ?, દેશ કેવો છે ? અને આ કૃત્ય કરવાથી લાભ શું થશે ? તથા નુકસાન શું થશે ? વળી હું કેવો છું ? અર્થાત્ મારા માટે આ કૃત્ય ઉચિત છે કે નહિ ? અને મારી શક્તિ કેવી છે ? તેનો વારંવાર વિચાર કરીને તે કૃત્ય કરવું જોઈએ.

જેમ ધર્મપ્રવૃત્તિ માટે પોતે જે ભૂમિકામાં હોય તેનાથી ઉપરની ભૂમિકાનો દેશવિરતિ કે સર્વવિરતિ ધર્મ સ્વીકારે ત્યારે તેણે વિચારવું જોઈએ કે આ કાળ કયો છે અર્થાત્ આ કાળમાં હું જે ગુણસ્થાનકનો ધર્મ સ્વીકારવા ઇચ્છું છું તેને અનુકૂળ કાળ છે કે નહિ; કેમ કે તેને અનુકૂળ કાળ ન હોય અને તે ધર્મ સ્વીકારવામાં આવે તો તે સ્વીકારાયેલા ગુણસ્થાનકથી પણ ગુણની નિષ્પત્તિ થાય નહિ.

જેમ વર્તમાનના વિષમકાળમાં તે તે ગુણસ્થાકને અનુરૂપ સામગ્રી પ્રાપ્ત થાય તેમ ન હોય તો તે કાળમાં સ્વીકારેલા ગુણસ્થાનકથી પણ તે ગુણની નિષ્પત્તિ થાય નહિ.

વળી, પોતાના મિત્રો કોણ છે ? તેનો વિચાર કરવો જોઈએ.

જેમ પોતે જે ગુણસ્થાનક સ્વીકારે તે ગુણ-સ્થાનકને વહન કરવામાં સહાયક થાય તેવા મિત્રો હોય તો તેમની સહાયથી તે ગુણસ્થાનકનું વહન શક્ય બને તેમ છે. અને તેવા મિત્રોની સહાયતા ન હોય અને અન્યની સહાય વગર તે ગુણસ્થાનકને અનુરૂપ ઉચિત પ્રયત્ન પોતે કરી શકે તેમ ન હોય તો અનુકૂળ મિત્રના અભાવના કારણે ગુણસ્થાનકનું સમ્યક્ વહન થાય નહિ. જેથી સ્વીકારાયેલા ગુણસ્થાનકની પ્રવૃત્તિથી ગુણની નિષ્પત્તિ થાય નહિ.

વળી, કયો દેશ છે ? તેનો વિચાર કરવો જોઈએ.

જે ગુણસ્થાનકની ક્રિયા પોતે સ્વીકારવા તૈયાર થયેલ છે તેને અનુકૂળ દેશ છે કે નહિ તેનો વિચાર કર્યા વગર ગુણસ્થાનક સ્વીકારવામાં આવે તો, પ્રતિકૂળ દેશના કારણે તે ગુણસ્થાનકની ક્રિયા સમ્યક્ થઈ શકે નહિ, તેથી ફળની પ્રાપ્તિ થઈ શકે નહિ.

વળી, નવું ગુણસ્થાનક સ્વીકારવામાં શું આય-વ્યય છે ? તેનો વિચાર કરવો જોઈએ.

જેમ કોઈ શ્રાવકો દેશવિરતિ ગુણસ્થાનકનું પાલન કરતા હોય અને સર્વવિરતિ ગુણસ્થાનકને સ્વીકારે ત્યારે દેશવિરતિના આચારો છોડીને સર્વવિરતિનાં આચારો સ્વીકારવાથી દેશવિરતિકાળમાં વર્તતા ઉત્તમ ચિત્તથી અધિક ઉત્તમ ચિત્ત સર્વવિરતિની ક્રિયાથી તે મહાત્મા કરી શકે તો દેશવિરતિના ત્યાગથી જે ભાવો થતા હતા તેનો વ્યય અલ્પ છે અને સર્વવિરતિની ક્રિયાથી થતા ઉત્તમ એવા નિર્લેપ ભાવનો આય અધિક છે. તો તેઓના માટે સર્વવિરતિના ગુણસ્થાનકનો સ્વીકાર લાભપ્રદ બને, પરંતુ જે ગૃહસ્થો સંચિતવીર્યવાળા નથી અને દેશવિરતિ કાળમાં જિનભક્તિ આદિથી જે કંઈક ઉત્તમ ભાવો કરી શકતા હતા તેનો વ્યય થાય અને સર્વવિરતિની ક્રિયાથી તેનાથી અધિક ઉત્તમ ભાવ કરી શકે નહિ તો સ્વીકારાયેલું સર્વવિરતિ ગુણસ્થાનક અધિક વ્યય કરીને અલ્પલાભવાળું બને. માટે વિવેકી ગૃહસ્થે આય-વ્યયનો વિચાર કર્યા વગર ગુણસ્થાનક સ્વીકારવું ઉચિત ગણાય નહિ. આથી જ જેઓ દ્રવ્યસ્તવને પણ સમ્યક્ કરવા સમર્થ નથી તેઓ સર્વવિરતિ ગ્રહણ કરીને ભાવસ્તવના ભારને વહન કરી શકે નહિ. તેવા જીવોને સર્વવિરતિ ગ્રહણ કરવાનો નિષેધ પંચવસ્તુક ગ્રંથમાં કરેલ છે.

વળી, હું કોણ છું તેનો વિચાર કરવો જોઈએ અર્થાત્ જે વ્રત હું સ્વીકારીશ તેને નિષ્ઠા સુધી હું વહન કરીશ એવો હું સત્ત્વશાળી છું કે સ્વીકાર્યા પછી સંયોગ પ્રમાણે સ્વીકારેલા વ્રતમાં શિથિલ થાઉં તેવો છું તેનો વિચાર કરીને ગુણસ્થાનક સ્વીકારવું જોઈએ.

વળી, મારી શક્તિ છે અર્થાત્ જે ગુણસ્થાનક સ્વીકારવાનો મને અભિલાષ થયો છે તેને અનુરૂપ મારા નિરવદ્ય યોગો પ્રવર્તે છે કે નહિ જેથી તે ગુણસ્થાનક સ્વીકાર્યા પછી તે ગુણસ્થાનકમાં સમ્યક્ યત્ન કરીને હું ફળને પામીશ. આ પ્રકારે ધર્મવિષયક કૃત્યમાં બલાબલનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ.

જે રીતે ધર્મપુરુષાર્થમાં કાલ આદિનો વિચાર કરીને ગુણસ્થાનક સ્વીકારવું જોઈએ તે રીતે અર્થઉપાર્જન અને ભોગાદિની પ્રવૃત્તિમાં પણ કાળ, મિત્ર આદિ સર્વનું સમાલોચન કરીને પ્રયત્ન કરવો જોઈએ, જેથી સંક્લેશની પ્રાપ્તિ ન થાય, પરંતુ સેવાયેલા ધર્મ-અર્થ અને કામ ત્રણેય પુરુષાર્થ આ લોક અને પરલોકમાં એકાંતે સુખનું કારણ બને. **॥૫૨॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વસૂત્રમાં ગૃહસ્થે સર્વ કાર્યમાં બલાબલનો વિચાર કરવો જોઈએ એમ કહ્યું, તેથી પ્રશ્ન થાય કે બલાબલનો વિચાર કર્યા પછી ક્યાં પ્રયત્ન કરવો જોઈએ ? એથી કહે છે -**

**સૂત્ર :-**

[३०] अनुबन्धे प्रयत्नः ।।५३।।

**સૂત્રાર્થ :-**

**(30) અનુબંધમાં=ધર્મ-અર્થ અને કામરૂપ કૃત્યના અનુબંધમાં પ્રયત્ન કરવો જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૫૩॥**

**ટીકા :-**

**'अनुबन्धे' उत्तरोत्तरवृद्धिरूपे धर्मार्थकामानां 'प्रयत्नः' यत्नातिरेकः कार्यः, अनुबन्धशून्यानि हि प्रयोजनानि वन्ध्याः स्त्रिय इव न किञ्चिद् गौरवं लभन्ते, अपि तु हीलामेवेति ।।५३।।**

**ટીકાર્થ :-**

**'अनुबन्धे' ..... हीलामेवेति ।। અનુબંધમાં=ધર્મ-અર્થ અને કામના ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ અનુબંધમાં, પ્રયત્ન કરવો જોઈએ=યત્નાતિશય કરવો જોઈએ. જે કારણથી અનુબંધશૂન્ય પ્રયોજનો વન્ધ્યા સ્ત્રીની જેમ કોઈ ગૌરવને પ્રાપ્ત કરતાં નથી પરંતુ હીલનાને જ પ્રાપ્ત કરે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૫૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વ સૂત્રમાં કહ્યું કે ગૃહસ્થે બલાબલનું આલોચન કરવું જોઈએ, તેથી જે ગૃહસ્થ ધર્મ-અર્થ અને કામ એ ત્રણમાંથી કોઈપણ પુરુષાર્થ સેવે ત્યારે બલાબલનો વિચાર કર્યા વગર તે પુરુષાર્થમાં પ્રયત્ન કરે તો તે પુરુષાર્થની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી નથી.

જેમ કોઈ ગૃહસ્થ ધર્મપુરુષાર્થ પણ સ્વભૂમિકા અનુસાર સેવે અને વિવેકી હોય તો ઉત્તરોત્તર અધિક અધિક ધર્મપુરુષાર્થ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે માટે પ્રતિદિન ભગવદ્ભક્તિ, સુસાધુની ભક્તિ, નવાં-નવાં શાસ્ત્રોનું અધ્યયન આદિ સ્વશક્તિ અનુસાર કરીને ઉત્તરોત્તર ધર્મની વૃદ્ધિ કરે છે અને પૂર્ણધર્મરૂપ સર્વવિરતિને સેવવાને અનુકૂળ સંચિતવીર્યવાળા બને છે.

વળી, વિવેકી ગૃહસ્થો પોતાના બલાબલનો વિચાર કરીને અર્થઉપાર્જન કરે તો ઉત્તરોત્તર અર્થની વૃદ્ધિ દ્વારા અર્થના બળથી ત્રણે પુરુષાર્થને અધિક અધિક પ્રાપ્ત કરી શકે છે; કેમ કે વિપુલ ધનના બળથી ઉત્તમ ભગવદ્ભક્તિ આદિ અનુષ્ઠાનો કરીને ધર્મની વૃદ્ધિ કરી શકે છે અને વૈભવની વૃદ્ધિને કારણે ભોગાદિ પણ વિપુલ પ્રાપ્ત કરે છે.

વળી, બલાબલનો વિચાર કરીને જે ગૃહસ્થો ભોગ કરે છે તે ભોગથી ભોગના સાધનભૂત દેહનું રક્ષણ થાય છે; કેમ કે ઇચ્છાનું શમન ન થાય તો કામની ઇચ્છાથી દિન-પ્રતિદિન દેહ ક્ષીણ થાય છે અને શક્તિ અનુસાર ભોગ કરવાથી ઇચ્છા શાંત થવાને કારણે દેહનો વિનાશ થતો અટકે છે, તેથી ઉત્તરોત્તર ભોગની વૃદ્ધિ થાય છે. વળી, વિવેકપૂર્વકના ભોગને કારણે રક્ષિત થયેલા દેહથી તે ગૃહસ્થ ધર્મ અને અર્થ પણ સારી રીતે સેવી શકે છે જેથી તે ગૃહસ્થના ધર્મ-અર્થ અને કામ ત્રણે પુરુષાર્થો સાનુબંધ બને છે.

અહીં વિશેષ એ છે કે સદ્ગૃહસ્થને પૂર્ણ ધર્મ સેવવાની બલવાન ઇચ્છા છે અને પૂર્ણ ધર્મ નિઃસ્પૃહ ચિત્તવાળા મુનિઓ સેવી શકે છે અને પોતાની તેવી ભૂમિકા નથી, તેથી પૂર્ણ ધર્મની શક્તિના સંચય માટે પોતાનું જે કાંઈ સામર્થ્ય છે તે શક્તિ અનુસાર વિવેકી ગૃહસ્થ પોતાનું વીર્ય ધર્મમાં ફોરવે છે. ગૃહસ્થના સર્વ પ્રયોજનો અર્થથી સિદ્ધ થાય છે તેથી અર્થની ઇચ્છા ચિત્તમાં નાશ થાય તેમ નથી, માટે વિવેકપૂર્વક ધર્મને બાધ ન થાય તે રીતે વિવેકી ગૃહસ્થ અર્થપુરુષાર્થ સેવે છે, તેથી તે અર્થપુરુષાર્થ પણ ધર્મવૃદ્ધિનું અંગ બને છે. પૂર્ણધર્મની શક્તિ નથી તેથી કામની ઇચ્છા પણ ચિત્તમાં શાંત થયેલી નથી, તેથી કામની ઉત્સુકતાને શમન કરવા માટે કામની પ્રવૃત્તિ સિવાય અન્ય ઉપાય નથી તેમ વિચારીને તે મહાત્મા ધર્મમાં બાધ કરે તેવી કામવૃત્તિ ઊઠે નહિ તે અર્થે વિવેકપૂર્વક કામ સેવે છે, તેથી કામ પુરુષાર્થ પણ ધર્મથી નિયંત્રિત હોવાને કારણે પાપબંધનું કારણ બનતો નથી, પરંતુ ધર્મ સાધવાને અનુકૂળ શક્તિ સંચયનું અંગ બને છે. અને જ્યારે કામ આદિના સેવનથી સંતુષ્ટ થયેલું ચિત્ત પૂર્ણધર્મ સેવવામાં વ્યાઘાતક ન થાય તેવું બને ત્યારે તે ગૃહસ્થ સર્વસંગનો ત્યાગ કરીને માત્ર ધર્મ પુરુષાર્થ સેવવા માટે ઉદ્યમ કરે છે. **॥૫૩॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૩૧] कालोचितापेक्षा ।।५४।।

**સૂત્રાર્થ :-**

**(૩૧) કાલમાં ઉચિતની અપેક્ષા એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૫૪।।**

**ટીકા :-**

**यद्यत्र 'काले' वस्तु हातुमुपादातुं वा 'उचितं' भवति तस्यात्यन्तनिपुणबुद्ध्या पर्यालोच्य 'अपेक्षा'= अङ्गीकारः, कर्त्तव्या, दक्षलक्षणत्वेनास्याः सकलश्रीसमधिगमहेतुत्वात्, अत एव पठ्यते–**

"यः काकिणीमप्यपथप्रपन्नामन्वेषते निष्कसहस्रतुल्याम् ।
कालेन कोटीष्वपि मुक्तहस्तस्तस्यानुबन्धं न जहाति लक्ष्मीः ।।४२।।" [ ]

**'मुक्तहस्त' इति मुत्कलहस्तः ।।५४।।**

**ટીકાર્થ :-**

**यद्यत्र ..... मुत्कलहस्तः ।। જે કાલમાં જે વસ્તુ=જે કૃત્યો, ત્યાગ કરવા માટે કે ગ્રહણ કરવા માટે ઉચિત છે તેનું અત્યંત નિપુણબુદ્ધિથી પર્યાલોચન કરીને અપેક્ષા રાખવી જોઈએ=અંગીકાર કરવું જોઈએ; કેમ કે આનું=ઉચિત કાળે ઉચિતની અપેક્ષા રાખવાનું, દક્ષલક્ષણપણું હોવાથી=બુદ્ધિમાનપણાનું લક્ષણ હોવાથી, બધી સમૃદ્ધિની પ્રાપ્તિનું હેતુપણું છે. આથી જ કહેવાય છે –**

"અપથ પ્રાપ્ત એવી કાકિણીને પણ=કોડીને પણ, જે હજાર સોનામહોરની તુલ્ય શોધે છે અને કાળે કરોડ સોનામહોરમાં પણ મુક્તહસ્તવાળો છે લક્ષ્મી તેના અનુબંધને ત્યાગ કરતી નથી. ।।૪૨।।" ()

**મુક્તહસ્ત એટલે મુત્કલહાથવાળો=ઉદાર હાથવાળો. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૫૨માં કહ્યું કે ગૃહસ્થે ધર્મ-અર્થ-કામમાં બલાબલનો વિચાર કરવો જોઈએ. સૂત્ર-૫૩માં કહ્યું કે ત્યારપછી તે ત્રણેય પુરુષાર્થો ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તે રીતે સેવવા જોઈએ. હવે તે ત્રણેય પુરુષાર્થોમાંથી જે કાળે જે પુરુષાર્થનો ત્યાગ કરવો ઉચિત હોય અને જે પુરુષાર્થનો સ્વીકાર કરવો ઉચિત હોય તેને અત્યંત નિપુણબુદ્ધિપૂર્વક વિચારીને તે કૃત્ય કરવું જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે જ્યાં સુધી ભોગાદિને અનુકૂળ વિકારી માનસ શાંત થયું નથી ત્યાં સુધી સર્વસંગનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી પરંતુ સ્વભૂમિકા અનુસાર અનુચિત ભોગોનો ત્યાગ કરીને ધર્મપ્રધાન રૂપે જીવન જીવવું ઉચિત છે. જેમ જેમ અધિક અધિક ધર્મ સેવવાની શક્તિનો સંચય થાય તેમ તેમ તે તે પ્રકારના ભોગોનો ત્યાગ કરીને અધિક અધિક ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ.

વળી, ધર્મ પણ ઉત્તમ સામગ્રીના બલથી ભગવદ્ભક્તિ આદિ કે સુસાધુની ભક્તિ આદિ દ્વારા થઈ શકે તેવી ચિત્તની ભૂમિકા હોય પરંતુ સર્વસંગના ત્યાગથી ધર્મનું સેવન થઈ શકે તેમ ન હોય ત્યારે ધનઅર્જન કરીને ઉત્તમ સામગ્રી દ્વારા ભગવદ્ભક્તિ આદિમાં યત્ન કરવો જોઈએ અને સ્વશક્તિ અનુસાર શીલ આદિમાં પણ યત્ન કરવો જોઈએ. જેમ જેમ ધનના અવલંબન વગર પણ શીલ-તપ અને ભાવધર્મમાં યત્ન કરવાની શક્તિ સંપન્ન થતી જાય તેમ તેમ ધનઅર્જનની પ્રવૃત્તિને પણ ગૌણ કરીને સર્વવિરતિને અનુકૂળ ચિત્તનિર્માણનું કારણ બને તેવી વિશેષ પ્રકારની આચરણારૂપ ધર્મનું સેવન કરવું જોઈએ.

વળી, જેઓ ધર્મ-અર્થ અને કામ પુરુષાર્થવિષયક કઈ પ્રવૃત્તિ અત્યારે ત્યાગ માટે ઉચિત છે અને કઈ પ્રવૃત્તિ અત્યારે કરવા માટે ઉચિત છે તેનો નિપુણતાથી ઊહાપોહ કર્યા વગર કામની આસક્તિથી કામમાં પ્રવૃત્તિ કરે છે, તેઓની વિદ્યમાન પણ ધર્મની શક્તિ નિષ્ફળ જાય છે, તેથી તે કામપુરુષાર્થ પણ આ લોક અને પરલોકનું હિત બને નહિ.

વળી, અતિધનના અર્થી થઈને જેઓ વિદ્યમાન પણ ધર્મને અનુકૂળ શક્તિને ગૌણ કરીને અર્થઉપાર્જનમાં રત રહે છે તેઓની શક્તિ અર્થઉપાર્જનમાં વ્યર્થ જવાથી આ લોકમાં અને પરલોકમાં તેઓનું હિત થતું નથી.

વળી, જેઓ જે ભૂમિકાની બાહ્ય આચરણારૂપ ધર્મ અનુસાર શક્તિનો સંચય કરી શક્યા નથી તે ભૂમિકાના બાહ્ય આચરણારૂપ ધર્મનો સ્વીકાર કરે છે તેઓની તે ધર્મની આચરણા પણ ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ધર્મ નિષ્પન્ન કરી શકતી નથી. તેથી તેઓનો ધર્મ માટે કરાયેલો યત્ન પણ નિષ્ફળ જાય છે. આથી આ લોક અને પરલોકનું હિત થતું નથી.

વળી, જેઓ નિપુણ ઊહાપોહપૂર્વક તે તે પુરુષાર્થના ઉચિત કાળનો વિચાર કરીને સર્વપુરુષાર્થ સેવે છે તેઓ ત્રણે પુરુષાર્થના સેવન દ્વારા પણ ધર્મ પુરુષાર્થની અધિક અધિક શક્તિનો સંચય કરીને સ્વભૂમિકા અનુસાર ઉત્તર ઉત્તરનાં ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે જેથી તેઓને ગુણસ્થાનકની વૃદ્ધિકૃત થયેલ નિર્લેપ પરિણતિથી વર્તમાનમાં સુખ થાય છે, વિવેકમૂલક ત્રણે પુરુષાર્થો હોવાથી પુણ્યાનુબંધીપુન્ય બંધાય છે અને વિવેકપૂર્વક સર્વપ્રવૃત્તિ કરવાના ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે જેથી તે પુણ્યાનુબંધીપુન્યના વિપાકના બળથી અને ઉત્તમ સંસ્કારોના બળથી જન્માંતરમાં વર્તમાનના ભવ કરતાં વિશેષ પ્રકારનો યોગમાર્ગ તેઓમાં પ્રગટ થશે. જેથી ઉત્તર ઉત્તરના ભવમાં સુખની વૃદ્ધિ થશે અને અંતે પૂર્ણ સુખમય મોક્ષને પ્રાપ્ત કરશે. **॥૫૪॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૩૨] प्रत्यहं धर्मश्रवणम् ।।५५।।

**સૂત્રાર્થ :-**

**(૩૨) પ્રતિદિવસ ધર્મનું શ્રવણ કરવું જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૫૫।।**

**ટીકા :-**

**'प्रत्यहं' प्रतिदिवसं 'धर्मस्य' इहैव शास्त्रे वक्तुं प्रस्तावितस्य कान्तकान्तासमेतयुवजनकिन्नरारब्धगीताकर्णनोदाहरणेन 'श्रवणम्' आकर्णनम्, धर्मशास्त्रश्रवणस्यात्यन्तगुणहेतुत्वात्, पठ्यते च -**

"क्लान्तमुपोज्झति खेदं तप्तं निर्वाति बुध्यते मूढम् ।
स्थिरतामेति व्याकुलमुपयुक्तसुभाषितं चेतः ।।४३।।" [ ] **इति ।।५५।।**

**ટીકાર્થ :-**

**'प्रत्यहं' ..... इति ।। સુંદર સ્ત્રીથી યુક્ત, યુવાન પુરુષ કિન્નર વડે આરબ્ધ એવા ગીતના સાંભળવાના ઉદાહરણથી ધર્મનું આ જ શાસ્ત્રમાં અર્થાત્ આ જ ગ્રંથમાં કહેવા માટે પ્રસ્તાવિત અર્થાત્ આરંભ કરાયેલા એવા ધર્મનું પ્રતિદિવસ શ્રવણ કરવું જોઈએ; કેમ કે ધર્મશાસ્ત્રના શ્રવણનું અત્યંત ગુણનું હેતુપણું છે. અને કહેવાય છે –**

"ઉપયુક્ત સુભાષિતવાળું ચિત્ત, ક્લાન્ત હોય તેના ખેદને દૂર કરે છે, તપ્ત પુરુષને શાંત કરે છે, મૂઢને બોધ કરાવે છે અને વ્યાકુળ હોય તો સ્થિરતાને પામે છે. ।।૪૩।।" **()**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૫।।**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થો ધર્મપ્રધાન ત્રણ પુરુષાર્થો સેવનારા હોય છે અને ધર્મપુરુષાર્થની વૃદ્ધિનું પ્રબળ કારણ અને ત્રણેય પુરુષાર્થને સાનુબંધ કરવાનું પ્રબળ કારણ ધર્મશ્રવણ છે, તેથી સદ્ગૃહસ્થે પ્રતિદિન ધર્મશ્રવણ કરવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે કયા પ્રકારના ધર્મનું શ્રવણ કરવું જોઈએ ? તેથી ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

ધર્મબિન્દુ પ્રકરણ નામના પ્રસ્તુત ગ્રંથમાં પ્રારંભ કરાયેલા ધર્મને પ્રતિદિન સાંભળવો જોઈએ, જેથી પોતાના જીવનની સર્વ પ્રવૃત્તિ અત્યંત વિવેકપૂર્વકની બને અને ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકની નિષ્પત્તિનું કારણ બને તેવી માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્મનું શ્રવણ કઈ રીતે કરવું જોઈએ ? એથી કહે છે –

કોઈ યુવાન પુરુષ સુંદર સ્ત્રીથી યુક્ત હોય, સંગીતનો અતિ શોખીન હોય અને કિન્નર જાતિના દેવથી

આરંભાયેલા શ્રેષ્ઠ એવા સંગીતને જે પ્રકારના રસથી તે સાંભળે છે તેનાથી અધિક રસપૂર્વક ધર્મશાસ્ત્રનું શ્રવણ કરવું જોઈએ જેથી શાસ્ત્રવચનના યથાર્થ તાત્પર્યનો બોધ થાય.

તેમાં સાક્ષી આપે છે –

સંસારી જીવોનું ચિત્ત કોઈક શારીરિક, આર્થિક કે સાંયોગિક સ્થિતિમાં ક્લાન્ત થયેલું હોય અર્થાત્ ખિન્નતાને પામેલું હોય તો વિવેકવાળા ધર્મના શ્રવણથી ખેદ દૂર થાય છે; કેમ કે ધર્મના શ્રવણથી તે મહાત્માને વિવેક પ્રગટે છે કે તુચ્છ એવા બાહ્ય પદાર્થોનું મહત્ત્વ નથી પરંતુ ભગવાનનાં વચનથી ભાવિત ઉત્તમચિત્તનું મહત્ત્વ છે, તેથી અસાર એવા બાહ્ય નિમિત્તોને ગ્રહણ કરવાનું છોડીને "હું પ્રાપ્ત થયેલા મનુષ્યભવને જિનવચનથી ભાવિત કરું." આ પ્રકારના ઉત્સાહથી ચિત્તનો ખેદ દૂર થાય છે.

વળી, કોઈક નિમિત્તથી ગૃહસ્થનું ચિત્ત કષાયોથી તપ્ત હોય તોપણ ધર્મશાસ્ત્રના શ્રવણથી શાંતરસને પ્રાપ્ત કરે છે.

વળી, કોઈક જીવનું ચિત્ત ઉચિત અનુચિત પ્રવૃત્તિવિષયક વિવેક વગરનું મૂઢ હોય તો વિવેકપૂર્વકના ધર્મશાસ્ત્રના શ્રવણથી તેઓની મૂઢતા દૂર થાય છે અને સર્વત્ર વિવેકપૂર્વકની પ્રવૃત્તિ થાય છે.

વળી, કોઈક જીવોનું ચિત્ત સંસારની અનેક પ્રવૃત્તિઓમાં સદા વ્યાકુળ રહેતું હોય, તેથી ધર્મક્રિયામાં પણ સ્થિરતાની પ્રાપ્તિ થતી ન હોય તેવા જીવો વિવેકપૂર્વક ધર્મશાસ્ત્રનું શ્રવણ કરે તો શાસ્ત્રવચનથી ભાવિત થયેલી મતિ હોવાના કારણે સ્થિરતાપૂર્વક ઉચિત અનુષ્ઠાનો કરીને હિત સાધી શકે છે માટે ગૃહસ્થે પ્રતિદિન ધર્મશ્રવણ કરવું જોઈએ. **॥૫૫॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**[૩૩] સર્વત્રાનભિનિવેશઃ ।।૫૬।।**

**સૂત્રાર્થ :-**

**(33) સર્વત્ર=સર્વકાર્યોમાં અનભિનિવેશ કરવો જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૫૬।।**

**ટીકા :-**

**'સર્વત્ર' કાર્યે પ્રવર્ત્તમાનેન બુદ્ધિમતા 'અનભિનિવેશઃ' અભિનિવેશપરિહારઃ કાર્યઃ, નીતિમાર્ગમનાગતસ્યાપિ પરાભિભવપરિણામેન કાર્યસ્યારમ્ભોઽભિનિવેશઃ, નીચલક્ષણં ચેદમ્, યન્નીતિમતીતસ્યાપિ કાર્યસ્ય ચિકીર્ષણમ્, પઠન્તિ ચ –**

"दर्पः श्रमयति नीचान्निष्फलनयविगुणदुष्करारम्भैः ।

स्रोतोविलोमतरणैर्व्यसनिभिरायस्यते मत्स्यैः ।।४४।।" [ ] ।।५६।।

**ટીકાર્થ :-**

**'सर्वत्र' ..... मत्स्यैः ।। સર્વત્ર કાર્યમાં પ્રવર્તમાન એવા બુદ્ધિમાન પુરુષે અનભિનિવેશ કરવો જોઈએ=અભિનિવેશમાં પરિહાર કરવો જોઈએ.**

અભિનિવેશનો અર્થ સ્પષ્ટ કરે છે –

**નીતિમાર્ગને નહિ પ્રાપ્ત થયેલા પણ પરના અભિભવના પરિણામથી કાર્યનો આરંભ અભિનિવેશ છે. અને આ=અભિનિવેશ નીચનું લક્ષણ છે. જે કારણથી નીતિથી અતીત પણ કાર્ય કરવાનો અભિલાષ છે. અને કહેવાયું છે –**

"નિષ્ફળ એવા નયવિગુણ=નિષ્ફળ એવી નીતિથી રહિત દુષ્કર આરંભો વડે દર્પ નીચ જીવોને શ્રમ કરાવે છે. પ્રવાહના વિપરીત તરણમાં વ્યસનવાળા માછલાઓ વડે ખોટો શ્રમ કરાય છે. ।।૪૪।।" **() ।।૫૬।।**

**ભાવાર્થ :-**

સદ્‌ગૃહસ્થે ધર્મશ્રવણ કર્યા પછી ધર્મની વૃદ્ધિ થાય તેવો યત્ન કરવો જોઈએ પરંતુ કોઈ પણ કાર્યમાં પ્રવૃત્તિ કરતી વખતે અભિનિવેશ રાખવો જોઈએ નહિ.

તેથી એ ફલિત થાય કે સર્વજ્ઞના વચનનું શ્રવણ કર્યા પછી તત્ત્વનિર્ણય કરવા માટે યત્ન કરવો જોઈએ પરંતુ સ્વરુચિ અનુસાર શાસ્ત્રવચનનો અર્થ કરીને શાસ્ત્રનો વિનાશ કરવો જોઈએ નહિ. આથી જ અભિનિવેશવાળા ઉપદેશકો શાસ્ત્રવચનનો યથાર્થ નિર્ણય કર્યા વગર સ્વરુચિ અનુસાર શાસ્ત્રનું યોજન કરે છે તે શાસ્ત્રના પરમાર્થના ઉલ્લંઘનને અનુકૂળ યત્ન સ્વરૂપ છે અને તે પ્રવૃત્તિ નીતિમાર્ગને વિરુદ્ધ છે અને તેના દ્વારા નીતિમાર્ગ ઉપર ચાલનારા મહાત્માનો અભિભવ થાય છે જે પરના અભિભવના પરિણામરૂપ છે અને આવું કૃત્ય નીચનું લક્ષણ છે.

વળી, સંસારની અન્ય પ્રવૃત્તિઓમાં પણ બુદ્ધિમાન પુરુષોએ ક્યારેય નીતિમાર્ગને વિરુદ્ધ એવા કાર્યનો પરના અભિભવના પરિણામથી પ્રારંભ કરવો જોઈએ નહિ; કેમ કે પરના અભિભવના પરિણામથી કરાયેલું તે કૃત્ય નીચનું લક્ષણ છે. **।।૫૬।।**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[૩૪] गुणपक्षपातिता ।।५७।।

**સૂત્રાર્થ :-**

**(૩૪) ગુણપક્ષપાતિતા એ ગૃહસ્થનો ધર્મ છે. ।।૫૭।।**

**ટીકા :-**

**'गुणेषु' दाक्षिण्यसौजन्यौदार्यस्थैर्यप्रियपूर्वाभाषणादिषु स्वपरयोरुपकारकारणेष्वात्मधर्मेषु 'पक्षपातिता' बहुमानतत्प्रशंसासाहाय्यकरणादिनाऽनुकूला प्रवृत्तिः, गुणपक्षपातिनो हि जीवा बहुमानद्वारोपजातावन्ध्यपुण्यप्रबन्धसामर्थ्यान्नियमादिहामुत्र च शरच्छशधरकरनिकरगौरं गुणग्राममवश्यमवाप्नुवन्ति, तद्बहुमानाशयस्य चिन्तारत्नादप्यधिकशक्तियुक्तत्वात् ।।५७।।**

**ટીકાર્થ :-**

**'गुणेषु' ..... शक्तियुक्तत्वात् ।। ગુણોમાં=સ્વપરના ઉપકારના કારણ એવા આત્મધર્મરૂપ દાક્ષિણ્ય, સૌજન્ય, ઔદાર્ય, સ્થૈર્ય પ્રિયપૂર્વ ભાષણ આદિ ગુણોમાં, પક્ષપાતિતા=બહુમાન, તેની પ્રશંસા=તે ગુણોની પ્રશંસા સાહાય્યકરણ આદિ દ્વારા અનુકૂળ પ્રવૃત્તિ ગૃહસ્થોનો ધર્મ છે એમ અન્વય છે. हि=જે કારણથી, ગુણના પક્ષપાતી જીવો ગુણના બહુમાન દ્વારા ઉત્પન્ન થયેલા અવંધ્ય પુણ્યના પ્રવાહના સામર્થ્યથી નક્કી આ ભવમાં અને પરભવમાં શરદ ઋતુના ચંદ્રનાં કિરણના સમૂહ જેવા ગુણગ્રામને અવશ્ય પ્રાપ્ત કરે છે; કેમ કે ગુણના બહુમાનના આશયનું ચિંતામણિના રત્નથી પણ અધિક શક્તિયુક્તપણું છે. ।।૫૭।।**

**ભાવાર્થ :-**

સદ્ગૃહસ્થે સર્વ જીવો સાથે દાક્ષિણ્યપૂર્વક, સૌજન્યપૂર્વક, ઔદાર્યપૂર્વક વ્યવહાર કરવો જોઈએ અને પ્રકૃતિ સ્થૈર્યભાવવાળી રાખવી જોઈએ પરંતુ અત્યંત ચંચલ થવું જોઈએ નહિ અને બધા સાથે પ્રિયભાષણ કરવું જોઈએ. આવા ગુણો પોતાને પણ ઉત્તમ પ્રકૃતિવાળા બનાવે છે અને અન્ય યોગ્ય જીવોને પણ ગુણના પક્ષપાતી બનાવે છે, તેથી આ સર્વ ગુણો સ્વ-પરના ઉપકારના કારણ એવા આત્મધર્મો છે અને તેવા ગુણોમાં પક્ષપાત કેળવવાથી તે ગુણો પોતાનામાં ક્રમસર વધે છે.

કઈ રીતે તે ગુણોનો પક્ષપાત કરવો જોઈએ ? તે બતાવે છે –

આવા ગુણવાન પુરુષો પ્રત્યે બહુમાનભાવ રાખવો જોઈએ, તેઓના ગુણોની પ્રશંસા કરવી જોઈએ અને તેવા ઉત્તમ ગુણવાળા જીવોને સહાય કરવા દ્વારા હંમેશાં અનુકૂળ વર્તન કરવું જોઈએ જેથી પોતામાં પણ તેવા ગુણો પ્રગટ થાય.

અહીં વિશેષ એ છે કે ધર્મી ગૃહસ્થો પ્રાયઃ દાક્ષિણ્ય આદિ ગુણ ધરાવનારા હોય છે તોપણ તે ગુણો

અતિ સ્થિર પરિણામના ન હોય તો પ્રસંગે તેનાથી વિરુદ્ધ ભાવો પણ આત્મામાં અભિવ્યક્ત થાય છે; કેમ કે અનાદિકાળથી આત્માએ તેનાથી વિરુદ્ધ ભાવો જ સેવ્યા છે, તેથી પોતાનામાં દાક્ષિણ્ય આદિ ગુણો વર્તતા હોય તોપણ તેને અતિશય કરવા તે તે ગુણોનું સ્વરૂપ વિચારીને તે ગુણોને સ્થિર કરવા ઉદ્યમ કરવો જોઈએ અને તેવા ગુણવાન પુરુષને જોઈને તેઓ પ્રત્યે બહુમાન આદિ ભાવોની વૃદ્ધિ થાય તેવો યત્ન કરવો જોઈએ. જેથી પોતાનામાં તે તે ગુણો અતિશય અતિશયતર થાય જેથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય. **॥૫૭॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

[३५] ऊहापोहादियोग इति ।।५८।।

**સૂત્રાર્થ :-**

**(૩૫) ઊહાપોહ આદિનો યત્ન કરવો જોઈએ એ ગૃહસ્થનો ધર્મ છે. ॥૫૮॥**

**ટીકા :-**

**ऊहश्चापोहश्च, आदिशब्दात् तत्त्वाभिनिवेशलक्षणो बुद्धिगुणः शुश्रूषाश्रवणग्रहणधारणाविज्ञानानि च गृह्यन्ते, इत्यष्टौ बुद्धिगुणाः, तत ऊहापोहादिभिः 'योगः' समागमोऽनुष्ठेय इति, तत्र प्रथमतस्तावच्छ्रोतुमिच्छा शुश्रूषा, श्रवणमाकर्णनम्, ग्रहणं शास्त्रार्थोपादानम्, धारणा अविस्मरणम्, मोहसन्देहविपर्यासव्युदासेन ज्ञानं विज्ञानम्, विज्ञातमर्थमवलम्ब्यान्येषु व्याप्त्या तथाविधेषु वितर्कणमूहः, उक्तियुक्तिभ्यां विरुद्धादर्थाद् हिंसादिकात् प्रत्यपायसंभावनया व्यावर्तनमपोहः, अथवा सामान्यज्ञानमूहः विशेषज्ञानमपोहः, 'विज्ञानोहापोहविशुद्धम् इदमित्थमेव' इति निश्चयः तत्त्वाभिनिवेशः, एवं हि शुश्रूषादिभिर्बुद्धिगुणैरुपहितप्रज्ञाप्रकर्षः पुमान्न कदाचिदकल्याणमाप्नोति, यदुच्यते –**

"जीवन्ति शतशः प्राज्ञाः प्रज्ञया वित्तसंक्षये ।
न हि प्रज्ञाक्षये कश्चिद् वित्ते सत्यपि जीवति ।।४५।।" [ ] **इति ।।**

**'इति' शब्दः प्रस्तुतस्य सामान्यतो गृहस्थधर्मस्य परिसमाप्त्यर्थ इति ।।५८।।**

**ટીકાર્થ :-**

**ऊहश्चापोहश्च ..... परिसमाप्त्यर्थ इति ।। ઊહાપોહ અને 'આદિ' શબ્દથી તત્ત્વઅભિનિવેશ લક્ષણ બુદ્ધિગુણનું ગ્રહણ કરવું.**

તેનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે –

**શુશ્રૂષા-શ્રવણ-ગ્રહણ-ધારણા અને વિજ્ઞાનનું ગ્રહણ થાય છે એ રીતે આઠ બુદ્ધિના ગુણો પ્રાપ્ત થાય છે. આ રીતે ઊહાપોહાદિનો અર્થ કર્યા પછી સમાસ સ્પષ્ટ કરે છે. ઊહાપોહાદિની સાથે યોગ= સમાગમ કરવો જોઈએ.**

કઈ રીતે સમાગમ કરવો જોઈએ ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**ત્યાં પ્રથમ સાંભળવાની ઈચ્છા શુશ્રૂષા છે=તત્ત્વને સાંભળવાની ઉત્કટ ઈચ્છા શુશ્રૂષા છે. શ્રવણ એ સાંભળવાની ક્રિયા છે અને શ્રવણથી શાસ્ત્રના યથાર્થ અર્થનું ગ્રહણ થાય છે તે ગ્રહણની ક્રિયા છે. ગ્રહણ કર્યા પછી તેનું વિસ્મરણ ન થાય તે રીતે ધારણ કરવું જોઈએ. ધારણ કર્યા પછી મોહ, સંદેહ અને વિપર્યાસના નિવારણથી જ્ઞાન તે વિજ્ઞાન છે અને વિજ્ઞાત અર્થનું અવલંબન લઈને અન્ય પણ પદાર્થોમાં તે પ્રકારના યોજનરૂપ વ્યાપ્તિથી વિતર્કણ કરવો તે ઊહ છે. ઉક્તિથી અને યુક્તિથી વિરુદ્ધ એવા હિંસાદિ અર્થોથી પ્રત્યપાયની સંભાવના વડે નિવર્તન પામવું તે અપોહ છે. અથવા સામાન્ય જ્ઞાન ઊહ છે, વિશેષજ્ઞાન અપોહ છે. વિજ્ઞાન અને ઊહાપોહથી વિશુદ્ધ "આ આમ જ છે" એ પ્રકારે નિશ્ચિત તત્ત્વનો અભિનિવેશ છે. આ પ્રકારે શુશ્રૂષા આદિ બુદ્ધિગુણોથી યુક્ત એવો પ્રજ્ઞાના પ્રકર્ષવાળો પુરુષ ક્યારેય અકલ્યાણને પ્રાપ્ત કરતો નથી.**

**જે કારણથી કહેવાયું છે –**

"ધનના નાશમાં પ્રજ્ઞાથી પ્રાજ્ઞપુરુષો સેંકડો વર્ષો જીવે છે અને પ્રજ્ઞાનો ક્ષય થયે છતે ધન હોતે છતે પણ કોઈ જીવતું નથી. ।।૪૫।।" **()**

**'इति' શબ્દ પ્રસ્તુત એવા સામાન્ય ગૃહસ્થધર્મની પરિસમાપ્તિ માટે છે. ।।૫૮।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૫૫માં કહ્યું કે પ્રતિદિન ધર્મનું શ્રવણ કરવું જોઈએ. વળી, ધર્મને સાંભળ્યા પછી ધર્મના પરમાર્થને છોડીને ક્યાંય અભિનિવેશ કરવો જોઈએ નહિ તે બતાવવા માટે સૂત્ર-૫૬માં સર્વત્ર અનભિનિવેશ કરવો જોઈએ તેમ કહ્યું. વળી ગુણ પ્રત્યેનો જ અભિનિવેશ કરવો જોઈએ તે બતાવવા સૂત્ર-૫૭માં ગુણની પક્ષપાતિતા કરવાનું કહ્યું.

હવે શાસ્ત્ર સાંભળ્યા પછી શાસ્ત્રથી થયેલા બોધના યથાર્થ પરમાર્થની પ્રાપ્તિ માટે ઊહાપોહ આદિમાં યત્ન કરવો જોઈએ તે બતાવતાં કહે છે –

બુદ્ધિના આઠ ગુણોમાં ઉદ્યમ કરવો જોઈએ.

ત્યાં બુદ્ધિના આઠ ગુણોમાં (i) સૌ પ્રથમ **શુશ્રૂષાગુણ** છે જે શાસ્ત્રશ્રવણની ક્રિયાની પૂર્વમાં આવશ્યક છે; કેમ કે શાસ્ત્રના યથાર્થ પરમાર્થને જાણવાની ઉત્કટ ઇચ્છાથી શાસ્ત્ર સાંભળવામાં આવે તો શ્રવણકાળમાં શાસ્ત્રવચનોને અવલંબીને નિરૂપણ કરાતા અર્થમાં અત્યંત ઉપયોગ પ્રવર્તે. (ii) જે શ્રોતા શુશ્રૂષાગુણપૂર્વક શાસ્ત્ર સાંભળવાની ક્રિયા કરે ત્યારે અત્યંત ઉપયોગપૂર્વકની શ્રવણક્રિયા હોય તો બુદ્ધિનો **શ્રવણગુણ** પ્રાપ્ત થાય. (iii) શ્રવણગુણપૂર્વક શાસ્ત્ર સાંભળવામાં આવે તો ઉપદેશક જે સંદર્ભથી શાસ્ત્રવચનનું કથન કરે તે સંદર્ભથી શાસ્ત્રનાં વચનનું ગ્રહણ થાય અને શાસ્ત્રના યથાર્થ અર્થનું ગ્રહણ થાય તો બુદ્ધિનો **ગ્રહણગુણ** પ્રાપ્ત થાય. (iv) શાસ્ત્રનો યથાર્થ ગ્રહણગુણ પ્રાપ્ત થયા પછી પુનઃ પુનઃ તે અર્થનું પરાવર્તન કરીને તે અર્થ ધારણ કરવામાં આવે તો બુદ્ધિનો **ધારણાગુણ** પ્રાપ્ત થાય. (v) આ રીતે શાસ્ત્રવચનનો યથાર્થ બોધ કરીને તેને ધારી રાખ્યા પછી યુક્તિ અને અનુભવથી શાસ્ત્રે કહેલો પદાર્થ એમ જ છે તે નિર્ણય કરવા અર્થે મોહ=અજ્ઞાન, સંદેહ કે વિપર્યાસના નિરાકરણપૂર્વક તેનું જ્ઞાન કરવામાં આવે તો **વિજ્ઞાન** થાય અર્થાત્ વિશેષ પ્રકારનું જ્ઞાન થાય. (vi-vii) તે રીતે વિશેષ જ્ઞાન કર્યા પછી ઊહ અને અપોહ કરે અર્થાત્ આ અનુચિત પ્રવૃત્તિ છે અને આ ઉચિતપ્રવૃત્તિ છે એમ વિતર્ક કરે તે **ઊહ** છે. ત્યારપછી સ્વભૂમિકા અનુસાર અનુચિતપ્રવૃત્તિરૂપ પાપોથી નિવૃત્ત થાય તે **અપોહ** છે. 'અથવા'થી ઊહાપોહનો બીજો અર્થ કરે છે તે પ્રમાણે ઊહ સામાન્ય જ્ઞાન છે અને અપોહ વિશેષજ્ઞાન છે. તેથી જે વિજ્ઞાત અર્થને તેવા પ્રકારનાં અન્ય સ્થાનોમાં પણ યોજન કરવા માટે ઊહાપોહ કરવામાં આવે તે ઊહાપોહ છે, જેનાથી પ્રાપ્ત થયેલું વિશિષ્ટ જ્ઞાન અધિક અધિક વિષયોને સ્પર્શનારું બને. (viii) ઊહાપોહ દ્વારા તે જ્ઞાનને અનેક સ્થાનોમાં યોજન કર્યા પછી ભગવાને કહેલા પદાર્થો "આમ જ છે" એ પ્રમાણે શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર નિર્ણય થવાથી જે નિશ્ચય થાય છે તે તત્ત્વનો અભિનિવેશ છે અર્થાત્ સર્વજ્ઞે કહેલા તત્ત્વનો યથાર્થ નિર્ણય કરીને તે તત્ત્વને 'મારે અપ્રમાદભાવથી જીવનમાં સેવીને આત્મહિત કરવું જોઈએ' એ પ્રકારે સંકલ્પ કરીને તેને અનુકૂળ એવો ઉચિત યત્ન કરાવે તે **તત્ત્વાભિનિવેશગુણ** છે. ||૫૮||

**અવતરણિકા :-**

**इत्थं सामान्यतो गृहस्थधर्म उक्तः, अथास्यैव फलमाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે સામાન્યથી ગૃહસ્થધર્મ કહેવાયો. હવે આના જ ફળને=સામાન્યથી ગૃહસ્થધર્મના સેવનના ફળને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧માં ધર્મબિન્દુને કહેવાની પ્રતિજ્ઞા કરી. શ્લોક-૨માં ધર્મ ધનાર્થીને ધન આપનાર છે, કામાર્થીને કામ આપનાર છે અને અંતે મોક્ષરૂપ સુખને પ્રાપ્ત કરાવનાર છે એમ બતાવ્યું, તેથી યોગ્ય જીવને ધર્મની

અર્થિતા પ્રાપ્ત થાય. ત્યારપછી ધર્મના અર્થી જીવોને ધર્મનો બોધ કરાવવા અર્થે શ્લોક-૩માં ધર્મનું લક્ષણ બતાવ્યું. અને શ્લોક-૩માં અવાંતર સૂત્રો દ્વારા અત્યાર સુધી સેવવા યોગ્ય સામાન્ય ગૃહસ્થધર્મનું સ્વરૂપ બતાવ્યું. તે સ્વરૂપને સમ્યક્ અવધારણ કરીને જે ગૃહસ્થ આ પ્રકારના સામાન્ય ગૃહસ્થધર્મનું સેવન કરે છે તેઓને શું ફળ પ્રાપ્ત થાય તે બતાવે છે –

**શ્લોક :-**

एवं स्वधर्मसंयुक्तं सद् गार्हस्थ्यं करोति यः।
लोकद्वयेऽप्यसौ धीमान् सुखमाप्नोत्यनिन्दितम् ।।४।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સ્વધર્મથી યુક્ત એવું સદ્ગૃહસ્થપણું જે પુરુષ કરે છે બુદ્ધિમાન એવો એ=એ પુરુષ, લોકદ્વયમાં પણ=આ લોક અને પરલોકમાં પણ અનિન્દિત સુખને પ્રાપ્ત કરે છે. ।।૪।।**

**ટીકા :-**

**'एवम्' उक्तन्यायेन यः 'स्वधर्मः' गृहस्थानां संबन्धी धर्मः तेन 'संयुक्तं' समन्वितम्, अत एव 'सत्' सुन्दरं 'गार्हस्थ्यं' गृहस्थभावं 'करोति' विदधाति 'यः' कश्चित् पुण्यसंपन्नो जीवः 'लोकद्वयेऽपि' इहलोकपरलोकरूपे, किं पुनरिहलोक एवेत्यपिशब्दार्थः, 'असौ' सद्गार्हस्थ्यकर्त्ता 'धीमान्' प्रशस्तबुद्धिः 'सुखं' शर्म 'आप्नोति' लभते 'अनिन्दितं' शुभानुबन्धितया सुधियामगर्हणीयमिति ।।४।।**

**ટીકાર્થ :-**

**'एवम्' ..... सुधियामगर्हणीयमिति ।। આ રીતે=ઉક્ત ન્યાયથી=શ્લોક-૩માં અવાંતર ૫૮ સૂત્રો દ્વારા વર્ણન કર્યું એ પદ્ધતિથી જે સ્વધર્મસંયુક્ત=ગૃહસ્થોના સંબંધી ધર્મથી યુક્ત છે, આથી જ સુંદર એવા ગૃહસ્થભાવને જે કોઈ પુણ્યસંપન્ન જીવ કરે છે બુદ્ધિમાન એવો એ=પ્રશસ્ત બુદ્ધિવાળો એવો સદ્ગૃહસ્થપણાનો કર્તા, લોકદ્વયમાં પણ=આ લોક અને પરલોકરૂપ લોકદ્વયમાં પણ, અનિન્દિત= શુભાનુબંધીપણું હોવાના કારણે બુદ્ધિમાનોને અગર્હણીય એવું સુખ પ્રાપ્ત કરે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪।।**

❖ 'लोकद्वयेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પરલોકમાં તો અનિન્દિત સુખ પામે છે પરંતુ આ લોકમાં પણ અનિન્દિત સુખને પામે છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૩માં ધર્મનું લક્ષણ બતાવ્યું અને તેવા લક્ષણવાળો ધર્મ શ્રાવકધર્મરૂપ અને સાધુધર્મરૂપ બે

ભેદવાળો છે. તેમાં શ્રાવકનો ધર્મ પણ સામાન્યથી અને વિશેષથી એમ બે ભેદવાળો છે. અને તે ગૃહસ્થધર્મમાં જે સામાન્યથી ગૃહસ્થધર્મ છે તે ગ્રંથકારશ્રીએ શ્લોક-૩માં ૫૮ સૂત્રો દ્વારા બતાવેલ છે. તે ગૃહસ્થધર્મના યથાર્થ મર્મને જાણીને જે ગૃહસ્થો તે પ્રકારે ધર્મ અર્થ અને કામ ત્રણ પુરુષાર્થોને ધર્મપ્રધાન થઈને સેવે છે તેવા પ્રશસ્તબુદ્ધિવાળા ગૃહસ્થોને આ લોક અને પરલોકમાં અનિન્દિત એવું સુખ પ્રાપ્ત થાય છે; કેમ કે આ લોકનું પણ તેમનું સુખ શુભાનુબંધી છે=પુણ્યાનુબંધીપુન્ય દ્વારા પૂર્ણસુખમય મોક્ષમાં વિશ્રાંત થનાર છે.

આનાથી એ ફલિત થાય કે જે ગૃહસ્થ પૂર્ણ ધર્મસેવનના અત્યંત અર્થી છે અને તેના માટે પ્રતિદિન ધર્મશ્રવણ કરીને ધર્મપ્રવૃત્તિની વૃદ્ધિ કરવા સદા ઉદ્યમ કરે છે અને ધર્મપુરુષાર્થનો બાધ ન થાય તે રીતે અર્થ અને કામ પુરુષાર્થ સેવે છે અને તેના દ્વારા જે તેઓને વર્તમાનમાં સુખ થાય છે અર્થાત્ ધર્મપુરુષાર્થને કારણે ચિત્ત કંઈક અંશથી વિકાર વગરનું બને છે અને અર્થ-કામ પુરુષાર્થથી ઉત્પન્ન થયેલા વિકારોનું શમન થાય છે, તેથી સુખ થાય છે અને વિવેકપૂર્વક ત્રણ પુરુષાર્થોમાં યત્ન હોવાથી તે પુરુષાર્થના સેવનથી થતું સુખ ઉત્તર ઉત્તરના ભવમાં અધિક અધિક પ્રાપ્ત કરીને મોક્ષનું કારણ બને છે. માટે બુદ્ધિમાનોને તે સુખ ગર્હણીય નથી પરંતુ પ્રશંસાપાત્ર છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**यत एवं ततोऽत्रैव यत्नो विधेय इति श्लोकद्वयेन दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે=શ્લોક-૪માં કહ્યું એમ છે તે કારણથી આમાં જ=શ્લોક-૩માં બતાવેલા સામાન્ય ગૃહસ્થ ધર્મમાં જ યત્ન કરવો જોઈએ એ પ્રમાણે શ્લોકદ્વયથી બતાવતાં કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૪માં કહ્યું કે જે ગૃહસ્થ ૫૮ સૂત્રો દ્વારા બતાવાયેલા ગૃહસ્થધર્મનું સમ્યક્ સેવન કરે છે તે ગૃહસ્થ શુભાનુબંધી એવું સુખ આ લોક અને પરલોકમાં પ્રાપ્ત કરે છે, તેથી આ ગૃહસ્થધર્મમાં જ શ્રાવકે યત્ન કરવો જોઈએ.

કેમ આ શ્રાવકધર્મમાં યત્ન કરવો જોઈએ ? એ બે શ્લોકોથી બતાવે છે –

**શ્લોક :-**

दुर्लभं प्राप्य मानुष्यं विधेयं हितमात्मनः ।
करोत्यकाण्ड एवेह मृत्युः सर्वं न किञ्चन ।।५।।
सत्येतस्मिन्नसारासु संपत्स्वविहिताग्रहः ।
पर्यन्तदारुणासूच्चैर्धर्मः कार्यो महात्मभिः ।।६।।

શ્લોકાર્થ :-

**દુર્લભ એવા મનુષ્યભવને પામીને આત્માનું હિત કરવું જોઈએ.**

કેમ આત્માનું હિત કરવું જોઈએ ? એથી કહે છે –

**અહીં=મર્ત્યલોકમાં, મૃત્યુ અકાણ્ડ જ=અકસ્માત જ, સર્વને ન કિંચન કરે છે=સર્વને અવસ્તુરૂપ કરે છે. ।।૫।।**

**આ હોતે છતે=મૃત્યુ વિધમાન હોતે છતે પર્યંતમાં દારુણ અસાર એવી સંપતિમાં અવિહિત આગ્રહવાળો ધર્મ=અકૃત મૂર્ચ્છાવાળો ધર્મ, મહાત્માએ અત્યંત કરવો જોઈએ. ।।૬।।**

ટીકા :-

'दुर्लभं' दुरापं 'प्राप्य' समासाद्य 'मानुष्यं' मनुष्यजन्म, किमित्याह–'विधेयम्' अनुष्ठेयं सर्वावस्थासु 'हितम्' अनुकूलं कल्याणमित्रयोगादि 'आत्मनः' स्वस्य, यतः 'करोति अकाण्डे एव' मरणानवसरे एव बाल्ययौवनमध्यमवयोऽवस्थारूपे 'इह' मर्त्यलोके 'सर्वं' पुत्रकलत्रविभवादि 'मृत्युः' यमः, 'न किञ्चन' मरणत्राणाकारणत्वेनावस्तुरूपमिति ।।५।।

'सति' विद्यमाने जगत्त्रितयवर्तिजन्तुजनितोपरमे 'एतस्मिन्' मृत्यावेव 'असारासु' मृत्युनिवारणं प्रति अक्षमासु 'संपत्सु' धनधान्यादिसंपत्तिलक्षणासु 'अविहिताग्रहः' अकृतमूर्च्छः, कीदृशीषु संपत्स्वित्याह –'पर्यन्तदारुणासु' विरामसमयसमर्पितानेकव्यसनशतासु, 'उच्चैः' अत्यर्थं 'धर्म' उक्तलक्षणः 'कार्यो' विधेयः, कैरित्याह–'महात्मभिः', महान् प्रशस्य आत्मा येषां ते तथा तैरिति ।।६।।

इति श्रीमुनिचन्द्रसूरिविरचितायां धर्मबिन्दुप्रकरणविवृतौ सामान्यतो गृहस्थधर्मविधिः प्रथमोऽध्यायः समाप्तः ।।१।।

ટીકાર્થ :-

'दुर्लभं' ..... वस्तुरूपमिति ।। દુર્લભ=દુઃખે પ્રાપ્ત થઈ શકે એવું મનુષ્યપણું=મનુષ્યજન્મ, પ્રાપ્ત કરીને જીવની શારીરિક આદિ સુંદર કે અસુંદર એવી બાલઅવસ્થા, યુવાઅવસ્થા, વૃદ્ધાવસ્થા રૂપ સર્વ અવસ્થામાં, આત્માનું હિત કરવું જોઈએ=અનુકૂળ એવા કલ્યાણમિત્ર યોગાદિરૂપ પોતાનું હિત કરવું જોઈએ. જે કારણથી અકાંડમાં જ=બાલ્ય-યૌવન-મધ્યમવયની અવસ્થારૂપ મરણના અનવસરે જ, અહીં=મર્ત્યલોકમાં, મૃત્યુ=યમરાજ, સર્વને=પુત્ર, સ્ત્રી, વૈભવ આદિ સર્વને ન કિંચન કરે છે=મરણના રક્ષણમાં અકારણપણું હોવાના કારણે અવસ્તુરૂપ કરે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫।।

**सति ..... तथा तैरिति ।। જગત્ત્રિતયવર્તી જંતુઓથી જનિત એવી પ્રવૃત્તિના ઉપરમરૂપ આ મૃત્યુ જ વિદ્યમાન હોતે છતે અસાર એવી સંપત્તિમાં=મૃત્યુના નિવારણ પ્રત્યે અસમર્થ એવી ધનધાન્યાદિ સંપત્તિમાં, અવિહિત આગ્રહવાળો એવો ધર્મ=અકૃતમૂર્ચ્છાવાળો એવો પૂર્વમાં વર્ણન કરાયેલો ધર્મ, અત્યંત કરવો જોઈએ એમ અન્વય છે.**

કેવા પ્રકારની ધન-ધાન્યાદિ સંપત્તિ છે ? એથી કહે છે –

**પર્યંતમાં દારુણ છે=નાશના સમયમાં આપી છે અનેક પ્રકારની પીડાઓ જેણે એવી સંપત્તિ હોતે છતે અકૃતમૂર્ચ્છાવાળો ધર્મ કરવો જોઈએ, એમ અન્વય છે.**

કોણે કરવો જોઈએ ? એથી કહે છે –

**મહાત્માએ કરવો જોઈએ=મહાન પ્રશંસા કરવા યોગ્ય આત્મા છે જેઓનો તેવા મહાત્માઓએ ઉક્ત લક્ષણવાળો ધર્મ કરવો જોઈએ, એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૬॥**

**આ પ્રમાણે=પૂર્વમાં છ શ્લોકોથી વર્ણન કર્યું એ પ્રમાણે, શ્રી મુનિચંદ્રસૂરિવિરચિત ધર્મબિન્દુ પ્રકરણની વિવૃત્તિમાં સામાન્યથી ગૃહસ્થધર્મની વિધિરૂપ પ્રથમ અધ્યાય સમાપ્ત થયો. ॥૧॥**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી ગૃહસ્થનો સામાન્ય ધર્મ બતાવ્યો. હવે ગૃહસ્થે તે ધર્મમાં જ સદા ઉદ્યમ કરવો જોઈએ તે બતાવવા અર્થે કહે છે –

ધર્મસામગ્રીથી યુક્ત એવો મનુષ્યભવ અતિ દુર્લભ છે અને તેવો મનુષ્યભવ પ્રાપ્ત કર્યા પછી બુદ્ધિમાન જીવે આત્માનું હિત જ કરવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે મનુષ્યભવને પામ્યા પછી આત્માનું હિત કઈ રીતે કરી શકાય ? તેથી કહે છે –

કલ્યાણમિત્રનો યોગ કરવો જોઈએ, સદ્ગુરુનો યોગ કરવો જોઈએ, ધર્મશાસ્ત્રનું શ્રવણ કરવું જોઈએ અને તેના પરમાર્થને પ્રાપ્ત કરવા જીવનમાં પ્રધાનરૂપે યત્ન કરવો જોઈએ જેથી આત્માનું હિત થાય.

અહીં પ્રશ્ન થાય કે આ લોકના સુખની ઉપેક્ષા કરીને માત્ર પ્રધાનરૂપે કલ્યાણ મિત્રયોગાદિમાં કેમ પ્રયત્ન કરવો જોઈએ ? એથી કહે છે –

મૃત્યુ અકાંડ જ અહીં સંસારમાં સર્વવસ્તુઓને અકિંચન કરે છે, તેથી ગમે તે અવસ્થામાં મૃત્યુકાળ ઉપસ્થિત થાય તો પુત્ર-સ્ત્રી-વૈભવ આદિ સર્વ તેનું મૃત્યુથી રક્ષણ કરી શકતા નથી, તેથી તે સર્વ માટે કરાયેલો યત્ન આત્મા માટે કોઈ ઉપયોગી બને નહિ, તેથી વિવેકી પુરુષે આત્મહિતના કારણભૂત કલ્યાણમિત્રયોગ આદિમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૫॥**

વળી, આત્મહિત માટે જેમ કલ્યાણમિત્ર આદિમાં ઉદ્યમ કરવો આવશ્યક છે તેમ પૂર્વમાં બતાવેલા

સામાન્ય ગૃહસ્થધર્મમાં પણ ઉદ્યમ કરવો આવશ્યક છે તે બતાવવા અર્થે કહે છે –

સંસારી જીવો જે કાંઈ પ્રવૃત્તિઓ કરે છે અને તેના દ્વારા જે કાંઈ ભૌતિક સામગ્રી પ્રાપ્ત કરે તે સર્વ સામગ્રીનો નાશ મૃત્યુ સમયે થાય છે.

વળી, સંસારી જીવો જે કાંઈ પ્રયત્ન કરીને ધનધાન્યાદિ સંપત્તિ મેળવે છે તે પર્યન્ત દારુણ છે=વિનાશ થાય ત્યારે અનેક પ્રકારના ક્લેશો પેદા કરાવીને જીવને દુઃખ પેદા કરાવે છે અથવા તેની પ્રાપ્તિ માટે જે પાપવ્યાપારો કર્યા તેનું ફળ અત્યંત ખરાબ છે, તેથી વિવેકી પુરુષે વિચારવું જોઈએ કે મૃત્યુકાળમાં આ સર્વ સંપત્તિ મૃત્યુનું નિવારણ કરી શકશે નહિ. વળી, આ સંપત્તિ પર્યંતમાં દારુણ છે માટે તેવી સંપત્તિમાં મૂર્છા ઘટે તેવો ત્રીજા શ્લોકમાં અનેક સૂત્રો દ્વારા બતાવાયેલો ધર્મ કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે ત્રીજા શ્લોકમાં ધનઅર્જનની ક્રિયા, ગૃહનિર્માણની ક્રિયા ઇત્યાદિ અનેક ક્રિયાઓને ધર્મરૂપે કહેલ છે અને પ્રસ્તુત શ્લોકમાં સંપત્તિમાં અકૃતમૂર્છાવાળો ધર્મ કરવો જોઈએ એમ કહ્યું, તેથી એ ફલિત થાય કે વિવેકી ગૃહસ્થ ત્રણે પુરુષાર્થો સેવે છે તે સર્વ પૂર્ણધર્મની નિષ્પત્તિના ઉદ્દેશથી સેવે છે, તેથી જ તેની પ્રધાનશક્તિ કલ્યાણમિત્રયોગાદિમાં વપરાય છે અને સર્વવિરતિગ્રહણનું સામર્થ્ય નહિ હોવાથી સર્વવિરતિના સંચય અર્થે ભગવદ્ભક્તિ આદિમાં ધન ઉપયોગી હોવાથી અને ગૃહસ્થજીવનની વ્યવસ્થા પણ ધનથી જ થાય તેમ હોવાથી ધનમાં મૂર્છા ઘટાડીને ધર્મની વૃદ્ધિ થાય તે રીતે ધન વ્યય કરનારા સદ્ગૃહસ્થો હોય છે, તેથી સદ્ગૃહસ્થો ધન કમાવાની ક્રિયા કરે અને ધન વધારવાની ક્રિયા કરે તે પણ પ્રધાન રૂપે ધર્મવૃદ્ધિનું અંગ બને તે રીતે જ કરે છે, તેથી પૂર્વમાં બતાવાયેલો સર્વ પ્રકારનો ગૃહસ્થધર્મ અકૃતમૂર્છાવાળો જ બને છે; કેમ કે પ્રતિદિન કલ્યાણમિત્ર આદિના યોગના કારણે ધર્મશક્તિ વધે છે અને ભોગાદિ વિષયક ઇચ્છાશક્તિ ક્ષીણ ક્ષીણ થાય છે તે રીતે જ ઉત્તમ પ્રકૃતિવાળા મહાત્માઓએ ધર્મ કરવો જોઈએ. **॥૬॥**

## પ્રથમ અધ્યાય સમાપ્ત

# દ્વિતીય અધ્યાય

**ટીકા :-**

**व्याख्यातः प्रथमोऽध्यायः, साम्प्रतं द्वितीयो व्याख्यायते, विशेषसंबन्धश्चास्य स्वयमेव शास्त्रकृता भणिष्यत इति नेह दर्श्यते, एवमन्येष्वप्यध्यायेष्विति, तस्य चेदमादिसूत्रम् –**

**ટીકાર્થ :-**

પ્રથમ અધ્યાય વ્યાખ્યાન કરાયો. હવે બીજો અધ્યાય વ્યાખ્યાન કરાય છે. અને આનો=બીજા અધ્યાયનો, વિશેષ સંબંધ=પ્રથમ અધ્યાય સાથેનો વિશેષ સંબંધ, સ્વયં જ શાસ્ત્રકાર કહેશે એથી અહીં બતાવાતો નથી. એ પ્રમાણે અન્ય પણ અધ્યાયોમાં ગ્રંથકારશ્રી સ્વયં સંબંધ બતાવશે, તેથી ટીકાકારશ્રી બતાવશે નહિ. અને તેનું=બીજા અધ્યાયનું, આ=આગળમાં કહેવાય છે એ, પ્રથમ સૂત્ર છે –

**શ્લોક :-**

प्रायः सद्धर्मबीजानि, गृहिष्वेवंविधेष्वलम् ।
रोहन्ति विधिनोप्तानि यथा बीजानि सत्क्षितौ ।।१।।

**શ્લોકાર્થ :-**

**આવા પ્રકારના=પ્રથમ અધ્યાયમાં વર્ણન કર્યું એવા પ્રકારના, ગૃહસ્થમાં પ્રાયઃ કરીને વિધિપૂર્વક વપન કરાયેલા સદ્ધર્મનાં બીજો અત્યંત આરોહણ પામે છે જે પ્રમાણે સુંદર ભૂમિમાં વપન કરાયેલાં બીજો વૃક્ષરૂપે આરોહણ પામે છે. ।।૧।।**

**ટીકા :-**

**'प्रायः' बाहुल्येन 'सद्धर्मबीजानि' 'सद्धर्मस्य' सम्यग्ज्ञानदर्शनचारित्ररूपस्य 'बीजानि' कारणानि, तानि चामूनि –**

"दुःखितेषु दयाऽत्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाविशेषतः ।।४६।।" **[योगदृष्टि० ३२] इति ।।**

**'गृहिषु' गृहस्थेषु 'एवंविधेषु' कुलक्रमागतानिन्द्यन्यायानुष्ठानादिगुणभाजनेषु 'अलं' स्वफलावन्ध्यकारणत्वेन अत्यर्थं 'रोहन्ति' धर्मचिन्तादिलक्षणाङ्कुरादिमन्ति जायन्ते, उक्तं च–**

"वपनं धर्मबीजस्य सत्प्रशंसादि तद्गतम् ।
तच्चिन्ताद्यङ्कुरादि स्यात् फलसिद्धिस्तु निर्वृतिः ।।४७।।" [ ]

"चिन्तासच्छ्रुत्यनुष्ठानदेवमानुषसंपदः ।

क्रमेणाङ्कुरसत्काण्डनालपुष्पसमा मताः ।।४८।।" [ ]

**कीदृशानि सन्ति रोहन्तीत्याह–'विधिना' देशनार्हबालादिपुरुषौचित्यलक्षणेन 'उप्तानि' निक्षिप्तानि यथेति दृष्टान्तार्थः 'बीजानि' शालिगोधूमादीनि 'सत्क्षितौ' अनुपहतभूमौ विधिनोप्तानि सन्ति, 'प्रायः' ग्रहणादकस्मादेव पक्वतथाभव्यत्वे क्वचित् 'मरुदेव्यादौ' अन्यथाभावेऽपि न विरोध इति ।।१।।**

**ટીકાર્થ :-**

**'प्रायः' बाहुल्येन ..... न विरोध इति ।। બહુલતાથી સદ્ધર્મમાં બીજો=સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રરૂપ સદ્ધર્મનાં કારણો આવા પ્રકારના ગૃહસ્થોમાં=કુલક્રમથી આવેલા અનિન્દ્યન્યાયયુક્ત અનુષ્ઠાનાદિ ગુણના ભાજન એવા ગૃહસ્થોમાં, અત્યંત=સ્વફલના અવંધ્યકારણપણારૂપે અત્યંત, આરોહણ પામે છે=ધર્મચિંતાદિલક્ષણ અંકુરાદિવાળા થાય છે.**

**અને તે=સદ્ધર્મનાં બીજો આ છે –**

"દુઃખિતોમાં અત્યંત દયા, ગુણવાનમાં અદ્વેષ અને સર્વત્ર જ= દીન આદિ સર્વમાં જ, અવિશેષથી=સામાન્યથી, ઔચિત્યનું સેવન. ।।૪૬।।" **(યોગદષ્ટિ૰ શ્લોક-૩૨)**

**અને કહેવાયું છે –**

"ધર્મબીજનું વપન તદ્ગત સત્પ્રશંસાદિ છે=ધર્મવિષયક સત્પ્રશંસાદિ છે. તેની ચિંતાદિ અંકુરાદિ થાય. વળી, ફળની સિદ્ધિ નિવૃત્તિ છે=મોક્ષ છે. ।।૪૭।।" **()**

"ચિંતા-સત્શ્રુતિ-અનુષ્ઠાન-દેવમનુષ્યની સંપદા ક્રમથી અંકુર-સત્કાણ્ડ-નાલ અને પુષ્પ જેવી મનાય છે. ।।૪૮।।" **()**

**કેવા છતાં ધર્મબીજો આરોહણ પામે છે ? તેથી કહે છે –**

**વિધિથી વપન કરાયેલાં=દેશનાયોગ્ય બાલ, મધ્યમ, બુધ પુરુષના ઔચિત્ય રૂપ વિધિથી વપન કરાયેલાં, બીજો આરોહણ પામે છે. જે પ્રમાણે ચોખા-ઘઉં-આદિનાં બીજો સત્ક્ષિતિમાં=નહિ હણાયેલી ભૂમિમાં, વપન કરાયેલાં છતાં, આરોહણ પામે છે એમ અન્વય છે. પ્રાયઃ ગ્રહણથી અકસ્માત જ પક્વ થયેલ તથાભવ્યત્વ હોતે છતે કોઈક મરુદેવી આદિ જીવોમાં અન્યથા ભાવમાં પણ=ઉપદેશ આદિ દ્વારા વપન કરાયા વગર પણ, ધર્મબીજો વૃદ્ધિ પામે છે તેમાં, વિરોધ નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

પ્રથમ અધ્યાયમાં સામાન્યથી ઉચિત પ્રવૃત્તિ કરનારા જીવોના ૩૫ ગુણોનું વર્ણન કર્યું. જે આદ્યભૂમિકાનો ગૃહસ્થધર્મ છે અને તેવા ગૃહસ્થધર્મને સેવનારા અપુનર્બંધક પણ જીવો હોય, વિવેક પ્રગટ થયેલો હોય

તો સમ્યગ્દૃષ્ટિ પણ હોય અને શ્રાવકધર્મ આચાર પાળનારા દેશવિરતિધર પણ હોય. તેઓ પોતાના બોધ અનુસાર ધર્મની બળવાન રુચિવાળા છે. આમ છતાં પૂર્ણ ધર્મસેવવાની શક્તિ પ્રગટી નથી, તેથી સ્વભૂમિકા અનુસાર ધર્મ-અર્થ-કામનું સેવન કરનારા છે. આવા જીવોમાં તે જીવોની યોગ્યતાને જાણીને અર્થાત્ "આ જીવ ક્ષયોપશમની દૃષ્ટિથી બાલ છે, મધ્યમ છે કે પ્રાજ્ઞ છે ?" તેવો નિર્ણય કરીને જે ઉપદેશક તેઓની ભૂમિકા અનુસાર સન્માર્ગ બતાવે છે તે સન્માર્ગની દેશનાથી તે જીવોમાં ધર્મબીજોનું વપન થાય છે.

જો કે પ્રથમ અધ્યાયમાં જે સામાન્ય ગૃહસ્થધર્મ બતાવ્યો તેમાં 'શુશ્રૂષાગુણ', 'સદ્શાસ્ત્રોનું શ્રવણ', 'ઊહાપોહ આદિનો યોગ' વગેરે બતાવેલ છે. તે પ્રમાણે કોઈ ગૃહસ્થ શાસ્ત્રો ભણેલો હોય, સૂક્ષ્મ પ્રજ્ઞા ખીલેલી હોય તો તે ગૃહસ્થ સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર પણ હોય, આમ છતાં પૂર્વમાં બતાવેલા સર્વ આચારો સ્વસામર્થ્ય અનુસાર સેવે છે તેવા પણ ગૃહસ્થને કોઈ ઉપદેશક તેની ભૂમિકા અનુસાર વિશેષ પ્રકારનો ઉપદેશ આપે તો તેનામાં વિશેષ પ્રકારનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનાં બીજોનું વપન થાય છે અર્થાત્ જે ભૂમિકાનાં તેઓમાં જ્ઞાનાદિ છે તેના કરતાં વિશેષ પ્રકારનાં જ્ઞાનાદિની પ્રાપ્તિ તેઓને થાય છે, તેથી તેવા જીવોમાં પણ રત્નત્રયીની વૃદ્ધિરૂપ સદ્ધર્મની વૃદ્ધિ થાય છે.

અહીં સદ્ધર્મનાં બીજો તરીકે બતાવતાં દુઃખિત જીવોમાં અત્યંત દયા, ગુણવાનમાં અદ્વેષ, અને સર્વત્ર સામાન્યથી ઔચિત્યનું સેવન બતાવ્યું તે આદ્યભૂમિકાનાં બીજો છે અને તેવાં બીજો તો પૂર્વના અધ્યાયમાં વર્ણન કરાયેલા આચારોને સેવનારા ગૃહસ્થમાં વિદ્યમાન જ છે. આમ છતાં કોઈક ગૃહસ્થ કુલક્રમથી આવેલા અનિન્દ્ય એવા આચારોને પાળતા હોય તેવા જીવોને દુઃખિત આદિમાં અત્યંત દયા થાય તેનાથી પણ બીજોનું આધાન થાય છે અને ઉપદેશ આદિ દ્વારા વિશેષ પ્રકારનો બોધ થાય તેના દ્વારા પણ બીજોનું આધાન થાય છે.

વળી, મરુદેવાદિ જેવા કોઈક જીવને કોઈપણ પ્રકારની ઉપદેશ આદિની સામગ્રી ન મળી હોય તોપણ તેઓના પક્વ થયેલા તથાભવ્યત્વના કારણે સદ્ધર્મનાં બીજો પ્રરોહ પામે છે, તોપણ સામાન્યથી ઉપદેશ દ્વારા જ સદ્ધર્મનાં બીજો પ્રરોહ પામે છે.

અહીં વિશેષ એ છે કે ધર્મબીજોનું વપન એટલે મોક્ષમાર્ગને અનુકૂળ એવા જે અધ્યવસાયો તે અધ્યવસાયોના આત્મામાં જે સંસ્કારો પડે છે તે ધર્મબીજોનું વપન છે, તેથી આદ્યભૂમિકાવાળા જીવોને દુઃખી જીવોમાં દયા થાય તે પણ ધર્મબીજનું વપન છે. જેમ મેઘકુમારના જીવને હાથીના ભવમાં સસલા પ્રત્યે દયા થઈ તે ધર્મબીજનું વપન બન્યું.

વળી, યોગની દૃષ્ટિવાળા જીવો જિનવિષયક કુશલચિત્ત આદિ કરે તેનાથી પણ ધર્મબીજોનું વપન થાય છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવો સૂક્ષ્મ વિવેકવાળા હોવાથી જિનવિષયક વિશિષ્ટ કુશલચિત્ત આદિ કરે છે, તેથી તેઓમાં વિશિષ્ટ ધર્મબીજોનું વપન થાય છે.

વળી, દેશવિરતિવાળા જીવો અંશથી વિરતિના પરિણામવાળા હોવાથી જે કાંઈ ધર્મઅનુષ્ઠાન સેવે છે તે ધર્મઅનુષ્ઠાનથી અવિરત સમ્યગ્દૃષ્ટિવાળા જીવો કરતાં પણ વિશિષ્ટ ધર્મબીજોનું આધાન કરે છે.

વળી, તે સર્વ જીવોને તેમની ભૂમિકા અનુસાર ઉપદેશક ઉચિત ઉપદેશ આપે ત્યારે શ્રવણકાળમાં જે કાંઈ વિવેકપૂર્વક તત્ત્વની રુચિ થાય છે તેનાથી ધર્મબીજોનું વપન થાય છે. ધર્મબીજોનું વપન કર્યા પછી તે જીવો ચિંતવન કરે છે કે "કઈ રીતે હું યત્ન કરીને વિશેષ પ્રકારના ધર્મનું સેવન કરું ?" અને તે ચિંતવન અંકુરસ્થાનીય છે. વળી, તે મહાત્માઓ નવાં નવાં સત્શાસ્ત્રોનું શ્રવણ કરે છે જેથી પોતાના બોધમાં અધિક અધિક વિવેક થાય છે તે સત્કાંડ જેવું છે=બીજમાંથી અંકુર ફૂટ્યા પછી વૃક્ષોમાં જે ડાળી થાય છે તેના જેવું અર્થાત્ સ્કંધ જેવું છે. તે સૂક્ષ્મબોધ કર્યા પછી તે મહાત્મા તે બોધથી નિયંત્રિત ઉચિત ધર્મઅનુષ્ઠાન કરે તે નાલ જેવું છે. વળી, તે અનુષ્ઠાન સેવીને તે મહાત્મા સુદેવમાં, સુમાનુષમાં જાય છે તે ધર્મસામગ્રીયુક્ત દેવભવની અને મનુષ્યભવની પ્રાપ્તિ એ પુષ્પ જેવી છે. અને આ રીતે તે મહાત્મા ઉત્તર ઉત્તર યોગમાર્ગને સેવીને મોક્ષને પામે તે બીજાધાનપૂર્વકના થયેલા વૃક્ષના ફળની પ્રાપ્તિ રૂપ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं व्यतिरेकत आह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=પૂર્વમાં કહ્યું કે આવા લક્ષણવાળા ગૃહસ્થને સદ્ધર્મનાં બીજો પ્રરોહ પામે છે એ જ અર્થને, વ્યતિરેકથી કહે છે –**

**શ્લોક :-**

बीजनाशो यथाऽभूमौ प्ररोहो वेह निष्फलः ।
तथा सद्धर्मबीजानामपात्रेषु विदुर्बुधाः ।।२।। इति ।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે અહીં=જગતમાં, અભૂમિમાં બીજનાશ અથવા બીજનો પ્રરોહ નિષ્ફલ છે તે પ્રમાણે અપાત્રમાં=પ્રથમ અધ્યાયમાં બતાવેલા ગુણોથી રહિત એવા જીવોમાં સદ્ધર્મ બીજોનો નાશ અથવા નિષ્ફલ પ્રરોહ બુધો કહે છે. ।।૨।।**

**ટીકા :-**

**'बीजनाशो' बीजोच्छेदो 'यथा अभूमौ' ऊषरादिरूपायाम्, 'प्ररोहः' अङ्कुराद्युद्भेदः बीजस्यैव, 'वा' इति पक्षान्तरसूचकः 'इह' जगति 'निष्फलो' धान्यादिनिष्पत्तिलक्षणफलविकलः, 'तथा**

**सद्धर्मबीजानां' उक्तलक्षणानां गुरुणा अनाभोगादिभिर्निक्षिप्यमाणानाम्, 'अपात्रेषु' अनीतिकारिषु लोकेषु 'विदुः' जानते 'बुधाः' नाशं निष्फलं वा प्ररोहमिति ।।२।।**

**ટીકાર્થ :-**

**'बीजनाशो' ..... प्ररोहमिति ।। જે પ્રમાણે ઊખરાદિરૂપ અભૂમિમાં બીજનો ઉચ્છેદ અથવા બીજનો જ પ્રરોહ=અંકુર આદિનો ઉદ્‌ભેદ અહીં=જગતમાં નિષ્ફળ છે=ધાન્ય આદિ નિષ્પત્તિનાં ફલથી વિકલ છે. તે પ્રમાણે અપાત્રમાં= અનીતિકારી એવા લોકોમાં સદ્‌ધર્મબીજોનો=પૂર્વમાં કહેલા લક્ષણવાળા ગુરુ વડે અનાભોગાદિ દ્વારા નિક્ષેપ કરાતા એવા સદ્‌ધર્મ બીજોનો નાશ અથવા નિષ્ફલ પ્રરોહ બુધ પુરુષો કહે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

પ્રથમ અધ્યાયમાં બતાવેલા ગુણો અનુસાર જે મહાત્મા જીવવાની રુચિવાળા છે અને તે ગુણોનું સ્મરણ કરીને તેનાથી જેમ જેમ આત્માને ભાવિત કરે છે અને તે ગુણોને સ્વભૂમિકા અનુસાર સેવવા માટે જેમ જેમ ઉદ્યમ કરે છે તે તે પ્રમાણે=તે મહાત્માની ચિત્તની ભૂમિ બીજઆરોપણ માટે અધિક અધિક શ્રેષ્ઠ બને છે, તેથી જેઓને તે ગુણોનું શ્રવણ કરતાં તે ગુણો પ્રત્યે રુચિ થાય છે તેવા જીવોની પ્રથમ ભૂમિકાની બીજવપન માટેની સુંદર ભૂમિ છે અને જેઓ તે સર્વ બીજોના ગંભીર અર્થો જાણીને તેના પ્રત્યેનો પક્ષપાત વધારે છે તેઓની બીજવપનને અનુકૂળ વિશિષ્ટ વિશિષ્ટતર સુંદર ભૂમિકા બને છે. જે જીવોમાં તેવી કોઈ ભૂમિકા સંપન્ન બની નથી આમ છતાં કોઈક ઉપદેશકને અનાભોગાદિને કારણે આ જીવ ઉચિત ભૂમિકાવાળો છે તેવો ભ્રમ થાય અને તેના ક્ષયોપશમ અનુસાર તે મહાત્મા ઉપદેશ આદિ આપે તો તે ઉપદેશરૂપ ધર્મનું બીજ નાશ પામે છે કે નિષ્ફલ પ્રરોહવાળું બને છે.

જેમ ઊખરભૂમિમાં બીજવપન કરવામાં આવે તો તે બીજ નાશ પામે છે. ક્વચિત્ કોઈ બીજમાંથી અંકુરાદિ થાય તોપણ ધાન્યાદિની નિષ્પત્તિરૂપ ફળ થતું નથી તેમ ઊખરભૂમિ જેવા જીવોમાં ઉપદેશકના ઉપદેશથી જે બીજવપનની ક્રિયા કરવામાં આવે છે તે તેઓમાં વિનાશ પામે છે અર્થાત્ તે જીવોમાં મોક્ષમાર્ગનું કારણ બને એવા કોઈ સંસ્કારોનું આધાન થતું નથી. વળી, કોઈક જીવને તે ઉપદેશથી અંકુરાના પ્રરોહ તુલ્ય કંઈક શુભભાવ થાય તોપણ તે શુભભાવ નિષ્ફળ છે; કેમ કે યોગમાર્ગની ઉત્તર ઉત્તરની ભૂમિકા નિષ્પન્ન કરી શકે તેને અનુકૂળ માર્ગાનુસારી ચિત્તવૃત્તિ તે જીવોમાં નથી. આથી જ તેઓમાં પ્રથમ અધ્યાયમાં વર્ણન કરાયેલા ગુણોને અભિમુખ લેશ પણ પરિણામ નથી, તેથી મોક્ષના અર્થી જીવોએ પ્રથમ અધ્યાયમાં બતાવેલા સામાન્ય ગૃહસ્થધર્મમાં ઉચિત ઉદ્યમ કરીને અને તેને વારંવાર ભાવન કરીને આત્માને તે રીતે નીતિમાર્ગમાં ચાલનારો બનાવવો જોઈએ, જેથી ઉચિત ઉપદેશ દ્વારા વિશેષ વિશેષ યોગમાર્ગ નિષ્પન્ન થાય. **॥૨॥**

અવતરણિકા :-

आह–किमित्यपात्रेषु धर्मबीजनाशो निष्फलो वा प्ररोहः संपद्यते इत्याह–

અવતરણિકાર્થ :-

'आह'થી શંકા કરે છે – કયા કારણથી અપાત્ર જીવોમાં ધર્મબીજનો નાશ અથવા નિષ્ફલ પ્રરોહ થાય છે ? તેથી કહે છે –

શ્લોક :-

न साधयति यः सम्यगज्ञः स्वल्पं चिकीर्षितम् ।
अयोग्यत्वात् कथं मूढः स महत् साधयिष्यति ?।।३।।

શ્લોકાર્થ :-

જે અજ્ઞ અયોગ્યપણું હોવાને કારણે સ્વલ્પ ચિકીર્ષિત એવું પ્રથમ ભૂમિકાનું અનુષ્ઠાન સમ્યગ્ કરતો નથી તે મૂઢ મહાન એવું કાર્ય કઈ રીતે સાધી શકશે ? અર્થાત્ મહાન કાર્ય સાધી શકે નહિ. ।।૩।।

ટીકા :-

'न' नैव 'साधयति' निर्वर्त्तयति 'यो' जीवः 'सम्यग्' यथावत् 'अज्ञः' हिताहितविभागाकुशलः 'स्वल्पं' तुच्छं 'चिकीर्षितं' कर्तुमिष्टं निर्वाहाद्यनुष्ठानाद्यपि, कस्मान्न साधयतीत्याह–'अयोग्यत्वात्' अज्ञत्वेनानधिकारित्वात्, यथोक्तम्-'मूर्खस्य क्वचिदर्थे नाधिकारः' [ ] इति, 'कथं' केन प्रकारेण 'मूढो' । विगता चिन्ता(=हिताहितविचारणा) यस्यासौ विचिन्तः विचिन्तस्य भावो वैचिन्त्यम् । वैचिन्त्यमागतः 'सः' पूर्वोक्तो जीवः 'महत्' परमपुरुषार्थहेतुतया बृहद् धर्मबीजरोहणादि 'साधयिष्यति ?' सर्षपमात्रधरणासमर्थस्य मेरुगिरिधरणासमर्थत्वादिति ।।३।।

ટીકાર્થ :-

'न' नैव ..... समर्थत्वादिति ।। જે અજ્ઞ=હિતાહિત વિભાગને અકુશલ એવો જીવ, સ્વલ્પ=તુચ્છ, ચિકીર્ષિત=કરવા માટે ઈષ્ટ એવું, જીવન નિર્વાહાદિ અનુષ્ઠાન પણ સમ્યગ્=શાસ્ત્રની મર્યાદાથી ઉત્તરોત્તર હિતનું કારણ બને એવું યથાવત્ કરવા માટે સમર્થ નથી જ. કેમ કરી શકતો નથી ? એથી કહે છે - અયોગ્યપણું છે=પોતાના હિતના વિષયમાં અજ્ઞપણું હોવાથી અનધિકારીપણું છે=કલ્યાણનું કારણ બને એવા ગૃહસ્થજીવનને સેવવાનું અનધિકારીપણું છે. જે કારણથી કહેવાયું છે –

"મૂર્ખને કોઈ પણ અર્થમાં=કોઈપણ પ્રવૃત્તિમાં અધિકાર નથી." ()

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

**કેવા પ્રકારનો તે હોવાથી સાધી શકતો નથી ? એથી કહે છે –**

**કેવી રીતે મૂઢ=વિગત ચિન્તા છે જેને એ વિચિન્ત, વિચિન્તનો ભાવ વૈચિન્ત્ય, વૈચિન્ત્યને પામેલ મૂઢ એવો તે=હિતાહિતની વિચારણા ગઈ છે જેમાં એવો વૈચિન્ત્યને પામેલો પૂર્વમાં કહેલા લક્ષણવાળો જીવ, મહાન=પરમપુરુષાર્થના હેતુપણું હોવાથી મહાન, એવા ધર્મબીજના રોહણ આદિ કેવી રીતે સાધશે ? અર્થાત્ સાધી શકે નહિ; કેમ કે સરસવમાત્રના ધારણ કરવામાં અસમર્થ પુરુષને મેરુપર્વતને ધારણ કરવાનું અસમર્થપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

જે જીવો પ્રથમ અધ્યાયમાં બતાવ્યું તે રીતે હિતાહિતની પ્રવૃત્તિ કરતા નથી, તેથી વર્તમાનમાં પોતાના માટે હિત શું છે અને પોતાના માટે અહિત શું છે તેના વિભાગમાં અકુશળ છે અને તેવા જીવો મનુષ્ય થયા હોય તોપણ પશુની જેમ હિતાહિતનો વિચાર કર્યા વગર જીવન જીવે છે, એવા જીવો પ્રથમ અધ્યાયમાં બતાવ્યું એ રીતે જીવનનિર્વાહ આદિ સર્વ અનુષ્ઠાનો પોતાના આ લોક અને પરલોકના હિતનું કારણ બને તે રીતે સેવતા નથી; કેમ કે પ્રથમ અધ્યાયના અંતે શ્લોક-૫ અને ૬માં બતાવ્યું એ રીતે મનુષ્યપણાના દુર્લભપણાનું ભાવન કરીને આ લોક અને પરલોકમાં સુખની પરંપરાનું કારણ બને તેનો વિચાર કરતા નથી.

કેમ વિચાર કરતા નથી ? એથી કહે છે –

અયોગ્ય છે=અજ્ઞ હોવાના કારણે મનુષ્યભવને સફળ કરે એ રીતે ધનઅર્જન આદિ કૃત્યો કરવાના અનધિકારી છે.

અનધિકારી કેમ છે ? એમાં સાક્ષી આપે છે –

મૂર્ખ જીવોને કોઈ પ્રવૃત્તિમાં અધિકાર નથી. અને જે જીવો હિતાહિતનો વિભાગ કરવામાં અકુશળ છે તેઓ મૂર્ખ છે માટે હિતનું કારણ બને તે રીતે જીવવા માટે અનધિકારી છે. અને આવા જીવો મોક્ષરૂપ પરમ પુરુષાર્થનો હેતુ બને એવા ઉત્તમ સંસ્કારોનું આધાન થાય તેવા ધર્મબીજોનાં આરોહણ આદિ કૃત્ય કઈ રીતે સાધી શકે ? અર્થાત્ સાધી શકે નહિ.

આશય એ છે કે પ્રથમ ભૂમિકાના ઉચિત ગૃહસ્થજીવનના આચારોનું જેઓ સ્વભૂમિકા અનુસાર પાલન કરે છે તેઓ ઉપદેશક પાસેથી વિશેષ પ્રકારના ધર્મશ્રવણ દ્વારા પોતાનામાં રહેલા ધર્મબીજને વિકસાવી શકે છે, પરંતુ જેઓમાં ઉચિત પ્રવૃત્તિપૂર્વક જીવન જીવવાની વૃત્તિઓ નથી તેવા જીવો વિશેષ પ્રકારના ઔચિત્યનું કારણ એવા ધર્મનું સેવન કરી શકે નહિ. જેમ કોઈ પુરુષ સરસવના દાણા જેવડા ધર્મને ધારણ કરવા સમર્થ ન હોય તે મેરુપર્વતના ભારને વહન કરી શકે નહિ, તેમ જેઓ આદ્યભૂમિકાના ઉચિત આચારો સેવી શકે નહિ તેઓ વિશેષ પ્રકારના ઔચિત્યરૂપ ધર્મનું સેવન કઈ રીતે કરી શકે અર્થાત્ કરી શકે નહિ. **॥૩॥**

**સૂત્ર :-**

इति सद्धर्मदेशनार्ह उक्तः, इदानीं तद्विधिमनुवर्णयिष्यामः ।।१/५९।।

**સૂત્રાર્થ :-**

**આ પ્રકારે સદ્ધર્મદેશનાયોગ્ય જીવ કહેવાયો. હવે તેની વિધિનું=સદ્ધર્મદેશનાના ક્રમનું, વર્ણન અમે કરીએ છીએ. ।।૧/૫૯।।**

**ટીકા :-**

**'इति' एवं पूर्वोक्तगृहस्थधर्मनिरूपणेन 'सद्धर्मदेशनार्हो' लोकोत्तरधर्मप्रज्ञापनायोग्यः 'उक्तः' भणितः, 'इदानीं' सम्प्रति 'तद्विधिं' सद्धर्मदेशनाक्रमं 'वर्णयिष्यामः' निरूपयिष्यामो वयमिति ।।१/५९।।**

**ટીકાર્થ :-**

**'इति' एवं ..... वयमिति ।। આ રીતે=પ્રથમ અધ્યાયમાં કહ્યું એ રીતે, ગૃહસ્થધર્મના નિરૂપણથી સદ્ધર્મદેશનાયોગ્ય=લોકોત્તર ધર્મને સમજાવવાયોગ્ય, પુરુષ કહેવાયો. હવે તેની વિધિનું=સદ્ધર્મદેશનાના ક્રમનું અમે વર્ણન કરીશું.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧/૫૯।।**

**ભાવાર્થ :-**

પ્રથમ અધ્યાયમાં સામાન્ય ગૃહસ્થધર્મનું સ્વરૂપ બતાવ્યું. બીજા અધ્યાયમાં કહ્યું કે તેવા જીવોનાં સદ્ધર્મનાં બીજો પ્રરોહને પામે છે એ રીતે સદ્ધર્મદેશનાયોગ્ય જીવનું સ્વરૂપ બતાવ્યું. અર્થાત્ સર્વજ્ઞે કહેલ લોકોત્તર ધર્મ પ્રદાન કરવા યોગ્ય પુરુષનું સ્વરૂપ બતાવ્યું. હવે તેવા જીવોને ઉપદેશકે સદ્ધર્મની દેશના કયા ક્રમથી બતાવવી જોઈએ ? તે ગ્રંથકારશ્રી બતાવે છે. **।।૧/૫૯।।**

**અવતરણિકા :-**

**तद्यथा –**

**અવતરણિકાર્થ :-**

**તે આ પ્રમાણે=સદ્ધર્મદેશનાયોગ્ય પુરુષને સદ્ધર્મદેશનાનો ક્રમ આ રીતે છે –**

**સૂત્ર :-**

तत्प्रकृतिदेवताधिमुक्तिज्ञानम् ।।२/६०।।

**સૂત્રાર્થ :-**

**તેની પ્રકૃતિનું અને દેવતાની અધિમુક્તિનું જ્ઞાન કરવું જોઈએ. ।।૨/૬૦।।**

**ટીકા :-**

**'तस्य' सद्धर्मदेशनार्हस्य जन्तोः 'प्रकृतिः' स्वरूपं गुणवल्लोकसङ्गप्रियत्वादिका, 'देवताधिमुक्तिश्च' बुद्धकपिलादिदेवताविशेषभक्तिः, तयोः 'ज्ञानं' प्रथमतो देशकेन कार्यम्, ज्ञातप्रकृतिको हि पुमान् रक्तो द्विष्टो मूढः पूर्वव्युद्ग्राहितश्च चेन्न भवति तदा कुशलैस्तथा तथाऽनुवर्त्य लोकोत्तरगुणपात्रतामानीयते, विदितदेवताविशेषाधिमुक्तिश्च तत्तद्देवताप्रणीतमार्गानुसारिवचनोपदर्शनेन तद्दूषणेन च सुखमेव मार्गेऽवतारयितुं शक्यते इति ।।२/६०।।**

**ટીકાર્થ :-**

**'तस्य' सद्धर्मदेशनार्हस्य ..... शक्यते इति ।। તેની=સદ્ધર્મદેશનાયોગ્ય જીવની, પ્રકૃતિ=ગુણવાન લોકોના સંગના પ્રિયત્વાદિ સ્વરૂપ પ્રકૃતિ, અને દેવતાની અધિમુક્તિ=બુદ્ધ-કપિલાદિ દેવતાવિશેષની ભક્તિ, તેનું પ્રથમથી ઉપદેશકે જ્ઞાન કરવું જોઈએ. જ્ઞાતપ્રકૃતિવાળો પુરુષ રાગવાળો, દ્વેષવાળો, મૂઢ અને પૂર્વવ્યુદ્ગ્રાહિત ન હોય તો કુશલ પુરુષ વડે તે તે પ્રકારે અનુવર્તન કરીને લોકોત્તર ગુણપાત્રતાને પ્રાપ્ત કરાવાય છે અને જાણેલા દેવતાવિશેષની શ્રદ્ધાવાળો જીવ તે તે દેવતાપ્રણીત માર્ગાનુસારી વચનના ઉપદર્શનથી અને તેના દૂષણથી=અમાર્ગાનુસારી વચનના દૂષણથી સુખપૂર્વક જ માર્ગમાં અવતારી શકાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૨/૬૦।।**

**ભાવાર્થ :-**

સદ્ઉપદેશક એકાંતે શ્રોતાના કલ્યાણના અર્થી હોય છે, તેથી પોતાના ઉપદેશ દ્વારા તે શ્રોતાને ભગવાનના વચનના પરમાર્થની પ્રાપ્તિ થાય તે રીતે ઉપદેશ આપે છે. તે ઉપદેશ માટે ઉપદેશકે પ્રથમ શ્રોતાની પ્રકૃતિ જાણવી જોઈએ. અર્થાત્ આ શ્રોતા ગુણવાન લોકોની સાથે સંગ કરવાનો પક્ષપાતી છે કે નહિ. જો તે શ્રોતા સ્વદર્શન પ્રત્યે અનિવર્તનીય રાગવાળો હોય, પરદર્શન પ્રત્યે દ્વેષવાળો હોય અથવા તત્ત્વાતત્ત્વની વિચારણામાં શૂન્યમનસ્ક જેવો મૂઢ હોય અથવા તત્ત્વનો અર્થી હોવા છતાં કોઈક રીતે અન્ય દ્વારા જૈનદર્શન પ્રત્યે વ્યુદ્ગ્રાહિત બુદ્ધિવાળો કરાયો હોય અર્થાત્ આ જૈનદર્શન અસાર છે અથવા આ ઉપદેશક સન્માર્ગના ઉપદેશક નથી તેવો વિપરીત નિર્ણય કોઈક રીતે તેને થયેલો હોય તો તેવા શ્રોતાને ઉપદેશ આપવાથી કોઈ ફળ પ્રાપ્ત થાય નહિ. તેથી જો આ શ્રોતા રક્ત, દ્વિષ્ટ મૂઢ કે પૂર્વવ્યુદ્ગ્રાહિત નથી પરંતુ ગુણવાન પુરુષ સાથે સંગની રુચિવાળો છે તેવો નિર્ણય થાય તો કુશલ એવા ઉપદેશક દ્વારા તેવા જીવોમાં લોકોત્તર ધર્મની પાત્રતા પ્રાપ્ત કરાવી શકાય છે. તેથી તેની પ્રકૃતિનો નિર્ણય કરીને ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ.

વળી, કોઈ શ્રોતા જૈનદર્શનથી વાસિત મતિવાળા પણ હોય, તો કોઈ શ્રોતા બુદ્ધ-કપિલાદિ દર્શનથી વાસિત મતિવાળા હોય તેનું જ્ઞાન કરીને ઉપદેશકે તેનું હિત થાય તે રીતે ઉપદેશ આપવો જોઈએ.

જેમ બુદ્ધદર્શનથી વાસિત મતિવાળા હોય તો બુદ્ધદર્શનનાં માર્ગાનુસારી વચન તે શ્રોતાને બતાવીને ઉપદેશકે કહેવું જોઈએ કે આ સર્વ વચન આત્મકલ્યાણને અનુરૂપ છે અને તે વચનો સાંભળીને શ્રોતાને સ્થિર વિશ્વાસ થાય કે આ મહાત્મા સત્યના પક્ષપાતી છે પરંતુ સ્વદર્શન પ્રત્યેના આગ્રહવાળા નથી. ત્યારપછી તે બુદ્ધદર્શનનાં વચનોમાં પણ જે અસંબદ્ધ પદાર્થો હોય તે યુક્તિથી દૂષિત કરીને તેને બતાવવા જોઈએ જેથી તે શ્રોતાને પક્ષપાત વગર સત્ય વચનને કહેનારા જૈનદર્શન પ્રત્યે પક્ષપાત થાય. જેથી યોગ્ય ઉપદેશક દ્વારા તે શ્રોતા સુખપૂર્વક માર્ગમાં અવતાર કરી શકાય છે. **॥૨/૬૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

## साधारणगुणप्रशंसा ।।३/६१।।

**સૂત્રાર્થ :-**

**સાધારણગુણની પ્રશંસા=લોક-લોકોત્તર એવા સામાન્ય ગુણની લોક આગળ પ્રશંસા કરવી જોઈએ. ।।૩/૬૧।।**

**ટીકા :-**

**'साधारणानां' लोकलोकोत्तरयोः सामान्यानां 'गुणानां प्रशंसा' पुरस्कारः देशनार्हस्य अग्रतः विधेया, यथा –**

"प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः ।

अनुत्सेको लक्ष्म्या निरभिभवसाराः परकथाः श्रुते चासंतोषः कथमनभिजाते निवसति? ।।४९।।" **[नीतिश० ५७?] ।।३/६१।।**

**ટીકાર્થ :-**

**'साधारणानां' ..... निवसति ? ।। સાધારણ=લોક-લોકોત્તર એવા સામાન્ય ગુણની દેશનાયોગ્ય શ્રોતાની આગળ પ્રશંસા કરવી જોઈએ. જે પ્રમાણે –**

"પ્રચ્છન્ન દાન કરવું જોઈએ=ગુપ્તદાન કરવું જોઈએ. ઘરે આવેલાનું સંભ્રમપૂર્વક સ્વાગત કરવું જોઈએ. પ્રિય કરીને મૌન ધારણ કરવું જોઈએ. અને સભામાં=લોક આગળ, પોતાના ઉપર કરાયેલું ઉપકારનું કથન કરવું જોઈએ. લક્ષ્મીનો અનુત્સેક ધારણ કરવો જોઈએ અર્થાત્ મદ ધારણ કરવો જોઈએ નહિ. બીજાનો અભિભવ ન થાય તેવી

બીજાને કથા કરવી જોઈએ. શ્રુતિમાં અસંતોષ ધારણ કરવો જોઈએ=શાસ્ત્ર સાંભળવામાં અસંતોષ ધારણ કરવો જોઈએ. આવા ગુણો નહિ જન્મેલા પુરુષમાં=ધર્મને અભિમુખ નહિ થયેલા પુરુષમાં, કેવી રીતે નિવાસ પામે ? ।।૪૯।।"

**(નીતિશતક શ્લોક-૫૭ (?)) ।।૩/૬૧।।**

**ભાવાર્થ :-**

પ્રથમ સૂત્રમાં દેશનાવિધિ વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરી. બીજા સૂત્રમાં કહ્યું કે ઉપદેશકે યોગ્ય શ્રોતાની પ્રકૃતિ જાણવી જોઈએ અને કયા દર્શનથી વાસિત મતિવાળો છે તેનું જ્ઞાન કરવું જોઈએ. તે જ્ઞાન કર્યા પછી યોગ્ય શ્રોતાને પ્રથમ કેવા ધર્મનો ઉપદેશ આપવો જોઈએ તે બતાવતાં કહે છે –

જે ગુણો સર્વશિષ્ટ લોકોને સંમત હોય અને લોકોત્તર એવા જૈનદર્શનને પણ સંમત હોય એવા ગુણો કેળવવાનો શ્રોતાને ઉપદેશ આપવો જોઈએ. જેથી પ્રથમ અધ્યાયમાં કહેલા એવા યોગ્ય શ્રોતા પણ એવા ગુણો પ્રત્યે પક્ષપાતવાળા બનીને તે ગુણોને જીવનમાં સેવવા માટે યત્ન કરીને વિશેષ પ્રકારે ગુણસંપત્તિને પ્રાપ્ત કરી શકે. તે ગુણો આ પ્રમાણે છે –

**(૧) ગુપ્તદાન કરવું :-**

સામાન્યથી ધર્મપ્રધાન જીવન જીવનાર સદ્‌ગૃહસ્થ પોતે જે ધન કમાય તે ધનનું સાફલ્ય ભગવદ્‌ભક્તિ, સુસાધુની ભક્તિ કે યોગ્ય જીવોના ઉપકાર અર્થે વ્યય કરવામાં માને છે. તેવા જીવો પણ વિશેષ પ્રકારના ગંભીર ભાવોને ધારણ ન કરતા હોય તો પોતે જે કાંઈ દાનાદિ કરે છે તે લોકોને બતાવીને માન-ખ્યાતિ આદિના અધ્યવસાયોને દૃઢ કરે છે અને પોતાનું સન્માર્ગમાં વપરાયેલું ધન નિષ્ફળ કરે છે, તેથી ગુપ્તદાન કરવું જોઈએ તે ઉત્તમ પ્રકૃતિવાળા પુરુષનો ગુણ છે.

**(૨) ગૃહાગતનું સંભ્રમપૂર્વક સ્વાગત :-**

સદ્‌ગૃહસ્થને ત્યાં કોઈ મહાત્મા પધારે કે અન્ય કોઈ કાર્ય અર્થે તેના ઘરે આવે તો આદરપૂર્વક તેની સાથે ઉચિત સંભાષણ કરે કે ઉચિત પ્રવૃત્તિ કરે, પરંતુ વિચાર્યા વગર તેનો અનાદર કરે નહિ.

**(૩) પ્રિય કરીને મૌન :-**

સદ્‌ગૃહસ્થ દયાળુ સ્વભાવવાળા હોય છે, તેથી કોઈનું કોઈ પ્રકારે હિત થતું હોય તો તેનું હિત થાય તેવી પ્રવૃત્તિ કરે. આમ છતાં, ગંભીર સ્વભાવ ન હોય તો કોઈનું પોતે કરેલું પ્રિય અન્ય આગળ બતાવીને પોતાના તે સુકૃત્યને અસાર કરે છે અને જેનું પ્રિય કર્યું છે તેનું પણ લોકો આગળ અવમૂલ્ય કરીને પાપ બાંધે છે, તેથી સજ્જન પુરુષોએ કોઈનું પ્રિય કરીને ક્યારેય કોઈની આગળ કહેવું જોઈએ નહિ તે ઉત્તમ પ્રકૃતિનો ગુણ છે.

**(૪) સભામાં અન્યે કરેલા ઉપકારનું કથન :-**

પોતાના ઉપર કોઈએ કોઈ પ્રકારનો ઉપકાર કર્યો હોય તો તે ઉપકારનું સ્મરણ કરીને ઉચિત સભાના સ્થાને પોતાના ઉપર કરાયેલા ઉપકારનું કથન કરવું જોઈએ જેથી કૃતજ્ઞતાગુણની વૃદ્ધિ થાય.

**(૫) લક્ષ્મીનો અનુત્સેક :-**

ધર્મપ્રધાન જીવનારા સદ્ગૃહસ્થો પણ પુણ્યશાળી હોય તો વૈભવસંપન્ન બને અને વૈભવ હોવાથી લોકોમાં તેને માનાદિ પણ મળે. આમ છતાં જો ગંભીર ન હોય તો પોતાની સંપત્તિનો તેને મદ થાય છે, તેથી હીન સંપત્તિવાળા પ્રત્યે અનાદરવૃત્તિથી તેનું વર્તન થાય છે. તેના નિવારણ માટે ગંભીરતાપૂર્વક લક્ષ્મીના મદના નિવારણ માટે ઉચિત યત્ન કરવો તે ઉત્તમ પુરુષોનો ગુણ છે.

**(૬) નિરભિભવસાર એવી પરની કથા :-**

સદ્ગૃહસ્થે પ્રયોજન વગર બીજાના વિષયક કંઈ કથન કરવું જોઈએ નહિ પરંતુ ગંભીર થઈને ઉચિત સંભાષણ કરવું જોઈએ અને પ્રસંગે પરવિષયક કોઈ કથન કરવાનું આવશ્યક જણાય તોપણ તેને હીન કરવાના આશયથી કોઈ કથન કરવું જોઈએ નહિ; કેમ કે તે પ્રકારની પ્રવૃત્તિથી શિષ્ટના આચારનું પાલન થતું નથી.

**(૭) શ્રુતમાં અસંતોષ :-**

ધર્મી પુરુષે પોતાની શક્તિ અનુસાર શ્રુત અધ્યયનમાં સદા યત્ન કરવો જોઈએ જેથી ધર્મવિષયક સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ પ્રગટ થાય. વળી, કંઈક શ્રુત ભણીને મેં શ્રુતનું અધ્યયન કર્યું છે એ પ્રકારની બુદ્ધિને ધારણ કરીને શ્રુતમાં સંતોષને ધારણ કરવો જોઈએ નહિ પરંતુ સદા અધિક અધિક જાણવાની લાલસા રાખવી જોઈએ.

આ પ્રકારનો ઉપદેશ યોગ્ય શ્રોતાને પ્રથમ આપવો જોઈએ જેથી કલ્યાણનો અર્થી એવો શ્રોતા પ્રાથમિક ભૂમિકાના સામાન્ય ગુણોના હાર્દને જાણીને તેમાં પ્રથમ યત્ન કરે અને ગુણના પક્ષપાતી બનેલ તેનામાં વિશેષ ગુણો પ્રગટ થઈ શકે. **॥૩/૬૧॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

सम्यक् तदधिकाख्यानम् ।।४/६२।।

**સૂત્રાર્થ :-**

**સમ્યક્ તેનાથી અધિક=સામાન્ય ગુણોથી અધિક, એવા ગુણોનું કથન કરવું જોઈએ. ॥૪/૬૨॥**

**ટીકા :-**

**'सम्यग्' अविपरीतरूपतया तेभ्यः साधारणगुणेभ्यः 'अधिका' विशेषवन्तः ये गुणाः तेषाम् 'आख्यानं' कथनम्, यथा-**

"पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।

अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ।।५०।।" **[हा० अष्टके १३/२] इति ।।४/६२।।**

**ટીકાર્થ :-**

'सम्यग्' ..... मैथुनवर्जनम्" ।। **સમ્યગ્=અવિપરીતરૂપપણાથી, તેનાથી=પૂર્વસૂત્રમાં બતાવેલા સાધારણ ગુણોથી, અધિક=વિશેષવાળા, જે ગુણો તેનું કથન ઉપદેશકે યોગ્ય શ્રોતા પાસે કરવું જોઈએ. જે પ્રમાણે –**

"સર્વ ધર્મચારીઓના આ પાંચ પવિત્ર ગુણો છે. અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ=પરિગ્રહ અને મૈથુનનું વર્જન. ।।૫૦।।" **(હારીભદ્રીય અષ્ટકપ્રકરણ શ્લોક-૧૩/૨)**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪/૬૨।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૩માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે શ્રોતાની પ્રકૃતિ આદિ જાણીને પ્રથમ તેને સાધારણ ગુણોનો ઉપદેશ આપવો જોઈએ. જેથી તે ગુણોના પક્ષપાત દ્વારા તે શ્રોતા ગંભીર આદિ ભાવોને પ્રાપ્ત કરે અને વિશેષ પ્રકારના ધર્મને સેવવા માટે યોગ્ય બને. ત્યારપછી તે શ્રોતાને પૂર્વમાં જે સામાન્ય ગુણો કહ્યા તેનાથી વિશેષ પ્રકારના ગુણોનું અવિપરીતરૂપે કથન કરવું જોઈએ; જેથી તે વિશેષ ગુણોના પરમાર્થને જાણીને તે ગુણોને સેવવા માટે ઉદ્યમ કરી શકે.

અહીં પ્રશ્ન થાય કે કેવા પ્રકારના વિશેષ ગુણોનું કથન કરવું જોઈએ ? તેથી અષ્ટકપ્રકરણના શ્લોકના ઉદ્ધરણથી બતાવે છે –

ધર્મી જીવોએ પવિત્ર એવા અહિંસા આદિ પાંચ વ્રતોમાં ઉદ્યમ કરવો જોઈએ. તેમ કહીને તે અહિંસાદિ પાંચ વ્રતોનું શ્રોતાને તેની બુદ્ધિ અનુસાર સૂક્ષ્મબોધ થાય તેવું વિશેષ વર્ણન કરવું જોઈએ, જેથી તે વ્રતોનો યથાર્થ બોધ કરીને તે શ્રોતા તે પ્રકારના વિશેષ ધર્મને સેવવા માટે શક્તિ અનુસાર યત્ન કરી શકે. **।।૪/૬૨।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

अबोधेऽप्यनिन्दा ।।५/६३।।

**સૂત્રાર્થ :-**

**અબોધમાં પણ=ઉપદેશક દ્વારા બતાવાયેલા સામાન્ય ગુણો અને વિશેષ ગુણોના તાત્પર્યના અબોધમાં પણ, અનિંદા=શ્રોતાની નિંદા ઉપદેશકે કરવી જોઈએ નહિ. ।।૫/૬૩।।**

**ટીકા :-**

**'अबोधेऽपि' अनवगमेऽपि सामान्यगुणानां विशेषगुणानां वा व्याख्यातानामप्यनिन्दा 'अहो मन्दबुद्धिर्भवान् य इत्थमाचक्षाणेष्वपि अस्मासु न बुध्यते वस्तुतत्त्वम्' इत्येवं श्रोतुस्तिरस्कारपरिहाररूपा, निन्दितो हि श्रोता किञ्चिद् बुभुत्सुः अपि सन् दूरं विरज्यत इति ।।५/६३।।**

**ટીકાર્થ :-**

**'अबोधेऽपि' ..... विरज्यत इति ।। અબોધમાં પણ=વ્યાખ્યાન કરાયેલા સામાન્ય ગુણોના અને વિશેષ ગુણોના અબોધમાં પણ, અનિંદા="મંદબુદ્ધિવાળો એવો તું છો જે આ પ્રમાણે=વિસ્તારથી અમે વર્ણન કરીએ છીએ એ પ્રમાણે, અમારા વડે કહેવાયે છતે પણ વસ્તુતત્ત્વને સમજતો નથી." એ પ્રકારની શ્રોતાના તિરસ્કારના પરિહારરૂપ અનિંદા કરવી જોઈએ. हि=જે કારણથી, નિંદા કરાયેલો શ્રોતા કંઈક જાણવાની ઈચ્છાવાળો છતો પણ વિમુખભાવને પામે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫/૬૩।।**

**ભાવાર્થ :-**

સંસારના સ્વરૂપને વિચારીને સંસારથી વિમુખ થયેલા યોગ્ય જીવો ઉપદેશક પાસે ધર્મ સાંભળવા આવે ત્યારે વિવેકી એવા ઉપદેશકો તે જીવોની ભૂમિકા અનુસાર સૂત્ર-૩માં કહ્યા એવા સાધારણ ગુણોનું અને સૂત્ર-૪માં કહ્યા એવા વિશેષ ગુણોનું વિસ્તારથી વર્ણન કરે છે. આમ છતાં તે ગુણોના પરમાર્થની પ્રાપ્તિ અતિદુષ્કર છે. એથી વિવેકી ઉપદેશક અનેક દૃષ્ટિઓથી તે ગુણોનો યથાર્થ બોધ થાય તે પ્રકારે શ્રોતાને સમજાવે છે તોપણ કોઈ શ્રોતાને તેનો યથાર્થ બોધ ન થાય, તેથી તે શ્રોતા ફરી ફરી તે ગુણોવિષયક વિશેષ વિશેષ જાણવા ઇચ્છા કરે ત્યારે ઉપદેશક તેને કહે કે "તું મંદબુદ્ધિવાળો છે જેથી આ રીતે તે સર્વ ગુણોનું અમે વ્યાખ્યાન કરીએ છીએ છતાં તને બોધ થતો નથી." એ પ્રકારની શ્રોતાની નિંદા ઉપદેશક કરે તો તે શ્રોતા ગુણોવિષયક વિશેષ જાણવાની જિજ્ઞાસા વગરનો બને છે, તેથી તે શ્રોતા તે ગુણોને વિશેષ જાણીને જે પ્રકારે આત્મહિત કરી શકે તેવો છે તે હિતની પ્રાપ્તિ તે શ્રોતાને થાય નહિ, તેથી શ્રોતાના એકાંત હિતના અર્થી એવા ઉપદેશકે શ્રોતાને બોધ ન થાય તોપણ તેની નિંદા કરવી જોઈએ નહિ. **।।૫/૬૩।।**

**અવતરણિકા :-**

**तर्हि किं कर्तव्यमित्याह—**

**અવતરણિકાર્થ :-**

**તો શું કરવું જોઈએ=શ્રોતાને બોધ ન થાય તો શું કરવું જોઈએ ? એથી કહે છે –**

**સૂત્ર :-**

**शुश्रूषाभावकरणम् ।।६/६४।।**

**સૂત્રાર્થ :-**

**શુશ્રૂષા ભાવનું નિષ્પાદન કરવું જોઈએ=શ્રોતાને વિશેષ પ્રકારની શુશ્રૂષા ઉત્પન્ન થાય એ પ્રકારે ઉપદેશકે યત્ન કરવો જોઈએ. ।।૬/૬૪।।**

**ટીકા :-**

**धर्मशास्त्रं प्रति श्रोतुमिच्छा 'शुश्रूषा' तल्लक्षणो 'भावः' परिणामः तस्य 'करणं' निर्वर्तनं श्रोतुस्तैस्तैर्वचनैरिति, शुश्रूषामनुत्पाद्य धर्मकथने प्रत्युत अनर्थसंभवः, पठ्यते च –** "स खलु पिशाचकी वातकी वा यः परेऽनर्थिनि वाचमुदीरयति" **[नीतिवाक्या० १०/१५९] ।।६/६४।।**

**ટીકાર્થ :-**

**धर्मशास्त्रं** .....वाचमुदीरयति ।। **ધર્મશાસ્ત્ર પ્રત્યે સાંભળવાની ઈચ્છા શુશ્રૂષા છે તે રૂપ ભાવ=પરિણામ, તેનું કરણ=તે તે વચનોથી શ્રોતામાં નિષ્પાદન, કરવું જોઈએ. શુશ્રૂષાને ઉત્પન્ન કર્યા વગર ધર્મના કથનમાં ઊલ્ટો અનર્થનો સંભવ છે. અને કહેવાય છે –**

"તે પિશાચથી ગ્રસ્ત છે અથવા વાચાળપણાથી ગ્રસ્ત છે જે અનર્થી એવા પરમાં વાણીને બોલે છે." **(નીતિવાક્યામૃત૦ ૧૦/૧૫૯) ।।૬/૬૪।।**

**ભાવાર્થ :-**

કોઈક રીતે કોઈક શ્રોતા ઉપદેશકને સાંભળવા માટે આવેલો હોય, આમ છતાં તત્ત્વની તીવ્ર અર્થિતારૂપ ગુણ પ્રગટ થયેલો ન હોય તો ઉપદેશકના વચનથી સામાન્ય ગુણોનું કે વિશેષ ગુણોનું વર્ણન સાંભળે તે સાંભળવાથી તેને શબ્દ માત્રનો બોધ થાય છે, પરંતુ તે ગુણોને જીવનમાં કઈ રીતે સેવીને કલ્યાણની પરંપરાને હું પ્રાપ્ત કરું તે પ્રકારનો કોઈ બોધ થતો નથી. તેવા શ્રોતામાં પણ ઉપદેશના બળથી શુશ્રૂષા ગુણ પ્રગટ થઈ શકે તેમ હોય તો ઉપદેશકે તેવા શ્રોતાને આ સંસારની વિષમ સ્થિતિનું યથાર્થ રીતે વર્ણન કરીને બોધ કરાવવો જોઈએ કે "આ મનુષ્યભવ પશુની જેમ પૂર્ણ કરવા માટે નથી પરંતુ સર્વશક્તિથી

શાસ્ત્રના પરમાર્થને જાણીને તે પરમાર્થ અનુસાર ઉચિત યત્ન કરવા માટે છે, તેથી મનુષ્યભવને સફળ કરવો જોઈએ." આ પ્રકારે ગંભીરતાપૂર્વક ઉપદેશકે ઉપદેશ આપીને શ્રોતાને સદ્શાસ્ત્રોના પરમાર્થની જિજ્ઞાસા ઉત્પન્ન થાય તેવો શુશ્રૂષા ગુણ તેનામાં પ્રગટ કરવો જોઈએ. અન્યથા તેને અપાયેલો ઉપદેશ તેના હિતનું કારણ તો થશે નહિ પરંતુ તે ઉત્તમ શ્રુત પ્રત્યે અનાદરભાવવાળો થવાથી તે શ્રોતાનું અહિત થશે. માટે શ્રોતામાં શુશ્રૂષા ગુણ પ્રગટ કર્યા વગર જે ઉપદેશકો ઉપદેશ આપે છે તે અનુચિત પ્રવૃત્તિરૂપ છે. **II૬/૬૪II**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**भूयो भूय उपदेशः ।।७/६५।।**

**સૂત્રાર્થ :-**

**ફરી ફરી ઉપદેશ આપવો જોઈએ. II૭/૬૫II**

**ટીકા :-**

**'भूयो भूयः' पुनः पुनः उपदिश्यते इति 'उपदेशः' उपदेष्टुमिष्टवस्तुविषयः कथञ्चिदनवगमे सति कार्यः, किं न क्रियन्ते दृढसंनिपातरोगिणां पुनः पुनः क्रिया तिक्तादिक्वाथपानोपचारा इति ।।७/६५।।**

**ટીકાર્થ :-**

**'भूयो भूयः' ..... क्वाथपानोपचारा इति ।। કોઈક રીતે શ્રોતાને બોધ ન થાય તો ફરી ફરી ઉપદેશ આપવો જોઈએ=શ્રોતાને ઉપદેશ આપવા યોગ્ય વસ્તુવિષયક ફરી ફરી ઉપદેશ આપવો જોઈએ.**

તેને દૃઢ કરવા અર્થે કહે છે –

**દૃઢ સન્નિપાતવાળા રોગીઓને ફરી ફરી તિક્તાદિ ક્વાથના પાનના ઉપચારરૂપ ક્રિયા શું નથી કરાતી ? અર્થાત્ કરાય છે. તે ગાઢ રોગવાળા જીવને ફરી ફરી ઉપદેશ આપવારૂપ ઔષધ આપવું જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. II૭/૬૫II**

**ભાવાર્થ :-**

કોઈ યોગ્ય શ્રોતાને ઉપદેશકના વચનથી સમ્યગ્ બોધ ન થાય તોપણ તેની નિંદા કરવી જોઈએ નહિ તેમ સૂત્ર-૫માં બતાવ્યું. આવા શ્રોતાને શુશ્રૂષા ગુણ પ્રગટે તેવો ઉપદેશ આપવો જોઈએ તેમ સૂત્ર-૬માં બતાવ્યું. હવે કોઈ શ્રોતા શાસ્ત્રના પરમાર્થને જાણવાની બલવાન ઇચ્છારૂપ શુશ્રૂષા ગુણને ધારણ કરતો હોય આમ છતાં બુદ્ધિની મંદતાને કારણે ઉપદેશકના વચનથી ગુણનિષ્પત્તિને અનુકૂળ યત્ન કરી શકે તેવો બોધ થાય નહિ ત્યારે ઉપદેશકે તે યોગ્ય શ્રોતાના હિતાર્થે ફરી ફરી ઉપદેશ આપવો જોઈએ.

જેમ – કોઈ રોગીને દૃઢ સન્નિપાત થયેલો હોય તો કટુ એવા ક્વાથો અપાય છે તેમ જે જીવને દૃઢ સન્નિપાત જેવું દૃઢ જ્ઞાનાવરણીય કર્મ છે, તેથી આરોગ્યના અર્થી પણ તે શ્રોતાને ઉપદેશકનાં વચનથી તત્ત્વસ્પર્શી બોધ થતો ન હોય ત્યારે જ્યાં સુધી તે શ્રોતાને યથાર્થ બોધ ન થાય ત્યાં સુધી ફરી ફરી અનેક યુક્તિઓ દ્વારા ઉપદેશકે તે વિષયનો ઉપદેશ આપવો જોઈએ જેથી ઘણા શ્રમથી પણ શ્રોતાને માર્ગાનુસારી ગુણનિષ્પત્તિને અનુકૂળ સૂક્ષ્મ બોધ થાય તો તે શ્રોતા આત્મહિત સાધી શકે. **॥૭/૬૫॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**बोधे प्रज्ञोपवर्णनम् ॥८/६६॥**

**સૂત્રાર્થ :-**

**બોધમાં પ્રજ્ઞાનું ઉપવર્ણન કરવું જોઈએ=શ્રોતાનો બોધ થયે છતે શ્રોતાની માર્ગાનુસારી પ્રજ્ઞાની પ્રશંસા કરવી જોઈએ. ॥૮/૬૬॥**

**ટીકા :-**

**'बोधे' सकृदुपदेशेन भूयो भूय उपदेशेन वा उपदिष्टवस्तुनः परिज्ञाने तस्य श्रोतुः 'प्रज्ञोपवर्णनं' बुद्धिप्रशंसनम्, यथा नालघुकर्माणः प्राणिन एवंविधसूक्ष्मार्थबोद्धारो भवन्तीति ॥८/६६॥**

**ટીકાર્થ :-**

'बोधे' ..... भवन्तीति ॥ બોધમાં=એક વખતના ઉપદેશથી અથવા ફરી ફરી ઉપદેશથી ઉપદેશ અપાયેલ વસ્તુ વિષયક પરિજ્ઞાનમાં, તે શ્રોતાની પ્રજ્ઞાનું ઉપવર્ણન કરવું જોઈએ=તે શ્રોતાની બુદ્ધિની પ્રશંસા કરવી જોઈએ.

કઈ રીતે બુદ્ધિની પ્રશંસા કરવી જોઈએ ? તે 'યથા'થી સ્પષ્ટ કરે છે –

**અલઘુકર્મવાળા જીવો આવા પ્રકારના સૂક્ષ્મ અર્થના બોધવાળા થતા નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૮/૬૬॥**

**ભાવાર્થ :-**

કોઈ ઉપદેશક શાસ્ત્રમર્યાદા અનુસાર યોગ્ય શ્રોતાને તેની બુદ્ધિ અનુસાર ઉચિત ઉપદેશ આપે અને તે ઉપદેશ દ્વારા કોઈ યોગ્ય શ્રોતાને એક વખતના કથનથી ઉપદેશકનાં વચન દ્વારા મર્મસ્પર્શી બોધ થાય, તો વળી કોઈક શ્રોતાને અનેક વખતના ઉપદેશથી મર્મસ્પર્શી બોધ થાય તો તે શ્રોતાને તે પ્રકારે ગુણોના વિકાસ માટેની ઉચિત રુચિ ઉત્પન્ન થાય છે જે માર્ગાનુસારી બુદ્ધિ છે. આવી માર્ગાનુસારી બુદ્ધિ સંસારમાં પ્રાપ્ત થવી અતિદુર્લભ છે, તેથી શ્રોતાના એકાંત હિતના અર્થી એવા ઉપદેશકે, એવા શ્રોતાને થયેલા માર્ગાનુસારી બોધને જોઈને તેની પ્રશંસા કરવી જોઈએ અને કહેવું જોઈએ કે "જે જીવો હળુકર્મી છે તેઓ જ તત્ત્વને જાણવા માટે અને જાણીને જીવનમાં તત્ત્વને સેવવા માટે અત્યંત અર્થી છે અને તેવા અર્થી જીવો પણ જ્યારે ઉપદેશ દ્વારા પોતાની ભૂમિકાથી ઉપરની ભૂમિકામાં જવા માટેના ગુણોના મર્મનો બોધ કરે છે ત્યારે તે જીવો ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા કલ્યાણની પરંપરાને પામે છે અને તેવો બોધ તમને થયો છે માટે તમે પણ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરો તેવી માર્ગાનુસારી બુદ્ધિવાળા છો" એમ કહીને શ્રોતાને અધિક અધિક તત્ત્વના અર્થી બનાવવા જોઈએ. જેથી પ્રાપ્ત થયેલો મનુષ્યભવ તેઓ સફળ કરી શકે. **॥૮/૬૬॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

तन्त्रावतारः ॥९/६७॥

**સૂત્રાર્થ :-**

**તંત્રમાં=ભગવાનના આગમમાં, શ્રોતાનો અવતાર કરવો જોઈએ. ॥૯/૬૭॥**

**ટીકા :-**

**'तन्त्रे' आगमे 'अवतारः' प्रवेशः आगमबहुमानोत्पादनद्वारेण तस्य विधेयः, आगमबहुमानश्चैवमुत्पादनीयः-**

"परलोकविधौ शास्त्रात् प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ।।५१।।

उपदेशं विनाऽप्यर्थकामौ प्रति पटुर्जनः ।
धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ।।५२।।

अर्थादावविधानेऽपि तदभावः परं नृणाम् ।
धर्मेऽविधानतोऽनर्थः क्रियोदाहरणात् परः ।।५३।।

तस्मात् सदैव धर्मार्थी शास्त्रयत्नः प्रशस्यते ।
लोके मोहान्धकारेऽस्मिन् शास्त्रालोकः प्रवर्तकः ।।५४।।"

**'शास्त्रयत्न' इति शास्त्रे यत्नो यस्येति समासः,**

"पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् ।
चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ।।५५।।

न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियाऽपि हि ।
अन्धप्रेक्षाक्रियातुल्या कर्मदोषादसत्फला ।।५६।।

यः श्राद्धो मन्यते मान्यान् अहङ्कारविवर्जितः ।
गुणरागी महाभागस्तस्य धर्मक्रिया परा ।।५७।।

यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।
उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ।।५८।।

मलिनस्य यथाऽत्यन्तं जलं वस्त्रस्य शोधनम् ।
अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ।।५९।।

शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तिदूती परोदिता ।
अत्रैवेयमतो न्याय्या तत्प्राप्त्यासन्नभावतः ।।६०।।" **[योगबिन्दौ २२१-३०]**

**'अत्रैव' इति मुक्तौ एव (शास्त्रे एव), इयमिति शास्त्रभक्तिः, (भक्तिः) 'तत्प्राप्त्यासन्नभावत' इति मुक्तिप्राप्तिसमीपभावात् इति ।।९/६७।।**

**ટીકાર્થ :-**

**'तन्त्रे' आगमे ..... समीपभावात् इति ।। તંત્રમાં=આગમમાં, તેને=શ્રોતાને, અવતાર=આગમ પ્રત્યે બહુમાન ઉત્પાદન દ્વારા પ્રવેશ, કરાવવો જોઈએ અને આગમનું બહુમાન આ રીતે ઉત્પાદન કરવું જોઈએ.**

"આસન્નભવ્ય મતિમાન શ્રદ્ધાધનથી સમન્વિત એવો પુરુષ પરલોકની વિધિમાં=પરલોકની પ્રવૃત્તિમાં, પ્રાયઃ શાસ્ત્રથી અન્યની અપેક્ષા કરતો નથી. ।।૫૧।।

ઉપદેશ વગર પણ અર્થ-કામ પ્રત્યે જીવ પટુ છે. વળી, શાસ્ત્ર વગર ધર્મ નથી એથી તેમાં=શાસ્ત્રમાં, આદર=યત્ન, હિત છે. ।।૫૨।।

અર્થાદિના અવિધાનમાં પણ=અર્થાદિની પ્રાપ્તિમાં અવિધિથી યત્નમાં પણ, મનુષ્યને કેવળ તેનો અભાવ પ્રાપ્ત થાય. ધર્મમાં અવિધાનથી=અવિધિથી, ક્રિયાના ઉદાહરણથી પ્રકૃષ્ટ અનર્થ થાય. ।।૫૩।।

તે કારણથી=પૂર્વ ૩ ત્રણ શ્લોકોમાં શાસ્ત્રનું મહત્ત્વ બતાવ્યું તે કારણથી, શાસ્ત્રયત્નવાળો ધર્માર્થી પુરુષ સદા જ પ્રશંસા કરાય છે.

કેમ શાસ્ત્રયત્નવાળો પુરુષ પ્રશંસા કરાય છે ? તેથી કહે છે –

મોહ અંધકારવાળા એવા આ લોકમાં શાસ્ત્રનો આલોક=શાસ્ત્રનો પ્રકાશ, પ્રવર્તક છે=હિતમાં પ્રવૃત્તિ કરાવનાર છે. ।।૫૪।।"

**શાસ્ત્રયત્ન એટલે શાસ્ત્રમાં યત્ન છે જેને તેવો પુરુષ એ પ્રમાણે સમાસ છે.**

"પાપરૂપી વ્યાધિનું ઔષધ શાસ્ત્ર છે. શાસ્ત્ર પુણ્યનું કારણ છે. સર્વત્ર જનારું ચક્ષુ શાસ્ત્ર છે. સર્વ અર્થનું સાધન શાસ્ત્ર છે. ।।૫૫।।

જેને આમાં=શાસ્ત્રમાં, ભક્તિ નથી તેની ધર્મક્રિયા પણ અંધપુરુષની પદાર્થને જોવાની ક્રિયા તુલ્ય કર્મદોષને કારણે અસત્ફલવાળી છે=નિષ્ફલ છે. ।।૫૬।।

અહંકારથી રહિત એવો જે શ્રાદ્ધ માન્ય એવા દેવાદિને માને છે. આથી ગુણરાગી મહાભાગ્યવાન છે. તેની ધર્મક્રિયા પરા છે=પ્રકૃષ્ટ છે. ।।૫૭।।

વળી, જેને શાસ્ત્રમાં અનાદર છે તેના શ્રદ્ધાદિ ગુણો=ધર્મમાં રુચિ આદિ ગુણો, ઉન્મત્ત પુરુષના ગુણતુલ્યપણું હોવાથી સંતોને પ્રશંસાનું સ્થાન નથી. ।।૫૮।।

જે પ્રમાણે મલિન એવા વસ્ત્રનું જલ અત્યંત શોધન છે=શુદ્ધિ કરનાર છે, તે પ્રમાણે શાસ્ત્ર અંતઃકરણરૂપ રત્નનું શુદ્ધિ કરનાર છે તેમ બુધ પુરુષો કહે છે. ।।૫૯।।

જગત વન્દ્ય એવા પુરુષો વડે શાસ્ત્રમાં ભક્તિ પરા એવી=શ્રેષ્ઠ એવી, મુક્તિની દૂતી કહેવાઈ છે. આથી=મુક્તિનો દૂતીભાવ હોવાથી, આ જ= શાસ્ત્રભક્તિ જ, ન્યાય્ય છે; કેમ કે તેની પ્રાપ્તિનો આસન્નભાવ છે=મુક્તિની પ્રાપ્તિનો સમીપભાવ છે. ।।૬૦।।" **(યોગબિન્દુ-૨૨૧-૩૦)**

શ્લોક-૬૦ના કેટલાક શબ્દોનો અર્થ સ્પષ્ટ કરે છે –

**અહીં જ=શાસ્ત્રમાં જ, આ=ભક્તિ, ન્યાય્ય છે, એમ અન્વય છે.**

કેમ ન્યાય્ય છે ? એમાં હેતુ કહે છે –

**તેની પ્રાપ્તિનો આસન્નભાવ છે=મુક્તિની પ્રાપ્તિનો સમીપભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૯/૬૭।।**

**ભાવાર્થ :-**

ધર્મને સન્મુખ થયેલા યોગ્ય શ્રોતાને ઉપદેશક પ્રથમ સાધારણ ગુણોની પ્રશંસા કરે છે ત્યારપછી અધિક ગુણોની પ્રશંસા કરે છે જે અધિક ગુણો અહિંસાદિ વ્રતોની આચરણારૂપ છે અને તેનો સૂક્ષ્મ બોધ કરાવવા માટે ઉપદેશક શ્રોતાને તેની ભૂમિકા અનુસાર એક વખત કે અનેક વખત પણ ઉપદેશ આપે છે. આમ છતાં, અહિંસાદિ વ્રતોના વિષયમાં તેને સૂક્ષ્મ બોધ ન થાય તોપણ તેની નિંદા ન કરે પરંતુ તેના વિશેષ પરમાર્થને જાણવાની જિજ્ઞાસા થાય તે રીતે તેનામાં શુશ્રૂષા ગુણ પ્રગટ કરે અને શુશ્રૂષા ગુણ પ્રગટ થયા પછી ફરી ફરી તે ગુણવિષયક ઉપદેશ આપે. જેથી કોઈ શ્રોતાને અહિંસાદિ વ્રતોનો મર્મસ્પર્શી બોધ થાય ત્યારે તેની પ્રજ્ઞાની પ્રશંસા કરે જેથી યોગ્ય શ્રોતા ઉત્સાહિત થઈને અધિક અધિક તત્ત્વને જાણવા માટે યત્નવાળો થાય. ત્યારપછી તેને આગમમાં પ્રવેશ કરાવે અર્થાત્ અતીન્દ્રિય પદાર્થોની પ્રાપ્તિનો ઉપાય સર્વજ્ઞના વચનરૂપ આગમ છે માટે આગમમાં અત્યંત બહુમાન કેળવવું જોઈએ જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય તે પ્રકારનો ઉપદેશ આપે.

અહીં પ્રશ્ન થાય કે યોગ્ય શ્રોતાને આગમમાં બહુમાન કઈ રીતે ઉત્પન્ન કરાવી શકાય, તેથી યોગબિન્દુના શ્લોકો બતાવે છે તેનો અર્થ આ પ્રમાણે છે –

પરલોકની પ્રવૃત્તિમાં પ્રાયઃ શાસ્ત્રથી અન્ય કોઈની અપેક્ષા રખાતી નથી. પરલોકની પ્રવૃત્તિમાં શાસ્ત્રની અપેક્ષા કેવા જીવો રાખે છે તે બતાવતાં કહે છે –

જે જીવો નજીકમાં મોક્ષમાં જવાના છે એવા આસન્નભવ્ય જીવો અને સંસારમાં હિતાહિતનો વિચાર કરીને જીવનારા મતિમાન પુરુષો અને તત્ત્વની રુચિરૂપ ધનથી યુક્ત એવા જીવો પરલોકની પ્રવૃત્તિમાં શાસ્ત્રની અપેક્ષા રાખે છે, તેથી વિવેકી પુરુષે હંમેશાં શાસ્ત્રમાં બહુમાન કેળવવું જોઈએ. (યોગબિન્દુ-૨૨૧)

વળી, શાસ્ત્રનું જ મહત્ત્વ બતાવવા અર્થે કહે છે –

અર્થ-કામની પ્રવૃત્તિમાં ઉપદેશ વગર પણ સંસારી જીવો કુશળ હોય છે, પરંતુ ધર્મમાં શાસ્ત્ર વગર કુશળતા આવતી નથી; કેમ કે અતીન્દ્રિય પદાર્થો સર્વજ્ઞના વચનથી જ યથાર્થ જણાય છે. માટે વિચારક પુરુષે શાસ્ત્રમાં જ આદર કરવો ઉચિત છે. (યોગબિન્દુ-૨૨૨)

વળી, શાસ્ત્રમાં આદર ન કરવામાં અને ધર્મની પ્રવૃત્તિ કરવામાં આવે તો ધર્મની પ્રવૃત્તિથી પણ હિત થાય નહિ. તે બતાવવા અર્થે કહે છે –

અર્થઉપાર્જન આદિમાં અવિધિથી પ્રવૃત્તિ કરવામાં આવે તો અર્થ આદિનો અભાવ પ્રાપ્ત થાય, તે સિવાય અન્ય કોઈ અનર્થ થાય નહિ, પરંતુ ધર્મમાં શાસ્ત્રનું અવલંબન ન લેવામાં આવે અને સ્વઇચ્છા અનુસાર પ્રવૃત્તિ કરવામાં આવે તો ક્રિયાના ઉદાહરણથી=વિપરીત રીતે ચિકિત્સાના ઉદાહરણથી, પ્રકૃષ્ટ અનર્થ થાય છે. માટે વિવેકી પુરુષે ધર્મની પ્રવૃત્તિ કરતાં પૂર્વે તે પ્રવૃત્તિવિષયક શાસ્ત્રની વિધિના પરમાર્થને જાણવા માટે અવશ્ય યત્ન કરવો જોઈએ, જેથી ધર્મની પ્રવૃત્તિથી અહિત થાય નહિ. (યોગબિન્દુ-૨૨૩)

પૂર્વના ત્રણ શ્લોકોથી શાસ્ત્રનું મહત્ત્વ બતાવ્યા પછી તેનાથી ફલિતાર્થરૂપે શું પ્રાપ્ત થાય છે ? તે કહે છે –

શાસ્ત્રયત્નવાળો ધર્માર્થી પુરુષ સદા પ્રશંસાપાત્ર છે પરંતુ જે શાસ્ત્રયત્નવાળા નથી તેવા ધર્માર્થી પુરુષો પ્રશંસાપાત્ર નથી; કેમ કે મોહથી અંધકારવાળો આ લોક છે તેમાં શાસ્ત્રનો પ્રકાશ ઉચિત પ્રવૃત્તિમાં પ્રવર્તક છે, માટે જેઓ શાસ્ત્રમાં યત્ન કરતા નથી તેઓ ધર્માર્થી હોય તોપણ તે ધર્મની પ્રવૃત્તિ દ્વારા મોહને પોષે છે. (યોગબિન્દુ-૨૨૪)

વળી, શાસ્ત્રનું મહત્ત્વ બતાવતાં કહે છે –

પાપનું ઔષધ શાસ્ત્ર છે; કેમ કે સર્વજ્ઞનું વચન હોવાથી સર્વજ્ઞના વચનથી ભાવિત થયેલી મતિ પાપરૂપ રોગનો નાશ કરે છે. વળી, શાસ્ત્ર પુણ્યબંધનું કારણ છે; કેમ કે શાસ્ત્રથી ભાવિત થયેલી મતિ પુણ્યાનુબંધીપુણ્ય બાંધે છે. સર્વત્ર જનાર ચક્ષુ શાસ્ત્ર છે=સંસારની અને ધર્મની સર્વ પ્રવૃત્તિ માર્ગાનુસારી બનાવે તેવી નિર્મળ ચક્ષુ શાસ્ત્રથી પ્રગટે છે. શાસ્ત્ર સર્વ પ્રયોજનનું સાધન છે. જીવનું પ્રયોજન સુખની પ્રાપ્તિ છે અને જીવને આ લોકમાં અને પરલોકમાં સુખની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ કરાવનાર શાસ્ત્ર છે માટે જીવનાં સર્વપ્રયોજનને સાધનાર શાસ્ત્ર છે. (યોગબિન્દુ-૨૨૫)

વળી, જેઓને શાસ્ત્રમાં ભક્તિ નથી તેઓની ધર્મની ક્રિયા પણ નિષ્ફલ છે; કેમ કે કર્મના દોષથી તેની મતિ દૂષિત છે. જેમ આંધળો પુરુષ જોવાની ક્રિયા કરે તો તે ક્રિયાથી તેને કાંઈ દેખાય નહિ તેમ અંધતુલ્ય શાસ્ત્રનિરપેક્ષ પ્રવૃત્તિ કરનારા જીવોની ધર્મની પ્રવૃત્તિ નિષ્ફળ છે. (યોગબિન્દુ-૨૨૬)

વળી, જે પુરુષ શાસ્ત્રમાં શ્રદ્ધાવાળો છે અને શાસ્ત્રના ઉપદેશક એવા તીર્થંકરો પ્રત્યે બહુમાનવાળો છે અને સ્વમતિ અનુસાર ધર્મ કરવાના આગ્રહરૂપ અહંકારથી રહિત છે અને ગુણનો રાગી છે અને જિનવચન અનુસાર પ્રવૃત્તિ કરવાનો અર્થી હોવાથી મહાભાગ્યશાળી છે તેની ધર્મની ક્રિયા શ્રેષ્ઠ કહેવાયી છે. (યોગબિન્દુ-૨૨૭)

વળી, જેને શાસ્ત્ર જાણવા પ્રત્યે અનુત્સાહ છે એવા જીવોમાં ભગવાનનાં વચનની શ્રદ્ધા કે ભગવાને બતાવેલાં ધર્મઅનુષ્ઠાન કરવાની રુચિ આદિ ગુણો સંત પુરુષોને પ્રશંસા કરવા યોગ્ય નથી; કેમ કે તેમના શ્રદ્ધાદિ ગુણો પણ ઉન્મત્ત પુરુષના ગુણ જેવા છે અર્થાત્ નિરર્થક છે. માટે શાસ્ત્રોમાં આદર કરવો જોઈએ. (યોગબિન્દુ-૨૨૮)

વળી, મલિન વસ્ત્રનું શોધન જળથી થાય છે તેમ ચિત્તનું શોધન શાસ્ત્રથી થાય છે. માટે ચિત્તની શુદ્ધિના અર્થી જીવોએ શાસ્ત્રમાં યત્ન કરવો જોઈએ. (યોગબિન્દુ-૨૨૯)

જેઓને શાસ્ત્રમાં અત્યંત ભક્તિ છે તેવા જીવો સર્વ ઉદ્યમથી શાસ્ત્રવચનોનો નિર્ણય કરીને સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને તેઓની તે શાસ્ત્રની ભક્તિ મોક્ષને પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ દૂતી છે, તેથી શાસ્ત્રની જ ભક્તિ કરવી જોઈએ. અર્થાત્ શક્તિ અનુસાર શાસ્ત્રનો બોધ કરવો જોઈએ અને તે પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી શીઘ્ર મુક્તિની પ્રાપ્તિ થાય. (યોગબિન્દુ-૨૩૦) **॥૯/૬૭॥**

**અવતરણિકા :-**

तथा –

**અવતરણિકાર્થ :-**

અને –

**સૂત્ર :-**

प्रयोग आक्षेपण्याः ।।१०/६८।।

**સૂત્રાર્થ :-**

**આક્ષેપણીનો=આક્ષેપણીકથાનો પ્રયોગ કરવો જોઈએ. ।।૧૦/૬૮।।**

**ટીકા :-**

**'प्रयोगो' व्यापारणं धर्मकथाकाले 'आक्षिप्यन्ते' आकृष्यन्ते मोहात् तत्त्वं प्रति भव्यप्राणिनः अनयेत्याक्षेपणी, तस्याः कथायाः, सा च आचारव्यवहारप्रज्ञप्तिदृष्टिवादभेदाच्चतुर्धा, तत्राचारो लोचाऽस्नानादिसाधुक्रियारूपः, व्यवहारः कथञ्चिदापन्नदोषव्यपोहाय प्रायश्चित्तलक्षणः, प्रज्ञप्तिः संशयापन्नस्य मधुरवचनैः प्रज्ञापनम्, दृष्टिवादश्च श्रोत्रपेक्षया सूक्ष्मजीवादिभावकथनमिति ।।१०/६८।।**

**ટીકાર્થ :-**

**'प्रयोगो' ..... भावकथनमिति ।। ધર્મકથાકાળમાં આક્ષેપણી કથાનો પ્રયોગ કરવો જોઈએ=ધર્મકથાનો વ્યાપાર કરવો જોઈએ. 'આક્ષેપણી' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. મોહથી ભવ્ય જીવો તત્ત્વ પ્રત્યે આના વડે આકર્ષાય છે તે આક્ષેપણી કથા કહેવાય. અને તે આક્ષેપણી કથા આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદના ભેદથી ચાર પ્રકારની છે. ત્યાં લોચ, અસ્નાનાદિ સાધુક્રિયારૂપ આચાર છે. કોઈક રીતે પ્રાપ્ત થયેલા દોષના નાશ માટે પ્રાયશ્ચિત્તરૂપ વ્યવહાર છે. સંશયપ્રાપ્ત પુરુષને મધુર વચન વડે કહેવું તે પ્રજ્ઞપ્તિ છે. અને શ્રોતાની અપેક્ષાએ સૂક્ષ્મજીવાદિ ભાવોનું કથન એ દૃષ્ટિવાદ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૦/૬૮।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક શ્રોતાને સામાન્ય ગુણોનો અને વિશેષ ગુણોનો ઉપદેશ આપે અને શ્રોતાને તેનો યથાર્થ બોધ થાય ત્યારે તેની પ્રજ્ઞાની પ્રશંસા કરે એમ સૂત્ર-૮માં કહ્યું. ત્યારપછી તેવા શ્રોતાને આગમ પ્રત્યે બહુમાન કઈ રીતે પ્રગટ કરવું જોઈએ તે સૂત્ર-૯માં બતાવ્યું. અને તેના મર્મને જાણીને જે શ્રોતા આગમ પ્રત્યે બહુમાનવાળા

થયા છે તેવા શ્રોતાને ઉપદેશક કહે કે સર્વજ્ઞના વચનરૂપે આગમ ચાર રીતે વિભક્ત છે :

૧. આચારરૂપ ૨. વ્યવહારરૂપ ૩. પ્રજ્ઞપ્તિરૂપ અને ૪. દૃષ્ટિવાદરૂપ.

**(૧) આચારરૂપ :-**

જે ગ્રંથોમાં સંયમની ઉચિત ક્રિયાઓ કેવી બતાવી છે ? તે બતાવીને આચારગ્રંથના વચનથી તેને આગમ પ્રત્યે આક્ષેપ કરવો જોઈએ, જેમ યોગ્ય શ્રોતાને કહેવામાં આવે કે જે ગ્રંથોમાં સાધુની ઉચિત આચરણાઓ બતાવાય છે, જે આચરણાઓ સેવીને મહાત્માઓ અસંગભાવને પામે તેવી ઉત્તમ છે અને શ્રોતાને તે પ્રકારે આચારગ્રંથનો યથાર્થ બોધ થાય તો તે શ્રોતાનું ચિત્ત આચારગ્રંથો પ્રત્યે આક્ષેપવાળું બને.

**(૨) વ્યવહારરૂપ :-**

વળી, થયેલા પાપની શુદ્ધિના ઉચિત ઉપાયો વ્યવહારગ્રંથોમાં બતાવાયા છે અને શ્રોતાને ભૂમિકા અનુસાર ઉપદેશક કહે કે જે પાપો જે પ્રકારના મલિન અધ્યવસાયથી બંધાય છે તે પાપની શુદ્ધિના ઉપાયો મલિન ભાવથી વિરુદ્ધ અને મલિન ભાવ કરતાં અધિક પ્રકર્ષવાળા કે તત્સદૃશ પ્રકર્ષવાળા થાય તેવી શુદ્ધિના ઉપાયો વ્યવહારગ્રંથમાં બતાવાયા છે, તેથી તે વ્યવહારગ્રંથો પ્રત્યે શ્રોતાને આક્ષેપ થાય, જેથી તેવાં શાસ્ત્રો પ્રત્યેની આદેયતાબુદ્ધિ અતિશયિત બને.

**(૩) પ્રજ્ઞપ્તિરૂપ :-**

વળી, કોઈ સ્થાનમાં કોઈને સંશય થાય અને તેના પ્રશ્નો પૂછે, તેને મધુર વચનો વડે ઉત્તરો અપાયા હોય તેવું પ્રજ્ઞપ્તિ સૂત્ર છે=ભગવતી સૂત્ર છે, તેથી શ્રોતાને વિશ્વાસ થાય કે આગમવચનો એકાંતે શ્રોતાને નિઃસંદેહ કરીને ઉચિત પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરનારા છે.

**(૪) દૃષ્ટિવાદરૂપ :-**

શ્રોતાની બુદ્ધિની અપેક્ષા રાખીને સૂક્ષ્મ જીવાદિ ભાવોનું કથન એ દૃષ્ટિવાદરૂપ છે=જુદી જુદી નયદૃષ્ટિઓથી પદાર્થના નિરૂપણરૂપ છે, તેથી શ્રોતાને થાય કે જે આગમમાં આવા સૂક્ષ્મ જીવાદિ ભાવો કહ્યા તે આગમ સ્વીકારવા જેવો છે. આ રીતે, આક્ષેપણી કથા દ્વારા શ્રોતાને આગમ ભણવા પ્રત્યેનો બદ્ધરાગ ઉત્પન્ન કરાય છે. **॥૧૦/૬૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વ સૂત્રમાં કહ્યું એ પ્રમાણે આક્ષેપણી કથા દ્વારા શ્રોતા સંયમના આચાર આદિ પ્રત્યે આક્ષિપ્ત-ચિત્તવાળો થાય ત્યારપછી તેને શું કરવું ઉચિત છે ? તે બતાવવા અર્થે કહે છે –**

સૂત્ર :-

ज्ञानाद्याचारकथनम् ।।११/६९।।

સૂત્રાર્થ :-

જ્ઞાનાચાર આદિનું કથન કરવું જોઈએ. ।।૧૧/૬૯।।

ટીકા :-

'ज्ञानस्य' श्रुतलक्षणस्य 'आचारः' ज्ञानाचारः, आदिशब्दात् दर्शनाचारश्चारित्राचारस्तपाचारो वीर्याचारश्चेति । ततो ज्ञानाद्याचाराणां 'कथनं' प्रज्ञापनमिति समासः । तत्र ज्ञानाचारोऽष्टधा कालविनयबहुमानोपधानाऽनिह्नवव्यञ्जनाऽर्थतदुभयभेदलक्षणः, तत्र काल इति यो यस्य अङ्गप्रविष्टादेः श्रुतस्य काल उक्तः तस्मिन्नेव तस्य स्वाध्यायः कर्त्तव्यो नान्यदा तीर्थकरवचनात्, दृष्टं च कृष्यादेः कालकरणे फलम्, विपर्यये तु विपर्यय इति १। तथा श्रुतग्रहणं कुर्वता गुरोर्विनयः कार्यः, विनयो ह्यभ्युत्थानपादधावनादिः, अविनयगृहीतं हि तदफलं भवति २। तथा श्रुतग्रहणोद्यतेन गुरोर्बहुमानः कार्यः, बहुमानो नामाऽऽन्तरो भावप्रतिबन्धः ३, एतस्मिन् सति अक्षेपेणाविकलं श्रुतं भवति, अत्र च विनयबहुमानयोश्चतुर्भङ्गी भवति–एकस्य विनयो न बहुमानः १, अपरस्य बहुमानो न विनयः २, अन्यस्य विनयोऽपि बहुमानोऽपि ३, अन्यतरस्य न विनयो नापि बहुमान ४ इति ३। तथा श्रुतग्रहणमभीप्सतोपधानं कार्यम्, उपदधाति पुष्णाति श्रुतमित्युपधानं तपः, तद्धि यद्यत्राध्ययने आगाढादियोगलक्षणमुक्तं तत् तत्र कार्यम्, तत्पूर्वकश्रुतग्रहणस्यैव सफलत्वात् ४। 'अनिह्नवः' इति गृहीतश्रुतेनानिह्नवः कार्यः, यद् यत्सकाशेऽधीतं तत्र स एव कथनीयो नान्यः, चित्तकालुष्यापत्तेरिति ५। तथा श्रुतग्रहणप्रवृत्तेन तत्फलमभीप्सता व्यञ्जनभेदोऽर्थभेद उभयभेदश्च न कार्यः, तत्र व्यञ्जनभेदो यथा-'धम्मो मंगलमुक्किट्ठं' [दशवै. १/१] इति वक्तव्ये 'पुन्नो कल्लाणमुक्कोसं' इत्याह, अर्थभेदस्तु यथा- 'आवंती केयावंती लोगंसि विप्परामसंति' [आचा.१/५/१४७] इत्यत्राऽऽचारसूत्रे 'यावन्तः केचन 'लोके' अस्मिन् पाषण्डिलोके विपरामृशन्ति' इत्यर्थाभिधाने 'आवन्ती'जनपदे 'केया' रज्जूः 'वन्ता लोकः परामृशति कूपे' इत्याह, उभयभेदस्तु द्वयोरपि याथात्म्योपमर्दे यथा–'धर्मो मङ्गलमुत्कृष्टः अहिंसा पर्वतमस्तके' इत्यादि, दोषश्चात्र व्यञ्जनभेदेऽर्थभेदः, तद्भेदे क्रियायाः, क्रियाभेदे च मोक्षाभावः, तदभावे च निरर्थिका दीक्षेति ।

ટીકાર્થ :-

'ज्ञानस्य' ..... दीक्षेति । શ્રુતલક્ષણ જ્ઞાનનો આચાર એ જ્ઞાનાચાર. જ્ઞાનાચાર આદિમાં રહેલા

આદિ શબ્દથી દર્શન, ચારિત્ર, તપ અને વીર્યનું ગ્રહણ કરવું. અર્થાત્ જ્ઞાનાચાર આદિનું પ્રજ્ઞાપન કરવું. ત્યાં=પાંચ આચારોમાં, જ્ઞાનાચાર આઠ પ્રકારનો છે. કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવ, વ્યંજન, અર્થ અને તદુભયના ભેદલક્ષણવાળો જ્ઞાનાચાર આઠ પ્રકારનો છે એમ અન્વય છે.

(૧) કાળ : ત્યાં=કાળ=જ્ઞાનાચારનો કાળ, જે અંગપ્રવિષ્ટાદિ શ્રુતનો જે કાળ શાસ્ત્રમાં કહેવાયો છે તેમાં જ તેનો સ્વાધ્યાય કરવો જોઈએ, અન્યદા નહિ; કેમ કે તીર્થંકરનું વચન છે અને ખેતી આદિના કાળ, ખેતી આદિના કરણમાં ફળ જોવાયું છે.

વળી, વિપર્યયમાં=વિપરીત કાળમાં ખેતી કરવાથી વિપર્યય છે=ફળની પ્રાપ્તિ નથી.

(૨) વિનય : શ્રુત ગ્રહણ કરતી વખતે ગુરુનો વિનય કરવો જોઈએ. વિનય, અભ્યુત્થાન, પાદધાવનાદિ છે. અવિનયથી ગૃહીત એવું તે=શ્રુત, અફલ થાય છે. અને

(૩) બહુમાન : શ્રુતગ્રહણમાં ઉદ્યત પુરુષે ગુરુનું બહુમાન કરવું જોઈએ. બહુમાન એટલે અંતરંગ ભાવપ્રતિબંધ=ગુરુના શ્રુતજ્ઞાન પ્રત્યે પ્રીતિનો પરિણામ. આ હોતે છતે=બહુમાન હોતે છતે અક્ષેપથી=અવિલંબનથી, અવિકલ શ્રુતજ્ઞાન થાય છે=યથાર્થ શ્રુતજ્ઞાન થાય છે. અને અહીં=વિનય અને બહુમાનની, ચર્તુભંગી થાય છે.

૧. એક શ્રોતાને વિનય છે, બહુમાન નથી.

૨. બીજા શ્રોતાને વિનય નથી, બહુમાન છે.

૩. અન્ય શ્રોતાને વિનય છે અને બહુમાન પણ છે.

૪. વળી કોઈ અન્ય શ્રોતાને વિનય નથી અને બહુમાન પણ નથી.

'इति' શબ્દ ચાર ભાંગાની સમાપ્તિ માટે છે.

(૪) ઉપધાન : શ્રુતગ્રહણ માટે શાસ્ત્રમાં ઈચ્છાયેલ તપ કરવો જોઈએ.

ઉપધાન શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

ઉપદધાન કરે છે=શ્રુતનું પોષણ કરે છે, એ ઉપધાનતપ છે. અને તે જે અધ્યયનમાં=જે શાસ્ત્રઅધ્યયનમાં જે આગાઢ આદિ યોગલક્ષણ કહેવાયું છે તે ત્યાં=શ્રુતઅધ્યયન પૂર્વે, કરવું જોઈએ; કેમ કે ઉપધાનતપપૂર્વ શ્રુતગ્રહણનું જ સફલપણું છે.

(૫) અનિહ્નવ : ગ્રહણ કરાયેલા શ્રુતથી અનિહ્નવ કરવો જોઈએ=જેની પાસેથી જે શ્રુત ભણાયું હોય તે સ્થાનમાં તે જ કહેવો જોઈએ=આનાથી મને શ્રુત પ્રાપ્ત થયું છે તેમ કહેવું જોઈએ, અન્ય કહેવો જોઈએ નહિ; કેમ કે ઉપદેશકનો અપલાપ કરવાથી ચિત્તના કાલુષ્યની પ્રાપ્તિ છે.

(૬) વ્યંજનભેદ : તેના ફળની ઈચ્છાવાળા એવા શ્રુતગ્રહણમાં પ્રવૃત્ત પુરુષે વ્યંજનભેદ, અર્થભેદ અને ઉભયભેદ ન કરવો જોઈએ. જે રીતે 'धम्मो मंगलमुक्किट्ठं' એ પ્રમાણે કહેવાનું હોતે છતે 'पुन्नो कल्लाणमुक्कोसं' એ પ્રમાણે કોઈ કહે તો વ્યંજનભેદ પ્રાપ્ત થાય છે.

**(૭) અર્થભેદ : વળી, અર્થભેદ 'યથા'થી બતાવે છે – 'आवंती केयावंती लोगंसि विप्परामसंति' એ પ્રકારના આચારસૂત્રમાં આ પાખંડી લોકમાં જે કોઈ વિપરામર્શ કરે છે એ પ્રકારના અર્થનું કથન હોતે છતે 'आवंतीजन' પદમાં 'कया'=કેટલાક રજ્જુવાળો લોક કૂપમાં પરામર્શ કરે છે એ પ્રમાણે કોઈ કહે તો અર્થભેદ પ્રાપ્ત થાય છે.**

**(૮) તદુભયભેદ : વળી, ઉભયભેદ બન્નેના પણ યાથાત્મ્યનાં ઉપમર્દમાં છે=યથાર્થપણાના વિનાશમાં છે. જે પ્રમાણે 'ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, (જે) અહિંસાપર્વતના મસ્તક પર રહેલો છે' ઈત્યાદિ અને અહીં વ્યંજનભેદમાં અર્થભેદ દોષ છે; કેમ કે તેના ભેદમાં ક્રિયાનો ભેદ છે અને ક્રિયાના ભેદમાં મોક્ષનો અભાવ છે. અને તેના અભાવમાં=વિપરીત સેવાયેલી ક્રિયાથી મોક્ષના અભાવમાં, નિરર્થક દીક્ષા છે.**

**'इति' શબ્દ જ્ઞાનાચારોના વર્ણનની સમાપ્તિ અર્થે છે.**

**ભાવાર્થ :-**

પૂર્વ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ઉપદેશક આક્ષેપણી કથાથી શ્રોતાને ઉત્તમ આચારો આદિ પ્રત્યે આક્ષેપ કરે અને શ્રોતા જ્યારે તે તે આચારો આદિ પ્રત્યે આક્ષિપ્ત થાય ત્યારે પંચાચાર આદિના સેવનનો ઉપદેશ આપે. જેથી યોગ્ય શ્રોતાને તે ઉત્તમ આચાર આદિને કહેનારાં શાસ્ત્રોનો સમ્યગ્ બોધ થાય, સમ્યગ્રુચિ થાય અને અપ્રમાદભાવથી તે આચારોને સમ્યગ્ સેવીને કલ્યાણના ફળને પ્રાપ્ત કરે.

તે આચારો પાંચ છે –

જ્ઞાનાચારના સેવનથી સત્શાસ્ત્રોનો યથાર્થ બોધ થાય છે. દર્શનાચારના સેવનથી તે સત્શાસ્ત્રોમાં સ્થિર રુચિ થાય છે. ચારિત્રાચારના સેવનથી જે યથાર્થ બોધ થયો તેની યથાર્થ આચરણાથી શ્રોતાનું ચિત્ત નિર્મળ કોટિનું બને છે. વળી તપાચાર સેવવાથી વિશેષ પ્રકારની સંવરની પ્રાપ્તિ થાય છે અને જ્ઞાનાચાર આદિ ચારે આચારમાં યથાશક્તિ પ્રવર્તનરૂપ વીર્યાચારના સેવનથી શ્રોતા સદા ઉત્તર ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિ કરે છે.

**(૧) જ્ઞાનાચાર :-**

જ્ઞાનાચાર આદિ પાંચમાંથી જ્ઞાનાચારનું સેવન આઠ ભેદથી થાય છે. તે આ રીતે –

જે શાસ્ત્રોનો અભ્યાસ કરવો હોય તે શાસ્ત્રના અભ્યાસ માટે ઉચિત કાળ આવશ્યક છે અને તે કાળે વિનયપૂર્વક અને બહુમાનપૂર્વક યોગ્ય ગુરુ પાસે ઉપધાન કરીને તે શ્રોતા શાસ્ત્રઅભ્યાસ કરે અને જેની પાસે જે અભ્યાસ કર્યો હોય તે ગુરુનો અપલાપ ન કરે. વળી, શાસ્ત્રઅભ્યાસકાળમાં સૂત્રના શબ્દો પરિપૂર્ણ શુદ્ધ ઉચ્ચાર કરીને બોલે, તેના અર્થો પણ જે તાત્પર્યમાં કહેવાયા છે તે તાત્પર્યને સ્પર્શે તે પ્રકારે યોગ્ય ગુરુ પાસે ગ્રહણ કરે અને ત્યારપછી તે સૂત્ર અને અર્થ બન્નેનું યથાર્થ તાત્પર્યપૂર્વક નિર્ણય કરીને પરાવર્તન દ્વારા સ્થિર કરે તે જ્ઞાનાચારનું સેવન છે.

આ રીતે જે શ્રોતા જ્ઞાનાચારના પરમાર્થને જાણીને શક્તિ અનુસાર પ્રતિદિન જ્ઞાનાચારનું સેવન કરે છે તે શ્રોતા કાળક્રમે શાસ્ત્રના પરમાર્થને યથાર્થ જાણનાર બને છે જેનાથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

**ટીકા :-**

**दर्शनाचारोऽपि निःशङ्कितनिष्काङ्क्षितनिर्विचिकित्साऽमूढदृष्टिउपबृंहास्थिरीकरणवात्सल्य-तीर्थप्रभावनाभेदादष्टधैव, तत्र निःशङ्कित इति शङ्कनं शङ्कितम्, निर्गतं शङ्कितं यतोऽसौ निःशङ्कितः, देश-सर्वशङ्कारहित इत्यर्थः, तत्र देशे शङ्का 'समाने जीवत्वे कथमेको भव्यः, अपरस्तु अभव्यः' इति शङ्कते, सर्वशङ्का तु 'प्राकृतनिबद्धत्वात् सकलमेवेदं परिकल्पितं भविष्यति' इति, न पुनरालोचयति यथा—भावा हेतुग्राह्या अहेतुग्राह्याश्च, तत्र हेतुग्राह्या जीवास्तित्वादयः, अहेतुग्राह्या भव्यत्वादयः, अस्मदाद्यपेक्षया प्रकृष्टज्ञानगोचरत्वात् तद्धेतूनामिति प्राकृतनिबन्धोऽपि बालादिसाधारण इति, उक्तं च –**

"बालस्त्रीमूढमूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः स्मृतः ।।६१।।" [ ]

**दृष्टेष्टाविरुद्धत्वाच्च नायं परिकल्पनागोचरः, ततश्च निःशङ्कितो जीव एवार्हच्छासनप्रतिपन्नो दर्शनाचार इत्युच्यते, अनेन दर्शनदर्शनिनोरभेदोपचारमाह, तदेकान्तभेदे त्वदर्शनिन इव फलाभावान्मोक्षाभाव इति, एवं शेषपदेष्वपि भावना कार्या १। तथा निःकाङ्क्षितो देशसर्वकाङ्क्षारहितः, तत्र देशकाङ्क्षा एकं दर्शनं काङ्क्षते दिगम्बरदर्शनादि, सर्वकाङ्क्षा तु सर्वाण्येवेति, नालोकयति षड्जीवनिकायपीडामसत्प्ररूपणां चेति २। विचिकित्सा मतिविभ्रमः, निर्गता विचिकित्सा यस्मादसौ निर्विचिकित्सः, 'साध्वेव जिनदर्शनम्, किन्तु प्रवृत्तस्यापि सतो ममास्मात् फलं भविष्यति वा न वा, कृषीवलादिक्रियासूभयथाऽप्युपलब्धेः' इति कुविकल्परहितः, न ह्यविकल उपाय उपेयवस्तुपरिप्रापको न भवतीति सञ्जातनिश्चय इत्यर्थः, यद्वा निर्विज्जुगुप्सः साधुजुगुप्सारहितः ३, तथा अमूढदृष्टिः, बालतपस्वितपोविद्याद्यतिशयैर्न 'मूढा' स्वभावान्न चलिता 'दृष्टिः' सम्यग्दर्शनरूपा यस्यासौ अमूढदृष्टिः ४, एतावान् गुणिप्रधानो दर्शनाचारनिर्देशः, अधुना गुणप्रधानः-उपबृंहणं नाम समानधार्मिकाणां सद्गुणप्रशंसनेन तद्वृद्धिकरणं ५, स्थिरीकरणं धर्माद्विषीदतां तत्रैव स्थापनम् ६, वात्सल्यं समानधार्मिकजनोपकारकरणम् ७, प्रभावना धर्मकथादिभिस्तीर्थख्यापनेति ८, गुणप्रधानश्चायं निर्देशो गुणगुणिनोः कथञ्चिद्भेदख्यापनार्थम्, एकान्ताभेदे गुणनिवृत्तौ गुणिनोऽपि निवृत्तेः शून्यतापत्तिरिति ।**

**चारित्राचारोऽप्यष्टधा पञ्चसमितित्रिगुप्तिभेदात्, समितिगुप्तिस्वरूपं च प्रतीतमेव ।**

**तपाचारस्तु द्वादशविधः बाह्याभ्यन्तरतपःषट्कद्वयभेदात्, तत्र**

"अनशनमूनोदरता वृत्तेः संक्षेपणं रसत्यागः ।
कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ।।६२।।
प्रायश्चित्तध्याने वैयावृत्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यन्तरं भवति ।।६३।।" **[प्रशम.१७५-१७६]**

**वीर्याचारः पुनः अनिह्नुतबाह्याभ्यन्तरसामर्थ्यस्य सतः अनन्तरोक्तषट्त्रिंशद्विधे ज्ञानदर्शनाद्याचारे यथाशक्ति प्रतिपत्तिलक्षणं पराक्रमणं प्रतिपत्तौ च यथाबलं पालनेति ।।११/६९।।**

**ટીકાર્થ :-**

**दर्शनाचारोऽपि ..... पालनेति ।। દર્શનાચાર પણ નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સ, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, તીર્થપ્રભાવનાના ભેદથી આઠ પ્રકારનો જ છે. ત્યાં=આઠ પ્રકારના દર્શનાચારમાં નિઃશંકિતમાં શંકિત એ શંકા અર્થાત્ શંકાના અર્થમાં શંકિત શબ્દ છે અને ચાલી ગઈ છે શંકા જેને એ નિઃશંકિત છે=એ પુરુષ નિઃશંકિત છે=દેશ અને સર્વ શંકાથી રહિત છે. ત્યાં=દેશ અને સર્વશંકામાં, દેશશંકા બતાવે છે –**

**દેશમાં શંકા=સમાન જીવપણામાં કેવી રીતે એક ભવ્ય અને અપર અભવ્ય હોય એ પ્રકારની શંકા કરે એ દેશશંકિત કહેવાય. વળી, સર્વશંકા પ્રાકૃત નિબદ્ધપણું હોવાથી=શાસ્ત્ર પ્રાકૃતમાં રચાયેલું હોવાથી, સકલ જ આ શાસ્ત્ર પરિકલ્પિત થશે એ સર્વશંકા છે, પરંતુ વિચારતો નથી કે જે પ્રમાણે ભાવો હેતુગ્રાહ્ય છે અને અહેતુગ્રાહ્ય છે ત્યાં હેતુગ્રાહ્ય જીવઅસ્તિત્વાદિ છે અને અહેતુગ્રાહ્ય ભવ્યત્વાદિ છે. આ પ્રમાણે વિચારે તો દેશશંકા થાય નહિ; કેમ કે તેના હેતુઓનું=આ ભવ્ય છે કે આ અભવ્ય છે તેના હેતુઓનું, અમારા આદિ અપેક્ષાથી=છદ્મસ્થ આદિની અપેક્ષાથી, પ્રકૃષ્ટ જ્ઞાનનું વિષયપણું છે. માટે સમાન પણ જીવત્વ હોવા છતાં એક ભવ્ય છે અને બીજો અભવ્ય છે એ છદ્મસ્થ માટે અહેતુગ્રાહ્ય છે.**

**'इति' શબ્દ દેશશંકાના સમાધાનની સમાપ્તિ અર્થે છે.**

**વળી, સર્વશંકાના નિવારણ માટે કહે છે –**

**શાસ્ત્ર પ્રાકૃતમાં રચાયેલો પણ બાલાદિસાધારણ છે એથી સર્વશંકા ઉચિત નથી, એમ અન્વય છે.**

**અને કહેવાયું છે –**

"બાળ, સ્ત્રી, મૂઢ, અને મૂર્ખ એવા ચારિત્રકાંક્ષાવાળા મનુષ્યોના અનુગ્રહ માટે તત્ત્વના જાણનારાઓ વડે સિદ્ધાંત= શાસ્ત્ર, પ્રાકૃતમાં રચાયેલા છે. ।।૬૧।।" **()**

**અને દૃષ્ટ-ઈષ્ટ સાથે અવિરુદ્ધપણું હોવાથી=ગણધરો વડે રચાયેલાં શાસ્ત્રો દૃષ્ટ એવા પદાર્થો સાથે અને ઈષ્ટ એવાં અન્ય શાસ્ત્રો સાથે અવિરુદ્ધપણું હોવાથી પરિકલ્પનાગોચર આ નથી=કાલ્પનિક વિષયવાળાં શાસ્ત્રો નથી અને તેથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે દેશ અને સર્વની શંકાની**

નિવૃત્તિથી, નિઃશંકિત જીવ અરિહંતના શાસનને પામેલો દર્શનાચાર એ પ્રમાણે કહેવાય છે. આના દ્વારા=નિઃશંકિત શબ્દ દ્વારા દર્શન અને દર્શનીના અભેદ ઉપચારને કહે છે. અર્થાત્ દર્શનાચારવાળા પુરુષ અને દર્શનાચારનો અભેદ કરીને દર્શનાચારવાળા પુરુષને દર્શનાચાર કહેલ છે. તેના એકાંત ભેદમાં=દર્શનાચારવાળા પુરુષ અને દર્શનાચારના એકાંત ભેદમાં અદર્શનવાળાની જેમ ફળનો અભાવ થવાથી=દર્શનાચારવાળા પુરુષને પણ દર્શનાચારના ફલનો અભાવ થવાથી, મોક્ષનો અભાવ પ્રાપ્ત થાય. એથી દર્શનાચાર અને દર્શનાચારવાળા પુરુષનો અભેદ કહેલ છે, એ રીતે=જે રીતે નિઃશંકિત શબ્દમાં દર્શનાચાર અને દર્શનાચારવાળા પુરુષનો અભેદ કર્યો એ રીતે શેષપદોમાં પણ=નિઃકાંક્ષિત આદિ પદોમાં પણ ભાવના કરવી=ગુણ ગુણીના અભેદની ભાવના કરવી.

(૨) નિઃકાંક્ષિત : નિઃકાંક્ષિત=દેશ અને સર્વકાંક્ષારહિત ત્યાં=દેશ અને સર્વકાંક્ષારહિતમાં દેશકાંક્ષા દિગમ્બરદર્શન આદિ એક દર્શનની કાંક્ષા કરે છે. વળી, સર્વકાંક્ષા સર્વદર્શનની કાંક્ષા કરે છે. અને અન્ય દર્શનમાં રહેલ છ જીવ નિકાયની પીડાને અને અસત્પ્રરૂપણાને જોતો નથી એથી દેશ કે સર્વની કાંક્ષા કરે છે એમ અન્વય છે.

(૩) નિર્વિચિકિત્સ : વિચિકિત્સા=મતિભ્રમ. 'નિર્વિચિકિત્સ'ની વ્યુત્પત્તિ કરે છે. ચાલી ગઈ છે વિચિકિત્સા જેમાંથી એવો પુરુષ નિર્વિચિકિત્સ છે.

નિર્વિચિકિત્સ પુરુષ કેવો છે ? તે સ્પષ્ટ કરે છે –

જિનદર્શન સાધુ જ છે=સુંદર જ છે પરંતુ પ્રવૃત્ત છતાં એવા મને=જિનવચન અનુસાર પ્રયત્ન કરતાં છતાં પણ મને, આનાથી=જિનવચન અનુસાર પ્રવૃત્તિથી ફલ થશે કે નહિ થાય; કેમ કે ખેતી આદિની ક્રિયામાં બન્ને પ્રકારે પણ પ્રાપ્તિ છે=ક્યારેક ફલ મળે છે અને ક્યારેક ફલ નથી મળતું, એ પ્રકારે પ્રાપ્તિ છે, એ પ્રકારના કુવિકલ્પથી રહિત નિર્વિચિકિત્સ છે, એમ અન્વય છે.

તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

અવિકલ ઉપાય ઉપેયવસ્તુનો પરિપ્રાપક=ફળનો પ્રાપક, નથી થતો એમ નહિ, એથી સજ્જાત નિર્ણયવાળો=સ્થિરનિર્ણયવાળો નિર્વિચિકિત્સ છે અથવા નિર્વિજુગુપ્સ= સાધુ પ્રત્યેની જુગુપ્સારહિત છે.

(૪) અમૂઢદૃષ્ટિ : બાલ, તપસ્વીનાં તપવિદ્યાદિના અતિશયથી મૂઢ નથી=સ્વભાવથી ચલિત નથી એવી સમ્યગ્દૃષ્ટિરૂપ દૃષ્ટિ છે જેને એ અમૂઢદૃષ્ટિ.

આટલો=ચાર ભેદો બતાવ્યા એટલો, ગુણીપ્રધાન દર્શનાચારનો નિર્દેશ છે. હવે ગુણપ્રધાન દર્શનાચારનો નિર્દેશ બતાવે છે એમ અન્વય છે.

(૫) ઉપબૃંહણા : ઉપબૃંહણ એટલે સમાનધાર્મિકોની સદ્ગુણની પ્રશંસા દ્વારા તેની વૃદ્ધિનું કરણ=તે ધાર્મિક જીવોના ગુણની વૃદ્ધિનું કરણ.

**(૬) સ્થિરીકરણ : ધર્મથી સીદાતાઓને ત્યાં જ=ધર્મમાં જ સ્થાપન.**

**(૭) વાત્સલ્ય : સમાનધાર્મિકજનોના ઉપકારનું કરવું.**

**(૮) પ્રભાવના : ધર્મકથાદિ દ્વારા તીર્થની ખ્યાપના=તીર્થની વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિ.**

**આ=પાછળના ચાર બતાવ્યા એ ગુણપ્રધાન નિર્દેશ ગુણ ગુણીનો કથંચિત્ ભેદ બતાવવા માટે છે; કેમ કે એકાંત અભેદમાં ગુણનિવૃત્તિમાં ગુણીની પણ નિવૃત્તિ થવાથી શૂન્યતાની પ્રાપ્તિ છે.**

**'इति' શબ્દ દર્શનાચારના ભેદની સમાપ્તિ માટે છે.**

**ચારિત્રાચાર : ચારિત્રાચાર પણ આઠ પ્રકારનો છે.**

કઈ રીતે આઠ પ્રકારનો છે ? તેથી કહે છે –

**પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ભેદથી આઠ પ્રકારનો છે, એમ અન્વય છે. અને સમિતિ ગુપ્તિનું સ્વરૂપ પ્રતીત જ છે.**

**તપાચાર : વળી, તપાચાર બાર પ્રકારનો છે.**

કઈ રીતે બાર પ્રકારનો છે ? તેથી કહે છે –

**બાહ્ય અને અભ્યંતર તપ ષટ્કદ્વયના ભેદથી બાર પ્રકારનો છે, એમ અન્વય છે. ત્યાં=બાર ભેદમાં ઉદ્ધરણ બતાવે છે –**

"(૧) અનશન (૨) ઊણોદરતા (૩) વૃત્તિનો સંક્ષેપ (૪) રસનો ત્યાગ (૫) કાયક્લેશ (૬) સંલીનતા એ બાહ્ય તપ કહેવાયેલું છે.

(૧) પ્રાયશ્ચિત્ત (૨) ધ્યાન (૩) વૈયાવચ્ચ (૪) વિનય (૫) ઉત્સર્ગ=કાયોત્સર્ગ (૬) સ્વાધ્યાય એ છ પ્રકારનું અભ્યંતર તપ છે. ॥૬૨-૬૩॥" **(પ્રશમરતિપ્રકરણ શ્લોક-૧૭૫-૧૭૬)**

**વળી, વીર્યાચાર નહિ ગોપવાયેલા બાહ્ય અને અભ્યન્તર સામર્થ્યવાળા છતા પુરુષના અનંતર કહેલા જ્ઞાનાચાર-દર્શનાચાર આદિ છત્રીસ આચારમાં યથાશક્તિ સ્વીકારાત્મક પરાક્રમરૂપ અને સ્વીકારાયેલામાં યથાબળ પાલનરૂપ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૧/૬૯॥**

**ભાવાર્થ :-**

**(૨) દર્શનાચાર :-**

સર્વજ્ઞનું વચન આગમ છે અને જ્ઞાનાચારના સેવન દ્વારા સર્વજ્ઞના વચનનો જ યથાર્થ બોધ કરવામાં આવે છે. તે બોધ સર્વજ્ઞના વચનથી થયેલો હોવાથી લેશ પણ અન્યથા નથી તેવી સ્થિર બુદ્ધિ કરવા અર્થે દર્શનાચારનું સેવન કરવામાં આવે છે અને ઉપદેશક યોગ્ય શ્રોતાને કહે કે સર્વજ્ઞના વચનમાં પણ કેટલાંક વચનો હેતુગ્રાહ્ય છે અને કેટલાંક વચનો હેતુથી ગ્રહણ થઈ શકતાં નથી; કેમ કે કેવળજ્ઞાન થાય

ત્યારે જ તે પદાર્થો કેવળીના જ્ઞાનના વિષય બને છે, છતાં યોગ્ય જીવોને બોધ કરાવવા અર્થે કેવલી ભગવંતોએ તે પદાર્થો કહ્યા છે, તેથી કલ્યાણના અર્થીએ "આ સર્વજ્ઞનું વચન છે" એ પ્રકારે નિઃશંકિત થવું જોઈએ અને જે વચનો હેતુથી બતાવી શકાય એવાં વચનોને હેતુથી બોધ કરીને ભગવાનનાં વચનમાં સ્થિર શ્રદ્ધા કરવી જોઈએ જેથી વચન અનુસાર થયેલા બોધથી શક્તિ અનુસાર દૃઢ પ્રવૃત્તિ થાય. તેથી સર્વજ્ઞના વચનમાં લેશ પણ શંકા કરવી જોઈએ નહિ અને અન્ય દર્શનની લેશ પણ આકાંક્ષા કરવી જોઈએ નહિ. વળી, સર્વજ્ઞનાં વચન અનુસાર હું યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીશ તો મને ફળ મળશે કે નહિ તેવી વિચિકિત્સા પણ કરવી જોઈએ નહિ; કેમ કે ઉપાય હંમેશાં ઉપેયનું સાધક હોય છે અને સર્વજ્ઞે "આત્માના હિતભૂત એવા ઉપેયનો સાધક આ ઉપાય છે એવું કેવળજ્ઞાનથી જાણીને આત્માના હિતના સાધક એવા ઉપાયો" બતાવ્યા છે. માટે જે જીવો સર્વજ્ઞના વચન અનુસાર યથાર્થ બોધ કરીને તે ઉપાયને તે પ્રમાણે જ સેવે છે તેઓને અવશ્ય તેનું ફળ મળે જ છે. જેમ - ગૌતમસ્વામીનાં વચનના બળથી ૧૫૦૦ તાપસે મોક્ષના ઉપાયનો યથાર્થ નિર્ણય કરીને તે પ્રમાણે જ પ્રયત્ન કર્યો તો તે મહાત્માઓએ કેવળજ્ઞાનરૂપ ફળની પ્રાપ્તિ કરી. આ રીતે નિર્ણય કરીને સર્વજ્ઞના વચન અનુસાર પ્રવૃત્તિ કરવાથી ફળ મળશે કે નહિ એ પ્રકારની વિચિકિત્સા કરવી જોઈએ નહિ.

વળી, અમૂઢદૃષ્ટિ કેળવવી જોઈએ. અર્થાત્ "માત્ર બાહ્ય આચારથી ફળ થાય છે" તેવી મૂઢદૃષ્ટિ કેળવવાથી બાહ્ય આચારપ્રધાન અન્યદર્શનના આચારોને જોઈને તેનાથી આકર્ષણ થાય પરંતુ જેઓને ભગવાને બતાવેલા આચારો કઈ રીતે અસંગ ભાવની વૃદ્ધિના પરિણામ દ્વારા વીતરાગતાની પ્રાપ્તિનું કારણ છે ? તેવો મર્મસ્પર્શી બોધ થાય તો ક્યારેય માત્ર બાહ્ય આચારોથી તેઓનું ચિત્ત રંજિત થાય નહિ; પરંતુ વિવેકવાળા સર્વજ્ઞના બતાવેલા આચારો પ્રત્યે જ સ્થિર રુચિ થાય તે માટે શક્તિ અનુસાર જિનવચનના પરમાર્થને જાણીને અમૂઢદૃષ્ટિ કેળવવી જોઈએ.

આ રીતે સ્થિર શ્રદ્ધા અર્થે નિઃશંકિતતા આદિ ચાર આચારો પોતાની ભૂમિકાને આશ્રયીને સેવવા જોઈએ તે બતાવ્યું. હવે જેઓને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે તેઓ ભગવાનના શાસનની વૃદ્ધિના અત્યંત અર્થી હોય છે, તેથી તેઓની ભગવાનનાં વચનની શ્રદ્ધા અતિશયિત બને તે માટે અન્ય ચાર દર્શનાચારો બતાવે છે –

દર્શનાચાર સેવનાર પુરુષે પોતાની શક્તિ અનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિમાં યોગ્ય જીવોની ઉપબૃંહણા કરવી જોઈએ અર્થાત્ તેઓ સારી રીતે ગુણવૃદ્ધિ કરી શકે તે પ્રકારે યત્ન કરવો જોઈએ. વળી, કોઈક કારણે કોઈક યોગ્ય જીવ ભગવાનનાં વચનમાં અસ્થિરતાને પામે તો શક્તિ અનુસાર તેને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. વળી, ભગવાનના શાસનમાં વર્તતા સમાન ધાર્મિકો પ્રત્યે વાત્સલ્યભાવ ધારણ કરવો જોઈએ. અર્થાત્ તેઓનું કઈ રીતે હિત થાય ? તેવો શક્ય યત્ન કરવો જોઈએ. વળી, શક્તિસંપન્ન શ્રાવકે ભગવાનના શાસનની પ્રભાવના થાય તેવો યત્ન કરવો જોઈએ. આ રીતે અન્ય જીવોના હિતને અનુકૂળ ચાર પ્રકારના દર્શનાચારો સેવવાથી પોતાનામાં વર્તતો ભગવાનનાં વચનો પ્રત્યેનો રાગ અતિશયિત થાય છે.

પ્રથમના ચાર દર્શનાચારો ગુણ-ગુણીનો અભેદ કરીને ગુણીને દર્શાનાચારરૂપે કહેલ છે અને પાછળના ચાર દર્શનાચારો ગુણ-ગુણીનો ભેદ કરીને ગુણને દર્શનાચારરૂપે કહેલ છે, જેથી શ્રોતાને ગુણ-ગુણીનો કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ છે એ પ્રકારનો સ્યાદવાદ્નો બોધ થાય.

**(૩) ચારિત્રાચાર :-**

ચારિત્રના આચારો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ છે, તેથી ઉપદેશક શ્રોતાને કહે કે જો શક્તિ હોય તો સંસારમાં સર્વ ભાવોનો ત્યાગ કરીને મન-વચન-કાયાથી ગુપ્ત થઈને સર્વ ઉદ્યમથી નવું-નવું શ્રુત ભણવું જોઈએ, શ્રુત દ્વારા આત્માને વાસિત કરવો જોઈએ અને શ્રુતના અર્થો દ્વારા આત્માને તે રીતે વાસિત કરવો જોઈએ જેથી ચારિત્રના પાલન દ્વારા અસંગભાવની શક્તિનો સંચય થાય અને તે માટે સંયમવૃદ્ધિ અર્થે ગમનાગમનની પ્રવૃત્તિ આવશ્યક જણાય ત્યારે યત્નાપૂર્વક પાંચ સમિતિનું પાલન કરવું જોઈએ. ગમનાગમનનું કોઈ પ્રયોજન ન હોય કે બાહ્ય પ્રવૃત્તિનું કોઈ પ્રયોજન ન હોય ત્યારે સદા ગુપ્તિમાં રહીને આત્માને વીતરાગના વચનથી વાસિત કરીને વીતરાગતુલ્ય થવા યત્ન કરવો જોઈએ જે સમ્યગ્જ્ઞાનના અને સમ્યગ્દર્શનના ફળરૂપ ચારિત્ર છે અને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનના ફળરૂપ ચારિત્રનું ફળ સંસારનો ઉચ્છેદ છે.

**(૪) તપાચાર :-**

વળી, ઉપદેશક શ્રોતાને કહે કે કલ્યાણના અર્થી જીવોએ શક્તિ અનુસાર જેમ ચારિત્રમાં ઉદ્યમ કરવો આવશ્યક છે તેમ ચારિત્રના અતિશયના આધાન અર્થે ૧૨ પ્રકારના તપમાં ઉદ્યમ કરવો જોઈએ, તેમાં છ પ્રકારનાં બાહ્ય તપો છે જે તપની આચરણાથી બાહ્ય રીતે આત્મા સંવર ભાવને પામે છે. બાહ્યથી સંવર ભાવને પામેલો આત્મા છ પ્રકારના અભ્યંતર તપ દ્વારા વિશેષ પ્રકારના નિર્લેપભાવને પ્રાપ્ત કરે છે જેથી બાર પ્રકારનો તપ ચારિત્રની અતિશયતાનું પ્રબળ કારણ બને છે. માટે કલ્યાણના અર્થી જીવે શક્તિ ગોપવ્યા વગર અભ્યંતર તપની વૃદ્ધિનું કારણ બને તે રીતે બાહ્ય તપ પણ સેવવો જોઈએ.

**(૫) વીર્યાચાર :**

પૂર્વમાં જ્ઞાનાચાર આદિ ચાર આચારો બતાવ્યા. તે ચાર આચારો સેવવામાં લેશ પણ શક્તિ ગોપવ્યા વગર શક્તિ અનુસાર તે તે આચારોને સેવવા જોઈએ અને જે જે આચારો જ્યારે જ્યારે સેવે છે ત્યારે ત્યારે માત્ર તે બાહ્ય આચારોનું પાલન માત્ર બાહ્યથી થાય તેવો યત્ન ન કરવો જોઈએ પણ યથાવત્ તેનું પાલન થાય તેવો યત્ન કરવો જોઈએ જેથી તે આચારના સેવનથી ગુણસ્થાનકની વૃદ્ધિ રૂપ ફલની પ્રાપ્તિ થાય.

આ પ્રકારે શ્રોતાની બુદ્ધિ અનુસાર ઉપદેશક પંચાચારનો ઉપદેશ આપે તો સંસારના નિસ્તારનો અર્થી એવો તે શ્રોતા તે આચારોને યથાવત્ સેવીને પ્રતિદિન અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે છે અને આત્મામાં દીર્ઘ સંસારને ચલાવે તેવી જે પરિણતિ વર્તે છે તે પ્રતિદિન ક્ષીણ ક્ષીણતર કરે છે. માટે ઉપદેશકે શ્રોતાની બુદ્ધિ અનુસાર જ્ઞાનાચાર આદિ પાંચ આચારનો તે રીતે બોધ કરાવવો જોઈએ જેથી તે શ્રોતા કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે. **॥૧૧/૬૯॥**

**અવતરણિકા :-**

तथा –

**અવતરણિકાર્થ :-**

**ઉપદેશક શ્રોતાને જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું કથન કરે એમ પૂર્વસૂત્રમાં કહ્યું તે પાંચ આચારો સંયમ પાળનારા મુનિ પૂર્ણ પાળી શકે એવા સ્વરૂપવાળા છે અને ગૃહસ્થ તેવા આચારો પૂર્ણ પાળી શકે નહિ. તેથી તે પાંચે આચારોનો યથાર્થ બોધ કરાવ્યા પછી શ્રોતાને ઉપદેશક શું કહે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

निरीहशक्यपालना ।।१२/७०।।

**સૂત્રાર્થ :-**

**નિરીહથી=આ લોક અને પરલોકની આશંસારહિતપણાથી, શક્યપાલના=જ્ઞાનાચાર આદિનું શક્ય પાલન કરવું જોઈએ, એ પ્રકારે ઉપદેશ આપે. ।।૧૨/૭૦।।**

**ટીકા :-**

**'निरीहेण' ऐहिकपारलौकिकफलेषु राज्यदेवत्वादिलक्षणेषु व्यावृत्ताभिलाषेण 'शक्यस्य' ज्ञानाचारादेः 'विहितमिदम्' इति बुद्ध्या 'पालना' कार्येति च कथ्यते इति ।।१२/७०।।**

**ટીકાર્થ :-**

**'निरीहेण' ..... कथ्यते इति ।। નિરીહથી=ઐહિક રાજ્યાદિરૂપ ફળમાં અને પારલૌકિક દેવત્વાદિ લક્ષણ ફળમાં વ્યાવૃત્ત અભિલાષાથી, અને શક્યનું=જ્ઞાનાચારાદિ શક્યનું, "આ વિહિત છે" એ પ્રકારની બુદ્ધિથી પાલના કરવી જોઈએ એ રીતે ઉપદેશક દ્વારા કહેવાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૨/૭૦।।**

**ભાવાર્થ :-**

જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું પૂર્ણ પાલન કરવામાં આવે તો તે મુનિ કેવા સ્વરૂપવાળા છે ? તેનો શ્રોતાને બોધ થાય અને તે પંચાચારનું સેવન સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષનું કારણ છે તેવી શ્રોતાને સ્થિર બુદ્ધિ થાય તે પ્રકારે ઉપદેશકે ઉપદેશ આપવો જોઈએ. આ પ્રકારનો ઉપદેશ સાંભળ્યા પછી પાંચે આચારોનું પૂર્ણ પાલન મુનિ કરી શકે છે, ગૃહસ્થ કરી શકતા નથી, તેથી તે આચારોનું વર્ણન સાંભળીને કલ્યાણના અર્થી પણ શ્રોતાને પોતાના માટે તે આચારોનું પાલન અશક્ય છે તેમ જણાય તો તેના ઉત્સાહનો ભંગ થાય, તેથી યોગ્ય શ્રોતાને પાંચે આચારોનો મર્મસ્પર્શી બોધ થાય ત્યારપછી ઉપદેશક કહે કે તુચ્છ એવાં સાંસારિક

ફ્લોની ઇચ્છાના ત્યાગપૂર્વક પૂર્વસૂત્રમાં વર્ણન કરાયેલા જ્ઞાનાચારાદિ પાંચે આચારોનું શક્ય પાલન કરવું જોઈએ જેથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય.

કઈ રીતે શક્ય પાલન કરવું જોઈએ ? તેથી કહે છે –

"આ પાંચે આચારો ભગવાન દ્વારા વિહિત છે" એવી બુદ્ધિ કરીને પૂર્ણ આચારોના પાલનની શક્તિનો સંચય થાય તે રીતે સ્વશક્તિ અનુસાર અપ્રમાદભાવથી પાંચે આચારોનું પાલન કરવું જોઈએ. **॥૧૨/૭૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વ સૂત્રમાં કહ્યું કે ઉપદેશક શ્રોતાને કહે કે શક્તિ અનુસાર પાંચે આચારો પાળવા જોઈએ. તે સાંભળીને શ્રોતા શક્ય પાંચે આચારોનું પાલન કરે અને અશક્યમાં ઉપેક્ષાવાળો થાય તો તેનું હિત થાય નહિ, તેથી શક્ય પાલનનો ઉપદેશ આપ્યા પછી ઉપદેશક શ્રોતાને શું કહે ? તેનો સમુચ્ચય 'તથા'થી કરે છે –**

**સૂત્ર :-**

अशक्ये भावप्रतिपत्तिः ।।१३/७१।।

**સૂત્રાર્થ :-**

**અશક્યમાં ભાવથી પ્રતિપત્તિ કરવી જોઈએ=ભાવથી રાગનો પરિણામ કરવો જોઈએ. ॥૧૩/૭૧॥**

**ટીકા :-**

**'अशक्ये' ज्ञानाचारादिविशेष एव कर्तुमपार्यमाणे कुतोऽपि धृतिसंहननकालबलादिवैकल्याद् 'भावप्रतिपत्तिः', 'भावेन' अन्तःकरणेन 'प्रतिपत्तिः' अनुबन्धः, न पुनस्तत्र प्रवृत्तिरपि, अकालौत्सुक्यस्य तत्त्वत आर्त्तध्यानत्वादिति ।।१३/७१।।**

**ટીકાર્થ :-**

**'अशक्ये' ..... आर्त्तध्यानत्वादिति ।। કોઈપણ રીતે ધૃતિ, સંઘયણ, કાળ, બળ આદિના વિકલપણાને કારણે કરવા માટે અશક્ય એવા જ્ઞાનાચારાદિ વિષયમાં જ ભાવપ્રતિપત્તિ કરવી જોઈએ=અંતઃકરણના ભાવથી અનુબંધ રાખવો જોઈએ=ઉત્તર ઉત્તર સેવવાની શક્તિ સંચય થાય તે રીતે પ્રીતિવિશેષ રાખવી જોઈએ. પરંતુ ત્યાં=અશક્યમાં, પ્રવૃત્તિ પણ કરવી જોઈએ નહિ; કેમ કે અકાલ ઔત્સુક્યનું= શક્તિસંચય વગરના કાળમાં કરવાની ઈચ્છારૂપ ઉત્સુકપણાનું, તત્ત્વથી આર્તધ્યાનપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૩/૭૧॥**

**ભાવાર્થ :-**

પંચાચારના પાલનમાં જે પ્રકારની પોતાની ધૃતિ હોય તે પ્રકારે યત્ન કરવો જોઈએ. જેમ કોઈ શ્રોતા પાસે અમુક પ્રકારના શાસ્ત્રઅધ્યયનની શક્તિ હોય તે શાસ્ત્રના અધ્યયનમાં યત્ન કરે તો માર્ગાનુસારી બોધ થાય, પરંતુ જે શાસ્ત્રઅધ્યયનમાં પોતાની ગ્રહણ કરવાની શક્તિ ન હોય તેમાં યત્ન કરવામાં આવે તો સમ્યક્ બોધ થાય નહિ, તેથી ધૃતિપૂર્વક તેમાં યત્ન થઈ શકે નહિ. તે રીતે અન્ય પણ ચારિત્રાચાર આદિમાં જે પ્રકારની ધૃતિ હોય તેને અનુરૂપ યત્ન કરવામાં આવે તો તેના સેવનથી ફળની નિષ્પત્તિ થાય, તેથી જે શ્રોતામાં જે પ્રકારની ધૃતિ, સંઘયણ, કાળ, બળ આદિની વિકલતાના કારણે જે જ્ઞાનાચારાદિ વિશેષના સેવનમાં શક્તિ ન હોય તે શ્રોતાએ તેમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ; પરંતુ પોતાની શક્તિ અનુસાર જ્ઞાનાચાર આદિનું સેવન કરીને ઉત્તરના જ્ઞાનાચાર આદિની શક્તિનો સંચય થાય તે પ્રકારના અંતઃકરણના અનુબંધને ધારણ કરવો જોઈએ અને જ્યારે જ્યારે જે જે જ્ઞાનાચાર આદિની શક્તિ પ્રગટ થાય તેમાં ત્યારે ત્યારે અપ્રમાદભાવથી યત્ન કરવો જોઈએ જેથી ક્રમે કરીને ઉત્તર ઉત્તરના જ્ઞાનાચારાદિનું સેવન થાય જેનાથી કલ્યાણની પ્રાપ્તિ થાય.

વળી, જે જ્ઞાનાચારાદિમાં પોતાની શક્તિ નથી તેમાં પ્રયત્ન કરવામાં આવે તો તે આચારના સેવનથી ચિત્તની સ્વસ્થતારૂપ કોઈ ગુણ પ્રગટે નહિ પરંતુ માત્ર તે બાહ્ય આચરણારૂપ ક્રિયા બને અને અકાળે તેવી આચરણા કરવાની ઇચ્છા અવિવેકમૂલક હોવાથી પરમાર્થથી આર્તધ્યાનરૂપ છે. **॥૧૩/૭૧॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**ઉપદેશક યોગ્ય શ્રોતાને જ્ઞાનાચારાદિનું કથન કર્યા પછી શક્યનું પાલન કરવાનું અને અશક્યનું ભાવથી પ્રતિપત્તિ કરવાનું કથન કરે. ત્યારપછી તેના વિષયમાં શું ઉપદેશ આપે ? તેનો સમુચ્ચય 'તથા'થી કરે છે –**

**સૂત્ર :-**

पालनोपायोपदेश ।।१४/७२।।

**સૂત્રાર્થ :-**

**પાલનાના ઉપાયનો ઉપદેશ આપે. ॥૧૪/૭૨॥**

**ટીકા :-**

**एतस्मिन् ज्ञानाद्याचारे प्रतिपन्ने सति 'पालनाय उपायस्य' अधिकगुणतुल्यगुणलोकमध्यसंवासलक्षणस्य निजगुणस्थानकोचितक्रियापरिपालनानुस्मरणस्वभावस्य चोपदेशो दातव्य इति ।।१४/७२।।**

**ટીકાર્થ :-**

**एतस्मिन् ..... दातव्य इति ।। આ જ્ઞાનાચાર આદિ સ્વીકાર કરાયે છતે=શ્રોતા દ્વારા પોતાની ભૂમિકા અનુસાર સ્વીકાર કરાયે છતે પાલનાના ઉપાયનો=અધિક ગુણવાળા અને તુલ્ય ગુણવાળા લોકોની મધ્યમાં સંવાસરૂપ અને પોતાના ગુણસ્થાનકને ઉચિત ક્રિયાના પરિપાલનના અનુસ્મરણના સ્વભાવરૂપ ઉપાયનો ઉપદેશ આપવો જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૪/૭૨।।**

**ભાવાર્થ :-**

શ્રોતાના ક્ષયોપશમ અનુસાર ઉપદેશક શ્રોતાને બતાવે કે સંસારના ક્ષયનો ઉપાય પંચાચારનું પાલન છે અને યોગ્ય શ્રોતા પોતાની ભૂમિકા અનુસાર પંચાચારના પાલનનો સ્વીકાર કરે અને પૂર્ણ પંચાચારના પાલનની શક્તિનો સંચય થાય તે પ્રકારે ભાવથી પૂર્ણ આચારો પ્રત્યે પ્રતિબંધને ધારણ કરે=રાગભાવને ધારણ કરે. ત્યારપછી ઉપદેશક સ્વીકારાયેલા પંચાચારનું પાલન કઈ રીતે થઈ શકે ? તેના વિષયમાં ઉપદેશ આપતાં કહે કે પોતે જે પંચાચારનું પાલન કરવા માટે યત્ન કરે છે તેનાથી અધિકગુણવાળા જીવો સાથે સંવાસ કરવો જોઈએ. જેથી તેઓના તે પ્રકારના અતિશયવાળા પંચાચારના પાલનને જોઈને પોતાનું પણ વીર્ય સદા અધિક અધિક પાલન માટે ઉત્સાહિત રહે. અને કદાચ તેવા અધિક ગુણવાળા લોકો પ્રાપ્ત થતા ન હોય તો તુલ્યગુણવાળા લોકો સાથે સંવાસ કરવો જોઈએ. જેથી એકબીજાને જોઈને પણ પ્રમાદભાવ દૂર થાય, પરંતુ હીનગુણવાળા જીવો સાથે સંવાસ કરવો જોઈએ નહિ; કેમ કે તેમના પ્રમાદથી પોતાનામાં પણ પ્રમાદ થવાનો સંભવ રહે છે.

વળી, પોતે જે પંચાચારના પાલનનો સ્વીકાર કર્યો છે તેને ઉચિત ક્રિયા પોતે કરે છે કે નહિ તેના અનુસ્મરણનો સ્વભાવ ધારણ કરવો જોઈએ, તેથી પ્રમાદવશ ઉચિત ક્રિયા ક્યારેક થઈ ન હોય અર્થાત્ ક્વચિત્ બાહ્યથી તે ક્રિયા થઈ પણ હોય, છતાં પણ તે તે ક્રિયા દ્વારા તે તે ગુણની નિષ્પત્તિને અનુકૂળ યત્ન થયો ન હોય તો પ્રમાદનો પરિહાર થઈ શકે. જેમ જ્ઞાનાચાર અર્થે પોતે ઉદ્યમ કરે છતાં ઉચિત વિધિમાં પ્રમાદ વર્તતો હોય તો તે જ્ઞાનાચારના સેવનથી પણ શાસ્ત્રનો યથાર્થ બોધ થાય નહિ પરંતુ ઉચિત ક્રિયાના પરિપાલનના સ્મરણનો સ્વભાવ હોય તો તે પ્રમાદનો પરિહાર થવાથી જ્ઞાનાચારાદિનું સેવન અધિક અધિક શક્તિસંચય દ્વારા સાનુબંધ ફળની પ્રાપ્તિનું કારણ બને છે. આ પ્રકારે યોગ્ય શ્રોતાને ઉપદેશક ઉપદેશ આપે. **।।૧૪/૭૨।।**

**અવતરણિકા :-**

**વળી, ઉપદેશક શ્રોતાને જ્ઞાનાચાર આદિના સમ્યક્ પાલન માટે ઉત્સાહિત કરવા અર્થે શું ઉપદેશ આપે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**फलप्ररूपणा ।।१५/७३।।**

**સૂત્રાર્થ :-**

**ફળની પ્રરૂપણા કરે=સમ્યક્ રીતે પાલન કરાયેલા આચારનું કેવું શ્રેષ્ઠ ફળ મળે છે તે શ્રોતાને બતાવે. ॥૧૫/૭૩॥**

**ટીકા :-**

**अस्याचारस्य सम्यक्परिपालितस्य सतः 'फलम्' इहैव तावदुपप्लवह्रासो भावैश्वर्यवृद्धिर्जनप्रियत्वं च परत्र च सुगतिजन्मोत्तमस्थानलाभः परम्परया निर्वाणावाप्तिश्चेति यत् कार्यं तस्य 'प्ररूपणा' प्रज्ञापना विधेयेति ।।१५/७३।।**

**ટીકાર્થ :-**

**अस्याचारस्य ..... विधेयेति ।। સમ્યક્ રીતે પરિપાલિત એવા આ આચારનું ફળ=પંચાચારના પાલનનું ફળ, ઉપપ્લવનો હ્રાસ=ચિત્તમાં રાગાદિ ઉપદ્રવનો હ્રાસ, ભાવઐશ્વર્યની વૃદ્ધિ=ઉત્તમ ગુણસંપત્તિની વૃદ્ધિ, જનપ્રિયપણું અને પરલોકમાં સુગતિમાં જન્મ, ઉત્તમસ્થાનનો લાભ=સુગતિમાં પણ ઉત્તમસ્થાનોની પ્રાપ્તિ અને પરંપરાથી નિર્વાણની પ્રાપ્તિ છે એ પ્રકારે જે કાર્ય છે=પંચાચારપાલનનું કાર્ય છે તેની પ્રરૂપણા કરવી જોઈએ=શ્રોતાને યથાર્થ બોધ કરાવવો જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૧૫/૭૩॥**

**ભાવાર્થ :-**

યોગ્ય શ્રોતા જ્ઞાનાચારાદિ પરિપાલનના ઉપાયોને સેવવા માટે તત્પર થાય. ત્યારપછી પંચાચારમાં દૃઢ યત્ન ઉત્પન્ન કરાવવા અર્થે ઉપદેશક કહે કે જે જીવો પોતાની શક્તિ અનુસાર, પ્રમાદરહિત આ પાંચ આચારોનું પાલન કરે છે તેઓને આ ભવમાં તે પાંચ આચારોના પાલનથી ચિત્તમાં કષાયોના ક્લેશો અલ્પ થાય છે; કેમ કે જ્ઞાનાચારાદિના સેવનથી વાસિત થયેલી મતિ શાંત ભાવ તરફ વૃદ્ધિવાળી થાય છે.

વળી, આત્મામાં જે તત્ત્વ તરફ જવાને અનુકૂળ ગુણો હતા તે ગુણોની વૃદ્ધિ થાય છે; કેમ કે પાંચ આચારોના સેવનથી જીવ વીતરાગભાવને અનુકૂળ એવા ઉત્તમ ભાવોથી વાસિત થાય છે.

વળી, જેમ જેમ તે આચારના સેવનથી તે મહાત્માની ઉત્તમ પ્રકૃતિ થાય છે તેમ તેમ સર્વ પરિચિત લોકોમાં તે અધિક પ્રિય બને છે.

વળી, પાંચ આચારોના સેવનથી બંધાયેલું શ્રેષ્ઠ કોટિનું પુણ્ય તે મહાત્માને પરલોકમાં સુંદર ગતિમાં જન્મની પ્રાપ્તિનું કારણ બને છે. અને તે સુંદર ગતિમાં પણ ઉત્તમસ્થાનનો લાભ પ્રાપ્ત કરાવે છે. સુગતિની પ્રાપ્તિ અને ફરી ફરી પંચાચારનું પાલન કરીને તે મહાત્મા યોગની પ્રકર્ષની ભૂમિકાને પામીને નિર્વાણની પ્રાપ્તિ કરે છે ત્યારે સંસારનાં સર્વ દુઃખોનો અંત થાય છે, તેથી મુક્ત થયેલો જીવ પૂર્ણ સુખમય અવસ્થાને પ્રાપ્ત કરે છે. **॥૧૫/૭૩॥**

**અવતરણિકા :-**

**अत्रैव विशेषमाह–**

**અવતરણિકાર્થ :-**

આમાં જ=ફલપ્રરૂપણામાં જ, વિશેષને કહે છે –

**સૂત્ર :-**

देवर्द्धिवर्णनम् ।।१६/७४।।

**સૂત્રાર્થ :-**

**દેવની ઋદ્ધિનું વર્ણન કરે. ।।૧૬/૭૪।।**

**ટીકા :-**

**'देवानां' वैमानिकानाम् 'ऋद्धेः' विभूतेः रूपादिलक्षणाया 'वर्णनं' प्रकाशनम्, यथा 'तत्रोत्तमा रूपसंपत् सत्स्थितिप्रभावसुखद्युतिलेश्यायोगः विशुद्धेन्द्रियावधित्वं प्रकृष्टानि भोगसाधनानि दिव्यो विमाननिवह' इत्यादि वक्ष्यमाणमेव ।।१६/७४।।**

**ટીકાર્થ :-**

**'देवानां' ..... वक्ष्यमाणमेव ।। વૈમાનિક દેવોની રૂપાદિ લક્ષણ ઋદ્ધિનું વર્ણન કરે. જે પ્રમાણે ત્યાં=દેવભવમાં ઉત્તમ રૂપસંપત્તિ છે, સત્સ્થિતિ છે=દીર્ઘકાળ સુધી સુંદર અવસ્થાન છે, ઘણો પ્રભાવ છે, ઘણા પ્રકારનાં સુખો છે, દ્યુતિ છે=ઘણા પ્રકારની કાંતિ છે, સુંદર લેશ્યાનો યોગ છે. વળી, વિશુદ્ધ ઈન્દ્રિયો અને વિશુદ્ધ અવધિજ્ઞાન હોય છે. પ્રકૃષ્ટ ભોગસાધનો હોય છે, દિવ્ય વિમાનોનો સમૂહ હોય છે ઈત્યાદિ વક્ષ્યમાણ જ ઋદ્ધિનું વર્ણન ઉપદેશકે કરવું જોઈએ. ।।૧૬/૭૪।।**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં પંચાચારના પાલનનું કેવું ઉત્તમ ફળ છે ? તે ઉપદેશક શ્રોતાને બતાવે એમ કહ્યું. હવે શ્રોતાને પંચાચાર પાલન કરવા માટે અધિક ઉત્સાહિત કરવા અર્થે કહે કે જે મહાત્માઓ શક્તિ અનુસાર પંચાચારનું પાલન કરે છે તેઓ વૈમાનિક દેવભવમાં જાય છે અને તે ભવમાં કેવી ઉત્તમ રૂપસંપત્તિ, કેવી ઉત્તમ ભોગસામગ્રી છે તે સર્વ શાસ્ત્રવચન અનુસાર ઉપદેશક બતાવે. જેથી વિવેકી શ્રોતાને આશ્વાસન મળે કે આ પંચાચારના પાલનના ફળરૂપે મને મોક્ષની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી પણ આવા ઉત્તમ ભાવોની પ્રાપ્તિ થશે. માટે જે પંચાચારનો મેં બોધ કર્યો છે તે પંચાચારને પ્રમાદ વગર સેવીને હું મારા ભવને સફળ કરું. **।।૧૬/૭૪।।**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**सुकुलागमनोक्तिः ।।१७/७५।।**

**સૂત્રાર્થ :-**

**સુકુલના આગમનું કથન કરે. ।।૧૭/૭૫।।**

**ટીકા :-**

**'देवस्थानाच्च्युतावपि विशिष्टे देशे, विशिष्टे कुले, निष्कलङ्के अन्वये, उदग्रे सदाचारेणाख्यायिका-पुरुषयुक्ते, अनेकमनोरथापूरकम् अत्यन्तनिरवद्यं जन्म' इत्यादिर्वक्ष्यमाणलक्षणैव ।।१७/७५।।**

**ટીકાર્થ :-**

'देवस्थानाच्च्युतावपि ..... इत्यादिर्वक्ष्यमाणलक्षणैव ।। **'દેવસ્થાનથી ચ્યવ્યા પછી પણ વિશિષ્ટ દેશમાં, વિશિષ્ટ કુલમાં, નિષ્કલંક અન્વયમાં=શુદ્ધ આચારવાળા કુળની પરંપરામાં, અને સદાચારથી આખ્યાયિકા પુરુષયુક્ત એવા ઊંચા કુળમાં, અનેક મનોરથનો આપૂરક અત્યંત નિરવદ્ય જન્મ પ્રાપ્ત થાય' ઇત્યાદિ વક્ષ્યમાણ લક્ષણવાળી જ ઉક્તિ કરે=સાતમા અધ્યયનમાં કહેવાનારા લક્ષણવાળા જ સુકુળના આગમનું કથન કરે. ।।૧૭/૭૫।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને પંચાચારનું કેવું ઉત્તમ ફળ છે તે સ્પષ્ટ કરવા માટે દેવોની ઋદ્ધિનું વર્ણન કરે એમ પૂર્વસૂત્રમાં કહ્યું. વળી તે પંચાચારનું ફળ માત્ર દેવભવની પ્રાપ્તિમાં વિશ્રાંત નથી પણ ત્યાંથી ચ્યવ્યા પછી તે મહાત્મા નિષ્કલંક એવા પિતા-પિતામહ આદિ હોય એવા ઉત્તમ કુળમાં જન્મે છે.

વળી, તે કુળમાં જન્મે તો સદાચારના દૃષ્ટાંત તરીકે બતાવવામાં આવે તેવા પુરુષથી યુક્ત એવા ઉદગ્ર=અત્યંત ઊંચું કુળ હોય છે, તેથી તેવા કુળમાં જન્મ થવાને કારણે ઉત્તમ કુળના બીજની પ્રાપ્તિને કારણે પણ જીવનમાં સદાચારની પ્રાપ્તિ થાય છે.

વળી તેવા કુળમાં તે મહાત્માના અનેક મનોરથો પૂર્ણ થાય તેવું તે ઉત્તમ હોય છે; કેમ કે વિશિષ્ટ કુળને કારણે સર્વ પ્રકારના અનુકૂળ સંજોગો હોવાથી પોતાને જે પ્રકારના મનોરથો હોય તે સર્વ તે જન્મમાં સ્વાભાવિક પૂર્ણ થાય છે.

વળી, તેવા ઉત્તમ પુરુષનો જન્મ અત્યંત નિરવદ્ય હોય છે; કેમ કે સમ્યક્ રીતે પંચાચારના સેવનના કારણે ઉત્તમ પ્રકૃતિવાળા તે મહાત્મા સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરીને અન્ય જીવના હિતનું કારણ બને તેવા મનુષ્યજન્મને પ્રાપ્ત કરે છે. આ પ્રકારનું પંચાચારનું ફળ સાંભળીને યોગ્ય શ્રોતાને શક્તિના પ્રકર્ષથી વિધિપૂર્વક પંચાચારના પાલનનો ઉત્સાહ થાય છે. **॥૧૭/૭૫॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**कल्याणपरम्पराख्यानम् ।।१८/७६।।**

**સૂત્રાર્થ :-**

**કલ્યાણની પરંપરાનું કથન કરે. ।।૧૮/૭૬।।**

**ટીકા :-**

**ततः सुकुलागमनादुत्तरं 'कल्याणपरम्परायाः' 'तत्र सुन्दरं रूपम्, आलयो लक्षणानाम्, रहितम् आमयेन' इत्यादिरूपायाः अत्रैव धर्मफलाध्याये वक्ष्यमाणायाः 'आख्यानं' निवेदनं कार्यमिति ।।१८/७६।।**

**ટીકાર્થ :-**

**ततः ..... कार्यमिति ।। ત્યાંથી=સુકુલના ગમનથી ઉત્તરમાં કલ્યાણની પરંપરાનું કથન કરે.**

કેવા પ્રકારના કલ્યાણની પરંપરાનું કથન કરે ? તેથી કહે છે –

**સુંદર રૂપ, લક્ષણોનો આલય=લક્ષણોનું નિવાસસ્થાન એવું શરીર, રોગથી રહિત ઈત્યાદિરૂપ અહીં જ=ધર્મફળના અધ્યાયમાં કહેવાનારી કલ્યાણની પરંપરાનું કથન કરે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૧૮/૭૬।।**

**ભાવાર્થ :-**

વળી પંચાચારમાં ઉત્સાહિત કરવા માટે ઉપદેશક કહે કે સુકુલમાં જન્મની પ્રાપ્તિ પછી પંચાચારનું સમ્યક્ પાલન કરનાર તે મહાત્મા કલ્યાણની પરંપરાને પામે છે. જે પરંપરા અંતે મોક્ષરૂપ પૂર્ણ સુખમાં વિશ્રાંત થાય છે.

વળી, તેવા જીવો મનુષ્યભવને પામીને વિશિષ્ટ ધર્મ સેવે છે જેથી ઉત્તરમાં વિશેષ પ્રકારનો દેવભવ મળે છે. ત્યાંથી ફરી વિશેષ પ્રકારનો મનુષ્યભવ મળે છે જે ભવ સુંદર શ્રેષ્ઠ કોટિના રૂપવાળો હોય છે, પુરુષનાં જે લક્ષણો કહ્યાં છે તે ઘણાં લક્ષણથી યુક્ત દેહ મળે છે. વળી તે દેહ પણ ઉત્તમ ધર્મ સેવેલો હોવાથી રોગમુક્ત મળે છે. આ રીતે સમ્યગ્ પંચાચારના પાલનથી જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઉત્તમ ભવોની પરંપરાને તે મહાત્મા પ્રાપ્ત કરે છે તે સર્વની પ્રાપ્તિનું પ્રબળ કારણ સમ્યક્ રીતે સેવાયેલ પંચાચાર છે. માટે કલ્યાણના અર્થીએ સતત સમ્યક્ રીતે પંચાચાર સેવવાનો યત્ન કરવો જોઈએ. **॥૧૮/૭૬॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે પંચાચારનું ઉત્તમ ફળ બતાવ્યા પછી તે સાંભળીને ઉત્સાહિત થયેલા શ્રોતાને પણ પ્રમાદને વશ અસદાચારની પ્રાપ્તિ થઈ શકે છે; કેમ કે જીવે અનાદિકાળથી અસદાચારને સેવીને તેના સંસ્કારો અત્યંત દૃઢ કરેલ છે, તેથી તે સંસ્કારના બળથી પણ પંચાચારના પાલનમાં સ્ખલનાના નિવારણ અર્થે મહાત્માએ યોગ્ય શ્રોતા પાસે અસદાચારની ગર્હા કરવી જોઈએ તે બતાવવા અર્થે 'તથા'થી સમુચ્ચય કરતાં કહે છે –**

**સૂત્ર :-**

असदाचारगर्हा ।।१९/७७।।

**સૂત્રાર્થ :-**

**અસદાચારની ગર્હા કરવી જોઈએ. ।।૧૯/૭૭।।**

**ટીકા :-**

**'असदाचारः' सदाचारविलक्षणो हिंसानृतादिर्दशविधः पापहेतुभेदरूपः, यथोक्तम् –**

"हिंसानृतादयः पञ्च तत्त्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः ।।६४।।" **[शास्त्रवार्त्ता.४]**

**तस्य 'गर्हा' असदाचारगर्हा, यथा –**

"न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ।।६५।।
"द्विषद्विषतमोरोगैर्दुःखमेकत्र दीयते ।

मिथ्यात्वेन दुरन्तेन जन्तोर्जन्मनि जन्मनि ।।६६।।

वरं ज्वालाऽऽकुले क्षिप्तो देहिनाऽऽत्मा हुताशने ।

न तु मिथ्यात्वसंयुक्तं जीवितव्यं कदाचन ।।६७।।" [ ]

**इति तत्त्वाश्रद्धानगर्हा । एवं हिंसादिष्वपि गर्हायोजना कार्या ।।१९/७७।।**

**ટીકાર્થ :-**

**'असदाचारः' ..... कार्या ।। સદાચારથી વિલક્ષણ હિંસા, અનૃતાદિ=મૃષાવાદ આદિ રૂપ દશ પ્રકારનાં પાપના હેતુના ભેદરૂપ અસદાચાર છે. જે કારણથી કહેવાયું છે –**

"હિંસા, મૃષા આદિ પાંચ, તત્ત્વનું અશ્રદ્ધાન અને ક્રોધાદિ ચાર એમ કુલ દશ પાપના હેતુઓ છે= પાપપ્રકૃતિના બંધના હેતુઓ છે. તેની ગર્હા કરવી જોઈએ=અસદાચારની ગર્હા કરવી જોઈએ. ।।૬૪।।" **(શાસ્ત્રવાર્તા૦ ૪)**

**કઈ રીતે અસદાચારની ગર્હા કરવી જોઈએ ? તે બતાવે છે –**

"મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ જેવું કોઈ વિષ નથી, મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી અને મિથ્યાત્વ જેવો કોઈ અંધકાર નથી. શત્રુ, વિષ, અંધકાર અને રોગોથી એક ભવમાં દુઃખ પ્રાપ્ત થાય છે. દુરન્ત એવા મિથ્યાત્વ વડે જીવને જન્મ જન્મમાં દુઃખ પ્રાપ્ત થાય છે. જ્વાલાથી યુક્ત એવા અગ્નિમાં કોઈ વડે આત્મા ફેંકાયેલો સારો છે, પરંતુ મિથ્યાત્વથી યુક્ત જીવન ક્યારેય સારું નથી. ।।૬૫-૬૬-૬૭।।" **()**

**એ પ્રકારે તત્ત્વની અશ્રદ્ધાની ગર્હા કરવી જોઈએ. એ રીતે હિંસાદિમાં પણ ગર્હાની યોજના કરવી જોઈએ. ।।૧૯/૭૭।।**

**ભાવાર્થ :-**

પંચાચારના પાલનનું ઉત્તમ ફળ બતાવ્યા પછી પંચાચારના પાલનથી વિરુદ્ધ જે આચારો છે તે સર્વ અસદાચારો છે. તે અસદાચારોની ગર્હા ઉપદેશક શ્રોતાની આગળ એ રીતે કરે જેથી તે શ્રોતાની બુદ્ધિમાં અસદાચાર પ્રત્યે તીવ્ર જુગુપ્સા ઉત્પન્ન થાય. જેના કારણે અસદાચારથી વિમુખ થઈને સદાચારમાં દૃઢ ઉદ્યમ કરવા દ્વારા તે શ્રોતા કલ્યાણની પરંપરાને પામે.

અસદાચારો દસ પ્રકારના છે. હિંસા, મૃષાવાદ, ચોરી, અબ્રહ્મનું સેવન અને પરિગ્રહ આ પાંચ અસદ્ આચરણાઓ છે. વળી, તત્ત્વ પ્રત્યેના અશ્રદ્ધાન્ રૂપ જીવનો પરિણામ અને ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર અંતરંગ પરિણામો એમ કુલ દસ અસદાચારો પાપબંધનાં કારણો છે જેને સેવીને જીવ સંસારની સર્વ કદર્થનાઓ પ્રાપ્ત કરે છે.

આ અસદાચારોના નિવર્તનનો અક ઉપાય જે મહાત્મા પોતાની શક્તિને ગોપવ્યા વગર પંચાચારના પારમાર્થિક સ્વરૂપને જાણીને તે પંચાચારના સેવન માટે જ્યારે જ્યારે ઉદ્યમ કરે ત્યારે ત્યારે આ અસદાચારો પ્રવર્તતા નથી અને અસદાચારોની શક્તિ ક્ષીણ થાય છે અને સદાચારોના સેવનના બળનું આધાન થાય છે.

આથી જ જે જીવો શક્તિ હોવા છતાં પંચાચારમાં ઉદ્યમ કરતા નથી તેઓને ભગવાનના વચનમાં તીવ્ર રુચિ નથી, તેથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે.

વળી, સંસારી જીવો સંસારની કોઈપણ પ્રવૃત્તિ ન કરતા હોય તોપણ બાહ્ય પદાર્થના નિમિત્તથી જે કોઈ ભાવો પ્રવર્તે છે તે ક્રોધાદિ ચાર કષાયોમાંથી કોઈક કષાયરૂપ છે અને ઉપયુક્ત થઈને પંચાચારમાંથી કોઈપણ આચાર સેવતા હોય ત્યારે તે કષાયોનો ઉપયોગ ક્ષયોપશમભાવરૂપે પ્રવર્તે છે. તેથી પંચાચારમાં જે લોકો સમ્યગ્ વીર્ય ફોરવતા નથી તેઓને અસદાચારની પ્રાપ્તિ નિયમા થાય છે.

વળી, તે સર્વ અસદાચારનું મૂળ બીજ ભગવાનનાં વચનમાં દૃઢ શ્રદ્ધાનો અભાવ છે. ભગવાનનાં વચનમાં અશ્રદ્ધાન્ એ મિથ્યાત્વ છે, તેથી મિથ્યાત્વરૂપી અસદાચાર જીવને અનેક ભવોમાં દુઃખ આપનાર હોવાથી શત્રુ આદિ કરતાં પણ મહાશત્રુ છે. માટે વિવેકીએ અસદાચાર પ્રત્યે સદા જુગુપ્સા ઉત્પન્ન થાય તે પ્રકારે આત્માને ભાવિત કરવો જોઈએ અને આ રીતે સદાચારના પાલનમાં શ્રોતાને ઉત્સાહ થાય અને અસદાચાર પ્રત્યે શ્રોતાને તીવ્ર જુગુપ્સા થાય તે રીતે ઉપદેશકે શ્રોતા આગળ અસદાચારની ગર્હા કરવી જોઈએ. **॥૧૯/૭૭॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**तत्स्वरूपकथनम् ।।२०/७८।।**

**સૂત્રાર્થ :-**

**તેના સ્વરૂપનું કથન કરવું જોઈએ=અસદાચારના સ્વરૂપનું કથન કરવું જોઈએ. ।।૨૦/૭૮।।**

**ટીકા :-**

**'तस्य' असदाचारस्य हिंसादेः 'स्वरूपकथनम्,' यथा** 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा, असदभिधानं मृषा, अदत्तादानं स्तेयम्, मैथुनमब्रह्म, मूर्च्छा परिग्रहः' **[तत्त्वार्थसू. अ० ७, सू० ८-९-१०-११-१२] इत्यादि ।।२०/७८।।**

**ટીકાર્થ :-**

**'तस्य' ..... इत्यादि ।। તેના=અસદાચારરૂપ હિંસાદિના સ્વરૂપનું કથન કરવું જોઈએ. જે આ પ્રમાણે** – "પ્રમત્ત યોગથી પ્રાણીનો નાશ હિંસા છે, જૂઠું બોલવું મૃષા છે, અદત્તનું ગ્રહણ ચોરી છે, મૈથુન અબ્રહ્મ છે, મૂર્ચ્છા પરિગ્રહ છે" **(તત્ત્વાર્થસૂત્ર અધ્યાય-૭, સૂત્ર-૮-૯-૧૦-૧૧-૧૨) ઈત્યાદિ કહેવું. ।।૨૦/૭૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં અસદાચારો કેવા અનર્થકારી છે ? તેમ બતાવીને ઉપદેશક શ્રોતાને અસદ્ આચારો પ્રત્યે જુગુપ્સા ઉત્પન્ન કરે તેમ બતાવ્યું. શ્રોતાને અસદ્ આચારો પ્રત્યે જુગુપ્સા ઉત્પન્ન થાય ત્યાર પછી શ્રોતાની બુદ્ધિ અનુસાર તે અસદ્ આચારોનું સ્વરૂપ ઉપદેશક બતાવે. જેથી તે અસદ્ આચારોનાં સ્વરૂપના યથાર્થ જ્ઞાનના બળથી તે શ્રોતા તેના પરિહાર માટે ઉચિત યત્ન કરી શકે અર્થાત્ શ્રોતાની બુદ્ધિ અનુસાર હિંસાથી પાંચે પાપોનું સૂક્ષ્મ-સૂક્ષ્મતર સ્વરૂપ ઉપદેશક બતાવે, જેથી શ્રોતાને સંપૂર્ણ અહિંસાદિ પાળનારા મહાત્માના સ્વરૂપનો બોધ થાય અને સ્વશક્તિ અનુસાર સ્થૂલ આદિ ભેદથી અસદ્ આચારોના પરિહાર માટે યત્ન કરી શકે. **॥૨૦/૭૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

स्वयं परिहारः ।।२१/७९।।

**સૂત્રાર્થ :-**

**ઉપદેશક જે અસદાચારનું સ્વરૂપ કહે તે અસદાચારનો સ્વયં પરિહાર કરે. ॥૨૧/૭૯॥**

**ટીકા :-**

**'स्वयम्' आचारकथकेन 'परिहारः' असदाचारस्य संपादनीयः, यतः स्वयमसदाचारमपरिहरतो धर्मकथनं नटवैराग्यकथनमिवानादेयमेव स्यात्, न तु साध्यसिद्धिकरमिति ।।२१/७९।।**

**ટીકાર્થ :-**

**'स्वयम्' ..... साध्यसिद्धिकरमिति ।। સ્વયં=આચારકથક એવા ઉપદેશકે અસદાચારનો પરિહાર સંપાદન કરવો જોઈએ. જે કારણથી સ્વયં અસદાચારના અપરિહારથી ધર્મનું કથન કરે એ નટના વૈરાગ્યના કથનની જેમ અનાદેય જ થાય, પરંતુ સાધ્યની સિદ્ધિને કરનાર થાય નહિ. ॥૨૧/૭૯॥**

**ભાવાર્થ :-**

શ્રોતા આગળ અસદાચારનો ઉપદેશ આપનાર ઉપદેશક માનાદિ કષાયને વશ થઈને ઉપદેશ આપતા હોય ત્યારે તેમના ઉપદેશમાં સંવેગનો પરિણામ દેખાય નહિ, પરંતુ વિવેકી શ્રોતાને કષાયના પરિણામરૂપ અસદાચાર દેખાય અને જે ઉપદેશક કષાય આદિને વશ થઈને અસદાચારના પરિહારનો ઉપદેશ આપે તે

નટના વૈરાગ્યના કથન જેવું હોવાથી શ્રોતાને આદેય બને નહિ, પરંતુ ઉપદેશક જે અસદાચારોનું વર્ણન કરે તે અસદાચાર પ્રત્યેની તીવ્ર જુગુપ્સાથી વાસિત અંતઃકરણપૂર્વક ઉપદેશ આપે અને પ્રસંગે તે પ્રકારના અસદાચારોનો પરિહાર પોતાના જીવનમાં કરે તો શ્રોતાને પણ તે અસદાચાર હેયરૂપે સમ્યક્ પરિણમન પામે. **॥૨૧/૭૯॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

ऋजुभावाऽऽसेवनम् ।।२२/८०।।

**સૂત્રાર્થ :-**

**ઋજુભાવનું આસેવન કરે. ॥૨૨/૮૦॥**

**ટીકા :-**

**'ऋजुभावस्य' कौटिल्यत्यागरूपस्य 'आसेवनम्' अनुष्ठानं देशकेनैव कार्यम्, एवं हि तस्मिन्नविप्रतारणकारिणि संभाविते सति शिष्यस्तदुपदेशान्न कुतोऽपि दूरवर्ती स्यादिति ।।२२/८०।।**

**ટીકાર્થ :-**

**'ऋजुभावस्य' ..... स्यादिति ।। કૌટિલ્યના ત્યાગરૂપ ઋજુભાવનું અનુષ્ઠાન ઉપદેશકે આસેવન કરવું જોઈએ. આ રીતે અઠગનારા એવા તે ગુરુ સંભાવિત થયે છતે શિષ્ય તેના ઉપદેશથી ક્યારેય પણ દૂરવર્તી થતો નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૨/૮૦॥**

**ભાવાર્થ :-**

ઉપદેશક શ્રોતાને જે પ્રકારનો ઉપદેશ આપે છે તે પ્રકારનું અનુષ્ઠાન તે સ્વયં પણ સેવે છે અને અસદાચારનો પરિહાર કરે છે તેમ પૂર્વમાં બતાવ્યું. હવે જે અનુષ્ઠાન ભગવાને કહ્યાં છે તે અનુષ્ઠાન તે રીતે સેવવાં અતિદુષ્કર છે, તેથી ઉપદેશક ગુરુ જે પ્રકારનાં પોતે અનુષ્ઠાન સેવે છે તે પ્રકારે શ્રોતાને સરળ ભાવથી કહે પરંતુ જે અનુષ્ઠાન પોતે સેવી શકતા નથી તે પોતે સેવે છે તેવું કુટિલતાથી ક્યારેય બતાવે નહિ, પરંતુ દુષ્કર પણ અનુષ્ઠાન અપ્રમાદ ભાવથી સેવવા દ્વારા ક્રમસર સુસાધ્ય બને છે એ પ્રકારે કુટિલતારહિત

શ્રોતાને બતાવે, તેથી શ્રોતાને વિશ્વાસ ઉત્પન્ન થાય કે "આ ગુરુ ક્યારેય મને ઠગતા નથી. હંમેશાં જિનવચન અનુસાર ઉપદેશ આપે છે અને પોતે પણ તે રીતે સેવવા યત્ન કરે છે. માટે આવા ગુણવાન ગુરુના ઉપદેશથી હું અવશ્ય આ સંસારસાગરને તરી જઈશ" તેવો વિશ્વાસ ઉત્પન્ન થાય છે, તેથી શ્રોતા તેમના ઉપદેશથી સર્વ પ્રવૃત્તિ કરવા યત્ન કરે છે. **॥૨૨/૮૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

अपायहेतुत्वदेशना ।।२३/८१।।

**સૂત્રાર્થ :-**

**અસદાચારના અપાય હેતુત્વની દેશના આપવી જોઈએ. ॥૨૩/૮૧॥**

**ટીકા :-**

**'अपायानाम्' अनर्थानाम् इहलोकपरलोकगोचराणां 'हेतुत्वं' प्रस्तावादसदाचारस्य यो हेतुभावः तस्य 'देशना' विधेया, यथा-**

"यत्र प्रयान्ति पुरुषाः स्वर्गं यच्च प्रयान्ति विनिपातम् ।

तत्र निमित्तमनार्यः प्रमाद इति निश्चितमिदं मे ।।६८।।" [ ]

**प्रमादश्च असदाचार इति ।।२३/८१।।**

**ટીકાર્થ :-**

**'अपायानाम्' ..... असदाचार इति ।। આ લોક અને પરલોક વિષયક અનર્થોરૂપ અપાયોનું હેતુપણું=પ્રસ્તાવથી અસદાચારનો જે હેતુભાવ, તેની દેશના આપવી જોઈએ. જે આ પ્રમાણે –**

"જે કારણથી પુરુષો સ્વર્ગમાં જતા નથી અને જે કારણથી વિનિપાતને પામે છે. તેમાં નિમિત્ત અનાર્ય એવો પ્રમાદ છે, એ પ્રમાણે મને નિશ્ચિત છે. (૬૮)" **()**

**અને પ્રમાદ અસદાચાર છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૨૩/૮૧॥**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને પંચાચારના પાલનમાં દૃઢ ઉદ્યમ કરવા માટે સમર્થ બનાવવા અર્થે પ્રમાદરૂપ અસદાચારના આ લોક અને પરલોકમાં થતા અનર્થો બતાવે. જેથી પંચાચારના પાલન માટે ઉદ્યમ કરવા માટે શ્રોતા દૃઢ યત્ન કરે અને પ્રમાદને વશ થઈને યથાતથા પંચાચાર સેવીને આ લોક અને પરલોકમાં અહિતની પ્રાપ્તિ કરે નહિ. અર્થાત્ જે યોગ્ય શ્રોતા પોતાની શક્તિ અનુસાર અપ્રમાદથી પંચાચારને પાળતા નથી તેઓને જે અંશથી શક્તિનું અસ્ફુરણ છે, તે પ્રમાદ છે અને તેને અનુરૂપ તેઓને અહિતની પ્રાપ્તિ થાય છે તેમ બતાવવાથી યોગ્ય શ્રોતા અવશ્ય પોતાનું અહિતથી રક્ષણ કરી શકે છે. **॥૨૩/૮૧॥**

**અવતરણિકા :-**

**अपायानेव व्यक्तीकुर्वन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**અપાયને જ વ્યક્ત કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં કહેલ જે જીવો પંચાચારના પાલનમાં પ્રમાદવાળા છે તેઓને આ લોક અને પરલોકમાં અનર્થોની પ્રાપ્તિ થાય છે, તેથી હવે પ્રમાદના ફળરૂપે પરલોકમાં કેવા અનર્થો પ્રાપ્ત થાય છે તે બતાવે છે -

**સૂત્ર :-**

नारकदुःखोपवर्णनम् ।।२४/८२।।

**સૂત્રાર્થ :-**

**નારકનાં દુઃખોનું વર્ણન કરવું જોઈએ. ।।૨૪/૮૨।।**

**ટીકા :-**

**नरके भवा 'नारकाः', तेषाम्, उपलक्षणत्वात् तिर्यगादीनां च, 'दुःखानि' अशर्माणि, तेषामुपवर्णनं विधेयम्, यथा –**

"तीक्ष्णैरसिभिर्दीप्तैः कुन्तैर्विषमैः परश्वधैश्चक्रैः ।

परशुत्रिशूलमुद्गरतोमरवासीमुषण्ढीभिः ।।६९।।

संभिन्नतालुशिरसश्छिन्नभुजाश्छिन्नकर्णनासौष्ठाः ।

भिन्नहृदयोदरान्त्रा भिन्नाक्षिपुटाः सुदुःखार्त्ताः ।।७०।।

निपतन्त उत्पतन्तो विचेष्टमाना महीतले दीनाः ।
नेक्षन्ते त्रातारं नैरयिकाः कर्मपटलान्धाः ।।७१।।

क्षुत्तृड्हिमात्युष्णभयार्दितानां पराभियोगव्यसनातुराणाम् ।
अहो तिरश्चामतिदुःखितानां सुखानुषङ्गः किल वार्त्तमेतत् ।।७२।।

मानुष्यकेऽपि दारिद्र्यरोगदौर्भाग्यशोकमौर्ख्याणि ।
जातिकुलाऽवयवादिन्यूनत्वं चाश्नुते प्राणी ।।७३।।

देवेषु च्यवनवियोगदुःखितेषु क्रोधेर्ष्यामदमदनातितापितेषु ।
आर्या! नस्तदिह विचार्य सङ्गिरन्तु यत् सौख्यं किमपि निवेदनीयमस्ति ।।७४।।" [] **इति ।।२४/८२।।**

**ટીકાર્થ :-**

**नरके भवा ..... इति ।। નરકમાં થનારા નારકો, તેઓનાં દુઃખો અને ઉપલક્ષણથી તિર્યંચ આદિનાં દુઃખોનું વર્ણન કરવું જોઈએ તે આ પ્રમાણે –**

"તીક્ષ્ણ એવી તલવારો વડે, દીપ્ત એવી કુન્તા વડે=ભાલા વડે અને વિષમ એવા કુહાડાઓ અને ચક્રો વડે, ફરસી, ત્રિશૂલ, મુદ્‌ગર, તોમર, વાસી=રંધો અને મુષંઢ વડે ભેદાયેલાં તાળવું, મસ્તક, છિન્ન ભુજાવાળા, છિન્ન કર્ણઓષ્ટવાળા, ભિન્ન હૃદય અને ઉદરના આંતરડાવાળા અને ભેદાયેલા અક્ષિપુટવાળા, દુઃખથી આર્ત ઊંચેનીચે પૃથવીતલ પર પડતા, દીન એવા નારકો કર્મપટલથી અંધ થયેલા કોઈ રક્ષણ કરનારને જોતા નથી. ।।૬૯-૭૦-૭૧।।

ક્ષુધા, તૃષા, ઠંડી, અતિ ગરમી અને ભયથી દુઃખી થયેલા એવા અને પરનો પરાભવ કરવાના વ્યસનમાં તત્પર એવા તિર્યંચોના દુઃખની વાત શી કરવી ? અને અતિ દુઃખી એવા તિર્યંચોને સુખનો અનુષંગ છે એ માત્ર કથન છે. ।।૭૨।।

વળી, મનુષ્યપણામાં પણ દરિદ્રપણું, રોગ, દૌર્ભાગ્યપણું, શોક, મૂર્ખપણું, જાતિકુલ, અવયવ આદિનું ન્યૂનપણું પ્રાણી પ્રાપ્ત કરે છે. ।।૭૩।।

દેવોમાં ચ્યવન, વિયોગથી દુઃખિત ક્રોધ, ઈર્ષ્યા, મદ, કામથી અતિ તાપિત એવા દેવોમાં હે આર્ય ! વિચારીને તે અહીં=સંસારમાં કહો. જે કંઈપણ સુખ કહેવા જેવું છે ? અર્થાત્ કહેવા જેવું નથી. ।।૭૪।।" **()**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. ।।૨૪/૮૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં કહ્યું કે ઉપદેશકે પ્રમાદના અનર્થોનો ઉપદેશ આપવો જોઈએ, તેથી હવે જે જીવો પંચાચારને સેવવા માટે તત્પર થયા છે તે જીવો પણ પ્રમાદને વશ યથાતથા પંચાચાર સેવે તો તેઓને નરકાદિ ચારે ગતિમાં વિડંબનાની પ્રાપ્તિ થાય છે.

કેવા પ્રકારની વિડંબનાની પ્રાપ્તિ થાય છે ? તે બતાવતાં કહે છે –

નરકભવ તો કેવળ દુઃખથી આક્રાન્ત જ છે જ્યાં સુખ લેશ પણ નથી. વળી, તિર્યંચભવમાં પણ ક્ષુધા તૃષા આદિ અનેક દુઃખો છે, તેથી યત્કિંચિત્ શાતાનું સુખ તિર્યંચભવમાં પ્રાપ્ત થાય છે તે પણ અગણ્ય બને છે. વળી, પ્રમાદને સેવીને દુર્ગતિમાં ભટકતા જીવો કોઈક રીતે મનુષ્યભવ પામે તે મનુષ્યભવ પણ દારિદ્રય, રોગ આદિ અનેક દુઃખોથી આક્રાન્ત હોય છે. વળી, તેવા જીવો કોઈક રીતે દેવભવને પામે તે ભવમાં પણ ક્રોધ, ઇર્ષ્યા આદિ અનેક ક્લેશોથી તે ભવ પસાર કરે છે, આ રીતે ચારે ગતિઓમાં જે કોઈ અનર્થો પ્રાપ્ત થાય છે તેનું કારણ કોઈ રીતે ધર્મ કરવા તત્પર થયેલા જીવો પણ પંચાચારમાં પ્રમાદ સેવે છે તે છે. તેથી પંચાચારને સેવવા માટે ઉદ્યમ કર્યા પછી પ્રમાદોના અનર્થનો વિચાર કરીને તેના પરિહાર માટે યત્ન કરવો જોઈએ.

આથી જ સાધુપણું ગ્રહણ કરીને જે જીવો પ્રમાદને વશ અતિચારોને સેવે છે અને તેની શુદ્ધિ માટે ઉચિત યત્ન કરતા નથી તેઓને અનેક વખત નરકગતિની પ્રાપ્તિ અને અતિ ખરાબ એવા તિર્યંચ અને મનુષ્યભવની પ્રાપ્તિ થશે તેમ પંચવસ્તુકમાં કહેલ છે, તેથી શ્રોતાની બુદ્ધિ અનુસાર ચાર ગતિની વિડંબનાનું વર્ણન ઉપદેશક કરે તો યોગ્ય શ્રોતા પ્રમાદથી પોતાના આત્માનું રક્ષણ કરી શકે. **॥૨૪/૮૨॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

दुष्कुलजन्मप्रशास्तिः ।।२५/८३।।

**સૂત્રાર્થ :-**

**પ્રમાદના ફળરૂપે ખરાબ કુળોમાં જન્મની પ્રાપ્તિ થશે એમ ઉપદેશકે કહેવું જોઈએ. ।।૨૫/૮૩।।**

**ટીકા :-**

**'दुष्कुलेषु' शकयवनशबरबर्बरादिसंबंधिषु यज्'जन्म' असदाचाराणां प्राणिनां प्रादुर्भावः तस्य 'प्रशास्तिः' प्रज्ञापना कार्या ।।२५/८३।।**

**ટીકાર્થ :-**

**'दुष्कुलेषु' ..... कार्या ।। શક, યવન, શબર, બર્બરાદિ સંબંધી એવાં ખરાબ કુળોમાં અસદાચારવાળાં પ્રાણીઓનો જે જન્મ=ઉત્પત્તિ, તેની પ્રજ્ઞાપના કરવી જોઈએ=તેનું કથન ઉપદેશકે શ્રોતાને કરવું જોઈએ. ॥૨૫/૮૩॥**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને નરકાદિ દુઃખોનું વર્ણન કર્યા પછી કહે કે કોઈક રીતે પંચાચારના પાલન માટે ઉત્સાહિત થયેલા જીવો પણ જો પ્રમાદને વશ અસદાચાર સેવે તો કોઈક રીતે મનુષ્યભવ પામશે ત્યારે પણ, મનુષ્યભવમાં અતિ ખરાબ કુળોમાં જન્મની પ્રાપ્તિ થશે. જેથી સર્વ અનર્થની પરંપરા પ્રાપ્ત થશે., માટે સંસારના અનર્થોનો વિચાર કરીને સદા પંચાચારના પાલનમાં શક્તિને ગોપવ્યા વગર અપ્રમાદભાવ સેવવો જોઈએ. **॥૨૫/૮૩॥**

**અવતરણિકા :-**

**तत्र चोत्पन्नानां किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને ત્યાં=પૂર્વ સૂત્રમાં કહ્યું તેવા ખરાબ કુળોમાં, ઉત્પન્ન થયેલા જીવોને શું પ્રાપ્ત થાય છે ? એને કહે છે –**

**સૂત્ર :-**

दुःखपरम्परानिवेदनम् ॥२६/८४॥

**સૂત્રાર્થ :-**

**દુઃખની પરંપરાનું નિવેદન કરવું જોઈએ. ॥૨૬/૮૪॥**

**ટીકા :-**

**'दुःखानां' शारीरमानसाशर्मलक्षणानां या 'परम्परा' प्रवाहः तस्या 'निवेदनं' प्ररूपणम्, यथा असदाचारपारवश्याज्जीवा दुष्कुलेषूत्पद्यन्ते, तत्र चासुन्दरवर्णरसगन्धस्पर्शशरीरभाजां तेषां दुःखनिराकरणनिबन्धनस्य धर्मस्य स्वप्नेऽप्यनुपलम्भात् हिंसाऽनृतस्तेयाद्यशुद्धकर्मकरणप्रवणानां नरकादिफलः पापकर्मोपचय एव संपद्यते, तदभिभूतानामिह परत्र चाव्यवच्छिन्नानुबन्धा दुःखपरम्परा प्रसूयते, यदुच्यते –**

"तैः कर्मभिः स जीवो विवशः संसारचक्रमुपयाति ।

द्रव्यक्षेत्राऽद्धाभावभिन्नमावर्तते बहुशः ॥७५॥" [ ] **॥२६/८४॥**

**ટીકાર્થ :-**

**'दुःखानां' ..... बहुशः ॥ શારીરિક, માનસિક દુઃખોની જે પરંપરા=પ્રવાહ તેનું નિવેદન ઉપદેશકે કરવું જોઈએ જે આ પ્રમાણે –**

**અસદાચારના પરવશથી જીવો દુષ્કુલમાં ઉત્પન્ન થાય છે ત્યાં=દુષ્કુલમાં અસુંદર વર્ણ, રસ, ગંધ, સ્પર્શ શરીરવાળા એવા તેઓને દુઃખને દૂર કરવાના કારણ એવા ધર્મનું સ્વપ્નમાં પણ અનુપલંભ હોવાથી હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભકર્મ કરવામાં તત્પર એવા તેઓને નરકાદિ ફલવાળા પાપકર્મના ઉપચય જ પ્રાપ્ત થાય છે અને તેનાથી અભિભૂત એવા તેઓને=પાપકર્મથી ઘેરાયેલા એવા તેઓને આ ભવમાં અને પરભવમાં અવિચ્છિન્ન પ્રવાહવાળી એવી દુઃખની પરંપરા પ્રાપ્ત થાય છે. જે કહેવાય છે –**

"તે કર્મો વડે વિવશ એવો તે જીવ સંસારચક્રને પરાવર્તન કરે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભિન્ન એવા ઘણા આવર્તોમાં ભટકે છે. ।।૭૫।।" **() ।।૨૬/૮૪।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને કહે કે પ્રમાદને વશ પંચાચારના પાલનને છોડીને અસદાચારનું સેવન કરવામાં આવે તો અથવા પ્રમાદને વશ યથાતથા પંચાચારનું સેવન કરવામાં આવે તો તેના ફળરૂપે ખરાબ કુલોમાં જન્મ થાય છે. આવા ખરાબ કુલોમાં તે જીવોને સ્વપ્નમાં પણ ધર્મના સેવનનો વિચાર આવતો નથી પરંતુ હિંસાદિ પાપો સેવીને નરકાદિ ફલોને પ્રાપ્ત કરે છે. અને તે રીતે ઘણા ભવો સુધી દુઃખની પરંપરાને પ્રાપ્ત કરે છે. માટે સંસારનું આ પ્રકારનું વાસ્તવિક સ્વરૂપ વિચારીને તે અનર્થોની પરંપરાના નિવારણ અર્થે પંચાચારમાં ઉદ્યમ કરવો જોઈએ. **।।૨૬/૮૪।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**उपायतो मोहनिन्दा ।।२७/८५।।**

**સૂત્રાર્થ :-**

**ઉપાયથી મોહની નિંદા કરવી જોઈએ. ।।૨૭/૮૫।।**

**ટીકા :-**

**'उपायतः' उपायेन अनर्थप्रधानानां मूढपुरुषलक्षणानां प्रपञ्चनरूपेण 'मोहस्य' मूढताया 'निन्दा' अनादरणीयता ख्यापनेति, यथा –**

"अमित्रं कुरुते मित्रं मित्रं द्वेष्टि हिनस्ति च ।

कर्म चारभते दुष्टं तमाहुर्मूढचेतसम् ।।७६।।" **[महाभारते उद्योगपर्वणि ५।३३।३३]**

"अर्थवन्त्युपपन्नानि वाक्यानि गुणवन्ति च ।

नैव मूढो विजानाति मुमूर्षुरिव भैषजम् ।।७७।।" **[महाभारते उद्योगपर्वणि ५।१३२।३]**

"संप्राप्तः पण्डितः कृच्छ्रं प्रज्ञया प्रतिबुध्यते ।

मूढस्तु कृच्छ्रमासाद्य शिलेवाम्भसि मज्जति ।।७८।।" [ ]

**अथवोपायतो मोहफलोपदर्शनद्वारलक्षणात् मोहनिन्दा कार्येति,**

"जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतम् ।

वीक्षमाणा अपि भवं नोद्विजन्त्यतिमोहतः ।।७९।।" **[योगदृष्टि० ७९]**

"धर्मबीजं परं प्राप्य मानुष्यं कर्मभूमिषु ।

न सत्कर्मकृषावस्य प्रयतन्तेऽल्पमेधसः ।।८०।।" **[योगदृष्टि० ८३]**

**'अस्ये'ति धर्मबीजस्य ।**

"बडिशामिषवत् तुच्छे कुसुखे दारुणोदये ।

सक्तास्त्यजन्ति सच्चेष्टां धिगहो दारुणं तमः ।।८१।।" **[योगदृष्टि० ८४] इति ।।२७/८५।।**

**ટીકાર્થ :-**

**'उपायतः' ..... तमः ।। इति ।। અનર્થપ્રધાન મૂઢ પુરુષોનાં લક્ષણોના વર્ણનરૂપ ઉપાયથી મોહની=મૂઢતાની, નિંદા કરવી જોઈએ= અનાદરણીયતા બતાવવી જોઈએ.**

**જે આ પ્રમાણે –**

"અમિત્રને મિત્ર કરે છે=આત્માના અકલ્યાણનું કારણ એવા કુમિત્રને મિત્ર કરે છે અને મિત્રનો દ્વેષ કરે છે=કલ્યાણનું કારણ એવા સુંદર મિત્ર પ્રત્યે દ્વેષ કરે છે, હિંસા કરે છે, અને દુષ્ટ કર્મનો આરંભ કરે છે તેને મૂઢ ચિત્તવાળા કહેવાય છે. ।।૭૬।।" **(મહાભારત ઉદ્યોગપર્વ, ૫/૩૩-૩૩)**

"અર્થવાળાં યુક્તિસંગત ગુણવાળાં એવા વાક્યોને મૂઢ જાણતો નથી. જેમ મરવાની ઇચ્છાવાળો ઔષધને જાણતો નથી અર્થાત્ જેમ જેનું મૃત્યુ સુનિશ્ચિત છે તેવા જીવોને ઔષધ ઔષધરૂપે ભાસતું નથી. ।।૭૭।।" **(મહાભારત ઉદ્યોગપર્વ, ૫/૧૩૨-૩)**

"કૃચ્છ્રને પામેલો પંડિત પુરુષ=સંસારમાં વિષમ સ્થિતિને પામેલો પંડિત પુરુષ પ્રજ્ઞાથી પ્રતિબોધ પામે છે. વળી, કૃચ્છ્રને પામીને મૂઢ પુરુષ શિલાની જેમ પાણીમાં=અધિક અધિક આપત્તિઓમાં ડૂબે છે અર્થાત્ અધિક અધિક ક્લેશને પામે છે. ।।૭૮।।" **()**

**અથવા મોહના ફલના બતાવવા રૂપ ઉપાયથી મોહની નિંદા કરવી જોઈએ. અને તે ઉપાય જ સ્પષ્ટ કરે છે –**

"જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ, શોકાદિથી ઘેરાયેલા ભવને જોતા પણ જીવો અતિ મોહથી ઉદ્વેગ પામતા નથી. ॥૭૯॥" **(યોગદષ્ટિ૦ શ્લોક-૭૯)**

"કર્મભૂમિમાં પ્રકૃષ્ટ એવા ધર્મબીજરૂપ મનુષ્યપણાને પામીને અલ્પબુદ્ધિવાળા જીવો સત્કર્મખેતીમાં આનું=મનુષ્યભવરૂપ ધર્મબીજનું, વપન કરતા નથી. ॥૮૦॥" **(યોગદષ્ટિ૦ શ્લોક-૮૩)**

"વળી, અલ્પબુદ્ધિવાળા જીવો બડિશામિષની જેમ=કાંટા ઉપર રહેલા માંસના ટુકડાની જેમ દારુણ ઉદયવાળા તુચ્છ કુસુખમાં આસક્ત થયેલા જીવો સદ્ચેષ્ટાનો ત્યાગ કરે છે. ખેદની વાત છે કે દારુણ અંધકારને ધિક્કાર થાઓ. ॥૮૧॥" **(યોગદષ્ટિ૦ શ્લોક-૮૪)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. ॥૨૭/૮૫॥**

**ભાવાર્થ :-**

શ્રોતાને પંચાચારના પાલનમાં ઉત્સાહિત કર્યા પછી વિશેષ પ્રકારે અપ્રમાદભાવની વૃદ્ધિ અર્થે ઉપદેશક ઉપાયોના વર્ણન દ્વારા મૂઢ પુરુષોના સ્વરૂપના વર્ણનરૂપ ઉપાય દ્વારા મોહની નિંદા કરે. અર્થાત્ મૂઢ જીવોમાં વર્તતી મોહની નિંદા કરવા ઉપદેશક કહે કે મૂઢ જીવો સંસારમાં અનુચિત પ્રવૃત્તિ કરીને અહિત કરે છે.

મૂઢ જીવો કેવી પ્રવૃત્તિ કરે છે ? તે બતાવતાં કહે છે –

કલ્યાણમિત્રોને છોડીને સંસારની વૃત્તિઓને પોષે એવા અમિત્રને મિત્ર કરે છે જેનાથી સુષુપ્ત એવી ભોગાદિની વૃત્તિઓ જાગ્રત થાય છે અને કોઈક રીતે સંચિત થયેલું ધર્મવીર્ય નાશ પામે છે. અને કલ્યાણમિત્રો સદ્ધર્મવીર્યને ઉલ્લસિત કરવા માટે હિતશિક્ષા આપે ત્યારે મૂઢ જીવો દ્વેષ કરે છે અને આરંભ-સમારંભ કરીને જીવન નિષ્ફળ કરે છે.

વળી, અન્ય પ્રકારે પણ મૂઢ જીવોનું સ્વરૂપ બતાવે છે –

સંસારના પારમાર્થિક સ્વરૂપને બતાવનારાં યુક્તિથી સંગત અને ગુણને કરનારાં એવાં શાસ્ત્રવચનોને મૂઢ જીવો જાણતા નથી. જેમ જેનું મૃત્યુ સુનિશ્ચિત છે તેવા રોગી ઔષધને ઔષધરૂપે જાણી શકતા નથી.

વળી, અન્ય રીતે મૂઢ જીવોનું સ્વરૂપ બતાવે છે –

સંસારમાં કોઈક વિષમ સ્થિતિ થાય ત્યારે તે સ્થિતિને પામેલો પંડિત પુરુષ વિચારે છે કે કારણથી જ કાર્ય થાય છે, વગર કારણે કાર્ય થતું નથી, તેથી પૂર્વનાં મારાં જ કોઈક કૃત્યોથી થયેલા કર્મને કારણે આ વિષમ સ્થિતિ પ્રાપ્ત થઈ છે, તેથી આ વિષમ સ્થિતિમાં પણ હું તેવો પ્રયત્ન કરું કે જેથી આગામીમાં મારું અહિત ન થાય. અને જે જીવો મૂઢ છે તેઓ સંસારમાં વિષમ સ્થિતિને પામીને પાણીમાં જેમ શિલા ડૂબે તેમ વિષમ સ્થિતિમાં વ્યાકુળ થઈને ક્લેશની વૃદ્ધિ થાય તેવા વિચારો કરે છે.

અથવા બીજી રીતે મોહની નિંદા બતાવે છે –

મોહનાં કાર્યોને બતાવવા દ્વારા મોહની નિંદા કરવી જોઈએ.

જેમ કે – સંસારનું સ્વરૂપ જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ, શોક આદિથી ઘેરાયેલું છે. આવું સ્વરૂપ પ્રત્યક્ષથી દેખાતું હોવા છતાં અતિમોહવાળા જીવો સંસારથી ઉદ્વેગ પામતા નથી અને સંસારથી અનુદ્વેગવાળા હોવાને કારણે કર્મભૂમિમાં પ્રકૃષ્ટ એવા ધર્મના બીજરૂપ મનુષ્યભવને પામવા છતાં સદ્ગુણોની નિષ્પત્તિ થાય તેમાં મનુષ્યભવનો ઉપયોગ કરતા નથી તે તેઓની અલ્પબુદ્ધિ છે.

કેમ તેઓ મનુષ્યભવને ગુણનિષ્પત્તિ માટે ઉપયોગ કરતા નથી ? તેથી કહે છે –

જેમ કાંટા ઉપર લાગેલા માંસના ટુકડામાં આસક્ત થયેલી માછલી પોતાનો વિનાશ કરે છે તેમ દારુણ ફળવાળાં એવાં સંસારનાં તુચ્છ કુસુખોમાં આસક્ત થયેલા સંસારી જીવો ગુણવૃદ્ધિના કારણભૂત એવી સદ્ચેષ્ટાનો ત્યાગ કરે છે તે દારુણ અંધકારને ધિક્કાર થાઓ. આ પ્રકારે ઉપદેશ સાંભળીને યોગ્ય શ્રોતા પંચાચારના પાલનમાં તત્પર થયા પછી મોહથી આત્માનું રક્ષણ કરવા ઉદ્યમવાળો થાય છે. જેથી ગુણવૃદ્ધિનું કારણ બને તે પ્રમાણે પંચાચારનું પાલન કરીને મૂઢભાવનો ત્યાગ કરે છે. **॥૨૭/૮૫॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**सज्ज्ञानप्रशंसनम् ।।२८/८६।।**

**સૂત્રાર્થ :-**

**સદ્જ્ઞાનની પ્રશંસા કરવી જોઈએ. ॥૨૮/૮૬॥**

**ટીકા :-**

**'सद्' अविपर्यस्तं ज्ञानं यस्य स 'सज्ज्ञानः' पण्डितो जनः तस्य, सतो वा 'ज्ञानस्य' विवेचनलक्षणस्य 'प्रशंसनं' पुरस्कार इति, यथा –**

"तन्नेत्रैस्त्रिभिरीक्षते न गिरिशो नो पद्मजन्माऽष्टभिः,
स्कन्दो द्वादशभिर्न वा न मघवांश्चक्षुःसहस्रेण च ।
सम्भूयापि जगत्त्रयस्य नयनैस्तद्वस्तु नो वीक्ष्यते,
प्रत्याहृत्य दृशः समाहितधियः पश्यन्ति यत् पण्डिताः ।।८२।।" [ ] **इति ।**

**तथा –**

"नाप्राप्यमभिवाञ्छन्ति नष्टं नेच्छन्ति शोचितुम् ।

आपत्सु च न मुह्यन्ति नराः पण्डितबुद्धयः ।।८३।।" **[महाभारते उद्योगपर्वणि ५।३३।२३]**

"न हृष्यत्यात्मनो माने नापमाने च रुष्यति ।

गाङ्गो ह्रद इवाक्षोभ्यो यः स पण्डित उच्यते ।।८४।।" **[महाभारते उद्योगपर्वणि ५।३३।२६] इति ।।२८/८६।।**

**ટીકાર્થ :-**

**'सद्' ..... इति ।। સદ્=અવિપર્યસરૂપ જ્ઞાન છે જેને તે સદ્જ્ઞાનવાળો પંડિત પુરુષ તેની પ્રશંસા કરવી જોઈએ. અથવા યથાર્થ વિવેચનરૂપ જ્ઞાનની પ્રશંસા કરવી જોઈએ જે આ પ્રમાણે –**

"તે ત્રણ નેત્રોથી મહાદેવને દેખાતું નથી, પદ્મજન્મને આઠ નેત્રોથી દેખાતું નથી, સ્કન્દને બાર નેત્રોથી દેખાતું નથી અને ઈન્દ્રને હજાર ચક્ષુથી દેખાતું નથી અને જગતત્રયનાં એકઠાં કરેલાં નેત્રોથી પણ તે વસ્તુ દેખાતી નથી અર્થાત્ તે ભાવોને મહાદેવ આદિ જોતા નથી, દૃષ્ટિને પાછી ખેંચીને=બાહ્યભાવોથી દૃષ્ટિને પાછી ખેંચીને, સમાધાન પામેલી બુદ્ધિવાળા=આ બાહ્ય ભાવો આત્મા માટે અનુપયોગી છે એ પ્રકારના સમાધાનને પામેલી બુદ્ધિવાળા, પંડિત પુરુષો જેને=જે ભાવોને, જુએ છે. ।।૮૨।।" **()**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**અને**

"પંડિત બુદ્ધિવાળા પુરુષો અપ્રાપ્યને ઈચ્છતા નથી, નષ્ટનો શોક કરવા ઈચ્છતા નથી, અને આપત્તિમાં મોહ પામતા નથી. ।।૮૩।।" **(મહાભારત ઉદ્યોગપર્વ, ૫/૩૩-૨૩)**

"પોતાના માનમાં હર્ષિત થતા નથી અને અપમાનમાં રોષ કરતા નથી. ગંગાના હ્રદની જેમ=સરોવરની જેમ, જે અક્ષોભ્ય છે તે પંડિત કહેવાય છે. ।।૮૪।।" **(મહાભારત ઉદ્યોગપર્વ, ૫/૩૩-૨૬)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. ।।૨૮/૮૬।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક શ્રોતા પાસે સદ્જ્ઞાનની અથવા સદ્જ્ઞાનવાળા પુરુષની પ્રશંસા કરે જેથી ઉત્સાહિત થયેલો શ્રોતા પંચાચારના પાલન દ્વારા સત્જ્ઞાનની પ્રાપ્તિ થાય તે પ્રકારનો માર્ગાનુસારી પ્રયત્ન કરવા ઉત્સાહિત થાય છે.

તેમાં ઉદ્ધરણ આપતાં કહ્યું કે ત્રણ નેત્રવાળા મહાદેવ આદિ જે વસ્તુ જોઈ શકતા નથી તે વસ્તુ પંડિત પુરુષો જોઈ શકે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે મહાપુરુષો સ્વશક્તિ અનુસાર પંચાચારનું પાલન કરે છે તેઓ ભગવાનનાં વચનના મર્મને જાણનારા બને છે અને ભગવાનનાં વચનના મર્મને જાણ્યા પછી સ્વશક્તિ અનુસાર તે ભાવો નિષ્પન્ન કરવા ઉદ્યમ કરે છે. તેવા મહાત્મા બાહ્ય સંસારના ભાવોથી પાછી ખેંચેલી

નિર્મળ દૃષ્ટિવાળા હોય છે અને આત્માના નિરાકુળભાવરૂપ સમાધિમાં દૃઢ યત્ન કરનારા હોય છે, તેથી આત્માની અંતરંગ સમૃદ્ધિને તે પંડિત પુરુષો જોઈ શકે છે જે ભાવોને મહાદેવ આદિ અનેક નેત્રવાળા કોઈ જોઈ શકતા નથી.

વળી, તે પંડિત પુરુષો કેવા હોય છે ? તે બતાવતાં કહ્યું કે પોતાના પ્રયત્નથી અપ્રાપ્ય હોય તેવી કોઈ વસ્તુને પ્રાપ્ત કરવા માટે તેઓ ઇચ્છા કરતા નથી, તેથી ઔત્સુક્યથી રહિત પોતાના પ્રયત્નથી સાધ્ય હોય તેવી ઉત્તમ ગુણસંપત્તિને પ્રગટ કરવા માટે દૃઢ પ્રયત્ન કરે છે અને ગૃહસ્થ હોય તો પોતાના પ્રયત્નથી સાધ્ય હોય તેવા જ ધનાર્જન આદિમાં યત્ન કરે છે જેથી નિરર્થક ક્લેશ પ્રાપ્ત કરતા નથી.

વળી, કર્મના સંયોગે કોઈક ઇષ્ટ પદાર્થ નાશ પામે તોપણ તેનો શોક કરતા નથી પરંતુ સર્વ પરિસ્થિતિમાં આત્માના નિરાકુળ ભાવમાં રહેનારા હોય છે.

વળી, કોઈક આપત્તિ આવે તોપણ ખેદાદિ ભાવો કરીને મોહ પામતા નથી પરંતુ સ્વસ્થતાપૂર્વક ઉચિત પ્રયત્ન કરે છે, એવા મહાત્માઓ પંડિત બુદ્ધિવાળા છે અને તેવી બુદ્ધિ પ્રાપ્ત કરવા માટે પંચાચારમાં સમ્યક્ ઉદ્યમ કરવો જોઈએ.

વળી, આવા પંડિત પુરુષો, લોકો તેમને માન આપે તેનાથી હર્ષિત થતા નથી કે કોઈક મૂઢ જીવ અપમાનિત કરે તો તેનાથી રોષ પામતા નથી. પરંતુ ગંગાનું નાનું સરોવર, જેમ સ્થિર જલવાળું હોય છે, ક્ષોભવાળું હોતું નથી તેમ પંડિત પુરુષો સર્વ સંયોગમાં અક્ષોભ્યભાવવાળા હોય છે. **॥૨૮/૮૬॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

**पुरुषकारसत्कथा ।।२९/८७।।**

**સૂત્રાર્થ :-**

**પુરુષકારની=યોગમાર્ગના સેવનના ઉત્સાહરૂપ પુરુષકારની, સત્કથા=અત્યંત પ્રશંસા, કરવી જોઈએ. ।।૨૯/૮૭।।**

**ટીકા :-**

**'पुरुषकारस्य' उत्साहलक्षणस्य 'सत्कथा' माहात्म्यप्रशंसनम्, यथा –**

"दुर्गा तावदियं समुद्रपरिखा तावन्निरालम्बनं,
व्योमैतन्ननु तावदेव विषमः पातालयात्रागमः ।
दत्त्वा मूर्द्धनि पादमुद्यमभिदो दैवस्य कीर्तिप्रियैः,
वीरैर्यावदहो न साहसतुलामारोप्यते जीवितम् ।।८५।।" [ ]

**तथा –**

"विहाय पौरुषं कर्म यो दैवमनुवर्त्तते ।
तद्धि शाम्यति तं प्राप्य क्लीबं पतिमिवाङ्गना ।।८६।।" [ ] **इति ।।२९/८७।।**

**ટીકાર્થ :-**

**'पुरुषकारस्य' ..... इति ।। ઉત્સાહલક્ષણ પુરુષકારની સત્કથા કરવી જોઈએ=માહાત્મ્યનું કથન કરવું જોઈએ. જે આ પ્રમાણે –**

"ત્યાં સુધી સમુદ્રની પરિખા=સમુદ્રનો છેડો દુર્ગમ છે, ત્યાં સુધી આકાશ નિરાલંબન છે, ત્યાં સુધી જ પાતાલયાત્રાનું ગમન વિષમ છે જ્યાં સુધી કીર્તિપ્રિય એવા વીરો વડે ઉદ્યમનો નાશ કરનાર એવા દૈવના મસ્તક ઉપર પગને મૂકીને જીવનને સાહસતુલામાં આરોપણ કરાતું નથી. ।।૮૫।।" **()**

"પૌરુષકર્મને છોડીને જે પુરુષ દૈવને અનુસરે છે તેને પ્રાપ્ત કરીને=ભાગ્યને પ્રાપ્ત કરીને, તે=પુરુષકર્મ, શાંત થાય છે જેમ નપુંસક પતિને પામીને સ્ત્રી શાંત થાય છે. ।।૮૬।।" **()**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. ।।૨૯/૮૭।।**

**ભાવાર્થ :-**

પ્રયત્નથી જગતમાં અસાધ્ય કાંઈ નથી, તેથી શક્તિસંપન્ન જીવે સંસારના ઉચ્છેદના કારણભૂત પંચાચારના પાલનનો યથાર્થ બોધ કર્યા પછી પોતાની શક્તિનું સમાલોચન કરીને લેશ પણ શક્તિને ગોપવ્યા વિના ઉત્સાહથી યત્ન કરવો જોઈએ. કદાચ બલવાન કર્મ હોય તો વર્તમાન જન્મના પંચાચારના પાલનવિષયક પ્રયત્નથી કેવલજ્ઞાન પ્રાપ્ત ન થાય તોપણ જે મહાત્માઓ પોતાની શક્તિ અનુસાર ઉત્સાહથી પ્રયત્ન કરે છે તેઓ અવશ્ય તે પંચાચારના પાલનના સેવનથી સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષને પ્રાપ્ત કરે છે.

વળી, જેઓ પુરુષાર્થને છોડીને ભાગ્યનું અનુસરણ કરે છે અર્થાત્ વિચારે છે કે જે દિવસે આપણા ભાગ્યમાં પંચાચારના પાલનનો સમ્યક્ ઉદ્યમ લખાયેલો હશે તે દિવસે જ યત્ન થશે તેમ વિચારીને તેને પ્રાપ્ત કરીને=દૈવયોગે પંચાચાર કલ્યાણનું કારણ છે તેમ પ્રાપ્ત કરીને, પંચાચારના પાલનના પુરુષકારમાં પ્રયત્ન કરતા નથી પરંતુ શાંત થઈને બેસે છે તેઓ નપુંસક પતિને પામીને જેમ સ્ત્રી ભોગની ઇચ્છા વગરની બને છે તેમ પુરુષકાર કરવાના ઉત્સાહ વગરના બને છે. તેઓ પંચાચારના પાલનમાં કરાયેલા પુરુષકારનાં

ફળને પ્રાપ્ત કરતા નથી. માટે શક્તિ અનુસાર અપ્રમાદભાવથી પંચાચારના પાલનમાં ઉદ્યમ કરવો જોઈએ તે પ્રમાણે યોગ્ય શ્રોતાને ઉપદેશક ઉપદેશ આપે. **॥૨૯/૮૭॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

वीर्यर्द्धिवर्णनम् ।।३०/८८।।

**સૂત્રાર્થ :-**

**વીર્યની ઋદ્ધિનું વર્ણન કરે=પંચાચારના પાલનથી જીવમાં પ્રગટ થતા મહાવીર્યની ઋદ્ધિનું વર્ણન કરે. ॥૩૦/૮૮॥**

**ટીકા :-**

**'वीर्यर्द्धेः' वीर्यप्रकर्षरूपायाः शुद्धाचारबललभ्यायाः तीर्थकरवीर्यपर्यवसानायाः वर्णनमिति, यथा -**

"मेरुं दण्डं धरां छत्रं यत् केचित् कर्तुमीशते ।

तत् सदाचारकल्पद्रुफलमाहुर्महर्षयः ।।८७।।" [ ] **।।३०/८८।।**

**ટીકાર્થ :-**

**'वीर्यर्द्धेः' ..... महर्षयः ।। શુદ્ધ આચારના બળથી લભ્ય તીર્થંકરના વીર્યમાં પર્યવસાન પામનારી વીર્યના પ્રકર્ષરૂપ વીર્યની ઋદ્ધિનું વર્ણન ઉપદેશકે શ્રોતાને કરવું જોઈએ. જે આ પ્રમાણે –**

"મેરુને દંડ કરવા માટે, પૃથ્વીને જે છત્ર કરવા માટે કોઈક સમર્થ બને છે તેને સદાચાર કલ્પવૃક્ષનું ફળ મહર્ષિઓ કહે છે. ॥૮૭॥" **() ॥૩૦/૮૮॥**

**ભાવાર્થ :-**

પુરુષની સત્કથા કરવાથી પંચાચારના પાલન માટે ઉત્સાહિત થયેલા શ્રોતાને પંચાચારના પાલનમાં અત્યંત માર્ગાનુસારી પ્રયત્ન કરાવવા અર્થે ઉપદેશક પંચાચારના પાલનથી પ્રાપ્ત થતા વીર્યની ઋદ્ધિનું વર્ણન કરે અને કહે કે જે મહાત્માઓ પંચાચારના સ્વરૂપને યથાર્થ જાણીને પોતાની શક્તિને ગોપવ્યા વગર જ્ઞાન આદિમાં ઉદ્યમ કરે છે તેઓ ઉત્તર ઉત્તરના ભવમાં મહાવીર્યવાળા બને છે અને અંતે તીર્થંકરના વીર્ય જેવું સર્વશ્રેષ્ઠ વીર્ય પ્રાપ્ત થાય છે; કેમ કે શુદ્ધ આચારના પાલનમાં પ્રવર્તાવેલ વીર્યથી વીર્યાંતરાયનો ક્ષયોપશમ

થાય છે જે ઉત્તર ઉત્તરના ભવમાં વિશેષ વિશેષ પ્રકારે શુદ્ધ આચારોનું પાલન કરાવીને તે આત્માને તીર્થંકર તુલ્ય મહાવીર્યવાળા બનાવશે. **॥૩૦/૮૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

परिणते गम्भीरदेशनायोगः ।।३१/८९।।

**સૂત્રાર્થ :-**

**પૂર્વમાં કહેલ ઉપદેશ પરિણમન પામ્યે છતે ઉપદેશકે ગંભીર દેશનાનો વ્યાપાર કરવો જોઈએ. ॥૩૧/૮૯॥**

**ટીકા :-**

**अस्मिन् पूर्वमुद्दिष्टे उपदेशजाले श्रद्धानज्ञानाऽनुष्ठानवत्तया 'परिणते' सात्मीभावमुपगते सति उपदेशार्हस्य जन्तोः 'गम्भीरायाः' पूर्वदेशनापेक्षया अत्यन्तसूक्ष्माया आत्मास्तित्वतद्बन्धमोक्षादिकाया 'देशनायाः योगः' व्यापारः कार्यः, इदमुक्तं भवति—यः पूर्वं साधारणगुणप्रशंसादिः अनेकधोपदेशः प्रोक्त आस्ते स यदा तदावारककर्मह्रासातिशयादङ्गाङ्गीभावलक्षणं परिणाममुपगतो भवति तदा जीर्णे भोजनमिव गम्भीरदेशनायामसौ देशनार्होऽवतार्यते इति ।।३१/८९।।**

**ટીકાર્થ :-**

**अस्मिन् ..... इति ।। પૂર્વમાં ઉપદેશ કરાયેલ આ ઉપદેશનો સમૂહ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણારૂપે પરિણત થયે છતે=સાત્મીભાવ પ્રાપ્ત થયે છતે, ઉપદેશયોગ્ય એવા જીવની પાસે પૂર્વ દેશનાની અપેક્ષાએ અત્યંત સૂક્ષ્મ એવી આત્માના અસ્તિત્વ, તદ્બંધ, મોક્ષાદિ વિષયક ગંભીર દેશનાનો વ્યાપાર કરવો જોઈએ. આ કહેવાયેલું થાય છે=સૂત્રના વચનથી આગળમાં કહેવાય છે એ કહેવાયેલું થાય છે. સાધારણ ગુણ પ્રશંસાદિરૂપ અનેક પ્રકારનો ઉપદેશ જે પૂર્વમાં કહેવાયેલો છે તે ઉપદેશ જ્યારે તેના આવારક કર્મના હ્રાસના અતિશયથી=તે તે ગુણોના આવારક કર્મના હ્રાસના અતિશયથી, અંગાગીભાવલક્ષણ પરિણામને પ્રાપ્ત થાય ત્યારે ભોજન પચી ગયા પછી જેમ ભોજન કરાય છે તેમ દેશનાયોગ્ય એવો આ જીવ ગંભીર દેશનામાં અવતાર કરાય છે. ॥૩૧/૮૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં યોગ્ય શ્રોતાને ઉપદેશક શું શું ઉપદેશ આપે ? તેનું અત્યાર સુધી વર્ણન કર્યું. તે સર્વ ઉપદેશ તે શ્રોતાને રુચિરૂપે પરિણમન પામે અને જીવનમાં કઈ રીતે તે આચારો સેવવા ? તેના યથાર્થ બોધરૂપે પરિણમન પામે અને પોતાની શક્તિને ગોપવ્યા વગર જે રીતે પોતાને બોધ થયો છે તે રીતે તે આચારોનું સેવન કરે એ રીતે ઉપદેશ પરિણમન પામે ત્યારે તે શ્રોતાને ઉપદેશક ગંભીર દેશનાનો ઉપદેશ આપે.

કેવા પ્રકારની ગંભીર દેશના આપે ? તેથી કહે છે –

આત્માનું અસ્તિત્વ, આત્માનો કર્મની સાથેનો બંધ, આત્માનો મોક્ષ થાય છે તેના વિષયમાં પૂર્વની દેશના કરતાં અત્યંત સૂક્ષ્મ દેશના આપે, જેથી તે શ્રોતા જિનવચન અનુસાર જીવાદિ તત્ત્વોના પરમાર્થને યથાર્થ જાણીને સમ્યગ્દૃષ્ટિ બને પરંતુ માત્ર ધર્મબુદ્ધિથી અત્યાર સુધી વર્ણન કરાયેલા ધર્મને સમ્યક્ સેવવા માત્રથી સંતોષ બુદ્ધિવાળો થાય નહિ. **॥૩૧/૮૯॥**

**અવતરણિકા :-**

**अयं च गम्भीरदेशनायोगो न श्रुतधर्मकथनमन्तरेणोपपद्यते इत्याह–**

**અવતરણિકાર્થ :-**

**અને આ ગંભીર દેશનાનો યોગ શ્રુતધર્મના કથન વગર ઉત્પન્ન થતો નથી. એથી કહે છે –**

**સૂત્ર :-**

श्रुतधर्मकथनम् ।।३२/९०।।

**સૂત્રાર્થ :-**

**શ્રુતધર્મનું કથન કરવું જોઈએ. ।।૩૨/૯૦।।**

**ટીકા :-**

**'श्रुतधर्मस्य' वाचनाप्रच्छनापरावर्तनाऽनुप्रेक्षाधर्मकथनलक्षणस्य सकलकुशलकलापकल्पद्रुमविपुलालवालकल्पस्य 'कथनं' कार्यम्, यथा –**

"चक्षुष्मन्तस्त एवेह ये श्रुतज्ञानचक्षुषा ।

सम्यक् सदैव पश्यन्ति भावान् हेयेतरान्नराः ।।८८।।" [ ] ।।३२/९०।।

**ટીકાર્થ :-**

"**श्रुतधर्मस्य**" ..... हेयेतरान्नराः ।। **વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથારૂપ સકલકુશલના સમૂહરૂપ કલ્પવૃક્ષના વિપુલ ક્યારા જેવા શ્રુતધર્મનું કથન કરવું જોઈએ. જે આ પ્રમાણે –**

"તેઓ જ અહીં=સંસારમાં, ચક્ષુવાળા છે જે જીવો શ્રુતજ્ઞાનરૂપ ચક્ષુથી સદા જ હેય અને ઈતર એવા ભાવોને જોનારા છે. ।।૮૮।।" **()** **।।૩૨/૯૦।।**

**ભાવાર્થ :-**

ઉપદેશકે યોગ્ય શ્રોતાને ગંભીર દેશના આપવા અર્થે પ્રથમ કહેવું જોઈએ કે સંસારમાં અતીન્દ્રિય પદાર્થોનો બોધ ચર્મચક્ષુથી થતો નથી પરંતુ સર્વજ્ઞે પ્રરૂપેલા શ્રુતધર્મથી થાય છે, માટે વાચનાદિરૂપ પાંચ પ્રકારનો શ્રુતધર્મ છે તેમાં શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરવો જોઈએ; જેથી પોતાના જીવનમાં જે અનર્થકારી હોય તેનો ત્યાગ અને જે હિતકારી હોય તેના સેવનનો ઉચિત બોધ થાય. માટે કલ્યાણના અર્થી જીવોએ સર્વ પ્રકારે શ્રુતમાં ઉદ્યમ કરવો જોઈએ. **।।૩૨/૯૦।।**

**અવતરણિકા :-**

**अयं च श्रुतधर्मः प्रतिदर्शनमन्यथाऽन्यथा प्रवृत्त इति नासावद्यापि तत्सम्यग्भावं विवेचयितुमलमित्याह–**

**અવતરણિકાર્થ :-**

**અને આ શ્રુતધર્મ દરેક દર્શનમાં જુદા જુદા પ્રકારે પ્રવૃત્ત છે. એથી આ=શ્રોતા, હજી પણ તેના સમ્યગ્ભાવને=શ્રુતધર્મના સમ્યગ્ભાવને, નિર્ણય કરવા માટે સમર્થ નથી. એથી કહે છે –**

**ભાવાર્થ :-**

તત્ત્વનો અર્થી શ્રોતા ઉપદેશકના વચનથી શ્રુતધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ તેવું જાણે ત્યાં મધ્યસ્થ એવા શ્રોતાને પ્રશ્ન થાય કે દરેક દર્શનમાં પોતપોતાનાં સદ્શાસ્ત્રો વિદ્યમાન છે જે શ્રુતધર્મરૂપ છે અને તે સર્વ શાસ્ત્રો જુદું જુદું કથન કરે છે, તેથી કયું શાસ્ત્ર કલ્યાણનું કારણ છે એવો નિર્ણય હજુ થઈ શકતો નથી, તેથી ઉપદેશકના વચનને સાંભળીને શ્રુતમાં ઉદ્યમ કરવાનો નિર્ણય થયા પછી પણ યોગ્ય શ્રોતાએ શું કરવું જોઈએ ? જેથી ઉચિત શ્રુતની પ્રાપ્તિ થાય, તે બતાવવા અર્થે કહે છે –

**સૂત્ર :-**

बहुत्वात् परीक्षावतारः ।।३३/९१।।

**સૂત્રાર્થ :-**

**બહુપણું હોવાથી=ભિન્ન ભિન્ન દર્શનમાં ભિન્ન ભિન્ન શ્રુતરૂપ બહુપણું હોવાથી, પરીક્ષામાં અવતાર કરવો જોઈએ=શ્રુતધર્મને અભિમુખ થયેલા શ્રોતાને કયો શ્રુતધર્મ સ્વીકારવા યોગ્ય છે તેના નિર્ણય અર્થે શ્રુતધર્મની પરીક્ષામાં અવતાર કરવો જોઈએ. ।।૩૩/૯૧।।**

**ટીકા :-**

**तस्य हि 'बहुत्वात्' श्रुतधर्माणां 'श्रुतधर्मः' इति शब्दसमानतया विप्रलब्धबुद्धेः 'परीक्षायां' त्रिकोटिपरिशुद्धिलक्षणायां श्रुतधर्मसम्बन्धिन्यामवतारः कार्यः, अन्यत्राप्यवाचि –**

"तं शब्दमात्रेण वदन्ति धर्मं विश्वेऽपि लोका न विचारयन्ते ।

स शब्दसाम्येऽपि विचित्रभेदैर्विभिद्यते क्षीरमिवार्चनीयः ।।८९।।

लक्ष्मीं विधातुं सकलां समर्थं सुदुर्लभं विश्वजनीनमेनम् ।

परीक्ष्य गृह्णन्ति विचारदक्षाः सुवर्णवद् वञ्चनभीतचित्ताः ।।९०।।" [ ] **इति ।।३३/९१।।**

**ટીકાર્થ :-**

**तस्य हि..... वञ्चनभीतचित्ताः ।। इति ।। શ્રુતધર્મોનું "શ્રુતધર્મ" એ પ્રમાણે શબ્દના સમાનપણાને કારણે તેનું=શ્રુતધર્મનું બહુપણું હોવાથી, ઠગાવાની બુદ્ધિ થવાને કારણે, પરીક્ષામાં=શ્રુતધર્મસંબંધી ત્રિકોટિ પરિશુદ્ધ લક્ષણ પરીક્ષામાં, અવતાર કરવો જોઈએ=શ્રોતાને પ્રવેશ કરાવવો જોઈએ. અન્યત્ર પણ કહેવાયું છે=અન્ય ગ્રંથોમાં પણ કહેવાયું છે –**

"વિશ્વમાં પણ શબ્દમાત્રથી તેને લોકો ધર્મ કહે છે પરંતુ વિચારતા નથી=આ પ્રવૃત્તિ ધર્મરૂપ છે કે ધર્મરૂપ નથી તેમ વિચારતા નથી. અર્ચનીય એવો તે=સેવવા યોગ્ય ધર્મ, શબ્દના સામ્યમાં પણ વિચિત્ર ભેદો વડે દૂધની જેમ ભેદને પામે છે. ॥૮૯॥

વંચનથી ભય પામેલા ચિત્તવાળા વિચારદક્ષ પુરુષો સકલ લક્ષ્મીને કરવા માટે સમર્થ, સુદુર્લભ, વિશ્વના કલ્યાણને કરનાર એવા આને=ધર્મને, સુવર્ણની જેમ પરીક્ષા કરીને ગ્રહણ કરે છે. ॥૯૦॥" **()**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. ॥૩૩/૯૧॥**

**ભાવાર્થ :-**

સર્વ દર્શનકારોના મતમાં ધર્મની પ્રરૂપણા કરનારાં શાસ્ત્રો પ્રાપ્ત થાય છે, તે શાસ્ત્રોના શબ્દો શ્રુતધર્મ કહેવાય છે, તેથી શ્રુતધર્મરૂપે ઘણા શાસ્ત્રો પ્રાપ્ત થાય છે. વળી, તે સર્વશાસ્ત્રો જુદા જુદા પ્રકારના ધર્મની પ્રરૂપણા પોતપોતાના મતાનુસાર કરે છે, તેથી ગમે તે દર્શનનાં શાસ્ત્રોને શ્રુતધર્મરૂપે સ્વીકારીને વાચના, પૃચ્છનાદિ રૂપ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવામાં આવે તો ઠગાવાનો સંભવ રહે; કેમ કે બધાં દર્શનોનાં શાસ્ત્રો ભિન્ન ભિન્ન પ્રકારના ધર્મોની વ્યવસ્થા બતાવે છે, તેથી સાચા ધર્મની પ્રાપ્તિ ન થાય તેવું પણ બને, તેથી ઉપદેશક યોગ્ય શ્રોતાને શ્રુતધર્મની પરીક્ષામાં પ્રવેશ કરાવે જેથી મધ્યસ્થ બુદ્ધિપૂર્વક કષ, છેદ, તાપ પરીક્ષાના ઉપાયને જાણીને કયું દર્શન કષ, છેદ, તાપશુદ્ધ ધર્મને કહેનાર છે તે દર્શનના શ્રુતધર્મમાં શ્રોતા સમ્યગ્ ઉદ્યમ કરે તો શ્રોતાને હિતની પ્રાપ્તિ થાય.

આ વિષયમાં અન્યત્ર પણ કહેવાયું છે કે વિશ્વમાં પણ શબ્દ માત્રથી ધર્મને લોકો સમાન કહે છે અર્થાત્

જૈનદર્શનના ધર્મને પણ ધર્મ કહે છે અને બુદ્ધ, કપિલાદિના ધર્મને પણ ધર્મ કહે છે અને અનાર્યોમાં પ્રવર્તતા ધર્મને પણ ધર્મ કહે છે. પરંતુ લોકો કયો ધર્મ પારમાર્થિક ધર્મ છે તેનો વિચાર કરતા નથી. વસ્તુતઃ સેવનીય એવો તે ધર્મ સર્વ દર્શનમાં શબ્દમાત્રથી સમાન હોવા છતાં પણ દૂધની જેમ વિચિત્ર ભેદો વડે ભેદને પામે છે અર્થાત્ જેમ દૂધ સારું, ખરાબ ભેળસેળવાળું વગેરે અનેક ભેદવાળું પ્રાપ્ત થાય છે તેમ ધર્મરૂપે સર્વ દર્શનમાં પ્રસિદ્ધ એવો ધર્મ પણ સારો, ખરાબ કે ભેળસેળવાળો વગેરે અનેક ભેદવાળો પ્રાપ્ત થાય છે.

વળી, વિચારક પુરુષો આ સ્થિતિને જોઈને ધર્મમાં ઠગાવાના ભયથી સુવર્ણની જેમ ધર્મની કષ-છેદ-તાપથી પરીક્ષા કરે છે. અને જે કષ-છેદ-તાપથી શુદ્ધધર્મ છે તે ધર્મ બધા પ્રકારની કલ્યાણની પરંપરારૂપ લક્ષ્મીને આપવા માટે સમર્થ છે.

વળી, તેવો ધર્મ પ્રાપ્ત થવો દુર્લભ છે અને વિશ્વના કલ્યાણની પ્રાપ્તિનું એક કારણ છે. માટે બુદ્ધિમાન પુરુષ અતિનિપુણતાપૂર્વક પરીક્ષા કરીને શુદ્ધધર્મને સ્વીકારે છે. આ પ્રકારનો ઉપદેશ યોગ્ય શ્રોતાને ઉપદેશકે આપવો જોઈએ જેથી કલ્યાણનો અર્થી શ્રોતા ઉચિત પરીક્ષા કરીને યોગ્ય શ્રુતધર્મને પ્રાપ્ત કરે. **॥૩૩/૯૧॥**

**અવતરણિકા :-**

**परीक्षोपायमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**પરીક્ષાના ઉપાયને જ કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ સૂત્રમાં કહ્યું કે ઉપદેશક શ્રોતાને શ્રુતધર્મની પરીક્ષામાં અવતાર કરે, તેથી હવે ઉપદેશક શ્રોતાને કઈ રીતે શ્રુતધર્મની પરીક્ષા કરવાનો ઉપાય બતાવે છે ? તે સ્પષ્ટ કરે છે –

**સૂત્ર :-**

कषादिप्ररूपणा ।।३४/९२।।

**સૂત્રાર્થ :-**

**ઉપદેશકે શ્રોતા આગળ કષાદિની પ્રરૂપણા કરવી જોઈએ. ।।૩૪/૯૨।।**

**ટીકા :-**

**यथा सुवर्णमात्रसाम्येन तथाविधलोकेष्वविचारेणैव शुद्धाशुद्धरूपस्य सुवर्णस्य प्रवृत्तौ कषच्छेद-तापाः परीक्षणाय विचक्षणैराद्रियन्ते तथाऽत्रापि श्रुतधर्मे परीक्षणीये कषादीनां प्ररूपणेति ।।३४/९२।।**

**ટીકાર્થ :-**

**यथा सुवर्ण ..... प्ररूपणेति ।। જે પ્રમાણે સુવર્ણ માત્રના સામ્યથી તેવા પ્રકારના લોકોમાં=જેઓ સુવર્ણના ભેદને પારખી ન શકે તેવા પ્રકારના લોકોમાં, અવિચારથી જ શુદ્ધાશુદ્ધરૂપ સુવર્ણની પ્રવૃત્તિ થયે છતે કષ-છેદ-તાપની પરીક્ષા માટે વિચક્ષણો વડે યત્ન કરાય છે તે પ્રમાણે અહીં પણ પરીક્ષણીય એવા શ્રુતધર્મના વિષયમાં કષાદિની પ્રરૂપણા કરવી જોઈએ=ઉપદેશકે કષાદિની પ્રરૂપણા કરવી જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૪/૯૨॥**

**ભાવાર્થ :-**

જે જીવો આ સુવર્ણ શુદ્ધ છે અને આ સુવર્ણ અશુદ્ધ છે તેવું વિશેષ જ્ઞાન ધરાવતા નથી તેવા જીવો શુદ્ધ-અશુદ્ધ સર્વ સુવર્ણને સુવર્ણ માત્રના સામ્યથી સુવર્ણરૂપે સ્વીકારે છે, પરંતુ વિચક્ષણ પુરુષો કષ-છેદ-તાપ પરીક્ષાથી જે સુવર્ણ સંપૂર્ણ શુદ્ધ હોય તે સુવર્ણને જ સુવર્ણ તરીકે સ્વીકારે છે. તે પ્રમાણે આત્મકલ્યાણના અર્થી વિચક્ષણ પુરુષો આત્મકલ્યાણના પ્રબળ કારણ રૂપ એવો શ્રુતધર્મ કષ-છેદ-તાપથી શુદ્ધ હોય તે જ શ્રુતધર્મને સ્વીકારીને તે શ્રુતવચન અનુસાર મોક્ષ અર્થે પ્રવૃત્તિ કરે છે એ પ્રકારે યોગ્ય શ્રોતાને ઉપદેશક કહે. **॥૩૪/૯૨॥**

**અવતરણિકા :-**

**कषादीनेवाह—**

**અવતરણિકાર્થ :-**

**કષાદિને જ કહે છે –**

**ભાવાર્થ :-**

યોગ્ય શ્રોતા શ્રુતધર્મની પરીક્ષા કરવાને અભિમુખ થયેલો છે તેનો નિર્ણય કર્યા પછી ઉપદેશક શ્રુતધર્મની પરીક્ષા કષાદિથી કઈ રીતે થઈ શકે ? તે બતાવે છે –

**સૂત્ર :-**

**विधिप्रतिषेधौ कषः ।।३५/९३।।**

**સૂત્રાર્થ :-**

**વિધિ-પ્રતિષેધ કષ છે=જે શાસ્ત્રમાં મોક્ષને અનુકૂળ વિધિ અને પ્રતિષેધ બતાવાયા હોય તે શાસ્ત્ર કષશુદ્ધ છે. ॥૩૫/૯૩॥**

**ટીકા :-**

**'विधिः' अविरुद्धकर्तव्यार्थोपदेशकं वाक्यम्, यथा 'स्वर्गकेवलार्थिना तपोध्यानादि कर्तव्यम्, समितिगुप्तिशुद्धा क्रिया' इत्यादि, 'प्रतिषेधः' पुनः 'न हिंस्यात् सर्वभूतानि, नानृतं वदेत्' इत्यादिः, ततो विधिश्च प्रतिषेधश्च 'विधिप्रतिषेधौ,' किमित्याह–'कषः' सुवर्णपरीक्षायामिव कषपट्टके रेखा, इदमुक्तं भवति–यत्र धर्मे उक्तलक्षणो विधिः प्रतिषेधश्च पदे पदे सुपुष्कल उपलभ्यते स धर्मः कषशुद्धः, न पुनः–**

"अन्यधर्मस्थिताः सत्त्वा असुरा इव विष्णुना ।
उच्छेदनीयास्तेषां हि वधे दोषो न विद्यते ।।९१।।" [ ] **इत्यादिवाक्यगर्भ इति ।।३५/९३।।**

**ટીકાર્થ :-**

**'विधिः' ..... वाक्यगर्भ इति ।। અવિરુદ્ધ કર્તવ્ય એવા અર્થનો ઉપદેશક વાક્ય વિધિ છે=મોક્ષપ્રાપ્તિરૂપ ફળની સાથે અવિરુદ્ધ એવા કર્તવ્યના અર્થને બતાવનાર વાક્ય વિધિ છે – જે પ્રમાણે સ્વર્ગ અને કેવલજ્ઞાનના અર્થીએ તપ-ધ્યાનાદિ કરવાં જોઈએ, સમિતિ-ગુપ્તિશુદ્ધ ક્રિયા કરવી જોઈએ, ઈત્યાદિ વાક્યો વિધિવાક્યો છે. વળી સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ. જૂઠું બોલવું જોઈએ નહિ ઈત્યાદિ પ્રતિષેધવાક્યો છે. ત્યારપછી=વિધિ પ્રતિષેધનો અર્થ કર્યા પછી, વિધિ-પ્રતિષેધનો સમાસ સ્પષ્ટ કરે છે – વિધિ અને પ્રતિષેધ એ વિધિ-પ્રતિષેધ છે અને આ વિધિ-પ્રતિષેધ 'કષ' છે અર્થાત્ સુવર્ણની પરીક્ષામાં કસોટી પત્થર ઉપર સુવર્ણની રેખા જેવા છે. આ કહેવાયેલું થાય છે –**

**જે ધર્મમાં ઉપરમાં કહેવાયેલા લક્ષણવાળો વિધિ અને પ્રતિષેધ પદે પદમાં=દરેક સ્થાનોમાં, પુષ્કળ પ્રાપ્ત થાય છે તે ધર્મ કષશુદ્ધ છે., પરંતુ**

"જેમ વિષ્ણુ વડે અસુરોનો ઉચ્છેદ કરાયો તેમ અન્ય ધર્મમાં રહેલા જીવોનો નાશ કરવો જોઈએ. તેઓના વધમાં=અન્ય દર્શનમાં રહેલા જીવોના વધમાં, દોષ વિદ્યમાન નથી. ।।૯૧।।" ()

**ઈત્યાદિ વાક્યગર્ભ એવો ધર્મ કષશુદ્ધ નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૫/૯૩।।**

**ભાવાર્થ :-**

આત્માનું હિત સર્વકર્મ રહિત અવસ્થારૂપ મોક્ષ છે અને તે મોક્ષની પ્રાપ્તિ અર્થે શ્રુતધર્મનો ઉપદેશ છે, તેથી મોક્ષને માનનારા સર્વ દર્શનકારો મોક્ષના ઉપાયોનું વર્ણન કરે છે. અને જે દર્શનનાં વાક્યો મોક્ષ-પ્રાપ્તિને અવિરુદ્ધ કર્તવ્ય એવા આચારનો ઉપદેશ આપતા હોય અને મોક્ષને પ્રતિકૂળ અને સંસારના કારણભૂત એવાં હિંસાદિ અઢાર પાપસ્થાનકોનો નિષેધ કરતા હોય અને આ વિધિ-નિષેધ પણ સ્થાને સ્થાને જે શાસ્ત્રોમાં કહેવાયેલ હોય તે શાસ્ત્રવચન કષશુદ્ધ છે.

જેમ સુવર્ણની પરીક્ષામાં કસોટી પત્થર ઉપર સુવર્ણની રેખા પૂર્ણ યથાર્થ પ્રાપ્ત થાય તો તે સુવર્ણ પૂર્ણ શુદ્ધ છે તેમ નક્કી થાય અને જો તે રેખા સુવર્ણ જેવી હોવા છતાં કાંઈક ઝાંખી આવે તો તે સુવર્ણ પૂર્ણ શુદ્ધ નથી તેમ નક્કી થાય. તેમ જે દર્શનનાં વચનો મોક્ષને અનુકૂળ કર્તવ્યનું વિધાન કરતાં હોય, મોક્ષને પ્રતિકૂળ એવાં અઢાર પાપસ્થાનકોનો નિષેધ કરતાં હોય આમ છતાં કોઈક સ્થાનમાં જેમ ઉદ્ધરણમાં આપ્યું તેમ કહે કે અન્ય દર્શનવાળાની હિંસામાં પાપ નથી અથવા પોતાને અભિમત ધર્મથી વિપરીત ધર્મ કરનારા હોય તેમને વિઘ્નો કરવા, તેમનો વિરોધ કરવો વગેરે સ્વ-પરને ક્લેશ આપાદક પ્રવૃત્તિ પાપ નથી, તેમ કહે તો તે આગમ પૂર્ણ શુદ્ધ નથી તેમ નક્કી થાય.

વળી, આત્મા માટે શુદ્ધ આત્માનું સ્વરૂપ ઉપાદેય છે અને તેની પ્રાપ્તિનો ઉપાય શુદ્ધ આત્માનું ધ્યાન છે. શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ ધ્યાનમાં ઉપષ્ટંભક થાય તેવું બાહ્ય તપ છે અને સમિતિ-ગુપ્તિથી શુદ્ધ એવી સંયમની ક્રિયા છે, તેથી તેવાં વચનો જે આગમમાં પ્રચુર પ્રમાણમાં મળતાં હોય અને શુદ્ધ આત્માને મલિન કરનારા હિંસાદિ ૧૮ પાપસ્થાનકો છે તેના નિષેધને કહેનારાં વચનો પ્રચુર પ્રમાણમાં મળતાં હોય અને કોઈપણ સ્થાનમાં પ્રસ્તુત વિધિ-પ્રતિષેધથી વિપરીત વિધિ-પ્રતિષેધ પ્રાપ્ત થતા ન હોય તો તે આગમ કષ પરીક્ષાથી પૂર્ણ શુદ્ધ છે; કેમ કે તે આગમ વચન અનુસાર કરાયેલી પ્રવૃત્તિથી યોગી આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવાને અનુકૂળ ઉચિત ક્રિયાઓમાં યત્ન કરીને કેવળજ્ઞાનને અભિમુખ થાય છે. અને કદાચ તે ભવમાં તે સાધના પૂર્ણ ન થાય તો મોક્ષની પ્રાપ્તિનું કારણ બને તેવા સ્વર્ગાદિ ભવોને પ્રાપ્ત કરે છે. અને હિંસાદિ પાપસ્થાનકોનું વર્જન કરીને તે યોગી અનાદિકાળના સંસારને અનુકૂળ એવા હિંસાદિ ભાવો છે તેનો પરિહાર કરીને શુદ્ધ આત્માની પ્રાપ્તિને અનુકૂળ પ્રવૃત્તિને દૃઢ રીતે કરી શકે છે. માટે તે આગમ કષ પરીક્ષાથી પૂર્ણ શુદ્ધ છે. **॥૩૫/૯૩॥**

**અવતરણિકા :-**

**છેદમાહ –**

**અવતરણિકાર્થ :-**

**છેદને કહે છે –**

**ભાવાર્થ :-**

યોગ્ય ઉપદેશક શ્રોતાને કષ પરીક્ષાનું સ્વરૂપ બતાવ્યા પછી શાસ્ત્રની છેદ પરીક્ષા કઈ રીતે કરવી જોઈએ ? તે કહે છે –

**સૂત્ર :-**

**तत्सम्भवपालनाचेष्टोक्तिश्छेदः ।।३६/९४।।**

**સૂત્રાર્થ :-**

**તેના=વિધિ-પ્રતિષેધનાં સંભવ અને પાલના માટે જે ચેષ્ટાનું કથન તે છેદ છે. ॥૩૬/૯૪॥**

**ટીકા :-**

**'तयोः' विधिप्रतिषेधयोः अनाविर्भूतयोः 'सम्भवः' प्रादुर्भावः, प्रादुर्भूतयोश्च 'पालना' च रक्षारूपा, ततः तत्सम्भवपालनार्थं या 'चेष्टा' भिक्षाटनादिबाह्यक्रियारूपा तस्या 'उक्तिः छेदः,' यथा कषशुद्धावप्यान्तरामशुद्धिमाशङ्कमानाः सौवर्णिकाः सुवर्णगोलिकादेश्छेदमाद्रियन्ते, तथा कषशुद्धावपि धर्मस्य छेदमपेक्षन्ते, स च छेदो विशुद्धबाह्यचेष्टारूपः, विशुद्धा च चेष्टा सा यत्रासन्तावपि विधिप्रतिषेधावबाधितरूपौ स्वात्मानं लभेते, लब्धात्मानौ चातिचारलक्षणापचारविरहितौ उत्तरोत्तरां वृद्धिमनुभवतः, सा यत्र धर्मे चेष्टा सप्रपञ्चा प्रोच्यते स धर्मश्छेदशुद्ध इति ।।३६/९४।।**

**ટીકાર્થ :-**

**'तयोः' ..... इति ।। તેનો=અનાવિર્ભૂત એવા વિધિ-પ્રતિષેધનો, સંભવ=પ્રાદુર્ભાવ, અને પ્રાદુર્ભાવ થયેલા એવા વિધિ-પ્રતિષેધની રક્ષારૂપ પાલના.**

**ત્યારપછી=તત્સંભવ અને પાલનાનો અર્થ કર્યા પછી, આગળનો સમાસ સ્પષ્ટ કરે છે –**

**તત્સંભવ અને પાલના માટે જે ભિક્ષાટનાદિ બાહ્યક્રિયા રૂપ ચેષ્ટા તેની ઉક્તિ=તેનું કથન, છેદ છે. જે પ્રમાણે કષશુદ્ધિ હોતે છતે પણ અંદરમાં અશુદ્ધિની આશંકા કરનારા=સુવર્ણની અંદરમાં અશુદ્ધિની આશંકા કરનારા, સુવર્ણકારો સુવર્ણની ગોલિકાદિનો છેદ કરે છે, તે પ્રમાણે=જે પ્રમાણે સુવર્ણની કષશુદ્ધિ કરાયે છતે પણ છેદ પરીક્ષા કરાય છે તે પ્રમાણે, કષશુદ્ધિ હોતે છતે પણ=શ્રુતધર્મની કષશુદ્ધિ હોતે છતે પણ, ધર્મના=શ્રુતધર્મના, છેદની અપેક્ષા છે. અને તે છેદ વિશુદ્ધ એવી બાહ્ય ચેષ્ટારૂપ છે અને વિશુદ્ધ એવી ચેષ્ટા તે છે જેમાં અવિદ્યમાન પણ અબાધિતરૂપવાળા વિધિ-પ્રતિષેધ સ્વઆત્માને પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત થયેલા આત્માવાળા એવા વિધિ-પ્રતિષેધ અતિચારલક્ષણ અપચાર રહિત ઉત્તરોત્તર વૃદ્ધિનો અનુભવ કરાવે છે તે ચેષ્ટા=વિશુદ્ધ એવી ચેષ્ટા, જે ધર્મમાં વિસ્તારપૂર્વક કહેવાયેલી છે તે ધર્મ છેદશુદ્ધ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૩૬/૯૪॥**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને કષશુદ્ધ શાસ્ત્રનું સ્વરૂપ બતાવ્યા પછી છેદશુદ્ધ શાસ્ત્રનું સ્વરૂપ બતાવતાં કહે છે –

જે વિધિ-પ્રતિષેધનું વર્ણન કષ પરીક્ષામાં કરેલ છે તેવા વિધિ-પ્રતિષેધ જે જીવમાં પ્રગટ થયેલા ન

હોય છતાં જે ક્રિયાના પાલનથી તે શ્રોતા વિધિ-પ્રતિષેધને પ્રગટ કરી શકે અને જે શ્રોતામાં સ્વભૂમિકા અનુસાર વિધિ-પ્રતિષેધ પ્રગટ થયેલા હોય અને તેને અનુરૂપ ઉચિત ક્રિયા બતાવવામાં આવે તો તે ક્રિયાના સેવનથી પ્રગટ થયેલ વિધિ-પ્રતિષેધની રક્ષા થાય છે. તેવી ક્રિયાઓ જે શાસ્ત્રમાં બતાવાયેલી હોય તે શાસ્ત્ર છેદશુદ્ધ છે.

જેમ કોઈ યોગ્ય શ્રોતા દેશવિરતિની ક્રિયા કરીને દેશવિરતિ ગુણસ્થાનકને સ્પર્શી શકે તેમ હોય અને સર્વવિરતિને અનુકૂળ ક્રિયાથી સર્વવિરતિ ગુણસ્થાનક પ્રગટ કરી શકે તેમ ન હોય તો તેવા શ્રોતાને, જિનવચન દેશવિરતિ ગુણસ્થાનક પ્રગટ થાય તેવી ઉચિત ક્રિયા કરવાનું વિધાન કરે છે અને તેવો યોગ્ય શ્રોતા ઉપદેશક પાસેથી દેશવિરતિ ગુણસ્થાનકને અનુકૂળ ઉચિત ક્રિયાઓ કઈ રીતે કરવાથી સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય થાય તેવા દેશવિરતિ ગુણસ્થાનકનું પારમાર્થિક સ્વરૂપ જાણીને પોતાની ભૂમિકા અનુસાર દેશવિરતિ ગ્રહણ કરે તો જે દેશવિરતિના પરિણામો તેનામાં પ્રગટ થયેલા ન હતા તે પ્રગટ થાય છે અને જે અવિરતિ પૂર્વમાં નિવર્તન પામેલી ન હતી તે દેશવિરતિની ક્રિયાના પાલનથી નિવર્તન પામે છે. તેથી તે દેશવિરતિની ક્રિયાના સેવન દ્વારા તે મહાત્મા સ્વભૂમિકા અનુસાર દેશવિરતિનાં ઉત્તરઉત્તરનાં ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. અર્થાત્ સર્વવિરતિને અનુકૂળ નિર્લેપ ચિત્ત થાય તેવું ચિત્ત પ્રતિદિન દેશવિરતિની ક્રિયાથી પ્રવર્ધમાન બને છે. અને પોતાનામાં પ્રગટ થયેલો વિધિ-પ્રતિષેધ રૂપ દેશવિરતિનો પરિણામ તે ક્રિયાઓથી સમ્યક્ રક્ષિત થાય છે માટે તે ભૂમિકાના શ્રોતાને તે પ્રકારનો ઉપદેશ આપનાર શાસ્ત્ર છેદશુદ્ધ છે.

વળી, કોઈક યોગ્ય જીવ સર્વવિરતિ ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકે તેવો હોય તો તેને ઉપદેશક સર્વવિરતિને અનુકૂળ ઉચિત ક્રિયાઓ બતાવે છે, તેથી તેનામાં અનાવિર્ભૂત એવા સર્વવિરતિના પરિણામો પ્રગટ થાય છે અને તે ક્રિયાના પાલન પૂર્વે અપ્રતિષિદ્ધ એવો અવિરતિનો પરિણામ નિવર્તન પામે છે. અર્થાત્ તે સર્વવિરતિની ક્રિયા દ્વારા તેનામાં વર્તતી પૂર્વની અવિરતિ હતી તે નિવર્તન પામે છે, તેથી હિંસાદિ પાપોની નિવૃત્તિ થાય છે અને ષટ્કાયના પાલનરૂપ વિશેષ સંયમસ્થાન આવિર્ભાવ પામે છે અને તે સંયમની ક્રિયા દ્વારા પ્રગટ થયેલ વિધિ-પ્રતિષેધની રક્ષા થાય છે. એટલું જ નહિ, પણ સર્વવિરતિમાં વર્તતા અતિચારોના પરિહારપૂર્વક ઉત્તરોત્તર વિશુદ્ધ એવી સર્વવિરતિની પ્રાપ્તિ તે ક્રિયાઓથી થાય છે, તેથી જે શાસ્ત્રમાં વિધિ અને નિષેધને અનુરૂપ ઉચિત ક્રિયાઓ બતાવી હોય તે શાસ્ત્ર છેદશુદ્ધ છે.

અહીં વિશેષ એ છે કે દિગમ્બર શાસ્ત્ર પણ મોક્ષના અર્થે સાધુને તપ-ધ્યાનમાં ઉદ્યમ કરવાનું કહે છે અને સમિતિ-ગુપ્તિથી શુદ્ધ એવી ક્રિયાનું પાલન કરવાનું કહે છે. આમ છતાં સાધુને એકાંતે વસ્ત્રનો નિષેધ કરે છે, તેથી જે સાધુ ધ્યાનમાં યત્ન કરી શકે તેવા હોય અને શીતાદિના કારણે ધ્યાનમાં યત્ન ન કરી શકતા હોય તોપણ તેઓને વસ્ત્રનો નિષેધ કરીને ધ્યાનમાં વ્યાઘાત થાય તેવી ક્રિયા બતાવે છે; કેમ કે તે મહાત્મા મોક્ષને અનુકૂળ ધ્યાન કરવા સમર્થ હોવા છતાં દિગમ્બરશાસ્ત્ર અનુસાર વસ્ત્ર ગ્રહણ ન કરે તો વસ્ત્રના અભાવના કારણે ધ્યાનનો વ્યાઘાત થાય, તેથી તેવું વિધાન કરનાર દિગમ્બર શાસ્ત્ર છેદશુદ્ધ નથી. ॥૩૬/૯૪॥

**અવતરણિકા :-**

**यथा कषच्छेदशुद्धमपि सुवर्णं तापमसहमानं कालिकोन्मीलनदोषान्न सुवर्णभावमश्नुते, एवं धर्मोऽपि सत्यामपि कषच्छेदशुद्धौ तापपरीक्षामनिर्वहमाणो न स्वभावमासादयत्यतः तापं प्रज्ञापयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**જે પ્રમાણે કષ-છેદશુદ્ધ પણ સુવર્ણ તાપને નહિ સહન કરતું કાળાશના ઉન્મીલનના દોષના કારણે સુવર્ણભાવને પામતું નથી એ રીતે ધર્મ પણ=શ્રુતધર્મ પણ કષ-છેદથી શુદ્ધ હોવા છતાં પણ તાપપરીક્ષાને અનિર્વાહ કરતો સ્વભાવને પ્રાપ્ત કરતો નથી આથી તાપને=તાપપરીક્ષાને, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

જેમ કોઈક સુવર્ણનો ગોલકાદિ કષથી શુદ્ધ મળે, તેનાથી નક્કી થાય કે ઉપરથી સુવર્ણ શુદ્ધ છે. છેદથી શુદ્ધ મળે તો નક્કી થાય કે અંદરમાં પણ સુવર્ણ ચોખ્ખું છે. આમ છતાં તાપપરીક્ષા કરવા અર્થે સુવર્ણને ઓગાળવામાં આવે અને સુવર્ણને ઓગાળવા માટે અપેક્ષિત પ્રમાણવાળો તાપ હોય તો તેમાં વર્તતું સુવર્ણ ઓગળી જાય છે પરંતુ અન્ય ધાતુ હોય તો ઓગળતી નથી. અને કદાચ ઓગળે તો તે ધાતુ કાળી પડે છે, તેથી તે સુવર્ણ પૂર્ણશુદ્ધ નથી તેમ નક્કી થાય છે. એ રીતે શ્રુતધર્મની પરીક્ષા કરવામાં આવે અને જે દર્શનનું શ્રુતધર્મ કષ-છેદથી શુદ્ધ પ્રાપ્ત થાય તો તે શ્રુતધર્મ તેટલા અંશમાં યથાર્થ પ્રરૂપણા કરનાર છે. આમ છતાં તાપ પરીક્ષામાંથી પસાર ન થાય તો તે શ્રુતધર્મ પૂર્ણ શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરતું નથી. આથી પૂર્ણ શુદ્ધ શ્રુતધર્મની પ્રાપ્તિના અર્થે શ્રોતાએ તાપપરીક્ષા કરીને શુદ્ધ શ્રુતધર્મની પ્રાપ્તિ કરવી જોઈએ જેના પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરીને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. તેના માટે ઉપદેશક શ્રોતાને તાપપરીક્ષાનું સ્વરૂપ બતાવે છે –

**સૂત્ર :-**

उभयनिबन्धनभाववादस्तापः ।।३७/९५।।

**સૂત્રાર્થ :-**

**ઉભયનું કારણ એવો ભાવવાદ=કષ-છેદનું કારણ એવો ભાવવાદ, તાપ છે=એવો ભાવવાદ જે શ્રુતમાં હોય તે શ્રુત તાપશુદ્ધ છે. ।।૩૭/૯૫।।**

**ટીકા :-**

**'उभयोः' कषच्छेदयोः अनन्तरमेवोक्तरूपयोः 'निबन्धनं' परिणामिरूपं कारणं यो 'भावो' जीवादिलक्षणः तस्य 'वादः' प्ररूपणा, किमित्याह —'तापो'ऽत्र श्रुतधर्मपरीक्षाधिकारे, इदमुक्तं भवति — यत्र शास्त्रे द्रव्यरूपतया अप्रच्युतानुत्पन्नः पर्यायात्मकतया च प्रतिक्षणमपरापरस्वभावास्कन्दनेन**

**अनित्यस्वभावो जीवादिरवस्थाप्यते, स्यात् तत्र तापशुद्धिः, यतः परिणामिन्येवात्मादौ तथाविधा-शुद्धपर्यायनिरोधेन ध्यानाध्ययनाद्यपरशुद्धपर्यायप्रादुर्भावादुक्तलक्षणः कषो बाह्यचेष्टाशुद्धिलक्षणश्च छेद उपपद्यते, न पुनरन्यथेति ।।३७/९५।।**

**ટીકાર્થ :-**

**'उभयोः' ..... पुनरन्यथेति ।। અનંતર જ કહેવાયેલા સ્વરૂપવાળા કષ-છેદ રૂપ ઉભયનું કારણ= પરિણામીરૂપ કારણ, જે જીવાદિલક્ષણ ભાવ તેનો વાદ=પ્રરૂપણા, તાપ છે=અહીં શ્રુતધર્મની પરીક્ષાના અધિકારમાં તાપશુદ્ધ છે. આ કહેવાયેલું થાય છે=સૂત્રના કથનથી આ કહેવાયેલું થાય છે –**

**જે શાસ્ત્રમાં દ્રવ્યરૂપપણાથી અપ્રચ્યુત અનુત્પન્ન અને પર્યાયાત્મકપણાથી પ્રતિક્ષણ અપર અપર સ્વભાવની પ્રાપ્તિ દ્વારા અનિત્યસ્વભાવવાળા જીવાદિ સ્થાપન કરાય છે. ત્યાં=તે આગમમાં, તાપશુદ્ધિ છે. જે કારણથી પરિણામી એવા જ આત્માદિમાં તેવા પ્રકારના અશુદ્ધ પર્યાયના નિરોધથી=ધ્યાન-અધ્યયન આદિની યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા પૂર્વે જેવા પ્રકારનો અશુદ્ધ પર્યાય હતો તેવા પ્રકારના અશુદ્ધ પર્યાયના નિરોધથી ધ્યાન-અધ્યયન આદિ અપર શુદ્ધ પર્યાયનો પ્રાદુર્ભાવ થતો હોવાથી ઉક્ત લક્ષણવાળો કષ અને બાહ્ય ચેષ્ટાની શુદ્ધિના લક્ષણવાળો છેદ ઘટે છે પરંતુ અન્યથા નહિ=પરિણામી જીવાદિ સ્વીકારવામાં ન આવે તો કષ અને છેદ ઘટતા નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૩૭/૯૫।।**

**ભાવાર્થ :-**

જેમ કષ અને છેદથી શુદ્ધ સુવર્ણ તાપપરીક્ષામાંથી પસાર થાય તો નક્કી થાય કે આ સુવર્ણનું પિંડ પૂર્ણ સુવર્ણરૂપ છે, તેમ પૂર્વમાં કષ અને છેદપરીક્ષા બતાવી તેવા પ્રકારનું વક્તવ્ય જે શાસ્ત્રમાં મળતું હોય તે શાસ્ત્ર કષશુદ્ધ અને છેદશુદ્ધ હોવા છતાં તે શાસ્ત્રો જીવાદિ દ્રવ્યને પરિણામી સ્વીકારતા હોય તો તે શાસ્ત્ર તાપશુદ્ધ છે, તેવું શાસ્ત્ર સર્વજ્ઞના વચનરૂપ છે અને તે શાસ્ત્રમાં જીવ-અજીવ આદિ પદાર્થોને પરિણામી સ્વીકારેલા છે અર્થાત્ એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય સ્વીકારેલા નથી, પરંતુ દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય સ્વીકારેલા છે તેથી તે શાસ્ત્ર વચન અનુસાર વિધિ-પ્રતિષેધમાં યત્ન કરવામાં આવે અને વિધિ-પ્રતિષેધને પોષક ઉચિત ક્રિયા કરવામાં આવે તો પરિણામી એવો પોતાનો આત્મા ધ્યાન-અધ્યયનની ક્રિયાથી, ધ્યાન-અધ્યયનની ક્રિયા પૂર્વે જે અશુદ્ધ પર્યાયવાળો હતો તેનો નિરોધ થાય છે અને ધ્યાન-અધ્યયનની ક્રિયાથી કંઈક વીતરાગભાવને અનુકૂળ શુદ્ધ પર્યાય પ્રાદુર્ભાવ થાય છે; કેમ કે જે યોગી સર્વજ્ઞનાં વચન અનુસાર વિધિપૂર્વક પ્રથમ ભૂમિકામાં શાસ્ત્રઅધ્યયનની ક્રિયા કરે છે તેનાથી તેનો આત્મા જિનવચનના પરમાર્થથી ભાવિત બને છે અને સ્વભૂમિકા અનુસાર શાસ્ત્રથી સંપન્ન થયા પછી ધ્યાનમાં ઉદ્યમ કરે છે ત્યારે પૂર્વમાં પ્રાપ્ત થયેલા શ્રુતના બોધથી જ વિશેષ પ્રકારની એકાગ્રતાના કારણે તેનો આત્મા વિશેષથી ભાવિત બનીને વીતરાગભાવની સન્મુખ જાય છે, તેથી તે આગમમાં કહેલા પરિણામી એવા આત્માને સ્વીકારવાથી

વિધિ-પ્રતિષેધરૂપ કષ, અને કષને પુષ્ટ કરે તેવી બાહ્ય ચેષ્ટાની શુદ્ધિરૂપ છેદ તે શાસ્ત્રમાં સંગત થાય છે માટે તે શાસ્ત્ર પૂર્ણ યથાર્થવાદને કહેનાર હોવાથી એકાંતે કલ્યાણની પરંપરાનું કારણ બને છે. માટે કષ-છેદ-તાપશુદ્ધ એવા સુવર્ણની જેમ તે આગમ કષ-છેદ-તાપશુદ્ધ છે અને તે આગમવચન અનુસાર થયેલ યથાર્થ બોધરૂપ શ્રુતજ્ઞાન કષ-છેદ-તાપશુદ્ધ છે. તે યથાર્થ બોધથી નિયંત્રિત અનુષ્ઠાન પૂર્ણ શુદ્ધ હોવાથી કલ્યાણનું કારણ બને છે. માટે કલ્યાણના અર્થીએ કષ-છેદ અને તાપથી પરીક્ષા કરીને સત્શાસ્ત્રોને ગ્રહણ કરવાં જોઈએ અને તે સત્શાસ્ત્રોને સ્વીકાર્યા પછી ઉચિત રીતે અધ્યયન કરીને સમ્યક્ શ્રુતજ્ઞાન મેળવવું જોઈએ એ પ્રકારનો ઉપદેશ યોગ્ય શ્રોતાને ઉપદેશક આપે છે. **॥૩૭/૯૫॥**

**અવતરણિકા :-**

**एतेषां मध्यात् को बलीयान् इतरो वा इति प्रश्ने यत् कर्तव्यं तदाह–**

**અવતરણિકાર્થ :-**

**આમનામાંથી=કષ-છેદ-તાપ પરીક્ષામાંથી કોણ બલવાન છે અને કોણ ઈતર છે એ પ્રકારના પ્રશ્નમાં જે કરવું જોઈએ તેને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં શ્રુતજ્ઞાનની કષ-છેદ-તાપ પરીક્ષા બતાવી. ત્યાં આ ત્રણ પરીક્ષામાંથી કઈ પરીક્ષા બળવાન છે અને કઈ પરીક્ષા અબળવાન છે એ પ્રકારે કોઈને જિજ્ઞાસા થાય તેને ઉપદેશકે શું બતાવવું જોઈએ ? તે કહે છે –

**સૂત્ર :-**

अमीषामन्तरदर्शनम् ।।३८/९६।।

**સૂત્રાર્થ :-**

**આમનું=કષ-છેદ-તાપ પરીક્ષાનું અંતર=પરસ્પર વિશેષ, બતાવવું જોઈએ. ।।૩૮/૯૬।।**

**ટીકા :-**

**'अमीषां' त्रयाणां परीक्षाप्रकाराणां परस्परमन्तरस्य विशेषस्य समर्थासमर्थत्वरूपस्य 'दर्शनं' कार्यमुपदेशकेन ।।३८/९६।।**

**ટીકાર્થ :-**

**'अमीषां' ..... कार्यमुपदेशकेन ।। આમનું=પરીક્ષાના પ્રકારવાળા એવા ત્રણનું, પરસ્પર અંતરનું=સમર્થ અસમર્થત્વરૂપ વિશેષનું, ઉપદેશકે શ્રોતાને દર્શન કરાવવું જોઈએ. ।।૩૮/૯૬।।**

**ભાવાર્થ :-**

યોગ્ય શ્રોતાને શ્રુતધર્મની ત્રણ પ્રકારની પરીક્ષાનું સ્વરૂપ બતાવ્યા પછી તે ત્રણે પરીક્ષામાં પરસ્પર શુદ્ધ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં કઈ પરીક્ષા સમર્થ છે અને કઈ પરીક્ષા અસમર્થ છે તેનું યથાર્થ સ્વરૂપ ઉપદેશકે બતાવવું જોઈએ, જે સ્વરૂપ સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૩૮/૯૬॥**

**અવતરણિકા :-**

**तदेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**તેને જ=કષ આદિ ત્રણ પરીક્ષાના અંતરને જ, સૂત્ર ૩૯-૪૦થી બતાવે છે –**

**સૂત્ર :-**

कष-च्छेदयोरयत्नः ।।३९/९७।।

**સૂત્રાર્થ :-**

**કષ-છેદમાં અયત્ન કરવો જોઈએ. ॥૩૯/૯૭॥**

**ટીકા :-**

**'कषच्छेदयोः' परीक्षाक्षमत्वेन आदरणीयतायाम् 'अयत्नः' अतात्पर्यं मतिमतामिति ।।३९/९७।।**

**ટીકાર્થ :-**

**'कष-च्छेदयोः' ..... मतिमतामिति ।। પરીક્ષામાં સમર્થપણું હોવાથી કષ-છેદની આદરણીયતામાં અયત્ન છે=મતિમાન પુરુષનો અતાત્પર્ય છે. ॥૩૯/૯૭॥**

**અવતરણિકા :-**

**कुत इत्याह–**

**અવતરણિકાર્થ :-**

**કેમ કષ-છેદમાં મતિમાન પુરુષનો અયત્ન છે ? એથી કહે છે –**

**સૂત્ર :-**

तद्भावेऽपि तापाभावेऽभावः ।।४०/९८।।

**સૂત્રાર્થ :-**

**તેના ભાવમાં પણ=કષ-છેદના ભાવમાં પણ, તાપના અભાવમાં અભાવ છે=પરીક્ષણીય વસ્તુઓની અસત્તા જ છે. ।।૪૦/૯૮।।**

**ટીકા :-**

**'तयोः' कषच्छेदयोः 'भावः' सत्ता 'तद्भावः', तस्मिन्, किं पुनरतद्भाव इत्यपिशब्दार्थः, किमित्याह –'तापाभावे' उक्तलक्षणतापविरहे 'अभावः' परमार्थतः असत्तैव परीक्षणीयस्य, न हि तापे विघटमानं हेम कषच्छेदयोः सतोरपि स्वं स्वरूपं प्रतिपत्तुमलम्, जातिसुवर्णत्वात् तस्य ।।४०/९८।।**

**ટીકાર્થ :-**

**'तयोः' ..... तस्य ।। તેનો=કષ-છેદનો ભાવ=સત્તા, તદ્ભાવ છે. તે હોતે છતે પણ તાપના અભાવમાં=કહેવાયેલા લક્ષણવાળા તાપની શુદ્ધિના વિરહમાં, અભાવ છે=પરમાર્થથી પરીક્ષણીયની અસત્તા જ છે. हि=જે કારણથી તાપમાં વિઘટમાન એવું સુવર્ણ=તાપપરીક્ષામાં શુદ્ધરૂપે નહિ જણાતું સુવર્ણ વિદ્યમાન પણ કષ-છેદનું સ્વ-સ્વરૂપ=સુવર્ણનું સ્વરૂપ, સ્વીકારવા માટે સમર્થ નથી; કેમ કે તેનું=પરીક્ષણીય એવા સુવર્ણનું જાતિસુવર્ણપણું છે=પૂર્ણ સુવર્ણપણું નથી.**

સૂત્રમાં 'तद्भावेऽपि' છે તેમાં રહેલા 'अपि'નો અર્થ કરે છે –

**શું વળી, અતદ્ભાવમાં પણ=કષ-છેદના અભાવમાં પણ એ 'अपि' શબ્દનો અર્થ છે. ।।૪૦/૯૮।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૩૮માં કહ્યું કે ઉપદેશકે શ્રુતધર્મની પરીક્ષાના વિષયમાં જે કષ-છેદ-તાપ પરીક્ષા છે તેનું પરસ્પર અંતર બતાવવું જોઈએ, જેથી યોગ્ય શ્રોતાને શ્રુતધર્મની પરીક્ષા કઈ રીતે કરવી જોઈએ ? તેનો માર્ગાનુસારી બોધ થાય, તેથી હવે કષ-છેદ-તાપ પરીક્ષાનું પરસ્પર અંતર બતાવતાં કહે છે કે જે દર્શન આત્માને એકાંત નિત્ય કે એકાંત ક્ષણિક માને છે તે દર્શનનાં વચન અનુસાર મોક્ષના ઉપાયભૂત ધ્યાન-અધ્યયન આદિમાં યત્ન કરવામાં આવે તોપણ તે દર્શનના મત અનુસાર "આત્મા પરિણામી નહિ હોવાથી ધ્યાનના અધ્યયન દ્વારા આત્માનો અશુદ્ધ પર્યાય નાશ પામે છે અને શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે" તેમ કહી શકાય નહિ, તેથી એકાંત નિત્ય કે એકાંત ક્ષણિક આત્માને માનનાર આગમ તાપશુદ્ધ નથી. અને જે આગમ તાપશુદ્ધ ન હોય તેવું આગમ મોક્ષપ્રાપ્તિનું કારણ બને તેવાં વિધિવચનો કહે અને મોક્ષપ્રાપ્તિમાં વિઘ્નભૂત બને તેવાં હિંસાદિ વચનોનો નિષેધ કરે અને વિધિ-નિષેધના પાલનમાં સહાયક થાય તેવી સર્વ ઉચિત ક્રિયા બતાવે તો તે આગમવચન કષશુદ્ધ અને છેદશુદ્ધ હોવા છતાં તાપશુદ્ધ નહિ હોવાથી પરીક્ષામાં સમર્થપણાથી આદરણીય એવા પણ કષ-છેદમાં મતિમાન પુરુષો યત્ન કરતા નથી.

આશય એ છે કે મતિમાન પુરુષોને કયું શ્રુતજ્ઞાન શુદ્ધ છે ? તેનો નિર્ણય કરવાની ઉત્કટ ઇચ્છા હોય છે, તેથી પરીક્ષામાં સમર્થપણાથી આદરણીય સર્વ શ્રુતજ્ઞાન છે અર્થાત્ સર્વદર્શનોનું શ્રુતજ્ઞાન છે. આમ છતાં વિવેકી પરીક્ષક વિચારે કે જે આગમ આત્માને નિત્ય માને છે તેના મતે આત્મામાં કોઈ પરિવર્તનનો સંભવ નથી, તેથી તે વચન અનુસાર પ્રવૃત્તિ કરવાથી આત્માનું હિત થશે તેમ સ્વીકારી શકાય નહિ.

વળી, જે આગમ આત્માને એકાંતે ક્ષણિક સ્વીકારે છે તે વચન અનુસાર આત્મા બીજી ક્ષણમાં વિદ્યમાન જ ન હોય તો ભાવિના હિત માટે તે આગમવચન અનુસાર પ્રવૃત્તિ કરવી ઉચિત ગણાય નહિ અને જે આગમ સ્પષ્ટ રીતે અસંબદ્ધ પદાર્થ કહેતું હોય તેવું એકાંત વચનવાળું આગમ કદાચ કષશુદ્ધ અને છેદશુદ્ધ પ્રાપ્ત થાય તોપણ વિવેકી પુરુષને આદરણીય બને નહિ, તેથી મતિમાન પુરુષ પ્રથમ તાપપરીક્ષાથી આ આગમ શુદ્ધ તત્ત્વને બતાવનાર છે એવો નિર્ણય કર્યા પછી તેનાં વિધિ-નિષેધ વાક્યો પણ મોક્ષને અનુકૂળ છે કે નહિ તેનો નિર્ણય કરે અર્થાત્ જે દર્શનનાં વચનો મોક્ષને અનુકૂળ વિધિ-નિષેધ કરતાં હોય તેનો નિર્ણય કરે. ત્યારપછી તે દર્શનનાં વચનો પણ વિધિ-નિષેધને અનુકૂળ સર્વ આચારો બતાવે છે કે નહિ એ પ્રકારની છેદશુદ્ધિનો નિર્ણય કરે.

આ રીતે તાપપરીક્ષાથી શુદ્ધ શ્રુતધર્મનો નિર્ણય કર્યા પછી કષ-છેદથી પણ તે શ્રુતધર્મ શુદ્ધ જણાય તો તે આગમનો સ્વીકાર કરે.

આથી જ દિગમ્બર દર્શન આત્માને પરિણામી સ્વીકારે છે, તેથી તાપશુદ્ધ છે, મોક્ષને અનુકૂળ વિધિ-નિષેધનું કથન કરે છે, તેથી કષશુદ્ધ છે; આમ છતાં વિધિ-નિષેધને પોષક એવી સર્વ સંયમની ક્રિયાઓ બતાવતું નથી; કેમ કે ધ્યાનમાં વ્યાઘાત થાય તોપણ સાધુને ધ્યાનમાં ઉપષ્ટંભક એવા વસ્ત્રની અનુજ્ઞા આપતું નથી માટે છેદશુદ્ધ નથી. તેવો નિર્ણય કરીને મતિમાન પુરુષો તે દર્શનનો ત્યાગ કરે છે.

અહીં વિશેષ એ છે કે સુવર્ણમાં સામાન્ય રીતે પ્રથમ કષપરીક્ષા કરાય છે, પછી છેદપરીક્ષા કરાય છે, પછી તાપપરીક્ષા કરાય છે. જ્યારે બુદ્ધિમાન પુરુષ તો "એકાંત નિત્ય કહેનાર શાસ્ત્ર તાપશુદ્ધ નથી" તેવો નિર્ણય કરીને તેની કષ અને છેદ પરીક્ષા કરવામાં યત્ન કરતા નથી પરંતુ જે આગમ તાપશુદ્ધ છે તેવો નિર્ણય થયા પછી પણ જો તે દર્શન મોક્ષને અનુકૂળ વિધિ-નિષેધને કહેતું ન હોય તો તે દર્શન કષશુદ્ધ નથી, તેથી કલ્યાણનું કારણ નથી, માટે તે દર્શનને પણ બુદ્ધિમાન પુરુષો સ્વીકારતા નથી. અને કષશુદ્ધ વચનો જે દર્શનમાં પ્રાપ્ત થતાં હોય આમ છતાં જે દર્શનનાં વચનો વિધિ-પ્રતિષેધને અનુરૂપ ઉચિત ક્રિયા બતાવનારાં ન હોય તો છેદશુદ્ધ નથી, તેથી મતિમાન પુરુષો તે દર્શનને પણ સ્વીકારતા નથી આ પ્રકારનું કષ-છેદ-તાપ પરીક્ષાનું પરસ્પર અંતર છે.

વળી, વિશિષ્ટ માર્ગાનુસારી બુદ્ધિના અભાવવાળા જીવો ઓઘથી સંસારથી વિમુખ થઈને મોક્ષના અર્થી બને છે ત્યારે પોતાને જે દર્શન પ્રાપ્ત થયું હોય તે દર્શનમાં બતાવેલા મોક્ષને અનુરૂપ વિધિ-નિષેધનાં વચનોને જાણીને તે દર્શન અનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે અને ભદ્રક પ્રકૃતિને કારણે તેઓ યોગની ચાર દૃષ્ટિ સુધીનો વિકાસ તે તે દર્શનનાં એકાંત વચનોથી પણ કરી શકે છે અને તેવા જીવોમાં મોક્ષની

અત્યંત અર્થિતા હોવાના કારણે તેવા જીવોને ઉપદેશાદિની સામગ્રી મળે તો કષ-છેદ-તાપશુદ્ધ એવાં સર્વજ્ઞનાં વચનોની પ્રાપ્તિ થાય છે. **II૪૦/૯૮II**

**અવતરણિકા :-**

**एतदपि कथमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ પણ=તાપના અભાવમાં પરીક્ષણીય એવા આગમની પરમાર્થથી અસત્તા જ છે એ પણ, કેમ છે ? એથી કહે છે –**

**સૂત્ર :-**

**तच्छुद्धौ हि तत्साफल्यम् ।।४१/९९।।**

**સૂત્રાર્થ :-**

**હિ=જે કારણથી, તેની શુદ્ધિમાં=તાપની શુદ્ધિમાં, તેનું સાફલ્ય છે=કષ-છેદ પરીક્ષાનું સાફલ્ય છે. II૪૧/૯૯II**

**ટીકા :-**

**'तच्छुद्धौ' तापशुद्धौ 'हिः' यस्मात् 'तत्साफल्यं' तयोः कषच्छेदयोः सफलभावः तथाहि – ध्यानाध्ययनादिकोऽर्थो विधीयमानः प्रागुपात्तकर्मनिर्जरणफलः, हिंसादिकश्च प्रतिषिध्यमानो नवकर्मोपादाननिरोधफलः, बाह्यचेष्टाशुद्धिश्चानयोरेवानाविर्भूतयोः आविर्भवनेनाविर्भूतयोश्च परिपालनेन फलवती स्यात्, न चापरिणामिन्यात्मन्युक्तलक्षणौ कषच्छेदौ स्वकार्यं कर्तुं प्रभविष्णू स्यातामिति तयोः तापशुद्धावेव सफलत्वमुपपद्यते न पुनरन्यथेति ।।४१/९९।।**

**ટીકાર્થ :-**

'तच्छुद्धौ' ..... पुनरन्यथेति ।। **હિ=જે કારણથી, તેની શુદ્ધિમાં=તાપની શુદ્ધિમાં, તેનું સાફલ્ય છે=કષ-છેદ પરીક્ષાનો સફલભાવ છે (તે કારણથી તાપથી અશુદ્ધ આગમ હોતે છતે મતિમાન પુરુષો કષ-છેદમાં યત્ન કરતા નથી એમ સૂત્ર ૩૯-૪૦ સાથે સંબંધ છે.)**

પૂર્વમાં કહ્યું કે તાપશુદ્ધિ હોતે છતે કષ-છેદનો સફલભાવ છે. તેને 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

**સેવાતો ધ્યાન-અધ્યયન આદિ અર્થ પૂર્વમાં બંધાયેલા કર્મની નિર્જરાના ફલવાળો છે અને પ્રતિષેધ કરાતા એવા હિંસાદિ નવા કર્મગ્રહણના નિરોધ ફલવાળા છે. અને અનાવિર્ભૂત એવા વિધિ-નિષેધના આવિર્ભાવ દ્વારા અને આવિર્ભૂત એવા વિધિ-નિષેધના પરિપાલન દ્વારા બાહ્ય ચેષ્ટાની શુદ્ધિ**

**ફલવાળી છે. અને અપરિણામી આત્મામાં ઉક્ત લક્ષણવાળા કષ-છેદ સ્વકાર્ય કરવા માટે સમર્થ થતા નથી, એથી એ બેનું=કષ-છેદનું તાપશુદ્ધિ હોતે છતે જ સફલપણું ઉપપન્ન થાય છે. વળી, અન્યથા નહિ=આત્મા પરિણામી ન હોય તો વિધિ-નિષેધ અને બાહ્ય ચેષ્ટાની શુદ્ધિનું સફલપણું થતું નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૧/૯૯॥**

**ભાવાર્થ :-**

બુદ્ધ પુરુષ આ આગમ તાપશુદ્ધ છે એવો નિર્ણય કર્યા પછી જ તે આગમની કષ-છેદની પરીક્ષામાં યત્ન કેમ કરે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે કારણથી જે શાસ્ત્રવચનમાં તાપશુદ્ધિ પ્રાપ્ત થતી હોય તે શાસ્ત્રવચન અનુસાર આત્મા પ્રયત્નથી અન્ય અન્ય ભાવરૂપે પરિણમન પામે છે તેવો નિર્ણય થાય છે. તેવો નિર્ણય કર્યા પછી સંસારના ભાવોથી આત્માનું નિવર્તન કરીને મોક્ષને અનુકૂળ ભાવો કરવાની વિધિ જે શાસ્ત્રમાં સમ્યક્ પ્રાપ્ત થતી હોય તે શાસ્ત્રવચન અનુસાર વિધિમાં યત્ન કરવામાં આવે તો પૂર્વનાં બંધાયેલાં કર્મોની નિર્જરા થાય છે અને નિષેધમાં યત્ન કરવામાં આવે તો નવા કર્મના ગ્રહણનો નિરોધ થાય છે.

જેમ કોઈ મહાત્મા પોતાની શક્તિ અનુસાર ધ્યાન-અધ્યયન આદિ ઉચિત વિધિમાં યત્ન કરે તો તે મહાત્મા શાસ્ત્રવચનથી ભાવિત થવાના કારણે વીતરાગના વચન અનુસાર ભાવિત થયેલ હોવાથી વીતરાગભાવને અભિમુખ પરિણામવાળા બને છે, તેથી વીતરાગને પ્રતિકૂળ એવા ભાવોથી પૂર્વમાં બંધાયેલ કર્મો નિર્જરાને પામે છે અને સ્વભૂમિકા અનુસાર તે મહાત્મા હિંસાદિક ભાવોથી નિવર્તન પામે તો હિંસાદિક ભાવોથી બંધાતા કર્મના ગ્રહણનો નિરોધ થાય છે, તેથી તે વિધિ-પ્રતિષેધ દ્વારા તે મહાત્મા પોતાના શુદ્ધ આત્માના ભાવોને પ્રગટ કરવા સમર્થ બને છે. અને શાસ્ત્રમાં જે બાહ્યચેષ્ટાની શુદ્ધિ બતાવી છે તેના સેવનથી પોતાનામાં વિધિ-નિષેધના ભાવો પ્રગટ થયા ન હોય તો તે બાહ્યચેષ્ટાની શુદ્ધિથી પ્રગટ થાય છે અને પોતાનામાં વિધિ-નિષેધના ભાવો પ્રગટ થયા હોય તો તે બાહ્યચેષ્ટાની શુદ્ધિથી પ્રગટ થયેલા ભાવોનું પરિપાલન થાય છે.

જેમ ભાવથી સંયમમાં વર્તતા મુનિમાં નિર્જરાને અનુકૂળ ભાવો પ્રગટ થયેલા છે અને હિંસાદિ ભાવોનો નિરોધ થયેલો છે તેવા મહાત્મા જિનવચન અનુસાર ષટ્ આવશ્યકના પાલનની ક્રિયા કરતા હોય અથવા સંયમની અન્ય ઉચિત ક્રિયાઓ કરતા હોય તો તે છ આવશ્યકના પાલન દ્વારા કે સંયમની અન્ય ઉચિત ક્રિયાઓ દ્વારા તે પ્રગટ થયેલા વિધિ-નિષેધનું પરિપાલન થાય છે અને કદાચ પૂર્વમાં સંયમ ગ્રહણ કરતી વખતે વિધિ-નિષેધનો પરિણામ પ્રગટ થયેલો ન હોય તો તે છ આવશ્યકની ક્રિયાના બળથી કે અન્ય સાધુસામાચારીની ક્રિયાના બળથી તે ભાવો પ્રગટ થાય છે, તેથી તે જિનવચન અનુસાર વિધિ-નિષેધના સેવનના બળથી તે મહાત્મા ક્રમે કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે અને જે આગમ મોક્ષની પ્રાપ્તિમાં સમ્યગ્ પ્રવર્તાવે તે આગમ કષ-છેદ-તાપથી એકાંત શુદ્ધ છે. માટે બુદ્ધિમાન પુરુષ તાપની પરીક્ષા કરીને કષ-છેદથી પણ આગમની પરીક્ષા કરે છે અને પરીક્ષાથી નિર્ણીત થયેલા આગમનો સ્વીકાર કરીને તેના પરમાર્થને

જાણવા સર્વ ઉચિત યત્ન કરે છે અને તેના પરમાર્થને જાણીને જીવનમાં સેવવા યત્ન કરે છે એથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય છે. **॥૪૧/૯૯॥**

**અવતરણિકા :-**

**ननु फलविकलावपि तौ भविष्यत इत्याह–**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરતાં કહે છે – ફલવિકલ પણ તે=કષ-છેદ, થશે એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે જે આગમ તાપશુદ્ધ હોય તે આગમ અનુસાર આત્મા પરિણામી છે તેમ સ્વીકાર થાય અને આત્મા પરિણામી સ્વીકારીએ તો કષ-છેદ ફલવાળા થાય. ત્યાં 'ननु'થી શંકા કરતાં કહે છે કે જે આગમ આત્માને અપરિણામી સ્વીકારે છે તે આગમવચન અનુસાર કષ-છેદ સફળ થાય નહિ, તેથી ફલવિકલ એવા પણ તે કષશુદ્ધ અને છેદશુદ્ધ વચનો થશે, તેથી કષ-છેદશુદ્ધ વચનને સ્વીકારવામાં શું વાંધો ? તેના નિરાકરણ માટે કહે છે –

**સૂત્ર :-**

**फलवन्तौ च तौ तौ।।४२/१००।।**

**સૂત્રાર્થ :-**

**અને ફલવાળા એવા તે=કષ-છેદ, તે છે=વાસ્તવિક કષ-છેદ છે. ॥૪૨/૧૦૦॥**

**ટીકા :-**

**उक्तलक्षणभाजौ सन्तौ पुनः 'तौ' कषच्छेदौ 'तौ' वास्तवौ कषच्छेदौ भवतः, स्वसाध्यक्रियाकारिणो हि वस्तुनो वस्तुत्वमुशन्ति सन्तः ।।४२/१००।।**

**ટીકાર્થ :-**

**उक्तलक्षणभाजौ ..... सन्तः ।। વળી, ઉક્ત લક્ષણવાળા છતા=તાપશુદ્ધ આગમ સ્વીકાર્યા પછી સફલભાવવાળા છતા, તે=કષ-છેદ, તે છે=વાસ્તવિક કષ-છેદ છે, જે કારણથી સ્વસાધ્યક્રિયાને કરનારી વસ્તુનું વસ્તુપણું સંત પુરુષો ઇચ્છે છે. ॥૪૨/૧૦૦॥**

**ભાવાર્થ :-**

જે આગમ તાપ પરીક્ષાથી શુદ્ધ હોય તે આગમ વચન અનુસાર આત્મા પરિણામી છે તેમ સિદ્ધ થાય. અને આત્મા પરિણામી છે તેમ સિદ્ધ થાય તો કષશુદ્ધ અને છેદશુદ્ધ વચનોથી પ્રવૃત્તિ કરવામાં આવે તો તે

પ્રવૃત્તિથી મોક્ષને અનુકૂળ આત્માનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય. તેથી તે કષ-છેદ વચનો ફલવાળા બને અને જે કષ-છેદ વચનો ફલવાળાં હોય તે કષ-છેદ વચનો વાસ્તવિક છે અને જે કષ-છેદ વચનો ફલવાળાં ન બનતાં હોય તે કષ-છેદ વચનો પરમાર્થથી નથી; કેમ કે સ્વસાધ્ય એવી ક્રિયાને કરનારી વસ્તુને જ સંતપુરુષો વસ્તુરૂપે સ્વીકારે છે, તેથી જે કષ-છેદ વચનો સ્વસાધ્ય એવા અશુદ્ધ આત્માને શુદ્ધ બનાવવાનું કારણ બનતાં હોય તે કષ-છેદ વચનો પરમાર્થથી કષ-છેદ છે. માટે તાપથી અશુદ્ધ આગમને જાણીને તે આગમની કષ-છેદની પરીક્ષા માટે બુદ્ધ પુરુષો યત્ન કરતા નથી એમ સૂત્ર ૩૯-૪૦ સાથે સંબંધ છે. **॥૪૨/૧૦૦॥**

**અવતરણિકા :-**

**विपक्षे बाधामाह –**

**અવતરણિકાર્થ :-**

**વિપક્ષમાં બાધને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં કહ્યું કે ફલવાળા જ કષ-છેદ વાસ્તવિક કષ-છેદ છે. હવે તેના બદલે ફલરહિત પણ કષ-છેદને સ્વીકારવામાં આવે તો શું દોષ પ્રાપ્ત થાય ? તે બતાવે છે –

**સૂત્ર :-**

अन्यथा याचितकमण्डनम् ।।४३/१०१।।

**સૂત્રાર્થ :-**

**અન્યથા=ફલવિકલ છતાં વસ્તુના પરીક્ષાના અધિકારમાં સમવતાર કરાયેલા એવા કષ-છેદ યાચિતકમંડન છે=માગીને લાવેલાં આભરણોથી શોભા કરવા તુલ્ય છે. ।।૪૩/૧૦૧।।**

**ટીકા :-**

**'अन्यथा' फलविकलौ सन्तौ वस्तुपरीक्षाधिकारे समवतारितावपि तौ 'याचितकमण्डनं' वर्तेते इति, परकीयत्वसम्भावनोपहतत्वात् कुत्सितं याचितं याचितकम्, तच्च तन्मण्डनं च कटककुण्डलादिराभरणविशेषो याचितकमण्डनम्, द्विविधं ह्यलङ्कारफलम्–निर्वाहे सति परिशुद्धाभिमानिकसुखजनिका स्वशरीरशोभा, कथञ्चिन्निर्वहणाभावे च तेनैव निर्वाहः न च याचितकमण्डने एतद् द्वितयमप्यस्ति परकीयत्वात् तस्य, ततो याचितकमण्डनमिव याचितकमण्डनम्, इदमुक्तं भवति- द्रव्यपर्यायोभयस्वभावे जीवे कषच्छेदौ निरुपचरिततया स्थाप्यमानौ स्वफलं प्रत्यवन्ध्यसामर्थ्याववेव स्याताम्, नित्याद्येकान्तवादे तु स्ववादशोभार्थं तद्वादिभिः कल्प्यमानावप्येतौ याचितकमण्डनाकारौ प्रतिभासेते न पुनः स्वकार्यकराविति ।।४३/१०१।।**

**ટીકાર્થ :-**

**'अन्यथा' ..... स्वकार्यकराविति ।। અન્યથા=ફલવિકલ છતાં વસ્તુના પરીક્ષાના અધિકારમાં સમવતાર કરાયેલા પણ તે=કષ-છેદ, યાચિતકમંડન વર્તે છે=પરકીયપણાની સંભાવનાથી ઉપહતપણું હોવાથી કુત્સિત એવું યાચિત=યાચિતક, અને તે=યાચિતક, એવું તે મંડન=કટકકુંડલાદિ આભરણવિશેષ તે યાચિતકમંડન છે. બે પ્રકારનું અલંકારનું ફલ છે. નિર્વાહ થયે છતે પરિશુદ્ધ આભિમાનિક સુખને કરનાર સ્વશરીરની શોભા અને કોઈક રીતે નિર્વાહના અભાવમાં તેનાથી જ=આભરણથી જ, નિર્વાહ થાય છે. અને માગી લાવેલા આભરણમાં આ બન્ને પણ નથી; કેમ કે તેનું પરકીયપણું છે, તેથી યાચિતકમંડન જેવું યાચિતકમંડન છે=ફલવિકલ એવા કષ-છેદ છે. આ કહેવાયેલું થાય છે=સૂત્રના કથનથી આ કહેવાયેલું થાય છે. દ્રવ્ય-પર્યાય ઉભય સ્વભાવવાળા જીવમાં કષ-છેદ નિરુપચરિતપણાથી સ્થાપ્યમાન સ્વફલ પ્રત્યે અવન્ધ્ય સામર્થ્યવાળા જ થાય. વળી, નિત્યાદિ એકાંતવાદમાં સ્વવાદના શોભા માટે તેના વાદી વડે કલ્પાતા એવા આ=કષ-છેદ, યાચિતકમંડનના આકારવાળા પ્રતિભાસે છે પરંતુ સ્વકાર્ય કરતા નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૩/૧૦૧।।**

**ભાવાર્થ :-**

કોઈની પાસે પોતાના સુવર્ણના અલંકારો હોય અને એના જીવનનિર્વાહનો પ્રશ્ન ન હોય તો તે અલંકારોથી પરિશુદ્ધ આભિમાનિક સુખ પેદા થાય તેવી પોતાના શરીરની શોભા તેને પ્રાપ્ત થાય છે. અને કોઈક સંજોગોમાં જીવનનિર્વાહ ન થાય તો તે અલંકારના બળથી તે પોતાની આજીવિકા કરી શકે છે, તેથી પોતાના વાસ્તવિક અલંકારો સંસારી જીવોને બે ફલ આપે છે અને કોઈક તેવા સંયોગમાં શરીરની શોભા અર્થે બીજા પાસેથી સુવર્ણના અલંકારો લાવીને પોતાના શરીરની શોભા કરે તોપણ તેને પરિશુદ્ધ આભિમાનિક સુખ થતું નથી; કેમ કે આ અલંકારો પારકા છે માટે તત્કાલ પૂરતો જ તેનો ઉપયોગ છે, પછી સદા તેના દ્વારા પોતે સુશોભિત થઈ શકે તેમ નથી તેવું તેને જ્ઞાન છે અને કોઈક સંયોગમાં આજીવિકાનો નિર્વાહ ન થાય તો તે માગીને લાવેલા અલંકારોથી આજીવિકા થાય નહિ.

જેમ માગીને લાવેલા અલંકારો આત્માને સુખ આપી શકતા નથી તેમ જેઓ આત્માને નિત્યાદિ એકાંત સ્વીકારે છે અર્થાત્ નિત્ય કે અનિત્ય એકાંતે સ્વીકારે છે તેઓના મત અનુસાર કષ-છેદનું કથન પોતાના દર્શનની શોભા માટે છે પરંતુ તે દર્શન અનુસાર આત્માને એકાંત નિત્યાદિ સ્વીકારવામાં આવે તો તે કષ-છેદની શુદ્ધિને બતાવે તેવા આગમવચનો પણ તે મત અનુસાર આત્મા એકાંતનિત્ય અથવા એકાંતઅનિત્ય છે તેવા આત્માનું કોઈ રીતે પરિવર્તન નહિ કરી શકતા હોવાથી આત્માના અશુદ્ધ પર્યાયના ત્યાગપૂર્વક શુદ્ધ પર્યાયની પ્રાપ્તિનું કારણ સ્વીકારી શકાય નહિ, તેથી તે કષ-છેદની આચરણા નિષ્ફળ છે. માટે માગીને લાવેલા અલંકારો જેમ આત્માને કોઈ ફલવાળા નથી તેમ તાપથી અશુદ્ધ એવા દર્શનમાં કષશુદ્ધ અને

છેદશુદ્ધ વચનો પણ નિષ્ફળ છે. માટે બુદ્ધિમાન પુરુષ તાપથી અશુદ્ધ એવા આગમમાં કષ-છેદની પરીક્ષા માટે યત્ન કરતા નથી એમ સૂત્ર ૩૯-૪૦ સાથે સંબંધ છે. **॥૪૩/૧૦૧॥**

**અવતરણિકા :-**

**आह – अवगतं यथा कषच्छेदतापशुद्धः श्रुतधर्मो ग्राह्यः, परं किम्प्रणेतृकोऽसौ प्रमाणमिति व्यतिरेकतः साधयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**શંકા કરે છે – જણાયું – જે પ્રમાણે કષ-છેદ-તાપશુદ્ધ શ્રુતધર્મ ગ્રહણ કરવો જોઈએ પરંતુ કેવા પ્રણેતૃક એવો આ=શ્રુતધર્મ પ્રમાણ છે એથી વ્યતિરેકથી બતાવતાં કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે ઉપદેશક યોગ્ય શ્રોતાને શ્રુતધર્મની કષ-છેદ-તાપથી પરીક્ષા કરીને, તે ત્રણેયથી શુદ્ધ એવા શ્રુતધર્મને સ્વીકારવો જોઈએ તેવો ઉપદેશ આપે. તે ઉપદેશ સાંભળીને કોઈ યોગ્ય શ્રોતા કહે કે કષ-છેદ-તાપથી શુદ્ધ એવો શ્રુતધર્મ સ્વીકારવો જોઈએ તેવો નિર્ણય મને થયો છે પરંતુ તેવા શ્રુતધર્મના પ્રણેતા કોણ છે કે જેમનો શ્રુતધર્મ પ્રમાણ બને તે પ્રકારની શ્રોતાની જિજ્ઞાસામાં વ્યતિરેકથી ઉત્તર આપતાં કહે છે –

**સૂત્ર :-**

नातत्त्ववेदिवादः सम्यग्वादः ॥४४/१०२॥

**સૂત્રાર્થ :-**

**અતત્ત્વવેદીનો વાદ સમ્યગ્વાદ નથી. ॥૪૪/૧૦૨॥**

**ટીકા :-**

**'न' नैव 'अतत्त्ववेदिनः' साक्षादेव वस्तुतत्त्वमज्ञातुं शीलस्य पुरुषविशेषस्य अर्वाग्दर्शिन इत्यर्थः 'वादः' वस्तुप्रणयनम् अतत्त्ववेदिवादः, किमित्याह–'सम्यग्वादो' यथावस्थितार्थवादः, साक्षादवीक्षमाणेन हि प्रमात्रा प्रोक्तं जात्यन्धचित्रकरनरालिखितचित्रकर्मवद्यथावस्थितरूपविसंवादेन असमञ्जसमेव शास्त्रं स्यादिति कथं तद्भाषितं वस्तु अविपरीतरूपतां प्रतिपत्तुमुत्सहते? इति ॥४४/१०२॥**

**ટીકાર્થ :-**

**'न' नैव ..... इति ॥ અતત્ત્વવેદીનો=સાક્ષાત્ જ વસ્તુતત્ત્વને નહિ જાણવાના સ્વભાવવાળા એવા પુરુષવિશેષરૂપ અર્વાગ્દર્શીનો=સામે દેખાતી વસ્તુ માત્ર જોઈ શકે તેવા છદ્મસ્થનો વાદ=વસ્તુતત્ત્વનું કથન એ અતત્ત્વવેદીવાદ છે. અને એવો અતત્ત્વવેદીવાદ સમ્યગ્વાદ નથી જ=યથાવસ્થિત અર્થવાદ**

**નથી જ. 'हि'=જે કારણથી સાક્ષાત્ નહિ જોનારા એવા પ્રમાતાથી કહેવાયેલું જાત્યન્ધચિત્રકારપુરુષથી આલિખિત ચિત્રકર્મની જેમ યથાવસ્થિત સ્વરૂપના વિસંવાદને કારણે અસમંજસ જ શાસ્ત્ર થાય, એથી તેમના વડે કહેવાયેલી વસ્તુ અવિપરીતરૂપતાને પ્રાપ્ત કરવા માટે કેવી રીતે ઉત્સાહિત થાય ?= તેમના વડે કહેવાયેલી વસ્તુ અવિપરીતરૂપતાને પામે નહિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૪/૧૦૨॥**

**ભાવાર્થ :-**

જેઓ અતીન્દ્રિય પદાર્થો સાક્ષાત્ જોઈ શકતા નથી એવા છદ્મસ્થ જીવો અતીન્દ્રિય એવા મોક્ષમાર્ગને કહેવા માટે શાસ્ત્રોની રચના કરે તો તેઓથી કહેવાયેલાં તે શાસ્ત્રો સમ્યગ્વાદ બને નહિ, પરંતુ જેઓનાં સર્વ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થયો છે તેવા કેવલજ્ઞાનને પામેલા તીર્થંકરો, પોતે જે યોગમાર્ગને સેવીને કેવલજ્ઞાન અને કેવલદર્શનને પામ્યા છે અને આ યોગમાર્ગને સેવીને અનંતા જીવો સિદ્ધ અવસ્થાને પામ્યા છે, તે સર્વને સાક્ષાત્ હાથમાં રહેલા આમળાની જેમ કેવળજ્ઞાનરૂપી ચક્ષુથી જોનારા છે તેઓ વડે મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત જે શાસ્ત્રો રચાયેલાં છે તે સમ્યગ્વાદ છે. અન્ય કોઈ છદ્મસ્થનાં વચનો સમ્યગ્વાદ નથી. આથી જ તે સર્વજ્ઞ વડે કહેવાયેલા શાસ્ત્રના પરમાર્થને જાણનારા એવા છદ્મસ્થો પણ તે સર્વજ્ઞના વચનને અનુસરીને યથાર્થ બોધ કરે અને યથાર્થ બોધ કર્યા પછી તે સર્વજ્ઞના વચન અનુસાર જ કથન કરે તો તેવા છદ્મસ્થ મહાત્માનું વચન પણ સર્વજ્ઞના વચનને અનુપાતી હોવાથી યથાર્થવાદ બને, અન્યથા તે મહાત્માનું વચન પણ અસમ્યગ્વાદ બને. **॥૪૪/૧૦૨॥**

**અવતરણિકા :-**

**सम्यग्वादताया एवोपायमाह—**

**અવતરણિકાર્થ :-**

**સમ્યગ્વાદતાના ઉપાયને જ કહે છે –**

**ભાવાર્થ :-**

સાક્ષાત્ જાણનારા એવા સર્વજ્ઞકથિત સમ્યગ્વાદ કયો છે ? તેના નિર્ણય કરવાના જ ઉપાયને કહે છે –

**સૂત્ર :-**

बन्धमोक्षोपपत्तितस्तच्छुद्धिः ।।४५/१०३।।

**સૂત્રાર્થ :-**

**બંધ-મોક્ષની ઉપપત્તિથી તેની શુદ્ધિ છે. ॥૪૫/૧૦૩॥**

**ટીકા :-**

**'बन्धो' मिथ्यात्वादिहेतुभ्यो जीवस्य कर्मपुद्गलानां च वह्न्यःपिण्डयोरिव क्षीरनीरयोरिव वा परस्परमविभागपरिणामेनावस्थानम्, 'मोक्षः' पुनः सम्यग्दर्शनज्ञानचारित्रेभ्यः कर्मणामत्यन्तोच्छेदः, ततो बन्धश्च मोक्षश्च 'बन्धमोक्षौ', तयोः 'उपपत्तिः' घटना, तस्याः सकाशात् 'तच्छुद्धिः' वस्तुवादनिर्मलता चिन्तनीया, इदमुक्तं भवति—यस्मिन् सिद्धान्ते बन्धमोक्षयोग्य आत्मा तैस्तैर्विशेषैर्निरूप्यते स सर्ववेदिपुरुषप्रतिपादित इति कोविदैर्निश्चीयते इति ।।४५/१०३।।**

**ટીકાર્થ :-**

**'बन्धो' ..... इति ।। મિથ્યાત્વાદિ હેતુઓથી જીવનો અને કર્મપુદ્ગલોનો અગ્નિ અને લોખંડના ગોળાની જેમ અથવા ક્ષીર-નીરની જેમ પરસ્પર અવિભાગ પરિણામથી અવસ્થાન બંધ છે. વળી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી કર્મનો અત્યંત ઉચ્છેદ મોક્ષ છે. ત્યારપછી=બંધ અને મોક્ષનું સ્વરૂપ બતાવ્યા પછી, સૂત્રનો સમાસ સ્પષ્ટ કરે છે – બંધ અને મોક્ષ એ બંધમોક્ષ. તે બેની ઉપપત્તિ=ઘટના, તેનાથી=બંધમોક્ષની ઉપપત્તિથી, તેની શુદ્ધિ=વસ્તુવાદની નિર્મલતા, ચિંતનીય છે=વસ્તુને કહેનારાં શાસ્ત્રવચનોની નિર્મલતાનો વિચારકે નિર્ણય કરવો જોઈએ. આ કહેવાયેલું થાય છે=સૂત્રના કથનથી આ કહેવાયેલું થાય છે. જે સિદ્ધાંતમાં બંધ અને મોક્ષને યોગ્ય આત્મા તે તે વિશેષો વડે નિરૂપણ કરાય છે તે સર્વવેદીપુરુષપ્રતિપાદિત આગમ છે, એ પ્રમાણે વિદ્વાનો વડે નિર્ણય કરાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪૫/૧૦૩॥**

**ભાવાર્થ :-**

જે દર્શનમાં કેવા કેવા પરિણામવાળો અને કેવી કેવી આચરણા કરનાર પુરુષ બંધયોગ્ય છે ? અને કેવા કેવા પરિણામવાળો અને કેવી કેવી આચરણા કરનારો પુરુષ મોક્ષયોગ્ય છે ? તેવું સમ્યગ્ પ્રતિપાદન કરાયેલું હોય તે આગમના વચન અનુસાર પ્રવૃત્તિ કરવાથી બંધ અને મોક્ષની ઉપપત્તિ થતી હોવાથી તે આગમ શુદ્ધ છે તેવો નિર્ણય થાય છે, માટે તે આગમ સર્વજ્ઞકથિત છે.

અહીં વિશેષ એ છે કે કર્મબંધનાં કારણો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે. જે જીવો મિથ્યાત્વાદિ આ પાંચ ભાવોને પુષ્ટ પુષ્ટતર કરે તેઓ કર્મબંધને યોગ્ય છે અને અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય એ પાંચ ભાવોથી પરિણત આત્મા મોક્ષને યોગ્ય છે. અને તેનું વિસ્તારથી વર્ણન સર્વજ્ઞના આગમમાં છે. તેથી જેઓ બંધના કારણના મર્મને અને મોક્ષના કારણના મર્મને સર્વજ્ઞના વચનથી જાણીને, તે અનુસાર પ્રવૃત્તિ કરે તો ક્રમસર બંધનાં કારણોનો ઉચ્છેદ કરીને અને ક્રમસર મોક્ષના ઉપાયોને સેવીને મોક્ષની પ્રાપ્તિ કરે છે, તેથી તે ભગવાનનાં વચન અનુસાર બંધ-મોક્ષની ઉપપત્તિ થતી હોવાથી તે ભગવાનનું વચન સમ્યગ્વાદ છે તેવો નિર્ણય થાય છે. **॥૪૫/૧૦૩॥**

**અવતરણિકા :-**

**इयमपि बन्धमोक्षोपपत्तिर्यथा युज्यते तथाऽऽह –**

**અવતરણિકાર્થ :-**

**આ પણ=પૂર્વસૂત્રમાં કહ્યું એ પણ, બંધ-મોક્ષની ઉપપત્તિ=બંધ-મોક્ષની સંગતિ, જે પ્રમાણે ઘટે છે તે પ્રમાણે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં કહ્યું કે જે શાસ્ત્રવચનમાં બંધ-મોક્ષની ઉપપત્તિ થતી હોય તે શાસ્ત્રવચન શુદ્ધ છે એમ બુદ્ધિમાન પુરુષો સ્વીકારે છે, તેથી હવે બંધ-મોક્ષની ઉપપત્તિ શું સ્વીકારવાથી ઘટે તેને બતાવે છે –

**સૂત્ર :-**

**इयं बध्यमानबन्धनभावे ।।४६/१०४।।**

**સૂત્રાર્થ :-**

**આ=બંધ અને મોક્ષની ઉપપત્તિ, બધ્યમાન એવો આત્મા અને જેનાથી આત્મા બંધાય છે એવું પુદ્ગલ સ્વરૂપ બંધન હોતે છતે થાય છે. ।।૪૬/૧૦૪।।**

**ટીકા :-**

**'इयं' बन्धमोक्षोपपत्तिः 'बध्यमानस्य बन्धनस्य' च वक्ष्यमाणस्य 'भावे' सद्भावे सति भवति ।।४६/१०४।।**

**ટીકાર્થ :-**

**'इयं' ..... भवति ।। વક્ષ્યમાણ એવો બધ્યમાનનો અને બંધનનો=આગળમાં કહેવાશે એવા બધ્યમાન આત્માનો અને બંધન રૂપ કર્મનો, ભાવ હોતે છતે=સદ્ભાવ હોતે છતે આ=બંધ અને મોક્ષની ઉપપત્તિ, થાય છે. ।।૪૬/૧૦૪।।**

**ભાવાર્થ :-**

જે દર્શનનાં વચન અનુસાર બધ્યમાન આત્મા હોય અને આત્માને બાંધનાર એવું આત્માથી પૃથક્ કર્મ હોય તે દર્શનના વચન અનુસાર બંધ ઘટે.

આશય એ છે કે કેટલાક દર્શનકારો સંસારને બંધરૂપ કહે છે અને બંધથી મુક્તિને મોક્ષ કહે છે, આમ છતાં આત્માથી અતિરિક્ત પુદ્ગલરૂપ બંધન સ્વીકારતા નથી, પરંતુ વાસનારૂપ જ કર્મ છે તેમ સ્વીકારે છે. તેથી તેઓના મતે આત્માથી અતિરિક્ત આત્માને બાંધનાર કોઈ વસ્તુ ન હોય તો સંસારઅવસ્થામાં પણ કેવલ આત્મા છે છતાં કર્મરૂપ વાસના છે અને મુક્ત અવસ્થામાં પણ કેવલ આત્મા છે છતાં કર્મરૂપ વાસના

નથી તેમ કહે છે, તે વચન સંગત થાય નહિ; કેમ કે બંધન નામની સ્વતંત્ર વસ્તુ ન હોય તો આત્મા બંધાયેલો છે તેમ કહી શકાય નહિ. બંધનરૂપ સ્વતંત્ર વસ્તુ હોય પરંતુ બધ્યમાન એવો આત્મા ન હોય તો બંધ સંગત થાય નહિ. અને બંધ સંગત થાય નહિ તો બંધ અવસ્થારૂપ સંસાર છે અને બંધથી મુક્તિ એ મોક્ષ છે એ સંગત થાય નહિ. **॥૪૬/૧૦૪॥**

**અવતરણિકા :-**

**कुत ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ થાય ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

બધ્યમાન એવો આત્મા હોય અને આત્માને બાંધનાર એવું કર્મ હોય તો બંધ અને મોક્ષની ઉપપત્તિ કેમ થાય ? એથી કહે છે –

**સૂત્ર :-**

**कल्पनामात्रमन्यथा ।।४७/१०५।।**

**સૂત્રાર્થ :-**

**અન્યથા=મુખ્ય બધ્યમાન પુરુષ અને બંધનરૂપ કર્મનો અભાવ હોય તો, કલ્પનામાત્ર છે=બંધ અને મોક્ષ કલ્પનામાત્ર છે. ।।૪૭/૧૦૫।।**

**ટીકા :-**

**यस्मात् कारणादियं कल्पनैव केवला वितथार्थप्रतिभासरूपा, न पुनस्तत्र प्रतिभासमानोऽर्थोऽपीति 'कल्पनामात्रम् अन्यथा' मुख्यबध्यमानबन्धनयोरभावे वर्त्तते इति ।।४७/१०५।।**

**ટીકાર્થ :-**

**यस्मात् ..... इति ।। જે કારણથી આ=બંધ અને મોક્ષ એ, વિતથ અર્થના પ્રતિભાસરૂપ કલ્પના જ કેવલ છે=મિથ્યા અર્થના બોધરૂપ કલ્પના જ કેવલ છે, પરંતુ ત્યાં=બંધ અને મોક્ષની કલ્પનામાં, પ્રતિભાસમાન અર્થ પણ નથી એથી અન્યથા=મુખ્ય બધ્યમાન અને બંધનના અભાવમાં, કલ્પના માત્ર વર્તે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૭/૧૦૫।।**

**ભાવાર્થ :-**

જો મુખ્ય એવો બધ્યમાન આત્મા ન હોય અને તે આત્માને બાંધનાર એવું બંધનરૂપ કર્મ ન હોય તો

બંધરૂપ સંસાર છે અને બંધથી મુક્તિરૂપ મોક્ષ છે એ કલ્પનામાત્ર બને. વાસ્તવિક કોઈ બંધાયેલું છે અને તે બંધાયેલો પુરુષ બંધનથી મુક્ત થયેલો છે તેમ કહી શકાય નહિ; કેમ કે જો બધ્યમાન એવો આત્મા જ ન હોય તો બંધનથી બંધાયેલું કોઈ નથી તેમ સિદ્ધ થાય અને બધ્યમાન એવો આત્મા હોય છતાં બંધનરૂપ આત્માથી અતિરિક્ત કર્મ ન હોય તો સંસાર અવસ્થામાં કેવલ જીવ છે, તેથી બંધન વગરનો છે તેમ માનવું પડે અને મુક્ત અવસ્થામાં કેવલ જીવ છે, તેથી બંધથી મુક્ત થયેલો છે તેમ કહી શકાય નહિ. કેવળ કલ્પનાથી જ બંધરૂપ સંસાર છે અને બંધથી મુક્તિરૂપ મોક્ષ છે એમ કહી શકાય.

કેવી માન્યતા સ્વીકારનારના મતમાં બંધ અને મોક્ષની ઉપપત્તિ થઈ શકે તે આ પ્રકારે યુક્તિથી ઉપદેશક યોગ્ય શ્રોતાને બતાવે, જેથી યોગ્ય શ્રોતાને સ્થિર નિર્ણય થાય કે ભગવાનનાં વચનમાં આ પ્રકારે બંધ-મોક્ષની વ્યવસ્થા છે. માટે સર્વજ્ઞનું વચન જ એકાંત પ્રમાણ છે. **||૪૭/૧૦૫||**

**અવતરણિકા :-**

**बध्यमानबन्धने एव व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**બધ્યમાન અને બંધનને જ કહે છે –**

**ભાવાર્થ :-**

સૂત્ર-૪૬માં કહેલ કે બધ્યમાન અને બંધનનો સદ્ભાવ હોતે છતે બંધ અને મોક્ષની ઉપપત્તિ છે, તેથી જિજ્ઞાસા થાય કે બધ્યમાન કોણ છે અને બંધન શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**સૂત્ર :-**

**बध्यमान आत्मा, बन्धनं वस्तुसत् कर्म ।।४८/१०६।।**

**સૂત્રાર્થ :-**

**બધ્યમાન આત્મા છે, બંધન વસ્તુરૂપે સત્ કર્મ છે. ||૪૮/૧૦૬||**

**ટીકા :-**

**तत्र 'बध्यमानः' स्वसामर्थ्यतिरोधानेन पारवश्यमानीयमानः, क इत्याह–'आत्मा' चतुर्दश-भूतग्रामभेदभिन्नो जीवः प्रतिपाद्यते, तथा बध्यते मिथ्यात्वादिभिर्हेतुभिरात्मा अनेनेति 'बन्धनम्,' किमित्याह–'वस्तुसत्' परमार्थतो विद्यमानं 'कर्म' ज्ञानावरणादि अनन्तानन्तपरमाणुप्रचयस्वभावमत एव मूर्त्तप्रकृतीति ।**

**अत्रात्मग्रहणेन सांख्यमतनिरासमाह, यतस्तत्रोच्यते –**

"आत्मा न बध्यते नापि मुच्यते नापि संसरति कश्चित् ।
संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः ।।९२।।" **[सांख्यकारिका ६२]**

**वस्तुसद्ग्रहणेन तु सौगतमतस्य, यतस्तत्रापि पठ्यते –**

"चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ।।९३।।" **[शास्त्रवार्त्ता० ४०४]**

**'रागादिक्लेशवासित'मिति रागादिक्लेशैः सर्वथा चित्तादव्यतिरिक्तैर्वासितं संस्कृतम्, एवं हि बध्यमानान्न भिन्नं वस्तुसत्कर्मेत्यभ्युपगतं भवति, तत्र प्रकृतेरेव बन्धमोक्षाभ्युपगमे आत्मनः संसाराऽपवर्गावस्थयोरभिन्नैकस्वभावत्वेन योगिनां यमनियमाद्यनुष्ठानं मुक्तिफलतयोक्तं यद् योगशास्त्रेषु तद् व्यर्थमेव स्यात् । बौद्धस्यापि चित्तादव्यतिरिक्तकर्मवादिनोऽवस्तुसत्त्वमेव कर्मणः स्यात्, यतो यद्यतोऽव्यतिरिक्तस्वरूपं तत् तदेव भवति, न च लोके तदेव तेनैव बध्यते इति प्रतीतिरस्ति, बध्यमानबन्धनयोः पुरुषनिगडादिरूपयोः भिन्नस्वभावयोरेव लोके व्यवह्रियमाणत्वात् । किञ्च, चित्तमात्रत्वे कर्मणोऽभ्युपगम्यमाने संसाराऽपवर्गयोर्भेदो न प्राप्नोति, चित्तमात्रस्योभयत्राप्यविशेषात् ।।४८/१०६।।**

**ટીકાર્થ :-**

**तत्र 'बध्यमानः' ..... चित्तमात्रस्योभयत्राप्यविशेषात् ।। ત્યાં=બધ્યમાનના અને બંધનના સ્વીકારમાં, બધ્યમાન=સ્વસામર્થ્યના તિરોધાનથી પારવશ્ય પ્રાપ્યમાન, કોણ છે ? એથી કહે છે – આત્મા=ચૌદ ભૂતગ્રામના ભેદથી ભિન્ન એવો જીવ પ્રતિપાદન કરાય છે અને મિથ્યાત્વાદિ હેતુઓ વડે આત્મા જેના વડે બંધાય એ બંધન છે અને એ બંધન વસ્તુરૂપે સત્=પરમાર્થથી વિદ્યમાન, જ્ઞાનાવરણાદિ કર્મ અનંતાનંત પરમાણુપ્રચયના સ્વભાવવાળું છે. આથી જ=પરમાણુના પ્રચયરૂપ છે આથી જ, મૂર્ત પ્રકૃતિ છે. અહીં=સૂત્રમાં, આત્મગ્રહણ દ્વારા=બધ્યમાન તરીકે આત્માને ગ્રહણ દ્વારા, સાંખ્યમતના નિરસનને કહે છે. જે કારણથી ત્યાં=સાંખ્યમતમાં, કહેવાય છે –**

"આત્મા બંધાતો નથી. વળી, મુકાતો નથી. વળી, કોઈ આત્મા સંસરણ પામતો નથી અર્થાત્ સ્થાનાંતરમાં ગમન કરતો નથી. નાના આશ્રયવાળી=જુદા જુદા જીવોના આશ્રયવાળી, પ્રકૃતિ સંસરણ કરે છે, બંધાય છે અને મુકાય છે. ।।૯૨।।" **(સાંખ્યકારિકા શ્લોક-૬૨)**

**વળી, વસ્તુસદ્ગ્રહણ દ્વારા=કર્મને વસ્તુરૂપે સત્ સ્વીકારવા દ્વારા, સૌગતમતનું નિરસન છે જે કારણથી ત્યાં પણ=સૌગતમતમાં પણ, કહેવાય છે.**

"રાગાદિ ક્લેશવાસિત એવું ચિત્ત જ સંસાર છે. તેનાથી=રાગાદિક્લેશથી, વિનિર્મુક્ત=રહિત, તે જ=ચિત્ત જ, ભવનો અંત છે એ પ્રમાણે કહેવાય છે. ।।૯૩।।" **(શાસ્ત્રવાર્તા૦ શ્લોક-૪૦૪)**

**રાગાદિક્લેશવાસિત=સર્વથા ચિત્તથી અવ્યતિરિક્ત એવા રાગાદિક્લેશથી વાસિત અર્થાત્ સંસ્કૃત=સંસ્કાર પામેલું ચિત્ત સંસાર છે એમ બૌદ્ધ માને છે. એ રીતે બધ્યમાન એવા આત્માથી ભિન્ન એવી વસ્તુરૂપે સદ્ એવું કર્મ છે એ રીતે સ્વીકારાયેલું થતું નથી.**

**ત્યાં=સાંખ્યમતના કથનમાં, પ્રકૃતિનો જ બંધ-મોક્ષ સ્વીકાર કરાયે છતે આત્માનું સંસાર અને મોક્ષ અવસ્થામાં અભિન્ન એક સ્વભાવપણું હોવાથી યોગશાસ્ત્રોમાં મુક્તિના ફલપણારૂપે કહેવાયેલું જે યોગીઓનું યમ-નિયમ આદિ અનુષ્ઠાન તે વ્યર્થ જ થાય.**

**ચિત્તથી અવ્યતિરિક્ત કર્મવાદી એવા બૌદ્ધના પણ મતે કર્મનું અવસ્તુરૂપે સત્ત્વ જ થાય. જે કારણથી જે જેનાથી અવ્યતિરિક્ત સ્વરૂપવાળું છે તે તે જ છે. અને લોકમાં તે જ=પોતાનાથી અવ્યતિરિક્ત સ્વરૂપવાળી વસ્તુ જ, તેના વડે જ=પોતાના સ્વરૂપ વડે જ બંધાય છે એ પ્રકારે પ્રતીતિ નથી; કેમ કે ભિન્ન સ્વભાવવાળા જ પુરુષ અને બેડી આદિરૂપ બધ્યમાન અને બંધનનો લોકમાં વ્યવહાર છે. વળી, કર્મનું ચિત્તમાત્રપણું સ્વીકાર કરાયે છતે સંસારનો અને મોક્ષનો ભેદ પ્રાપ્ત થાય નહિ; કેમ કે ચિત્ત માત્રનું ઉભયમાં પણ=સંસાર અવસ્થામાં અને મોક્ષ અવસ્થામાં પણ, અવિશેષ છે. ||૪૮/૧૦૬||**

**ભાવાર્થ :-**

જિનશાસનમાં આત્મા બધ્યમાન સ્વીકારાયો છે. આત્માની બધ્યમાન અવસ્થા એટલે આત્માના પોતાના સામર્થ્યના તિરોધાનથી પરવશતાને પામેલી અવસ્થા. જેમ કોઈ પુરુષ સ્વઇચ્છા અનુસાર ગમન આદિ કરતો હોય અને તેને બેડીમાં નાખવામાં આવે તો તેના ગમનનું સામર્થ્ય તિરોધાન થાય છે અને તે પુરુષ બેડીના બંધનમાં પરવશતાથી જીવે છે તેમ આત્માનું પોતાનું સહજ સુખાત્મક જે સ્વરૂપ હતું તે સ્વરૂપના અનુભવનું સામર્થ્ય કર્મના બંધનને કારણે તિરોધાન થાય છે અને કર્મને પરવશ તે તે દેહાદિમાં ઉત્પન્ન થઈને પરવશતાથી જીવે છે, પરવશતાથી મરે છે અને પરવશતાથી ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. આવો જીવ ચૌદ પ્રકારના જીવોના ભેદોમાંથી કોઈક ભેદને પામીને સંસારમાં રખડે છે.

વળી, જીવનાં મિથ્યાત્વાદિ પરિણામો દ્વારા વસ્તુરૂપે વિદ્યમાન એવા જ્ઞાનાવરણાદિ કર્મોને સંસારી જીવબાંધે છે અને તે કર્મ આત્માથી ભિન્ન, વસ્તુરૂપે સત્ એવા મૂર્ત પુદ્ગલરૂપ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે આત્મામાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ પાંચ પ્રકારની મલિન પરિણતિ છે અને તે પરિણતિના બળથી કર્મ આત્મા સાથે સંશ્લેષ પામે છે અને તેની પરિણતિને અનુરૂપ જ્ઞાનાવરણાદિરૂપે પરિણમન પામે છે અને જે કર્મના ઉદયથી જ્ઞાનનું આવરણ થાય છે તે જ્ઞાનાવરણીય છે. વળી, કેટલાંક કર્મો જ્ઞાનની વિકૃતિને કરે છે તે મોહનીય છે. અને કેટલાંક કર્મો દેહ આદિના સંયોગો કરાવે છે તે નામકર્માદિ રૂપ છે અને તે પ્રકૃતિઓને પરવશ જીવ સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે.

અહીં બધ્યમાન આત્મા સ્વીકારવાથી સાંખ્યમતનું નિરસન થાય છે; કેમ કે સાંખ્યદર્શનવાળા આત્માને

કૂટસ્થ નિત્ય માને છે, તેથી તેમના મતમાં આત્મા સદા એક સ્વરૂપ છે અને તેમના મતે પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તે બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડે છે. પ્રકૃતિ જ બંધાય છે અને પ્રકૃતિ જ મુક્ત થાય છે, છતાં પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડેલું હોવાથી ઉપચારથી આત્મા બંધાય છે અને આત્મા મુકાય છે તેવો વ્યવહાર થાય છે. તેથી સાંખ્યમત અનુસાર કર્મ વસ્તુરૂપે સત્ હોવા છતાં અને આત્મા કર્મથી પૃથક્ હોવા છતાં આત્મા કર્મથી બંધાતો નથી તેવો અર્થ પ્રાપ્ત થાય અને પ્રકૃતિ જ બંધાય છે અને પ્રકૃતિ જ મુક્ત થાય છે તે કથન સંગત થાય નહિ; કેમ કે બધ્યમાન વસ્તુ ન હોય તો બંધનરૂપ કર્મ પોતાને બાંધે છે એમ કહેવું સંગત થાય નહિ અને પ્રકૃતિ જ બંધાતી હોય અને મોક્ષ પામતી હોય તો મોક્ષ અર્થે યોગીઓ પ્રવૃત્તિ કરે છે તે વ્યર્થ સિદ્ધ થાય. અર્થાત્ યોગીનો આત્મા બંધાયેલો નથી, તેથી પોતાની મુક્તિ માટે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તેમ કહેવું અર્થ વગરનું છે.

વળી, બૌદ્ધદર્શનવાળા બધ્યમાન એવા આત્માને સ્વીકારે છે, પરંતુ આત્માથી અતિરિક્ત વસ્તુરૂપે સત્ એવું બંધન સ્વીકારતા નથી. અને "રાગાદિક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે" એમ કહીને રાગાદિ પરિણામવાળા આત્માને બંધાયેલો માને છે અને રાગાદિ પરિણામ રહિત આત્માને મુક્ત માને છે. તેઓના મતે આત્માથી ભિન્ન વસ્તુરૂપે વિદ્યમાન એવું બંધન ન હોય તો સંસાર અવસ્થામાં પણ આત્મા કેવલ છે અને મુક્ત અવસ્થામાં પણ આત્મા કેવલ છે. અને કેવલ એવા આત્માના રાગાદિ ભાવો પરિણામો છે અને રાગાદિ રહિત એવો આત્મા પણ કેવલ છે, માટે રાગાદિ રહિત પણ આત્માનો પરિણામ છે તેમ પ્રાપ્ત થાય અને કેવલ આત્મામાં રાગાદિ જનક કોઈ અન્ય વસ્તુ ન હોય તો બે વિરોધીભાવવાળો આત્મા પ્રાપ્ત થાય નહીં. તેથી આત્મા અન્ય વસ્તુથી બંધાયેલો છે તેમ સ્વીકારવું જોઈએ. લોકમાં પણ પ્રસિદ્ધ છે કે પુરુષને બંધનમાં નાખવો હોય તો પુરુષથી અતિરિક્ત બેડી આદિ વસ્તુ જોઈએ, કેવલ પુરુષ હોય તો તે બંધનવાળો કહેવાય નહિ. તેમ સંસાર અવસ્થામાં કેવલ આત્મા હોય તો તે બંધનવાળો કહેવાય નહિ. માટે બૌદ્ધમત અનુસાર પણ બંધ-મોક્ષની ઉપપત્તિ થતી નથી. માટે બૌદ્ધ દર્શન શુદ્ધ નથી. **॥૪૮/૧૦૬॥**

**અવતરણિકા :-**

**बन्धमोक्षहेतूनेवाह –**

**અવતરણિકાર્થ :-**

**બંધ-મોક્ષના હેતુઓને જ કહે છે –**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને બંધ-મોક્ષની ઉપપત્તિથી આગમની શુદ્ધિ છે તેમ બતાવ્યા પછી યોગ્ય શ્રોતા બંધ અને મોક્ષનાં કારણો જાણીને ઉચિત યત્ન કરે જેથી તેનું હિત થાય માટે બંધ-મોક્ષના હેતુઓને બતાવે છે –

**સૂત્ર :-**

हिंसादयस्तद्योगहेतवः, तदितरे तदितरस्य ।।४९/१०७।।

**સૂત્રાર્થ :-**

**હિંસાદિ તેના યોગના હેતુઓ છે=બંધના સંયોગના હેતુઓ છે અને તેનાથી ઈતર=હિંસાદિથી ઈતર એવા અહિંસાદિ, તેનાથી ઈતરના=બંધથી ઈતર એવા મોક્ષના હેતુઓ છે. ।।૪૯/૧૦૭।।**

**ટીકા :-**

**'हिंसादय' इति हिंसानृतादयो जीवपरिणामविशेषाः, किमित्याह—'तद्योगहेतवः, तस्य' बन्धस्य संसारफलत्वेन परमार्थचिन्तायां पापात्मकस्यैव 'हेतवः' आत्मना सह संबन्धकारणभावमापन्ना वर्तन्ते, यदवाचि –**

"हिंसानृतादयः पञ्च, तत्त्वाश्रद्धानमेव च ।

क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः ।।९४।।" **[शास्त्रवार्त्ता० श्लोक-४]**

**तथा 'तदितरे' तेभ्यो हिंसादिभ्य इतरेऽहिंसादय एव 'तदितरस्य' तस्मात् बन्धादितरो मोक्षः तस्य, अनुरूपकारणप्रभवत्वात् सर्वकार्याणामिति ।।४९/१०७।।**

**ટીકાર્થ :-**

**'हिंसादय' ..... सर्वकार्याणामिति ।। હિંસા, મૃષા આદિ જીવના પરિણામવિશેષો તેના યોગના હેતુઓ છે=બંધના અર્થાત્ સંસારફલપણું હોવાના કારણે પરમાર્થચિંતામાં પાપાત્મક જ એવા બંધના, હેતુઓ અર્થાત્ આત્માની સાથે સંબંધના કારણભાવને પામેલા વર્તે છે. જે કારણથી કહેવાયું છે –**

"હિંસા, મૃષા આદિ પાંચ, તત્ત્વનું અશ્રદ્ધાન અને ક્રોધાદિ ચાર એ પાપના હેતુઓ છે. ।।૯૪।।" **(શાસ્ત્રવાર્તા૦ શ્લોક ૪)**

**અને તેનાથી ઈતર=હિંસાદિથી ઈતર એવા અહિંસાદિ જ, તેનાથી ઈતરના=તે બંધથી ઈતર એવા મોક્ષના કારણ છે; કેમ કે સર્વકાર્યોનું અનુરૂપ કારણ પ્રભવપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૪૯/૧૦૭।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને બધ્યમાન અને બંધનનું સ્વરૂપ બતાવ્યા પછી બંધનાં કારણો અને મોક્ષનાં કારણો બતાવે છે. તે બંધનાં કારણો હિંસા-મૃષા આદિ પાંચ, તત્ત્વનું અશ્રદ્ધાન અને ક્રોધાદિ ચાર કષાયો છે. અહીં બંધનાં બધાં કારણોને પાપાત્મક કહ્યાં. તેથી કોઈને શંકા થાય કે બંધ પાપ અને પુણ્યરૂપે થાય છે છતાં બધાં બંધનાં કારણોને પાપાત્મક કેમ કહ્યાં ? તેથી કહે છે –

પરમાર્થથી વિચારણા કરવામાં આવે તો જે કર્મ સંસારના ફલવાળું હોય તે કદાચ શુભ હોય, તેથી પુણ્યરૂપ કહેવાય, તોપણ જીવને બાંધીને સંસારમાં રખડાવનાર છે માટે પાપાત્મક જ છે.

વળી, પૂર્વસૂત્રમાં મિથ્યાત્વાદિ પાંચ બંધનાં કારણો કહ્યાં તે પાંચ બંધનાં કારણો જ અહીં હિંસાદિ દસ ભેદમાં ભિન્ન પ્રકારે સંગ્રહ કરેલ છે, માટે પરસ્પર કોઈ વિરોધ નથી. વળી, જેમ મિથ્યાત્વાદિ પાંચ બંધનાં કારણો છે તેમ મિથ્યાત્વાદિથી વિપરીત સમ્યક્ત્વાદિ મોક્ષનાં કારણો છે તે રીતે હિંસાદિ દસથી વિપરીત અહિંસાદિ દસ મોક્ષનાં કારણો છે; કેમ કે સર્વ કાર્ય તેને અનુરૂપ કારણથી ઉત્પન્ન થાય છે. અને બંધને અનુરૂપ કારણ જેમ હિંસાદિ છે તેમ બંધના નાશને અનુરૂપ કારણ અહિંસાદિ છે, તેથી જેમ હિંસાદિથી કર્મ બંધાય છે તેમ અહિંસાદિથી કર્મનો નાશ થાય છે. આ પ્રકારે સંક્ષેપથી બંધ અને મોક્ષ કારણનો ઉપદેશ યોગ્ય શ્રોતાને ઉપદેશક કહે તો તે શ્રોતા પોતાની શક્તિ અનુસાર બંધ અને મોક્ષનાં કારણો વિશેષ વિશેષતર જાણીને બંધનાં કારણોનો ત્યાગ કરીને મોક્ષનાં કારણોને સેવે તો તેને હિતની પ્રાપ્તિ થાય. **॥૪૯/૧૦૭॥**

**અવતરણિકા :-**

**बन्धस्यैव स्वरूपमाह –**

**અવતરણિકાર્થ :-**

**બંધના જ સ્વરૂપને કહે છે –**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને બંધ-મોક્ષના હેતુ બતાવ્યા પછી બંધ કેવા સ્વરૂપવાળો છે તે બતાવે છે –

**સૂત્ર :-**

प्रवाहतोऽनादिमान् ।।५०/१०८।।

**સૂત્રાર્થ :-**

**પ્રવાહથી અનાદિનો છે=બંધ અનાદિનો છે. ।।૫૦/૧૦૮।।**

**ટીકા :-**

'प्रवाहतः' परम्परातः 'अनादिमान्' आदिभूतबन्धकालविकलः ।।५०/१०८।।

**ટીકાર્થ :-**

'प्रवाहतः' ..... कालविकलः ।। **પ્રવાહથી=પરંપરાથી બંધ અનાદિનો છે. અનાદિમાન છે=આદિભૂત-બંધકાલથી વિકલ છે. ।।૫૦/૧૦૮।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને કહે છે – હિંસાદિ કારણોથી બંધાતો એવો કર્મનો બંધ પણ પ્રવાહથી અનાદિનો છે, તેથી નક્કી થાય કે સંસારવર્તી દરેક જીવો અનાદિકાળથી બંધવાળા છે પરંતુ બંધ વગરનો કોઈ જીવ નથી અને મુક્ત થયા પછી ફરી ક્યારેય પણ બંધ થતો નથી. **॥૫૦/૧૦૮॥**

**અવતરણિકા :-**

**अत्रैवार्थे उपचयार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થમાં=બંધ પ્રવાહથી અનાદિનો છે એ જ અર્થમાં, ઉપચયાર્થને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં બંધ પ્રવાહથી અનાદિમાન છે એમ કહ્યું. તે અનાદિમાન કઈ રીતે સંગત થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**સૂત્ર :-**

कृतकत्वेऽप्यतीतकालवदुपपत्तिः ।।५१/१०९।।

**સૂત્રાર્થ :-**

**કૃતકપણામાં પણ અતીતકાળની જેમ ઉપપત્તિ છે=પ્રવાહથી બંધના અનાદિમાનની ઉપપત્તિ છે. ।।૫૧/૧૦૯।।**

**ટીકા :-**

**'कृतकत्वेऽपि' स्वहेतुभिर्निष्पादितत्वेऽपि बन्धस्यातीतकालस्येवोपपत्तिः घटना अनादिमत्त्वस्य वक्तव्या, किमुक्तं भवति? प्रतिक्षणं क्रियमाणोऽपि बन्धः प्रवाहापेक्षयाऽतीतकालवदनादिमानेव ।।५१/१०९।।**

**ટીકાર્થ :-**

**'कृतकत्वेऽपि' ..... कालवदनादिमानेव ।। કૃતકપણું હોવા છતાં પણ=બંધનું બંધના હેતુઓથી નિષ્પાદિતપણું હોવા છતાં પણ, અતીતકાલની જેમ ઉપપત્તિ=અનાદિમાનપણાની ઘટના, કહેવી જોઈએ. શું કહેવાયેલું થાય છે ?=સૂત્રથી શું કહેવાયેલું થાય છે ? એ કહેવાય છે – પ્રતિક્ષણ કરાતો પણ બંધ પ્રવાહ અપેક્ષાએ અતીતકાલની જેમ અનાદિમાન જ છે. ।।૫૧/૧૦૯।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી જે વસ્તુ કરાય છે તે અનાદિની નથી. જેમ કુંભકારના પ્રયત્નથી ઘટ કરાય છે, તેથી ઘટ

અનાદિનો નથી, તેમ હિંસાદિથી કર્મ બંધ જીવ વડે કરાય છે માટે અનાદિનો નથી તેવી શંકા થાય. તેના નિવારણ માટે દૃષ્ટાંતથી તેની સંગતિ કરે છે –

જેમ વર્તમાનની ક્ષણ બીજી ક્ષણમાં અતીત બને છે તેની જેમ ભૂતકાળની દરેક ક્ષણો કોઈક ક્ષણમાં ઉત્પન્ન થયેલી અને ત્યારપછી તે ક્ષણો અતીત બનેલી છતાં ભૂતકાળ પ્રવાહથી અનાદિનો છે તેમ જીવના પ્રયત્નથી કર્મ બંધાય છે છતાં તે તે બંધાયેલું કર્મ આદિમાન હોવા છતાં પ્રવાહથી કર્મનો બંધ અનાદિનો છે. ॥૫૧/૧૦૯॥

**અવતરણિકા :-**

**अथ यतोंऽशादनयोर्दृष्टान्तदार्ष्टान्तिकभावोऽभूत् तं साक्षादेव दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જે અંશથી આ બેનો=ભૂતકાળ અને કર્મનો, દૃષ્ટાંતદાર્ષ્ટાંતિકભાવ થયો તેને સાક્ષાત્ જ બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**वर्त्तमानताकल्पं कृतकत्वम् ।।५२।।११०।।**

**સૂત્રાર્થ :-**

**વર્તમાનતા તુલ્ય કૃતકપણું છે=અતીત કાળની દરેક ક્ષણમાં પૂર્વે જે વર્તમાનતા હતી તેના તુલ્ય બંધાયેલાં સર્વ કર્મમાં કૃતકપણું છે. ॥૫૨/૧૧૦॥**

**ટીકા :-**

**यादृशी अतीतकालसमयानां 'वर्त्तमानता' साम्प्रतरूपता तादृशं बन्धस्य 'कृतकत्वं' क्रियमाणत्वम्, क्रियाकालनिष्ठाकालयोश्च निश्चयनयाभिप्रायेणाभेदादेवमुपन्यस्तम्, अन्यथा 'वर्त्तमानताकल्पं' क्रियमाणत्वमित्युपन्यसितुं युक्तं स्यात् ।।५२/११०।।**

**ટીકાર્થ :-**

यादृशी ..... स्यात् ।। **જેવી અતીતકાલ સમયની વર્તમાનતા છે=સામ્પ્રતરૂપતા છે તેવું બંધનું કૃતકપણું છે=ક્રિયમાનપણું છે. અને ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો નિશ્ચયનયના અભિપ્રાયથી અભેદ હોવાને કારણે આ પ્રમાણે=વર્તમાનતા જેવું કૃતકપણું છે એ પ્રમાણે, ઉપન્યાસ કરાયો=સૂત્રમાં કથન કરાયું. અન્યથા=ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો નિશ્ચયનયના અભિપ્રાયથી અભેદ કરવામાં ન આવે અને વ્યવહારનયથી કહેવામાં આવે તો વર્તમાનતા તુલ્ય ક્રિયમાણત્વ છે એ પ્રમાણે કહેવું યુક્ત થાય. ॥૫૨/૧૧૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે "અતીતકાળની જેમ બંધ કૃતક હોવા છતાં પણ પ્રવાહથી અનાદિ છે." તે કથનમાં કયા અંશથી દૃષ્ટાંતદાર્ષ્ટાંતિકભાવ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભૂતકાળના દરેક સમયોમાં તે તે સમયમાં વર્તમાનતા હતી. તેના જેવું બંધાતા કર્મમાં કૃતકપણું છે, તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ભૂતકાળની દરેક ક્ષણ જે ક્ષણમાં વર્તમાન હતી તે વખતે તે ક્ષણ ઉત્પન્ન થયેલી, તેમ જે ક્ષણમાં જીવ કર્મ બાંધે છે તે ક્ષણમાં તે બંધ કૃતક કહેવાય છે અર્થાત્ તે બંધ જીવ વડે કરાયેલો કહેવાય છે અને બંધમાં કૃતકપણું છે.

અહીં પ્રશ્ન થાય કે કૃતક કહેવાથી બંધ કરાયેલો તેવો અર્થ થાય. વસ્તુતઃ બંધ ક્ષણમાં બંધ "કરાયેલો" નથી પણ "કરાતો" છે, તેથી વર્તમાનતા તુલ્ય કૃતકત્વને બદલે ક્રિયામાણત્વ જોઈએ, પરંતુ સૂત્રમાં કૃતકત્વ કેમ કહ્યું ? તેથી કહે છે –

નિશ્ચયનયથી ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો અભેદ છે, તેથી જે સમયે જીવ બંધને અનુકૂળ ક્રિયા કરે છે તે ક્ષણમાં જ બંધની ક્રિયા સમાપ્ત થાય છે. માટે વર્તમાનતા તુલ્ય કૃતકપણું છે એમ સૂત્રમાં કહ્યું અને વ્યવહારનયથી જે ક્ષણમાં જીવ કર્મ બાંધે છે તે ક્ષણમાં તે બંધ ક્રિયમાણ છે, કૃતક નથી પરંતુ ઉત્તરક્ષણમાં કૃતક છે, તેથી વ્યવહારનયથી વર્તમાનતા તુલ્ય ક્રિયમાણત્વ છે એમ કહેવું જોઈએ. **॥૫૨/૧૧૦॥**

**અવતરણિકા :-**

**यादृशि चात्मनि प्रागुपन्यस्ता बन्धहेतवः उपपद्यन्ते तमन्वयव्यतिरेकाभ्यामाह –**

**અવતરણિકાર્થ :-**

**અને જેવા આત્મામાં પૂર્વમાં કહેવાયેલા બંધના હેતુઓ ઘટે છે તેને=તેવા આત્માના સ્વરૂપને, અન્વય-વ્યતિરેકથી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં બંધનાં કારણો બતાવ્યાં. ત્યારપછી બંધ પ્રવાહથી અનાદિનો છે તે સ્પષ્ટ કર્યું. હવે કેવા પ્રકારનો આત્મા સ્વીકારીએ તો બંધના હેતુઓ સંગત થાય તેને અન્વયવ્યતિરેકથી સ્પષ્ટ કરે છે. અર્થાત્ પ્રસ્તુત સૂત્રમાં અન્વયથી અને ઉત્તરના સૂત્રમાં વ્યતિરેકથી સ્પષ્ટ કરે છે –

**સૂત્ર :-**

परिणामिन्यात्मनि हिंसादयः, भिन्नाभिन्ने च देहात् ।।५३/१११।।

**સૂત્રાર્થ :-**

**દેહથી ભિન્નાભિન્ન અને પરિણામી આત્મામાં હિંસાદિ ઘટે છે. ॥૫૩/૧૧૧॥**

**ટીકા :-**

**परिणमनं 'परिणामः' द्रव्यरूपतयाऽवस्थितस्यैव वस्तुनः पर्यायान्तरप्रतिपत्तिः, यथोक्तम् –**

"परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानम् ।

न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ।।९५।।" []

**परिणामो नित्यमस्यास्तीति 'परिणामी', तत्र 'आत्मनि' जीवे 'हिंसादयः' प्राग् निरूपिता उपपद्यन्ते, तथा 'भिन्ने' पृथग्रूपे 'अभिन्ने' च तद्विपरीते, 'च'कारो विशेषणसमुच्चये, कस्मादित्याह–'देहात्' शरीरात् ।।५३/१११।।**

**ટીકાર્થ :-**

**परिणमनं ..... शरीरात् ।। પરિણમન પરિણામ છે=દ્રવ્યરૂપપણાથી અવસ્થિત જ વસ્તુની પર્યાયઅંતરની પ્રાપ્તિ પરિણામ છે. જે પ્રમાણે કહેવાયું છે –**

"પરિણામ અર્થાંતરગમન છે અને સર્વથા વ્યવસ્થાન નથી. અને સર્વથા વિનાશ નથી તેના જાણનારાઓને પરિણામ ઈષ્ટ છે=આવા સ્વરૂપવાળો પરિણામ ઈષ્ટ છે. ॥૯૫॥" ()

**પરિણામ નિત્ય છે આને એ પરિણામી, તે આત્મામાં=પરિણામી જીવમાં, પૂર્વમાં કહેલા હિંસાદિ ઘટે છે. અને દેહથી=શરીરથી, ભિન્ન=પૃથગ્ રૂપ, અને અભિન્ન=તેનાથી વિપરીત=અપૃથગ્ રૂપ, એવા આત્મામાં હિંસાદિ ઘટે છે એમ અન્વય છે. અને સૂત્રમાં 'च'કાર વિશેષણના સમુચ્ચયમાં છે=આત્માના બે વિશેષણોના સમુચ્ચયમાં છે. ॥૫૩/૧૧૧॥**

**ભાવાર્થ :-**

આત્મા દ્રવ્યરૂપે અવસ્થિત છે અને પર્યાય અંતરને પ્રાપ્ત કરે છે તે પરિણામ છે અને આવો આત્મા સ્વીકારવામાં આવે અને વળી દેહથી કથંચિત્ આત્મા ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે તેમ સ્વીકારવામાં આવે તો કર્મબંધના કારણભૂત હિંસાદિ આત્મામાં સંગત થાય. કેમ સંગત થાય તે સ્વયં આગળમાં ગ્રંથકારશ્રી કહેશે. **॥૫૩/૧૧૧॥**

**અવતરણિકા :-**

**अत्रैवार्थे विपक्षे बाधकमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=હિંસાદિની સંગતિ માટે પરિણામી અને દેહથી ભિન્નાભિન્ન આત્મા સ્વીકાર્યો એમાં જ, વિપક્ષરૂપ અર્થ સ્વીકારવામાં=અપરિણામી અને દેહથી ભિન્નાભિન્ન અસ્વીકારરૂપ વિપક્ષમાં બાધકને કહે છે –**

**સૂત્ર :-**

अन्यथा तदयोगः ।।५४/११२।।

**સૂત્રાર્થ :-**

**અન્યથા=પરિણામી અને દેહથી ભિન્નાભિન્ન આત્મા ન સ્વીકારવામાં આવે તો તેનો અયોગ છે=હિંસાદિનો અયોગ છે. ।।૫૪/૧૧૨।।**

**ટીકા :-**

**यदि हि परिणामी आत्मा भिन्नाभिन्नश्च देहान्नेष्यते तदा 'तेषां' हिंसादीनां बन्धहेतुतयोपन्यस्तानाम् 'अयोगः' अघटना ।।५४/११२।।**

**ટીકાર્થ :-**

**यदि .... अघटना ।। જો પરિણામી આત્મા અને દેહથી ભિન્નાભિન્ન આત્મા ન ઇચ્છાય તો તેઓનો=બંધના હેતુપણાથી કહેવાયેલા હિંસાદિનો, અયોગ છે=અઘટના છે. ।।૫૪/૧૧૨।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક શ્રોતાને બંધનાં કારણો હિંસાદિ કેવો આત્મા સ્વીકારીએ તો સંગત થાય ? તેમ બતાવે છે તે પૂર્વસૂત્રમાં બતાવેલ. હવે તેવો આત્મા ન સ્વીકારીએ અને આત્માને અપરિણામી સ્વીકારીએ અને કદાચ આત્માને પરિણામી સ્વીકાર્યા પછી દેહથી એકાંત ભિન્ન કે એકાંત અભિન્ન સ્વીકારીએ તો આત્માના બંધનાં કારણો એવાં હિંસાદિ ઘટે નહિ તેમ ઉપદેશક બતાવે છે. કેમ હિંસાદિ ઘટે નહિ ? તે સ્વયં આગળ ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે. **।।૫૪/૧૧૨।।**

**અવતરણિકા :-**

**कथमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ હિંસાદિ ઘટે નહિ ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

આત્માને અપરિણામી માનવામાં આવે અથવા આત્માને દેહથી ભિન્ન અથવા દેહથી અભિન્ન માનવામાં આવે તો હિંસાદિ ઘટે નહિ તે સૂત્ર-૬૪ સુધી કહે છે –

**સૂત્ર :-**

नित्य एवाविकारतोऽसंभवात् ।।५५/११३।।

**સૂત્રાર્થ :-**

**નિત્ય જ આત્મામાં અવિકાર હોવાને કારણે અસંભવ હોવાથી=હિંસાદિનો અસંભવ હોવાથી અપરિણામી આત્મામાં હિંસાદિ ઘટે નહિ એમ પૂર્વસૂત્ર સાથે સંબંધ છે. ।।૫૫/૧૧૩।।**

**ટીકા :-**

**'नित्य एव' अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावे आत्मनि-न तु पर्यायनयावलम्बनेनानित्यरूपेऽपि इत्येवकारार्थः-अभ्युपगम्यमाने द्रव्यास्तिकनयावष्टम्भतः 'अविकारतः' तिलतुषत्रिभागमात्रमपि पूर्वस्वरूपादप्रच्यवमानत्वेन 'असंभवाद्' अघटनात् हिंसायाः, यतो हिंसा विवक्षितपर्यायविनाशादिस्वभावा शास्त्रेषु गीयते, यथोक्तम्–**

"तत्पर्यायविनाशो दुःखोत्पादस्तथा च संक्लेशः ।

एष वधो जिनभणितो वर्जयितव्यः प्रयत्नेन ।।९६।।" [] **।।५५/११३।।**

**ટીકાર્થ :-**

**'नित्य एव' ..... प्रयत्नेन ।। નિત્ય જ=દ્રવ્યાસ્તિકનયના અવલંબનથી અપ્રચ્યુત અનુત્પન્ન સ્થિર એક સ્વભાવવાળો આત્મા સ્વીકાર કરાયે છતે, પરંતુ પર્યાયાસ્તિકનયના અવલંબન દ્વારા અનિત્યરૂપ પણ ન સ્વીકારવામાં આવે તો અવિકાર હોવાથી=તલના ફોતરાના ત્રીજા ભાગ માત્ર પણ પૂર્વ સ્વરૂપથી અપ્રચ્યવમાનપણું હોવાથી, અસંભવ હોવાને કારણે=હિંસાદિનું અઘટન હોવાના કારણે, અપરિણામી આત્મામાં હિંસાદિ ઘટે નહિ એમ પૂર્વસૂત્ર સાથે સંબંધ છે. જે કારણથી વિવક્ષિતપર્યાયવિનાશાદિ સ્વભાવવાળી હિંસા શાસ્ત્રમાં કહેવાયી છે. જે પ્રમાણે કહેવાયું છે –**

"તેના પર્યાયનો નાશ અથવા દુઃખનો ઉત્પાદ અથવા સંક્લેશ એ વધ ભગવાન વડે કહેવાયેલો પ્રયત્નથી વર્જવો જોઈએ. ।।૯૬।।" **() ।।૫૫/૧૧૩।।**

**ભાવાર્થ :-**

(૧) સ્વનો કે પરનો જે વિદ્યમાન પર્યાય છે તેનો નાશ એ હિંસા છે. જેમ કોઈને મારવાથી તેનો વિદ્યમાન તે ભવનો પર્યાય નાશ પામે છે (૨) સ્વને કે પરને દુઃખ ઉત્પન્ન કરવું એ પણ હિંસા છે. અને (૩) પોતે સંક્લેશ કરવો કે બીજાને સંક્લેશ કરાવવો એ પણ હિંસા છે. આ ત્રણ પ્રકારે ભગવાને હિંસા કહેલ છે. આવી હિંસા આત્માને એકાંતે નિત્ય સ્વીકારવામાં આવે તો સંભવે નહિ; કેમ કે જો પોતાનો આત્મા અને બીજાનો આત્મા એકાંતે નિત્ય હોય તો પોતાના આત્માના સ્વરૂપમાં કે બીજાના આત્માના સ્વરૂપમાં લેશ પણ પરિવર્તન સંભવે નહિ, તેથી જીવ પોતાના ભાવપ્રાણના નાશરૂપ સંક્લેશ કરી શકે નહિ કે બીજાના ભાવપ્રાણના નાશરૂપ સંક્લેશ કરાવી શકે નહિ.

વળી, એકાંતે નિત્ય આત્મા સ્વીકારવામાં આવે તો આપઘાત આદિ દ્વારા પોતાના મનુષ્યપર્યાયનો નાશ કરે છે કે બીજાને મારી નાખવા દ્વારા બીજાના પર્યાયનો નાશ કરે છે તેવી હિંસા સંભવે નહિ. વળી, પોતાને દુઃખ ઉત્પન્ન કરવા રૂપ કે બીજાને દુઃખ ઉત્પન્ન કરવા રૂપ હિંસા સંભવે નહિ; કેમ કે એકાંત નિત્ય આત્મા સ્વીકારવામાં આત્માનું લેશ પણ પરિવર્તન થઈ શકે નહિ. **॥૫૫/૧૧૩॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

अनित्ये चापराहिंसनेन ।।५६/११४।।

**સૂત્રાર્થ :-**

**અનિત્ય આત્મામાં અપર વડે અહિંસન હોવાને કારણે હિંસાનો સંભવ નથી. ॥૫૬/૧૧૪॥**

**ટીકા :-**

**'अनित्ये च' सर्वथा प्रतिक्षणभङ्गुरे पुनरात्मनि अभ्युपगम्यमाने सति 'अपरेण' केनचित् लुब्धकादिना 'अहिंसनेन' अव्यापादनेन कस्यचिच्छूकरादेर्हिंसाऽसंभवः, प्रतिक्षणभङ्गुरत्वाभ्युपगमे हि सर्वेष्वात्मसु स्वत एव स्वजन्मलाभक्षणानन्तरं सर्वथा निवर्तमानेषु कः कस्य हिंसकः ? को वा कस्य हिंसनीयः ? इति ।।५६/११४।।**

**ટીકાર્થ :-**

**'अनित्ये च' ..... इति ।। અનિત્ય આત્મામાં=સર્વથા પ્રતિક્ષણ નાશવંત આત્મા સ્વીકાર કરાયે છતે લુબ્ધકાદિ વડે અહિંસન હોવાને કારણે=ભૂંડ આદિ કોઈના અવ્યાપાદનને કારણે, હિંસાનો અસંભવ છે.**

કેમ ક્ષણિક આત્મામાં હિંસાનો અસંભવ છે ? તે સ્પષ્ટ કરે છે –

**પ્રતિક્ષણ ભંગુરપણાથી આત્માનો સ્વીકાર કરાયે છતે સર્વ આત્માઓમાં સ્વજન્મના ક્ષણ પછી સ્વતઃ જ સર્વથા નિવર્તમાન આત્મા હોતે છતે કોણ કોનો હિંસક અથવા કોણ કોને હિંસનીય છે અર્થાત્ કોઈ કોઈનો હિંસક નથી અથવા કોઈ કોઈને હિંસનીય નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૫૬/૧૧૪॥**

**ભાવાર્થ :-**

આત્માને એક ક્ષણ પણ બીજી ક્ષણમાં નાશ સ્વીકારનાર બૌદ્ધ દર્શન છે અને તે દર્શન અનુસાર આત્માને અનિત્ય સ્વીકારીએ અર્થાત્ ક્ષણસ્થાયી સ્વીકારીએ તો એક ક્ષણ પછી બીજી ક્ષણમાં આત્મા સ્વતઃ નાશ પામે છે, તેથી કોઈ પુરુષ કોઈનો હિંસક બની શકે નહિ; કેમ કે ઉત્પન્ન થયા પછી તે બીજી ક્ષણમાં પણ સ્થિર રહેનાર હોય તો હિંસક વ્યક્તિના પ્રયત્નથી તેનો નાશ થયો તેમ કહી શકાય, પરંતુ ઉત્પન્ન થનાર વ્યક્તિ સ્વયં બીજી ક્ષણમાં નાશ પામનાર હોય તો કોઈ કોઈની હિંસા કરનાર નથી અને કોઈ કોઈના માટે હિંસા કરવા યોગ્ય પણ નથી; કેમ કે ઉત્પન્ન થયેલો આત્મા બીજી ક્ષણમાં સ્વયં નાશ પામનાર છે. **॥૫૬/૧૧૪॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**આત્માને પરિણામી ન સ્વીકારવામાં આવે અને એકાંતે નિત્ય અને એકાંતે ક્ષણિક સ્વીકારવામાં આવે તો હિંસાદિ ઘટી શકે નહિ તેની સ્પષ્ટતા સૂત્ર-૫૫ અને સૂત્ર-૫૬માં કરેલ. હવે દેહથી આત્માને એકાંતે ભિન્ન કે અભિન્ન માનવામાં આવે તો શું ઘટે નહિ તે સ્પષ્ટ કરવા અર્થે પ્રથમ દેહથી ભિન્ન એવા આત્માને સ્વીકારવામાં શું ઘટે નહિ તે સ્પષ્ટ કરે છે –**

**સૂત્ર :-**

भिन्न एव देहान्न स्पृष्टवेदनम् ।।५७/११५।।

**સૂત્રાર્થ :-**

**દેહથી ભિન્ન જ આત્મા હોય તો સ્પૃષ્ટનું વેદન થાય નહિ. ॥૫૭/૧૧૫॥**

**ટીકા :-**

**यदि हि 'भिन्न एव' विलक्षण एव सर्वथा देहादात्मा तदा 'न' नैव 'स्पृष्टस्य' योषिच्छरीर-शयनाऽसनादेः कण्टकज्वलनज्वालादेश्च इष्टानिष्टरूपस्य स्पर्शनेन्द्रियविषयस्य देहेन स्पृश्यमानस्य 'वेदनम्' अनुभवनं प्राप्नोति भोगिनः पुरुषस्य, न हि देवदत्ते शयनादीनि भोगाङ्गानि स्पृशति सति विष्णुमित्रस्यानुभवप्रतीतिरस्तीति ।।५७/११५।।**

**ટીકાર્થ :-**

**यदि ..... अनुभवप्रतीतिरस्तीति ।। જો દેહથી ભિન્ન જ=સર્વથા વિલક્ષણ જ, આત્મા હોય તો દેહની સાથે સ્પર્શને પામતા એવા સ્પૃષ્ટ સ્ત્રીનું શરીર, શયન, અસન આદિ અને કંટક, અગ્નિની જ્વાલાદિ**

**ઇષ્ટ-અનિષ્ટરૂપ સ્પર્શેન્દ્રિયના વિષયનું વેદન=અનુભવ ભોગીપુરુષને પ્રાપ્ત થાય નહિ જ. જે કારણથી દેવદત્તમાં શયનાદિ ભોગાંગો સ્પર્શતા હોય તો વિષ્ણુમિત્રને અનુભવની પ્રતીતિ નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૭/૧૧૫।।**

**ભાવાર્થ :-**

દેહથી આત્મા સર્વથા ભિન્ન હોય તો દેહને સ્પર્શનારી ભોગસામગ્રીનો કે દેહને ઉપઘાત કરનારી કંટકાદિ સામગ્રીનો જીવને અનુભવ થાય નહિ. જેમ દેવદત્તથી ભિન્ન વિષ્ણુમિત્ર છે, તેથી દેવદત્તના ભોગાદિનો અનુભવ વિષ્ણુમિત્રને થતો નથી તેમ દેહને સ્પર્શનારા પદાર્થોનો અનુભવ આત્માને થઈ શકે નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્માનો પોતાના ભાવોની સાથે જે પ્રકારનો અભેદ છે તેવો અભેદ દેહની સાથે નથી, તોપણ જેવો દેવદત્ત અને વિષ્ણુમિત્રનો ભેદ છે તેવો ભેદ પણ દેહની સાથે આત્માનો નથી. આથી જ પરભવમાં આત્મા જાય છે ત્યારે દેહનો વિયોગ થાય છે તેમ પોતાના ગુણોનો વિયોગ થતો નથી તોપણ વર્તમાનના ભવમાં દેહની સાથે કોઈક રીતનો એકત્વનો પરિણામ છે જેથી દેહને સ્પર્શનારા પદાર્થોનો અનુભવ આત્માને થાય છે અને આત્માને થતા પરિણામની અસર દેહને થાય છે અને દેહથી આત્માનો એકાંતભેદ સ્વીકારવામાં આવે તો દેહને સ્પર્શતા પદાર્થોનું વેદન આત્માને થાય છે તે સંગત થાય નહીં, માટે આત્માને દેહથી કથંચિત્ અભેદ સ્વીકારવો જોઈએ. **।।૫૭/૧૧૫।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**સૂત્ર :-**

निरर्थकश्चानुग्रहः ।।५८/११६।।

**સૂત્રાર્થ :-**

**નિરર્થક અનુગ્રહ છે. ।।૫૮/૧૧૬।।**

**ટીકા :-**

**'निरर्थकः' पुरुषसंतोषलक्षणफलविकलः, 'चः' समुच्चये, 'अनुग्रहः' स्रक्चन्दनाऽङ्गनावसनादिभिर्भोगाङ्गैरुपष्टम्भो भवेत् देहस्य, देहादात्मनोऽत्यन्तभिन्नत्वात्, निग्रहस्याप्युपलक्षणमेतत् ।।५८/११६।।**

**ટીકાર્થ :-**

**'निरर्थकः' ..... उपलक्षणमेतत् ।। નિરર્થક=પુરુષના સંતોષલક્ષણફલવિકલ અનુગ્રહ=માલા, ચંદન, સ્ત્રી, વસ્ત્ર આદિ ભોગનાં સાધનો વડે દેહનો ઉપષ્ટમ્ભરૂપ અનુગ્રહ નિરર્થક થાય; કેમ કે દેહથી આત્માનું અત્યંત ભિન્નપણું છે અને નિગ્રહનું પણ આ ઉપલક્ષણ છે=દેહનો કરાતો નિગ્રહ પણ નિરર્થક છે તેનું આ સૂત્ર ઉપલક્ષણ છે. ।।૫૮/૧૧૬।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક શ્રોતાને "દેહથી આત્માનો સર્વથા ભેદ નથી" તે યુક્તિથી બતાવતાં કહે છે કે જો દેહથી આત્માનો સર્વથા ભેદ હોય તો દેહનો અનુગ્રહ કરવા માટે જે ભોગસામગ્રીના ઉપાયો સંસારી જીવો કરે છે તે નિરર્થક થાય અને ચોરાદિનો નિગ્રહ જે રાજાદિ કરે છે તે નિરર્થક થાય. માટે અનુભવ અનુસાર આત્માનો દેહથી સર્વથા ભેદ સ્વીકારવો ઉચિત નથી. **।।૫૮/૧૧૬।।**

**અવતરણિકા :-**

**एवं भेदपक्षं निराकृत्याभेदपक्षनिराकरणायाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=સૂત્ર ૫૭-૫૮માં કહ્યું એ રીતે ભેદ પક્ષનું નિરાકરણ કરીને=દેહથી આત્મા ભિન્ન છે એ પ્રકારના ભેદ પક્ષનું નિરાકરણ કરીને, અભેદ પક્ષના નિરાકરણ માટે=આત્માનો દેહથી સર્વથા અભેદ છે એ પક્ષનું નિરાકરણ કરવા માટે, કહે છે –**

**સૂત્ર :-**

अभिन्न एवामरणं वैकल्यायोगात् ।।५९/११७।।

**સૂત્રાર્થ :-**

**અભિન્નમાં જ=દેહથી આત્માનો સર્વથા અભેદ જ, સ્વીકારવામાં અમરણ થાય=સંસારી જીવોના મૃત્યુનો અભાવ થાય; કેમ કે વૈકલ્પનો અયોગ છે=મૃત દેહમાં વિકલભાવનો અયોગ છે. ।।૫૯/૧૧૭।।**

**ટીકા :-**

**'अभिन्न एव' देहात् सर्वथा नानात्वमनालम्बमाने आत्मनि सति** 'चैतन्यविशिष्टः कायः पुरुषः' [] **इति मतावलम्बिनां सुरगुरुशिष्याणामभ्युपगमेन, किमित्याह–'अमरणं' मृत्योरभावः आपद्यत आत्मनः, कुत इत्याह–'वैकल्यस्यायोगाद्' अघटनात्, यतो मृतेऽपि देहे न किञ्चित् पृथिव्यादिभूतानां देहारम्भकाणां वैकल्यमुपलभ्यते । वायोस्तत्र वैकल्यमिति चेन्न, वायुमन्तरेण उच्छूनभावायोगात् । तर्हि तेजसः तत्र**

**वैकल्यमस्तीति चेन्न, तेजसो व्यतिरेकेण कुथितभावाप्रतिपत्तेरिति कथं देहाभिन्नात्मवादिनां मरणमुपपन्नं भवेदिति ।।५९/११७।।**

**ટીકાર્થ :-**

**'अभिन्न एव' ..... भवेदिति ।। અભિન્ન જ=દેહથી સર્વથા જુદાપણું અનાલંબન કરાતો આત્મા હોતે છતે "ચૈતન્ય વિશિષ્ટકાય પુરુષ છે" એ પ્રકારના મત અવલંબી એવા સુગુરુના શિષ્યોના અભ્યુપગમથી=આ પ્રકારના મતને સ્વીકારનારા ચાર્વાકના શિષ્યોના સ્વીકારથી, અમરણ થાય=આત્માને મૃત્યુનો અભાવ પ્રાપ્ત થાય.**

**કેમ મૃત્યુનો અભાવ પ્રાપ્ત થાય ? એથી કહે છે –**

**વૈકલ્યનો અયોગ છે=દેહમાં વિકલપણાનું અઘટન છે. જે કારણથી મરેલા પણ દેહમાં દેહ આરંભક એવા પૃથ્વી આદિ ભૂતોનું કંઈ વિકલપણું પ્રાપ્ત થતું નથી.**

**અહીં ચાર્વાક કહે કે – વાયુનું ત્યાં=મૃતદેહમાં વિકલપણું છે, તેથી મરણ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે એમ જો ચાર્વાક કહે તો તે કથન બરાબર નથી; કેમ કે વાયુ વગર ઉચ્છૂનભાવનો અયોગ છે=મૃતશરીર ફુલાય છે તેનો અયોગ છે. તો ચાર્વાક કહે છે કે ત્યાં=મૃતશરીરમાં અગ્નિનું વિકલપણું છે માટે મરણ છે એ પ્રમાણે જો ચાર્વાક કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે તારી વાત બરાબર નથી; કેમ કે અગ્નિ વગર કુથિત ભાવની અપ્રાપ્તિ છે=મૃતશરીર સડે છે તેની અપ્રાપ્તિ છે. એથી, દેહથી અભિન્ન આત્મવાદીઓના મતે મરણ કઈ રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૫૯/૧૧૭।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને દેહથી કથંચિત્ ભિન્ન આત્મા છે તેમ યુક્તિથી બતાવીને સ્થિર શ્રદ્ધા કરાવે છે કે પરલોકમાં જનારો આત્મા છે, તેથી આત્માના હિત માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. દેહથી અભિન્ન અર્થાત્ દેહ સ્વરૂપ જ આત્મા ચાર્વાક સ્વીકારે છે, તેથી ચાર્વાક મતને અનુસરનારા તેના શિષ્યો વડે દેહથી અભિન્ન આત્મા સ્વીકારાય છે. અને તેમ સ્વીકારવામાં આવે તો આ પાંચ ભૂતના સમુદાયરૂપ જે દેહ છે તત્સ્વરૂપ જ આત્મા છે. અને તેવો આત્મા સ્વીકારીએ તો સંસારમાં જીવોનું મૃત્યુ થતું પ્રત્યક્ષ દેખાય છે તે સંગત થાય નહિ.

કેમ સંગત થાય નહિ ? એથી કહે છે –

મૃત્યુ પામેલા દેહમાં પણ દેહ આરંભક પૃથ્વી આદિ પાંચ ભૂતોમાંથી કોઈ પણ ભૂતની વિકલતા પ્રાપ્ત થતી નથી, તેથી જેમ જીવતા મનુષ્યમાં પાંચ ભૂત રૂપ દેહ છે તેવો જ પાંચ ભૂતના સમુદાયરૂપ દેહ મૃત શરીરમાં છે. તેથી જો આત્મા દેહથી પૃથગ્ સ્વીકારવામાં ન આવે તો મૃત શરીરમાં ચેતના પ્રાપ્ત થવી જોઈએ.

અહીં ચાર્વાક કહે કે મૃત શરીરમાં વાયુનો અભાવ છે, તેથી ચૈતન્ય વિશિષ્ટ કાયાની પ્રતીતિ થતી નથી. અને જીવતા પુરુષના દેહમાં વાયુ છે માટે ચૈતન્ય વિશિષ્ટ કાયાની પ્રતીતિ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે ચાર્વાકનું આ કથન યુક્ત નથી; કેમ કે મૃતદેહ પણ પડ્યો પડ્યો ફુલાય છે, તેથી તેમાં વાયુનો અભાવ નથી. ચાર્વાક કહે કે જીવતા દેહમાં અગ્નિ છે, તેથી આહારાદિ પાચનક્રિયા થાય છે, મૃત દેહમાં અગ્નિ નથી, તેથી ચૈતન્યની પ્રતીતિ થતી નથી.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે શરીરમાં અગ્નિ ન હોય તો શરીર પડ્યું પડ્યું સડે છે તે થઈ શકે નહિ, તેથી અગ્નિ પણ મૃતદેહમાં છે, તેથી અર્થથી ફલિત થાય છે કે દેહથી ભિન્ન એવો આત્મા છે જે દેહમાં પૂર્વે હતો અને મૃત્યુ વખતે દેહથી પૃથગ્ થઈને ભવાંતરમાં જાય છે માટે દેહથી પૃથગ્ થવારૂપ મૃત્યુ આત્માને પ્રાપ્ત થાય છે. **॥૫૯/૧૧૭॥**

**અવતરણિકા :-**

**प्राक्तनावस्थयोर्वायुतेजसोस्तत्राभावात् मरणमुपपद्यते इति चेदुच्यते –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વના અવસ્થાવાળા=મૃત્યુની પૂર્વની અવસ્થાવાળા, વાયુ અને તેજનો, ત્યાં=મૃતશરીરમાં, અભાવ હોવાથી મરણ ઘટે છે=શરીરથી અભિન્ન આત્મા સ્વીકારવા છતાં મરણ ઘટે છે એ પ્રમાણે ચાર્વાક કહે તો તેને ગ્રંથકારશ્રી વડે કહેવાય છે –**

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં ટીકાકારશ્રીએ સ્પષ્ટતા કરી કે "મૃતશરીરમાં વાયુ અને અગ્નિ છે, માટે પાંચ ભૂતરૂપ દેહ વિદ્યમાન છે, છતાં તે દેહ ચૈતન્યવિશિષ્ટ નથી", તેથી નક્કી થાય છે કે તે દેહમાંથી પાંચ ભૂતથી અતિરિક્ત ચૈતન્ય મૃતશરીરમાં નાશ પામેલ છે. માટે દેહથી અતિરિક્ત આત્મા સ્વીકારવો જોઈએ. ત્યાં ચાર્વાક કહે કે મરણ પૂર્વે દેહમાં જે વાયુ અને અગ્નિ હતા તેવા વાયુ અને અગ્નિ મૃતશરીરમાં નથી; પરંતુ વિલક્ષણ વાયુ અને અગ્નિ છે, તેથી પૂર્વના વિશિષ્ટ વાયુ અને અગ્નિના અભાવને કારણે મૃતશરીરમાં ચૈતન્યની પ્રતીતિ થતી નથી. માટે દેહથી પૃથગ્ આત્મા ન સ્વીકારીએ તોપણ મૃત્યુની સંગતિ થશે, તેને ગ્રંથકારશ્રી કહે છે –

**સૂત્ર :-**

**मरणे परलोकाभावः ॥६०/११८॥**

**સૂત્રાર્થ :-**

**મરણમાં=ચાર્વાક કહે છે તે પ્રમાણે મરણ સ્વીકારવામાં, પરલોકનો અભાવ પ્રાપ્ત થાય. ॥૬૦/૧૧૮॥**

**ટીકા :-**

'मरणे' अभ्युपगम्यमाने 'परलोकस्याभावः' प्रसज्यते, न हि देहादभिन्न एवात्मन्यभ्युपगम्यमाने कश्चित् परलोकयायी सिद्ध्यति, देहस्यात्रैव तावत् पातदर्शनात् तद्व्यतिरिक्तस्य चात्मनोऽनभ्युपगमात्, न च वक्तव्यम्–परलोक एव तर्हि नास्ति, तस्य सर्वशिष्टैः प्रमाणोपष्टम्भोपपन्नत्वेनाभीष्टत्वात्, प्रमाणं चेदम् यो योऽभिलाषः स सोऽभिलाषान्तरपूर्वको दृष्टः, यथा यौवनकालाभिलाषो बालकालीनाभिलाषपूर्वकः, अभिलाषश्च बालस्य तदहर्जातस्य प्रसारितलोचनस्य मातुः स्तनौ निभालयतः स्तन्यस्पृहारूपः, यच्च तदभिलाषान्तरं तन्नियमाद् भवान्तरभावीति ।।६०/११८।।

**ટીકાર્થ :-**

**'मरणे' ..... भवान्तरभावीति ।। મરણ સ્વીકાર કરાયે છતે=ચાર્વાક મતની યુક્તિ અનુસાર મરણ સ્વીકાર કરાયે છતે, પરલોકનો અભાવ પ્રાપ્ત થાય.**

કેમ પરલોકનો અભાવ પ્રાપ્ત થાય ? એથી કહે છે –

**દેહથી અભિન્ન જ=એકાંત અભિન્ન જ, આત્મા સ્વીકાર કરાયે છતે પરલોકમાં જનારો કોઈ સિદ્ધ થાય નહિ.**

કેમ પરલોકમાં જનારો આત્મા સિદ્ધ થાય નહિ ? એથી કહે છે –

**દેહનું અહીં જ પાતદર્શન હોવાને કારણે અને દેહથી વ્યતિરિક્ત આત્માનો અસ્વીકાર હોવાને કારણે ચાર્વાક મત અનુસાર આત્માને સ્વીકારવાથી પરલોકમાં જનારો આત્મા સિદ્ધ થાય નહિ એમ અન્વય છે. અને તો પછી પરલોક જ નથી એમ ન કહેવું; કેમ કે તેનું=પરલોકમાં જનારા આત્માનું, સર્વ શિષ્ટ પુરુષો વડે પ્રમાણના ઉપષ્ટંભથી ઉપપન્નપણારૂપે સ્વીકારાયેલું છે, અને પ્રમાણ આ છે - જે જે અભિલાષ છે તે તે અભિલાષાન્તરપૂર્વક જોવાયેલો છે. જે પ્રકારે યૌવનકાળનો અભિલાષ બાલકાળના અભિલાષપૂર્વક છે અને તે દિવસના થયેલા પ્રસારિત લોચનવાળા, માતાના સ્તનને જોતા બાળને સ્તનની સ્પૃહારૂપ અભિલાષ છે અને જે તેનો અભિલાષાન્તર છે તે નિયમથી ભવાંતર ભાવી છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૦/૧૧૮।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહ્યું એ પ્રમાણે દેહથી અપૃથગ્ આત્મા સ્વીકારીએ તોપણ મરણ ઘટી શકે; પરંતુ તેમ સ્વીકારવાથી પરલોકનો અભાવ પ્રાપ્ત થાય; કેમ કે મૃતદેહ અહીં પડેલો દેખાય છે અને પરલોકમાં જનારો આત્મા દેહથી પૃથગ્ ન સ્વીકારવામાં આવે તો પરલોકની સંગતિ થાય નહિ. માટે પરલોકની સંગતિ અર્થે પણ દેહથી પૃથગ્ પરલોકમાં જનારો આત્મા સ્વીકારવો જોઈએ; કેમ કે સર્વ શિષ્ટ પુરુષોએ અનુમાન

પ્રમાણ દ્વારા આત્માને સ્વીકારેલ છે અને શિષ્ટ પુરુષો અનુમાન કરે છે કે દેહધારી બાળક કોઈક અભિલાષ કરે છે અને તે અભિલાષ કરવાના સંસ્કારોના કારણે તે યુવાન થાય છે ત્યારે તે યુવાન અવસ્થાના સંયોગોને અનુરૂપ અભિલાષો કરે છે.

તેથી નક્કી થાય છે કે પૂર્વમાં અભિલાષ કરવાની કુશળતા હતી; તે જ કુશળતા સંયોગ પ્રમાણે વિશેષ વિશેષ પ્રગટ થાય છે. અને તદ્દક્ષણ જન્મેલું બાળક ક્ષુધા લાગે છે ત્યારે સ્તનપાનનો અભિલાષ કરે છે; તે અભિલાષ કરવાની કળા તે બાળક આ ભવમાં શીખેલ નથી; પરંતુ તે અભિલાષ કરવાની કળા જન્માંતરના સંસ્કારથી આવે છે. માટે જન્મેલા બાળકને અભિલાષ કરતો જોઈને શિષ્ટ પુરુષો નક્કી કરે છે કે પૂર્વભવના સંસ્કારને કારણે સહજ રીતે બાળકને તે પ્રકારનો અભિલાષ થાય છે માટે પરલોક છે. આ પ્રકારે ઉપદેશક યોગ્ય શ્રોતાને યુક્તિ-અનુભવ અનુસાર બતાવે; જે સાંભળીને પરલોકની સ્થિર શ્રદ્ધાવાળો થયેલો શ્રોતા સદા પરલોકપ્રધાન જીવવા યત્ન કરે, જેથી તેનું અહિત થાય નહિ. **॥૬૦/૧૧૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**વળી, દેહથી આત્માને એકાંતે ભેદ સ્વીકારવામાં આવે તો શું દોષ આવે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

देहकृतस्यात्मनाऽनुपभोगः ।।६१/११९।।

**સૂત્રાર્થ :-**

**દેહકૃત એવા શુભ કે અશુભ કર્મનો આત્મા વડે અનુપભોગ છે. ।।૬૧/૧૧૯।।**

**ટીકા :-**

**एकान्तभेदे देहात्मनोरभ्युपगते सांख्येन 'देहेन कृतस्य' परेषां ताडनतर्जनहिंसनादिना देवतानमन-स्तवनादिना चोपायेनोपात्तस्य शुभाशुभरूपस्य कर्मणः 'आत्मना अनुपभोगः' सुखदुःखानुभव-द्वारेणावेदनमापद्यते, न हि कश्चिदन्यकृतं शुभमशुभं वा वेदयितुमर्हति, कृतनाशाऽकृताभ्यागम-दोषप्रसङ्गादिति ।।६१/११९।।**

**ટીકાર્થ :-**

एकान्तभेदे ..... दोषप्रसङ्गादिति ।। **સાંખ્ય દ્વારા દેહથી આત્માનો એકાંત ભેદ સ્વીકારાયે છતે દેહ વડે કરાયેલા પરને તાડન-તર્જન હિંસાદિ દ્વારા અશુભ કર્મનો અને દેહ વડે કરાયેલા દેવતાનમન-સ્તવન આદિ ઉપાય દ્વારા પ્રાપ્ત કરાયેલા શુભ કર્મનો આત્મા વડે અનુપભોગ અર્થાત્ સુખ દુઃખના**

**અનુભવ દ્વારા આત્માને તે કર્મનું અવેદન, પ્રાપ્ત થાય, જે કારણથી અન્ય વડે કરાયેલું શુભાશુભ કર્મ વેદન કરવા માટે કોઈ યોગ્ય નથી; કેમ કે કૃતનાશ અને અકૃતઆગમરૂપ દોષનો પ્રસંગ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૧/૧૧૯।।**

**ભાવાર્થ :-**

સૂત્ર-૫૭માં ગ્રંથકારશ્રીએ દેહથી ભિન્ન આત્મા સ્વીકારવાથી વર્તમાનમાં જે સુખદુઃખના અનુભવો થાય છે તે સંગત થાય નહિ તેમ બતાવેલ. હવે સાંખ્યમત અનુસાર દેહથી એકાંતે ભિન્ન આત્મા સ્વીકારવામાં આવે તો પોતાના દેહથી કરાયેલાં પાપો અને પોતાના દેહથી કરાયેલાં શુભ અનુષ્ઠાનો તેનાં ફળનો અનુભવ પણ આત્માને થાય નહિ તેમ સ્વીકારવું પડે, તેથી દેહથી આત્માને એકાંત ભેદ સ્વીકારવાથી પુણ્ય-પાપની વ્યવસ્થા સંગત થાય નહિ તેમ ફલિત થાય છે.

કેમ દેહથી આત્મા એકાંતે ભિન્ન સ્વીકારવાથી, દેહથી કરાયેલા પાપ-પુન્યનું ફળ આત્માને થાય નહિ ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જેમ કોઈ અન્ય પુરુષ પુણ્ય કે પાપ કરે, તેનું ફળ અન્ય પુરુષને મળતું નથી તેમ અન્ય પુરુષ તુલ્ય આત્માનો દેહથી એકાંત ભેદ હોય તો દેહથી કરાયેલું પુણ્ય કે પાપ પોતાને પ્રાપ્ત થાય નહિ. અને તેમ સ્વીકારીએ તો કૃતનાશ અને અકૃતના આગમનનો દોષ પ્રાપ્ત થાય. અર્થાત્ જે દેહે પાપ કર્યું છે તે દેહધારી આત્માને કરાયેલા પાપનું ફળ મળ્યું નહિ, તેથી કરાયેલા પાપનો નાશ તે દેહને પ્રાપ્ત થાય અને જે પાપ કરેલ નથી છતાં બીજા ભવમાં જનારા આત્માને તેનું ફળ મળે છે તેમ કહેવામાં આવે તો, નહિ કરાયેલા પાપનું આગમન આત્માને પ્રાપ્ત થયું તેમ માનવું પડે; કેમ કે જે દેહે પાપ કરેલ તે દેહ બીજા ભવમાં નથી અને બીજા ભવના દેહધારી એવા તે આત્માને તે પાપનું ફળ પ્રાપ્ત થયું. **।।૬૧/૧૧૯।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**વળી, દેહથી આત્મા સર્વથા ભિન્ન હોય તો શું દોષ આવે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

आत्मकृतस्य देहेन ।।६२/१२०।।

**સૂત્રાર્થ :-**

**આત્મા વડે કરાયેલા શુભ-અશુભ કર્મનું ફલ દેહ વડે ઉપભોગ થાય નહિ. ।।૬૨/૧૨૦।।**

**ટીકા :-**

**यदि च देहाद् भिन्न एव आत्मेत्यभ्युपगमः तदा 'आत्मकृतस्य' कुशलादकुशलाद्वाऽनुष्ठानादात्मसमुपार्जितस्य शुभस्याशुभस्य च कर्मण इहामुत्र च 'देहेन' कर्त्राऽनुपभोगः अवेदनं प्रसज्यते, अन्यकृतत्वात् ।।६२/१२०।।**

**ટીકાર્થ :-**

**यदि च ..... अन्यकृतत्वात् ।। અને જો દેહથી ભિન્ન જ આત્મા છે એ પ્રમાણે સ્વીકાર છે તો આત્મા વડે કરાયેલા કુશલ-અકુશલ અનુષ્ઠાનથી આત્મા વડે ઉપાર્જિત શુભ-અશુભ કર્મોનું આ ભવ અને પરભવમાં દેહ વડે કર્તાને અનુપભોગ છે=અવેદન પ્રાપ્ત થાય છે; કેમ કે અન્યકૃતપણું છે=દેહથી ભિન્ન એવા આત્મકૃતપણું છે. ।।૬૨/૧૨૦।।**

**ભાવાર્થ :-**

વળી એકાંત દેહથી ભિન્ન જ આત્મા છે એમ સાંખ્ય દર્શન સ્વીકારે છે એમ સ્વીકારવામાં આવે તો આત્મા જે ધર્મઅનુષ્ઠાન કરે છે અથવા આત્મા જે પાપઅનુષ્ઠાન કરે છે તેનાથી બંધાયેલાં શુભ અને અશુભ કર્મો અહીં આ ભવમાં અને પરભવમાં દેહથી વેદન થતાં દેખાય છે તે સંગત થાય નહિ.

વસ્તુતઃ સંસારી જીવો ચોરી આદિ કરે છે તેનાં ફળ ક્યારેક આ ભવમાં પ્રાપ્ત કરે છે અને તે દેહથી વેદન થાય છે તે પ્રત્યક્ષથી દેખાય છે તે સંગત થાય નહીં અને ક્યારેક તે અકાર્યનું ફળ જન્માંતરમાં મળે છે તે સંગત થાય નહિ માટે દેહથી કથંચિત્ આત્માનો અભેદ સ્વીકારવો જોઈએ. એ પ્રકારે ઉપદેશક યોગ્ય શ્રોતાને ઉપદેશ આપે છે. **।।૬૨/૧૨૦।।**

**અવતરણિકા :-**

**यदि नामैवमापद्यते तथापि को दोष ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**જો આ પ્રમાણે=સૂત્ર-૫૭થી અત્યાર સુધી કહ્યું એ પ્રમાણે, પ્રાપ્ત થાય તોપણ શું દોષ છે ? એથી કહે છે –**

**સૂત્ર :-**

दृष्टेष्टबाधा ।।६३/१२१।।

**સૂત્રાર્થ :-**

**દૃષ્ટ ઈષ્ટ બાધા છે. ।।૬૩/૧૨૧।।**

**ટીકા :-**

'दृष्टस्य' सर्वलोकप्रतीतस्य देहकृतस्यात्मना आत्मकृतस्य च देहेन यः सुखदुःखानुभवः तस्य, 'इष्टस्य' च शास्त्रसिद्धस्य 'बाधा' अपह्नवः प्राप्नोति, तथाहि–दृश्यत एवात्मा देहकृताच्चौर्य-पारदार्याद्यनार्यकार्याच्चारकादौ चिरं शोकविषादादीनि दुःखानि समुपलभमानः, शरीरं च तथाविधमनःसंक्षोभादापन्नज्वरादिजनितव्यथामनुभवदिति, न च दृष्टेष्टापलापिता युक्ता सताम्, नास्तिकलक्षणत्वात् तस्याः ।।६३/१२१।।

**ટીકાર્થ :-**

'दृष्टस्य' ..... तस्याः ।। **સર્વલોકપ્રતીત એવા દૃષ્ટની=દેહકૃત આત્મા વડે અને આત્માકૃત દેહ વડે જે સુખ-દુઃખનો અનુભવ છે તે રૂપ દૃષ્ટની, અને શાસ્ત્રસિદ્ધ એવા ઈષ્ટની બાધા=અપલાપ, પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે – દેહકૃત ચોરી, પરદારાગમન આદિ અનાર્ય કાર્યથી જેલ આદિમાં ચિરકાળ શોક-વિષાદાદિ દુઃખોને પ્રાપ્ત કરતો આત્મા દેખાય જ છે અને તેવા પ્રકારના મનસંક્ષોભથી પ્રાપ્ત થયેલા, જ્વરાદિથી જનિત વ્યથાને અનુભવતું શરીર દેખાય જ છે. અને દૃષ્ટ અને ઈષ્ટની અપલાપિતા સંત પુરુષોને યુક્ત નથી; કેમ કે તેનું=દૃષ્ટ-ઈષ્ટ અપલાપિતાનું, નાસ્તિકનું લક્ષણપણું છે. ॥૬૩/૧૨૧॥**

**ભાવાર્થ :-**

આત્માને એકાંતે દેહથી ભિન્ન સ્વીકારીએ તો દૃષ્ટ એવા અનુભવનો અપલાપ થાય છે અને શાસ્ત્રપ્રસિદ્ધ વચનોનો બાધ થાય છે માટે આત્માને એકાંતે દેહથી ભિન્ન સ્વીકારી શકાય નહિ.

આત્માને દેહથી એકાંતે ભિન્ન સ્વીકારવાથી દૃષ્ટ બાધા શું પ્રાપ્ત થાય ? એ બતાવે છે –

જેમ કોઈ પુરુષે દેહથી ચોરી આદિ અકાર્યો કર્યાં હોય અને તેને જેલ આદિમાં નાખવામાં આવે તો તેના આત્માને શોક વિષાદાદિ દુઃખોનો અનુભવ થાય છે તે થઈ શકે નહિ; કેમ કે દેહથી કરાયેલા કૃત્યના ફળરૂપે જેલ આદિની પ્રાપ્તિ દેહને પ્રાપ્ત થાય છે અને આત્મા દેહથી સર્વથા ભિન્ન હોય તો તેને શોકાદિનો અનુભવ થવો જોઈએ નહિ.

જેમ અન્યને જેલમાં નાખવાથી પોતાને શોકાદિ થતા નથી તેમ દેહને જેલ આદિમાં નાખવાથી આત્માને શોકાદિ થવા જોઈએ નહિ અને દેહના અકાર્યનું શોકાદિ ફળ આત્માને થાય છે માટે દેહથી અભિન્ન આત્મા છે તેમ માનવું જોઈએ.

વળી, કોઈ વ્યક્તિને તેવા પ્રકારના માનસિક વિકારો થાય, તે વિકારો આત્મા કરે છે, દેહ કરતો નથી અને તે વિકારોને કારણે જ્વરાદિથી પીડાનો અનુભવ શરીરને થાય છે, તેથી આત્મા દેહથી કથંચિત્ અભિન્ન છે તેમ ન સ્વીકારીએ તો દૃષ્ટ બાધા છે.

જે પુરુષ સદા પોતાના હિતની ચિંતા કરે છે એવા સત્પુરુષને દેખાતા અનુભવનો અપલાપ અને શાસ્ત્રનો અપલાપ કરવો ઉચિત નથી; કેમ કે દેખાતા અનુભવનો અને શાસ્ત્રનો અપલાપ કરનાર નાસ્તિક કહેવાય છે. **||૬૩/૧૨૧||**

**અવતરણિકા :-**

**इत्थं सर्वथा नित्यमनित्यं च तथा देहाद् भिन्नमभिन्नं चात्मानमङ्गीकृत्य हिंसादीनामसम्भव-मापाद्योपसंहरन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સર્વથા નિત્ય અથવા સર્વથા અનિત્ય અને દેહથી ભિન્ન અથવા દેહથી અભિન્ન આત્માને સ્વીકારીને હિંસાદિના અસંભવનું આપાદન કરીને ઉપસંહાર કરતાં કહે છે –**

**સૂત્ર :-**

अतोऽन्यथैतत्सिद्धिरिति तत्त्ववादः ।।६४/१२२।।

**સૂત્રાર્થ :-**

**આનાથી=એકાંતવાદથી, અન્યથા સ્વીકાર કરાયે છતે=નિત્યાનિત્યાદિરૂપ આત્મા સ્વીકાર કરાયે છતે, આની સિદ્ધિ છે=હિંસાદિની સિદ્ધિ છે, એ તત્ત્વવાદ છે. ||૬૪/૧૨૨||**

**ટીકા :-**

**'अतः' एकान्तवादाद् 'अन्यथा' नित्यानित्यादिस्वरूपे आत्मनि समभ्युपगम्यमाने 'एतत्सिद्धिः' हिंसादिसिद्धिः, तत्सिद्धौ च तन्निबन्धना बन्धमोक्षसिद्धिः, 'इति' एष 'तत्त्ववादः' प्रतिज्ञायते, योऽतत्त्ववादिना पुरुषेण वेदितुं न पार्यते इति ।।६४/१२२।।**

**ટીકાર્થ :-**

**'अतः' ..... इति ।। આનાથી=એકાંતવાદથી, અન્યથા સ્વીકાર કરાયે છતે=નિત્યાનિત્યાદિ સ્વરૂપ આત્મા સ્વીકાર કરાયે છતે, આની સિદ્ધિ છે=હિંસાદિની સિદ્ધિ છે. અને તેની સિદ્ધિ હોતે છતે=હિંસાદિની સિદ્ધિ હોતે છતે, તદ્નિબંધન=હિંસાદિની સિદ્ધિના કારણે બંધમોક્ષની સિદ્ધિ છે એ તત્ત્વવાદ જણાય છે. જે અતત્ત્વવેદી એવા પુરુષ વડે જાણી શકાતો નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ||૬૪/૧૨૨||**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને ફલિતાર્થ બતાવતાં કહે છે –

પૂર્વમાં એકાંતવાદ બતાવ્યો તે પ્રમાણે હિંસાદિની સંગતિ નથી તેમ બતાવ્યું, તેથી એકાંતવાદથી વિપરીત એવો નિત્યાનિત્યવાદરૂપ પરિણામી આત્મા સ્વીકારવામાં આવે અને દેહથી આત્માનો ભેદાભેદ સ્વીકારવામાં આવે તો હિંસાદિની સંગતિ થાય છે.

અને હિંસાદિની સંગતિ થાય તો હિંસાદિના ફળરૂપ બંધ અને અહિંસાદિના ફળરૂપ મોક્ષ સંગત થાય છે, તેથી આત્માને પરિણામી સ્વીકારવો અને આત્માને દેહથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન સ્વીકારવો એ તત્ત્વવાદ છે, અને જેઓ મધ્યસ્થતાપૂર્વક અનુભવને અનુરૂપ પદાર્થને જોવામાં કુશળ નથી તેવા અતત્ત્વવેદીઓ આ તત્ત્વવાદ જાણી શકતા નથી. માટે માર્ગાનુસારી સૂક્ષ્મબુદ્ધિથી તત્ત્વને જાણવા માટે પ્રયત્ન કરવો જોઈએ જેથી તત્ત્વવાદની પ્રાપ્તિ થાય એ પ્રકારે ઉપદેશક યોગ્ય શ્રોતાને ઉપદેશ આપે છે. **॥૬૪/૧૨૨॥**

**અવતરણિકા :-**

**एवं तत्त्ववादे निरूपिते किं कार्यमित्याह–**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે તત્ત્વવાદ નિરૂપણ કરાયે છતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે તત્ત્વવાદ નિરૂપણ કરાયે છતે, શું કરવું જોઈએ ?=ઉપદેશકે શું કરવું જોઈએ ?, એથી કહે છે –**

**સૂત્ર :-**

**परिणामपरीक्षा ।।६५/१२३।।**

**સૂત્રાર્થ :-**

**પરિણામની પરીક્ષા કરવી જોઈએ=શ્રોતાને તત્ત્વવાદ સમ્યક્ પરિણમન પામ્યો છે કે નહિ તેની પરીક્ષા કરવી જોઈએ. ।।૬૫/૧૨૩।।**

**ટીકા :-**

**'परिणामस्य' तत्त्ववादविषयज्ञानश्रद्धानलक्षणस्य 'परीक्षा' एकान्तवादारुचिसूचनवचनसंभाषणादिनोपायेन निर्णयनं विधेयम् ।।६५/१२३।।**

**ટીકાર્થ :-**

**'परिणामस्य' ..... विधेयम् ।। તત્ત્વવાદ વિષયક જ્ઞાન અને રુચિરૂપ પરિણામની પરીક્ષા=એકાંતવાદની અરુચિને સૂચન કરનારા વચન અને સંભાષણાદિ ઉપાયો દ્વારા નિર્ણય કરવો જોઈએ. ।।૬૫/૧૨૩।।**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ શ્રોતાને ઉપદેશક કઈ રીતે આત્મા પરિણામી છે અને કઈ રીતે આત્માનો

દેહથી કથંચિત્ ભેદ છે અને અભેદ છે તે સર્વ વિષયક શ્રોતાની બુદ્ધિ અનુસાર સમજાવ્યું અને કહ્યું કે આ રીતે અનુભવને અનુરૂપ તત્ત્વ સ્વીકારવામાં આવે તો બંધ અને મોક્ષ અર્થાત્ સંસાર અને મોક્ષ સંગત થાય. જેના પરમાર્થને જાણીને શ્રોતાને સ્થિર નિર્ણય થાય કે "મારા તેવા પ્રકારના પરિણામને કારણે હિંસાદિ થાય છે અને તેનાથી સંસાર નિષ્પન્ન થાય છે અને તત્ત્વના યથાર્થ નિર્ણયપૂર્વક સંસારના ઉચ્છેદના ઉપાયોને શાસ્ત્રવચનથી સમ્યક્ જાણીને તે પ્રકારના મારા યત્નથી ક્રમસર સંસારનો ઉચ્છેદ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે." ઉપદેશકના આ વચનથી શ્રોતાને અનેકાંતવાદની રુચિ થાય છે અને તે રુચિ પણ શ્રવણ માત્રથી નહિ પરંતુ પદાર્થના સમ્યક્ અવલોકનથી થઈ છે, તેથી પ્રસંગે પ્રસંગે એકાંતવાદ પ્રત્યે તેને અરુચિ સ્પષ્ટ થતી દેખાય અને અનેકાંતવાદ પ્રત્યે જ પક્ષપાત થાય તથા અનેકાંતવાદના મર્મને જાણવા માટે શ્રોતાને તીવ્ર જિજ્ઞાસા થાય તેનો નિર્ણય ઉપદેશકે કરવો જોઈએ. જેથી અનેકાંતવાદના પક્ષપાતી એવા તે શ્રોતાને વિશેષ ધર્મ પરિણમન પામે. **॥૬૫/૧૨૩॥**

**અવતરણિકા :-**

**ततोऽपि किं कार्यमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યારપછી પણ=શ્રોતાને તત્ત્વવાદ સમ્યક્ પરિણમન પામ્યો છે તેવો નિર્ણય કર્યા પછી પણ શું કરવું જોઈએ ?=ઉપદેશકે શ્રોતાને શું કહેવું જોઈએ ? તે કહે છે –**

**સૂત્ર :-**

शुद्धे बन्धभेदकथनम् ।।६६/१२४।।

**સૂત્રાર્થ :-**

**શુદ્ધ પરિણામ હોતે છતે=શ્રોતાને તત્ત્વવાદનો પરિણામ શુદ્ધિને પ્રાપ્ત થયેલો હોતે છતે, બંધના ભેદનું કથન કરવું જોઈએ=કર્મના બંધના જે ભેદો છે તેનું વર્ણન કરવું જોઈએ. ॥૬૬/૧૨૪॥**

**ટીકા :-**

**'शुद्धे' परमां शुद्धिमागते परिणामे 'बन्धभेदकथनम्' 'बन्धभेदस्य' मूलप्रकृतिबन्धरूपस्याष्टविधस्य उत्तरप्रकृतिबन्धस्वभावस्य च सप्तनवतिप्रमाणस्य [५+९+२+२८+४२+४+२+५=९७] 'कथनं' प्रज्ञापनं कार्यम्, बन्धशतकादिग्रन्थानुसारेणेति ।।६६/१२४।।**

**ટીકાર્થ :-**

'शुद्धे' ..... ग्रन्थानुसारेणेति ।। શુદ્ધ પરિણામ હોતે છતે=પરમશુદ્ધિને પામેલો પરિણામ હોતે છતે=

**શ્રોતાને સ્યાદ્વાદના બોધનો પરિણામ પરમશુદ્ધિને પામેલો હોતે છતે, બંધના ભેદનું કથન કરવું જોઈએ=આઠ પ્રકારની મૂળ પ્રકૃતિના બંધના સ્વભાવનું અને ૯૭ પ્રકારની ઉત્તરપ્રકૃતિના બંધના સ્વભાવનું બંધશતક આદિ ગ્રંથ અનુસારથી પ્રજ્ઞાપન કરવું જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૬૬/૧૨૪॥**

**ભાવાર્થ :-**

સૂત્ર-૬૫માં કહ્યું એ પ્રમાણે ઉપદેશક શ્રોતાને તત્ત્વવાદ પરિણમન પામ્યો છે કે નહિ તેની પરીક્ષા કર્યા પછી ઉપદેશકને જણાય કે અત્યાર સુધી વર્ણન કરાયેલ તત્ત્વવાદ શ્રોતાના હૈયામાં પરમશુદ્ધિને પામેલ છે, તેથી હવે આ શ્રોતા સ્યાદ્વાદની દૃષ્ટિથી સર્વ પદાર્થનું સમ્યક્ યોજન કરીને આત્મહિતમાં ઉદ્યમ કરી શકશે ત્યારે 'બંધશતકાદિ ગ્રંથ'માં કહ્યા પ્રમાણે શ્રોતાની બુદ્ધિ અનુસાર કર્મના ભેદોનું વિસ્તારથી વર્ણન કરે; જેથી શ્રોતાને નિર્ણય થાય કે આ પ્રકારના કર્મોના ભેદો જીવના અધ્યવસાયથી બંધાય છે અને તે બંધનાં કારણો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે અને જીવ જિનવચનનું અવલંબન લઈને મિથ્યાત્વાદિ ભાવોને દૂર કરવા માટે ઉદ્યમ કરે તો બંધનાં કારણોનો ક્રમસર ઉચ્છેદ થાય છે અને મોક્ષનાં કારણોની ક્રમસર પ્રાપ્તિ થાય છે જેથી સંસારનો અંત થાય છે. **॥૬૬/૧૨૪॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**પૂર્વસૂત્રમાં કહ્યું કે શ્રોતાને તત્ત્વવાદ પરિણમન પામે ત્યારે ઉપદેશક કર્મના ભેદોનું વર્ણન કરે અને તે વર્ણન કર્યા પછી યોગમાર્ગમાં અત્યંત ઉત્સાહિત કરવા અર્થે શું કહે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

वरबोधिलाभप्ररूपणा ।।६७/१२५।।

**સૂત્રાર્થ :-**

**વરબોધિલાભની પ્રરૂપણા કરે. ॥૬૭/૧૨૫॥**

**ટીકા :-**

**'वरस्य' तीर्थकरलक्षणफलकारणतया शेषबोधिलाभेभ्योऽतिशायिनो 'बोधिलाभस्य प्ररूपणा' प्रज्ञापना, अथवा 'वरस्य' द्रव्यबोधिलाभव्यतिरेकिणः पारमार्थिकस्य 'बोधिलाभस्य प्ररूपणा' हेतुतः स्वरूपतः फलतश्चेति ।।६७/१२५।।**

**ટીકાર્થ :-**

**'वरस्य' ..... फलतश्चेति ।। વર=તીર્થંકરલક્ષણફલના કારણપણાથી શેષબોધિલાભથી અતિશયવાળા એવા શ્રેષ્ઠ, બોધિલાભની પ્રરૂપણા કરે=હેતુ, સ્વરૂપ અને ફલથી પ્રરૂપણા કરે અથવા દ્રવ્યબોધિલાભથી ભિન્ન એવા પારમાર્થિક બોધિલાભરૂપ વરબોધિલાભની હેતુ, સ્વરૂપ અને ફલથી પ્રરૂપણા કરે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૭/૧૨૫।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને બંધના ભેદોનો પારમાર્થિક બોધ થાય ત્યારપછી કહે કે જો શાસ્ત્રનાં વચનોને યથાર્થ જાણવા પ્રયત્ન કરવામાં આવે તો સૂક્ષ્મ પદાર્થોનો બોધ થાય છે અને તેનાથી શ્રેષ્ઠ એવા બોધિલાભની પ્રાપ્તિ થાય છે.

શ્રેષ્ઠ બોધિલાભના બે અર્થો ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

(૧) તીર્થંકરપણાની પ્રાપ્તિનું કારણ એવો જે બોધિલાભ તે વરબોધિલાભ છે.

(૨) ધર્મની રુચિવાળા જીવો સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે અને સમ્યક્ત્વના આચારો પાળે છે તે દ્રવ્યબોધિલાભ છે અને તેનાથી ભિન્ન એવો જે પારમાર્થિક બોધિલાભ છે તે વરબોધિલાભ છે, જે બોધિલાભ દર્શનમોહનીયના ક્ષયોપશમ આદિથી થનારો સૂક્ષ્મબોધથી યુક્ત જીવનો પરિણામ છે.

આ બન્ને પ્રકારના બોધિલાભનું વર્ણન હેતુ, સ્વરૂપ અને ફલથી કહે છે. તે આ પ્રમાણે –

જે જીવો સમ્યક્ત્વ પામીને વિચારે છે કે આ સંસારસમુદ્રથી તરવાનું પ્રબળ કારણ એવું ભગવાનનું શ્રુતજ્ઞાન વિદ્યમાન હોવા છતાં અજ્ઞાનને વશ સંસારી જીવો દુઃખી થાય છે અને તેમના દુઃખને જોઈને જે જીવોને તેઓના કલ્યાણના આશયપૂર્વક પોતાની શક્તિના પ્રકર્ષથી ભગવાનના શ્રુતજ્ઞાનના પરમાર્થને બતાવવાનો તીવ્ર પરિણામ થાય છે તે જીવોને હેતુથી વરબોધિનો લાભ છે. અને તેનાથી તીર્થંકરનામકર્મનો બંધ થાય છે તે વરબોધિલાભનું સ્વરૂપ છે. તીર્થંકરનામકર્મનો બંધ કર્યા પછી તે જીવો તીર્થંકરરૂપે થઈને જગતના જીવોના કલ્યાણઅર્થે શ્રુતજ્ઞાનનું પ્રકાશન કરે છે તે વરબોધિલાભનું ફળ છે.

અથવા

જે જીવોને સંસારનું યથાર્થ સ્વરૂપ જણાવાથી સંસારના નિસ્તારના ઉપાયોરૂપે જિનવચન જાણવાની તીવ્ર જિજ્ઞાસા થાય છે તે પારમાર્થિક સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ બોધિલાભનું કારણ છે અને તેવા જીવો તત્ત્વની જિજ્ઞાસાથી જિનવચનના સૂક્ષ્મ પરમાર્થને પ્રાપ્ત કરે ત્યારે સૂક્ષ્મબોધને અનુકૂળ વ્યાપારકાળમાં મિથ્યાત્વની તમોગ્રંથિનો ભેદ થાય છે, જેના કારણે જિનવચનનું પારમાર્થિક તત્ત્વ દેખાય છે તે સ્વરૂપથી બોધિલાભ છે. આવો બોધિલાભ પ્રાપ્ત થયા પછી તે જીવ અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ રૂપ સંસારના પરિભ્રમણનાં અન્ય કારણોનો ક્રમસર ઉચ્છેદ કરવા માટે જે ઉદ્યમ કરે છે તે સર્વ પ્રાપ્ત થયેલા બોધિલાભનું ફળ છે.

આ રીતે વરબોધિલાભનું વર્ણન ઉપદેશક શ્રોતાને તેની બુદ્ધિ અનુસાર કરે તો તે શ્રોતા પણ શક્તિ અનુસાર ઉદ્યમ કરીને હિત સાધી શકે. **॥૬૭/૧૨૫॥**

**અવતરણિકા :-**

**तत्र हेतुतस्तावदाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=વરબોધિલાભની પ્રરૂપણામાં, હેતુથી વરબોધિલાભને કહે છે –**

**સૂત્ર :-**

तथाभव्यत्वादितोऽसौ ।।६८/१२६।।

**સૂત્રાર્થ :-**

**તથાભવ્યત્વઆદિથી આ=વરબોધિલાભ, થાય છે. ॥૬૮/૧૨૬॥**

**ટીકા :-**

**भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिको भावः आत्मस्वतत्त्वमेव, 'तथाभव्यत्वं' तु भव्यत्वमेव कालादिभेदेनात्मनां बीजसिद्धिभावात् नानारूपतामापन्नम्, 'आदि'शब्दात् कालनियति-कर्मपुरुषपरिग्रहः, तत्र कालो विशिष्टपुद्गलपरावर्त्तोत्सर्पिण्यादिः तथाभव्यत्वस्य फलदानाभिमुख्यकारी, वसन्तादिवद् वनस्पतिविशेषस्य, कालसद्भावेऽपि न्यूनाधिकव्यपोहेन नियतकार्यकारिणी नियतिः, अपचीयमानसंक्लेशं नानाशुभाशयसंवेदनहेतुः कुशलानुबन्धि कर्म, समुचितपुण्यसंभारो महाकल्याणाशयः प्रधानपरिज्ञानवान् प्ररूप्यमाणार्थपरिज्ञानकुशलः पुरुषः, ततस्तथाभव्यत्वमादौ येषां ते तथा तेभ्यः, 'असौ' वरबोधिलाभः प्रादुरस्ति, स्वरूपं च जीवादिपदार्थश्रद्धानमस्य ।।६८/१२६।।**

**ટીકાર્થ :-**

भव्यत्वं ..... श्रद्धानमस्य ।। ભવ્યત્વ એટલે સિદ્ધિમાં જવાના યોગ્યત્વરૂપ અનાદિપારિણામિક ભાવરૂપ આત્માનું સ્વતત્ત્વ જ છે=આત્માનું સ્વસ્વરૂપ જ છે.

વળી, કાલાદિભેદથી આત્માને બીજસિદ્ધિનો ભાવ હોવાને કારણે અનેકરૂપતાને પામેલું ભવ્યત્વ જ તથાભવ્યત્વ છે. સૂત્રમાં રહેલા આદિ શબ્દથી કાલ, નિયતિ, કર્મ અને પુરુષકારનું ગ્રહણ છે.

ત્યાં=કાલાદિમાં, વિશિષ્ટ પુદ્ગલપરાવર્ત ઉત્સર્પિણી આદિ કાળ તથાભવ્યત્વને ફ્લદાનને અભિમુખકારી છે વનસ્પતિ વિશેષને વસંત આદિ ઋતુની જેમ.

કાલના સદ્ભાવમાં પણ ન્યૂન-અધિકના નિવારણથી નિયત કાર્યકારિણી નિયતિ છે.

**અપચીયમાન સંક્લેશવાળું જુદા જુદા શુભાશયના સંવેદનનો હેતુ કુશલાનુબંધી કર્મ છે.**

**સમુચિત પુણ્યસંભારવાળો, મહાકલ્યાણના આશયવાળો, પ્રધાનના પરિજ્ઞાનવાળો=પ્રધાન પ્રયોજનના યથાર્થ બોધવાળો, પ્રરૂપણા કરાતા અર્થના પરિજ્ઞાનમાં કુશલ પુરુષ છે=તેવા પુરુષનો યત્ન પુરુષકાર છે. ત્યારપછી=પાંચે કારણોનું સ્વરૂપ બતાવ્યા પછી.**

તથાભવ્યત્વ આદિનો સમાસ સ્પષ્ટ કરે છે –

**તથાભવ્યત્વ છે આદિમાં જેને તે તેવા છે=તથાભવ્યત્વાદિ છે. તેનાથી=તથાભવ્યત્વાદિથી, આ= વરબોધિલાભ, પ્રાદુર્ભાવ થાય છે અને જીવાદિ પદાર્થનું શ્રદ્ધાન આનું=વરબોધિલાભનું, સ્વરૂપ છે. ॥૬૮/૧૨૬॥**

**ભાવાર્થ :-**

જગતવર્તી જે કોઈ કાર્યો થાય છે તે પાંચ કારણોથી થાય છે અને જીવને પણ સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ વરબોધિલાભરૂપ કાર્ય પાંચ કારણોથી થાય છે. તે આ પ્રમાણે –

તથાભવ્યત્વરૂપ સ્વભાવ, કાલ, નિયતિ, કર્મ અને પુરુષ=પુરુષનો પ્રયત્ન, એ પાંચ કારણોથી જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**(૧) તથાભવ્યત્વરૂપ સ્વભાવ :-**

તે પાંચ કારણોમાં જે ભવ્યત્વ છે તે જીવમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતારૂપ અનાદિકાળથી જીવમાં વર્તતો પારિણામિક ભાવ છે અને તે આત્માનું પોતાનું સ્વસ્વરૂપ જ છે. આવું ભવ્યત્વ દરેક ભવ્યજીવમાં સમાન હોવા છતાં દરેક જીવોને યોગબીજની પ્રાપ્તિ ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન સંયોગથી થાય છે. તેથી જે કાલાદિના ભેદથી સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ કાર્યભેદ થાય છે તેને અનુરૂપ દરેક જીવનું તેવા પ્રકારનું ભવ્યત્વ જુદું જુદું છે અને તે ભવ્યત્વ જ કાલાદિ અન્ય સામગ્રીને પામીને વરબોધિલાભરૂપે પરિણમન પામે છે.

**(૨) કાળ :-**

જે કાળમાં જે જીવ સમ્યક્ત્વ પામે છે તે જીવ માટે તે કાળ ચરમ પુદ્ગલપરાવર્ત છે, તેથી વિશિષ્ટ પુદ્ગલપરાવર્તરૂપ કાળ સમ્યક્ત્વનો કાળ છે અર્થાત્ ચરમ પુદ્ગલપરાવર્ત સમ્યક્ત્વનો કાળ છે. અને તેમાં પણ જે ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાળમાં જે જીવને સમ્યક્ત્વ મળે છે તે ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાળ તે જીવ માટે સમ્યક્ત્વપ્રાપ્તિનો વિશેષ કાળ છે અને તે કાળ જીવના તથાભવ્યત્વને સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ ફલ આપવાને અભિમુખ કરે છે, જેમ વસંત આદિ ઋતુમાં કેટલીક વનસ્પતિઓ ખીલે છે તેમ. તેથી એ ફલિત થાય કે જે જીવનો સમ્યક્ત્વપ્રાપ્તિને અનુકૂળ કાળ પાક્યો હોય તે કાળ તે જીવમાં રહેલી યોગ્યતા સમ્યક્ત્વની પ્રાપ્તિને અભિમુખ કરે છે.

**(૩) નિયતિ :-**

વળી, જીવનો સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ કાળ પાક્યો હોય તોપણ કંઈક આગળપાછળ કર્યા વગર નિયતકાળે જ સમ્યક્ત્વપ્રાપ્તિરૂપ કાર્ય નિયતિ કરે છે, જેમ જન્મેલા બાળકમાં ભાષા બોલવાને અભિમુખ કાળ પાક્યો હોય ત્યારે તેને ભાષાનો અભ્યાસ કરાવવામાં આવે તો તે ભાષા શીખી શકે છે. પરંતુ જન્મેલું બે-ચાર દિવસનું બાળક કાળ પાકેલો નહિ હોવાથી ભાષા શીખી શકતું નથી અને ભાષાને ગ્રહણ કરવાને અનુકૂળ કાળ પાક્યો હોય તેમાં પણ આગળપાછળના કાળને છોડીને ચોક્કસ નિયતકાળે તેને બોલવાની સામગ્રીની પ્રાપ્તિથી બોલવાનો પ્રારંભ થાય છે તેમ, જે જીવની જે પ્રકારની નિયતિ હોય તે નિયતિ અનુસાર નિયત કાર્ય થાય છે.

**(૪) કર્મ :-**

જ્યારે જીવ સમ્યક્ત્વપ્રાપ્તિને સન્મુખ બને છે ત્યારે તેનાં કર્મો પણ અપચય પામતા સંક્લેશવાળાં હોય છે અર્થાત્ પૂર્વમાં જે જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મો હતાં તે અતિવિપર્યાસને કરનારાં હતાં અને સમ્યક્ત્વને અભિમુખ થયેલા જીવનાં જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મો ક્રમસર અલ્પ અલ્પ સંક્લેશ કરાવે તેવાં ક્ષીણ શક્તિવાળાં બને છે.

વળી, અપચીયમાન સંક્લેશવાળા કર્મના સહવર્તી વર્તતો ક્ષયોપશમ ભાવ જુદા જુદા શુભ આશયના સંવેદનનું કારણ છે, તેથી તે વખતે તે જીવનું કર્મ જીવની કુશલ પરંપરાને કરે તેવું છે અને તે કર્મના સહાયથી જીવ વરબોધિલાભને પ્રાપ્ત કરે છે.

**(૫) પુરુષ :-**

વળી, જ્યારે જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિને અભિમુખ બને છે ત્યારે તે જીવ સમુચિત પુણ્યના સંભારવાળો છે. અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે જ ઘણા પ્રકારના શુભભાવો કરીને સમ્યક્ત્વરૂપ ઉત્તમ ગુણની પ્રાપ્તિનું કારણ બને તેવા વિશિષ્ટ પુણ્યપ્રકૃતિના ઉદયવાળો છે.

વળી, મહાકલ્યાણના આશયવાળો છે; કેમ કે સંસારના વાસ્તવિક સ્વરૂપને ઘણે અંશે યથાર્થ જોઈને પોતાના આત્માના હિતની ચિંતાવાળો છે.

વળી, પ્રધાન પરિજ્ઞાનવાળો છે=પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં મુખ્યરૂપે આત્માના હિત માટે શું કરવું ઉચિત છે તેવી માર્ગાનુસારી બુદ્ધિવાળો છે. વળી, મહાપુરુષો દ્વારા પ્રરૂપણા કરાતા પદાર્થના યથાર્થ પરિજ્ઞાનને અનુકૂળ કુશલ બુદ્ધિવાળો છે અને તેવો પુરુષ સ્વપરાક્રમથી પોતાનામાં રહેલ તથાભવ્યત્વનો પરિપાક કરીને વરબોધિલાભને પ્રાપ્ત કરે છે.

તેથી ભવ્યત્વ આદિ પાંચ કારણોના સમુદાયથી જીવને વરબોધિલાભની પ્રાપ્તિ થાય છે. અને જ્યારે જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે જીવાદિ પદાર્થો જે રીતે ભગવાને કહેલા છે તે પ્રકારે જ તેને રુચે છે,

તેથી જીવાદિ પદાર્થના યથાર્થ રુચિના બળથી, તે મહાત્મા સદા જિનવચનનું અવલંબન લઈને, સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદમાં સદા પ્રવર્તે છે, તે વરબોધિલાભનું સ્વરૂપ છે. **II૬૮/૧૨૬II**

**અવતરણિકા :-**

**अथ फलत एनमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ફલથી આને જ=વરબોધિલાભને જ, કહે છે –**

**ભાવાર્થ :-**

સૂત્ર-૬૭માં કહેલ કે ઉપદેશકે હેતુથી, સ્વરૂપથી અને ફળથી વરબોધિલાભની પ્રરૂપણા કરવી જોઈએ. તેમાં સૂત્ર-૬૮માં હેતુથી વરબોધિલાભની પ્રરૂપણા બતાવી, અને ટીકાકારશ્રીએ ટીકાના અંતે સ્વરૂપથી વરબોધિલાભને બતાવેલ. હવે સૂત્ર-૭૫ સુધી ફલથી વરબોધિલાભને જ બતાવે છે –

**સૂત્ર :-**

**ग्रन्थिभेदे नात्यन्तसंक्लेशः ।।६९/१२७।।**

**સૂત્રાર્થ :-**

**ગ્રંથિભેદ થયે છતે અત્યંત સંક્લેશ થતો નથી=સમ્યક્ત્વથી પાત થયા પછી પણ અત્યંત સંક્લેશ થતો નથી. ।।૬૯/૧૨૭।।**

**ટીકા :-**

**इह ग्रन्थिरिव ग्रन्थिः दृढो रागद्वेषपरिणामः, तस्य 'ग्रन्थेः भेदे' अपूर्वकरणवज्रसूच्या 'भेदे' विदारणे सति लब्धशुद्धतत्त्वश्रद्धानसामर्थ्यान्नात्यन्तं न प्रागिवातिनिबिडतया 'संक्लेशो' रागद्वेषपरिणामः प्रवर्तते, न हि लब्धवेधपरिणामो मणिः कथञ्चिन्मलापूरितरन्ध्रोऽपि प्रागवस्थां प्रतिपद्यत इति ।।६९/१२७।।**

**ટીકાર્થ :-**

**इह ..... इति ।। અહીં=ગ્રંથિભેદ શબ્દમાં, ગ્રંથિ જેવી ગ્રંથિ છે=દૃઢ રાગદ્વેષનો પરિણામ છે. તે ગ્રંથિનો ભેદ કરાયે છતે=અપૂર્વકરણરૂપ વજ્રની સોયથી વિદારણ કરાયે છતે, પ્રાપ્ત થયેલા શુદ્ધ તત્ત્વના શ્રદ્ધાનના સામર્થ્યથી પૂર્વની જેમ અતિ નિબિડપણાથી અત્યંત રાગદ્વેષના પરિણામરૂપ સંક્લેશ થતો નથી. જે કારણથી લબ્ધવેધપરિણામવાળો મણિ કોઈક રીતે મલથી પુરાયેલા છિદ્રવાળો પણ પૂર્વની અવસ્થાને પ્રાપ્ત કરતો નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬૯/૧૨૭।।**

**ભાવાર્થ :-**

જેમ દોરીની ગાંઠ મજબૂત બંધાયેલી હોય અને તે ગાંઠ પણ ઘણા સમયથી તે રીતે બંધાયેલી હોવાથી અતિ દૃઢ થયેલી હોય. તેની જેમ જીવમાં રાગ-દ્વેષના પરિણામ દૃઢ વર્તે છે, તેથી બાહ્ય પદાર્થના સ્વરૂપને જોવા માત્રમાં જ તેની દૃષ્ટિ પ્રવર્તે છે પરંતુ આત્માનું પારમાર્થિક સ્વરૂપ શું છે, હિત શું છે, શું કરવું મારા માટે ઉચિત છે તેના પરમાર્થને જાણવા માટે અભિમુખ થવામાં પણ બાધ કરે તેવા પ્રકારના બાહ્ય પદાર્થ વિષયક રાગદ્વેષનો પરિણામ તે જીવમાં વર્તે છે, તેથી જ કોઈક નિમિત્તે જિનવચન સાંભળવા મળે, યોગીઓને યોગસાધના કરતા જોવા મળે, તોપણ જિનવચનના પરમાર્થને જાણવા માટે જીવ અત્યંત અભિમુખ થતો નથી. તે સર્વમાં બાધક જીવમાં વર્તતા રાગ-દ્વેષના પરિણામરૂપ ગ્રંથિનો પરિણામ છે. અને પૂર્વના સૂત્રમાં કહ્યું તે પ્રમાણે તથાભવ્યતાદિ પાંચ કારણોનો યોગ થાય ત્યારે જીવમાં અપૂર્વકોટિનો વિશુદ્ધભાવ પ્રગટે છે જે અપૂર્વકરણરૂપ વજ્રની સોય છે અને તે અપૂર્વકરણ વજ્રની સોયથી તે મહાત્મા પોતાની ગ્રંથિનો ભેદ કરે છે. જેથી તે મહાત્માને સંસારની વાસ્તવિક સ્થિતિ જે પ્રમાણે સર્વજ્ઞે કહી છે તે પ્રમાણે જ જણાય છે અને જીવની સુંદર અવસ્થા સિદ્ધ અવસ્થા છે તેમ સર્વજ્ઞના વચનથી અને પોતાની માર્ગાનુસારી બુદ્ધિથી તે નિર્ણય કરે છે અને તે મોક્ષઅવસ્થાની પ્રાપ્તિનો ઉપાય સર્વજ્ઞનું વચન અને સર્વજ્ઞના વચનથી નિયંત્રિત ઉચિત ક્રિયા છે તેવો નિર્ણય તે મહાત્માને થાય છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિથી ઉત્સાહિત થયેલ તે મહાત્મા સદા શક્તિના પ્રકર્ષથી જિનવચનને જાણવા માટે અને જાણીને સ્થિર કરવા માટે અને શક્તિના પ્રકર્ષથી જિનવચન અનુસાર પ્રવૃત્તિ કરવા પ્રયત્ન કરે છે.

આવો પણ જીવ કોઈક નિમિત્તથી સમ્યક્ત્વથી પાત પામે તોપણ તેને અત્યંત સંક્લેશ થતો નથી.

કેમ અત્યંત સંક્લેશ થતો નથી તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ કોઈક મણિમાં કોઈક સાધનથી છિદ્ર કરવામાં આવે ત્યારપછી તે છિદ્રમાં મલ પુરાય, તોપણ તે મલ પુરાયેલ મણિ, છિદ્ર વગરના મણિ જેવો બનતો નથી, તેમ છિદ્ર વગરના મણિ તુલ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે જીવ હતો અને અપૂર્વકરણરૂપ વજ્રની સોય દ્વારા છિદ્રના વેધવાળા મણિતુલ્ય રાગદ્વેષરૂપ ગ્રંથિનો વેધ કરવામાં આવે અને તે છિદ્રમાં મિથ્યાત્વની પ્રાપ્તિને કારણે મલ ભરાય તોપણ સર્વથા વેધ વગરના મણિ જેવો તે મણિ થતો નથી. તેની જેમ નહિ ભેદાયેલી ગ્રંથિવાળા જીવને જેવો સંક્લેશ થાય છે તેવો સંક્લેશ ભેદાયેલી ગ્રંથિવાળા પાત પામેલા પણ જીવને થતો નથી, તેથી એ ફલિત થયું કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જીવ મિથ્યાત્વને પામીને અતિસંક્લેશને કારણે, તીર્થંકર આદિની આશાતના કરે, તોપણ ગ્રંથિભેદની પૂર્વના જેવો અતિ સંક્લેશનો પરિણામ થતો હતો તેવો અતિ સંક્લેશનો પરિણામ થતો નથી એ ગ્રંથિભેદનું ફળ છે. **॥૬૯/૧૨૭॥**

**અવતરણિકા :-**

एतदपि कुत ? इत्याह –

**અવતરણિકાર્થ :-**

આ પણ=ગ્રંથિભેદ થયે છતે સમ્યક્ત્વથી પાત થયા પછી પણ અત્યંત સંક્લેશ થતો નથી એમ પૂર્વસૂત્રમાં કહ્યું એ પણ, કેમ છે ? એથી કહે છે –

**સૂત્ર :-**

न भूयस्तद्बन्धनम् ।।७०/१२८।।

**સૂત્રાર્થ :-**

ફરી પણ તેનું=ગ્રંથિનું, બંધન નથી=પૂર્વ જેવી તીવ્ર રાગદ્વેષની પરિણતિનું નિષ્પાદન નથી. ।।૭૦/૧૨૮।।

**ટીકા :-**

यतो 'न भूयः' पुनरपि 'तस्य ग्रन्थेर्बन्धनं' निष्पादनं भेदे सति संपद्यते इति, किमुक्तं भवति? यावती ग्रन्थिभेदकाले सर्वकर्मणामायुर्वर्जानां स्थितिरन्तःसागरोपमकोटीकोटिलक्षणाऽवशिष्यते तावत्प्रमाणामेवासौ समुपलब्धसम्यग्दर्शनो जीवः कथञ्चित् सम्यक्त्वापगमात् तीव्रायामपि तथाविधसंक्लेशप्राप्तौ बध्नाति, न पुनस्तं बन्धेनातिक्रामतीति ।।७०/१२८।।

❖ 'न पुनस्तं'ના સ્થાને 'न पुनस्ताम्' પાઠ હોવાની સંભાવના છે.

**ટીકાર્થ :-**

यतो ..... बन्धेनातिक्रामतीति ।। જે કારણથી ફરી પણ તેનું=તીવ્ર રાગદ્વેષની પરિણતિરૂપ ગ્રંથિનું, બંધન=નિષ્પાદન, ભેદ થયે છતે=સમ્યક્ત્વની પ્રાપ્તિકાળમાં ગ્રંથિનો ભેદ થયે છતે, થતું નથી એથી ગ્રંથિભેદ થયા પછી તીવ્ર સંક્લેશ થતો નથી એમ પૂર્વસૂત્ર સાથે સંબંધ છે. શું કહેવાયેલું થાય છે?=સૂત્રના વચનથી શું કહેવાયેલું થાય છે ? એથી કહે છે – ગ્રંથિભેદકાળમાં આયુષ્યને છોડીને સર્વ કર્મોની અંતઃ સાગરોપમ કોટીકોટી લક્ષણ જેટલી સ્થિતિ અવશેષ રહે છે. તેટલા પ્રમાણ જ કર્મની સ્થિતિ પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનવાળો આ જીવ કોઈક રીતે સમ્યક્ત્વના અપગમથી તીવ્ર પણ તેવા પ્રકારની સંક્લેશની પ્રાપ્તિમાં બાંધે છે પરંતુ તેને=તેટલી સ્થિતિને બંધથી અતિક્રમણ કરતો નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૦/૧૨૮।।

**ભાવાર્થ :-**

પૂર્વસૂત્રમાં કહ્યું કે સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વથી પાત થવા છતાં પણ અતિ સંક્લેશ થતો નથી.

કેમ અતિ સંક્લેશ થતો નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

એક વખત સમ્યક્ત્વને પામ્યા પછી સમ્યક્ત્વથી પાત પામેલ જીવ ફરી રાગદ્વેષની તીવ્ર પરિણતિરૂપ ગ્રંથિને બાંધે છે છતાં પૂર્વના જેવી મજબૂત ગ્રંથિને બાંધતો નથી, તેથી સમ્યક્ત્વથી પાત પામ્યા પછી તે જીવને પૂર્વના જેવો તીવ્ર સંક્લેશ થતો નથી.

આ અર્થને સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે –

જીવ જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે અતિ વિશુદ્ધ પરિણામ હોવાને કારણે સર્વ કર્મોની સ્થિતિ અતિ અલ્પ બાંધે છે અને જે કર્મની સ્થિતિ તે બાંધે છે તેના કરતાં પૂર્વમાં બંધાયેલાં કર્મોની સ્થિતિ સત્તામાં ઘણી અધિક છે છતાં આયુષ્યકર્મને છોડીને તે સર્વ કર્મોની સ્થિતિ અંતઃ કોટાકોટી સાગરોપમ પ્રમાણ હોય છે. અને સમ્યક્ત્વથી તે જીવ કોઈક રીતે પાત પામે અને કોઈક રીતે અતિસંક્લિષ્ટ પરિણામવાળો થાય અને તેના કારણે તીર્થંકર આદિની આશાતના કરે, તે વખતે તે જીવ ગ્રંથિભેદકાળમાં બંધાતી સ્થિતિ કરતાં ઘણી અધિક કર્મની સ્થિતિ બાંધે છે, તોપણ ગ્રંથિભેદકાળમાં જે કર્મની સ્થિતિ સત્તામાં હતી તેનાથી અધિક કર્મની સ્થિતિ બાંધતો નથી. તેથી નક્કી થાય છે કે સમ્યક્ત્વથી પાત થયા પછી તીર્થંકર આદિની આશાતનાકાળમાં જીવને ઘણો સંક્લેશ હોય છે તોપણ ગ્રંથિભેદની પ્રાપ્તિ પૂર્વે જેવો સંક્લેશ થતો હતો તેવો તીવ્ર સંક્લેશ થતો નથી; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે તે જીવ ૭૦ કોટાકોટી સુધી કર્મની સ્થિતિને બાંધતો હતો, હવે અંતઃ કોટાકોટીથી અધિક સ્થિતિ ક્યારેય બાંધતો નથી અને કર્મની અધિક સ્થિતિની પ્રાપ્તિ સંક્લેશની તીવ્રતાને આધીન છે. માટે નક્કી થાય છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી મિથ્યાત્વ અવસ્થામાં સંક્લેશ થાય તોપણ પૂર્વના જેવો તીવ્ર સંક્લેશ થતો નથી એ સમ્યક્ત્વ પ્રાપ્તિનું ફળ છે. **॥૭૦/૧૨૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**વરબોધિલાભનું અન્ય ફળ શું છે ? તેનો 'તથા'થી સમુચ્ચય કરે છે –**

**સૂત્ર :-**

असत्यपाये न दुर्गतिः ।।७१/१२९।।

**સૂત્રાર્થ :-**

**અપાય નહિ થયે છતે=પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનનો નાશ નહિ થયે છતે દુર્ગતિ નથી. ॥૭૧/૧૨૯॥**

**ટીકા :-**

**'असति' अविद्यमाने 'अपाये' विनाशे सम्यग्दर्शनस्य परिशुद्धभव्यत्वपरिपाकसामर्थ्यात्**

**मतिभेदादिकारणानवाप्तौ 'न' नैव 'दुर्गतिः' कुदेवत्वकुमानुषत्वतिर्यक्त्वनारकत्वप्राप्तिः संपद्यते, किन्तु सुदेवत्वसुमानुषत्वे एव स्याताम्, अन्यत्र पूर्वबद्धायुष्केभ्य इति ।।७१/१२९।।**

**ટીકાર્થ :-**

**'असति' ..... इति ।। અપાય અવિદ્યમાન હોતે છતે=સમ્યગ્દર્શનનો વિનાશ નહિ થયે છતે=પરિશુદ્ધ ભવ્યત્વના પરિપાકના સામર્થ્યથી મતિભેદ આદિ કારણની અપ્રાપ્તિ થયે છતે, કુદેવત્વ, કુમાનુષત્વ, તિર્યંચત્વ, નારકત્વની પ્રાપ્તિરૂપ દુર્ગતિ પ્રાપ્ત થતી નથી જ, પરંતુ સુદેવત્વ, સુમાનુષત્વ જ પ્રાપ્ત થાય છે. પૂર્વબદ્ધ આયુષ્ય સિવાય=સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે બંધાયેલા આયુષ્ય સિવાય, દુર્ગતિની પ્રાપ્તિ થતી નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૧/૧૨૯।।**

**ભાવાર્થ :-**

જે જીવો પરિશુદ્ધ ભવ્યત્વના પરિપાકના સામર્થ્યથી સમ્યગ્દર્શન પામે છે તેઓમાં જિનવચન પ્રત્યેની તેવી સ્થિર રુચિ પ્રગટે છે; જેથી ક્યારેય પણ મતિભેદ આદિ કારણની પ્રાપ્તિ તેઓને થતી નથી. અર્થાત્ જિનવચનથી વિપરીત ભાવોમાં રુચિ થાય તેવા પ્રકારના મતિભેદ આદિ કારણની પ્રાપ્તિ થતી નથી. તેઓને પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન મોક્ષની પ્રાપ્તિ સુધી પાત પામતું નથી. અને તેવા જીવો જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી કુદેવત્વ, કુમાનુષ્યત્વ, તિર્યંચત્વ, નારકત્વની પ્રાપ્તિ કરતા નથી, પરંતુ સંસારના અંતનું કારણ બને તેવા સુદેવત્વ સુમાનુષત્વને જ પામે છે. કેવળ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે તેવા જીવોએ આયુષ્ય બાંધ્યું હોય તો તે આયુષ્યના બળથી નરકાદિની પ્રાપ્તિ થઈ શકે છે.

આનાથી ફલિત થાય છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિનું એ ઉત્તમ ફળ છે કે જો સમ્યક્ત્વનો નાશ ન થાય તો જ્યાં સુધી જીવ સંસારમાં છે ત્યાં સુધી પણ સદ્ગતિઓને જ અવશ્ય પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે જીવમાં રહેલ તથાભવ્યત્વ જ પરિપાક પામે છે ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને જે જીવોનું તથાભવ્યત્વ એવું પરિશુદ્ધ છે કે સમ્યક્ત્વ પામ્યા પછી તે ભવ્યત્વ અધિક અધિક ભૂમિકાના પરિપાકને જ પામે પરંતુ મલિનતાને પામે નહિ તેવા ભવ્યત્વના પરિપાકથી જે જીવો સમ્યક્ત્વ પામે છે તેઓમાં તેવું નિર્મળ કોટિનું મતિજ્ઞાન પ્રગટે છે જેથી જિનવચન અનુસાર તત્ત્વને જોયા પછી તે તત્ત્વમાં થયેલો નિર્ણય ક્યારેય પણ નાશ પામતો નથી પરંતુ અધિક અધિક જિનવચનના પરમાર્થને જાણવા માટે સદા ઉદ્યમ કરાવે છે. એટલું જ નહિ પણ જિનવચનને જાણ્યા પછી જિનવચન અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરીને આત્મહિત સાધવા જ પ્રેરણા કરે છે. તેવા જીવોને ક્ષયોપશમ ભાવનું સમ્યક્ત્વ હોય તોપણ પાત પામતું નથી અને નિર્મળ કોટિનું ક્ષયોપશમ ભાવનું સમ્યક્ત્વ અલ્પકાળમાં ક્ષાયિકભાવના સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ બને છે. **।।૭૧/૧૨૯।।**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**વળી, વરબોધિલાભનું અન્ય શ્રેષ્ઠ કોટિનું ફળ બતાવવા 'तथा'થી સમુચ્ચય કરે છે –**

**સૂત્ર :-**

विशुद्धेश्चारित्रम् ।।७२/१३०।।

**સૂત્રાર્થ :-**

**વિશુદ્ધિથી=સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી, ચારિત્ર પ્રાપ્ત થાય છે. ।।૭૨/૧૩૦।।**

**ટીકા :-**

**'विशुद्धेः' परिशुद्धनिःशङ्कितत्त्वादिदर्शनाचारवारिपूरप्रक्षालितशङ्कादिपङ्ककलङ्कतया प्रकर्षप्राप्तिलक्षणायाः सम्यग्दर्शनसत्कायाः सकाशात्, किमित्याह–'चारित्रं' सर्वसावद्ययोगपरिहार-निरवद्ययोगसमाचाररूपं संपद्यते, शुद्धसम्यक्त्वस्यैव चारित्ररूपत्वात्, तथा 'चाचारसूत्रम्' –**

"जं मोणं ति पासहा तं सम्मं ति पासहा ।

जं सम्मं ति पासहा तं मोणं ति पासहा ।।९७।।" **[आचा० १।५।३ सू० १६१] त्ति ।।७२/१३०।।**

**ટીકાર્થ :-**

**'विशुद्धेः' ..... मोणं ति पासहा ।। પરિશુદ્ધ નિઃશંકિત તત્ત્વાદિ દર્શનાચારરૂપ પાણીનાં પૂરથી પ્રક્ષાલિત થયેલા શંકાદિ કાદવના કલંકપણાને કારણે પ્રકર્ષની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન સંબંધી વિશુદ્ધિથી સર્વસાવદ્યયોગના પરિહાર નિરવદ્યયોગના સમાચારરૂપ ચારિત્ર પ્રાપ્ત થાય છે; કેમ કે શુદ્ધ સમ્યક્ત્વનું જ ચારિત્રરૂપપણું છે. જે પ્રમાણે આચારસૂત્ર છે.**

"જે મૌન એ પ્રમાણે જુઓ તે સમ્યક્ત્વ એ પ્રમાણે જુઓ. જે સમ્યક્ત્વ એ પ્રમાણે જુઓ તે મૌન એ પ્રમાણે જુઓ. ।।૯૭।।" **(આચારાંગસૂત્ર શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૫, ઉદ્દેશો-૩, સૂત્ર-૧૬૧)**

**"त्ति" શબ્દ ઉદ્ધરણની પરિસમાપ્તિમાં છે. ।।૭૨/૧૩૦।।**

**ભાવાર્થ :-**

જે જીવોને નિર્મળ કોટિનું સમ્યક્ત્વ પ્રગટેલું છે તે જીવો નિઃશંકિત આદિ દર્શનાચારનું સતત સેવન કરે છે અને તેના કારણે તેમના જીવનમાં શંકાદિ અતિચારો લાગતા નથી પરંતુ પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન દર્શનાચારના સેવન દ્વારા વિશુદ્ધ વિશુદ્ધતર બને છે અને જ્યારે તે સમ્યગ્દર્શન પ્રકર્ષને પ્રાપ્ત કરે છે ત્યારે

તે મહાત્માને સર્વસાવદ્યયોગના પરિહાર અને નિરવદ્યયોગના સેવનરૂપ ચારિત્ર પ્રાપ્ત થાય છે; કેમ કે નિર્મળ કોટિનું સમ્યક્ત્વ ચારિત્રરૂપ જ છે.

આશય એ છે કે જે જીવોને નિર્મળ કોટિનું સમ્યક્ત્વ પ્રગટેલું છે તે જીવોને અંતરંગ મોહના ઉપદ્રવ વગરની અને બહિરંગ કર્મ અને દેહ આદિના ઉપદ્રવ વગરની અવસ્થા સુંદર ભાસે છે. વળી, સમ્યક્ત્વ પામેલ જીવોને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિનું પ્રબળ કારણ એવી મૌન અવસ્થા સુંદર અવસ્થા છે તેમ ભાસે છે. તેથી સમ્યક્ત્વની નિર્મળ દૃષ્ટિને કારણે તે મહાત્મા શક્તિના પ્રકર્ષથી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ મૌનમાં જ યત્ન કરે છે પરંતુ જગતના કોઈપણ પદાર્થ સાથે સંશ્લેષ પામતા નથી. એ વરબોધિલાભનું ઉત્તમ ફળ છે. **॥૭૨/૧૩૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**વળી, વરબોધિલાભના ફળરૂપ ચારિત્રની પ્રાપ્તિ થયા પછી વરબોધિલાભના કારણે તે મહાત્માઓને હવે શું પ્રાપ્ત થાય છે ? તે બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

भावनातो रागादिक्षयः ।।७३/१३१।।

**સૂત્રાર્થ :-**

**ભાવનાથી રાગાદિનો ક્ષય થાય છે. ॥૭૩/૧૩૧॥**

**ટીકા :-**

**भाव्यन्ते मुमुक्षुभिरभ्यस्यन्ते निरन्तरमेता इति 'भावनाः,' ताश्चानित्यत्वाऽशरणत्वादयो द्वादश, यथोक्तम् –**

"भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च ।।९८।।
निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ।।९९।।" **[प्रशम० १४९-१५०]**

**ताभ्यो 'रागादिक्षयः' रागद्वेषमोहमलप्रलयः संजायते, सम्यक्चिकित्साया इव वातपित्तादिरोगापगमः प्रचण्डपवनाद्वा यथा मेघमण्डलविघटनम्, रागादिप्रतिपक्षभूतत्वाद् भावनानामिति ।।७३/१३१।।**

**ટીકાર્થ :-**

**भाव्यन्ते ..... भावनानामिति ।। મુમુક્ષુઓ વડે ભાવન કરાય છે=સતત અભ્યાસ કરાય છે તે ભાવના છે. અને તે અનિત્યત્વ, અશરણત્વ આદિ બાર છે. જે પ્રમાણે કહેવાયું છે –**

"ભાવવી જોઈએ.

શું ભાવવી જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

અનિત્યત્વ, અશરણત્વ તથા એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, સંસાર, કર્મનો આશ્રવ, સંવરની વિધિ, નિર્જરણ, લોકવિસ્તાર, ધર્મનું સુઆખ્યાતપણું તથા તત્ત્વની ચિંતા, અને બોધિનું સુદુર્લભપણું, એ વિશુદ્ધ બાર ભાવના ભાવવી જોઈએ. ।।૯૮-૯૯।।"

**(પ્રશમરતિ૦ ૧૪૯-૧૫૦)**

**તેનાથી=બાર ભાવનાઓથી, રાગાદિનો ક્ષય થાય છે=રાગ, દ્વેષ અને મોહરૂપી મલનો પ્રલય થાય છે. જેમ સમ્યક્ ચિકિત્સાથી વાત, પિત્તાદિ રોગનો નાશ થાય છે અથવા જે પ્રમાણે પ્રચંડ વાયુથી મેઘના મંડલનું વિઘટન થાય છે તેમ ભાવનાથી રાગાદિનો ક્ષય થાય છે; કેમ કે ભાવનાનું રાગાદિ પ્રતિપક્ષભૂતપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૩/૧૩૧।।**

**ભાવાર્થ :-**

ઉપદેશક શ્રોતાને વરબોધિલાભના ઉત્તમ ફળને બતાવતાં કહે છે કે પ્રાપ્ત થયેલું વરબોધિ શક્તિસંચય થાય ત્યારે જીવને અવશ્ય ચારિત્રમાં ઉદ્યમ કરાવે છે અને ભાવથી ચારિત્રને પામ્યા પછી તે મહાત્મા શક્તિના પ્રકર્ષથી અત્યંત પ્રણિધાનપૂર્વક બાર ભાવનાઓથી આત્માને ભાવિત કરે છે. તે ભાવનાઓથી ચારિત્રસંપન્ન એવા તે મહાત્માના પણ વિશેષ પ્રકારના રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપ મલનો નાશ થાય છે. જેનાથી તે મહાત્મા અસંગભાવને અનુકૂળ અધિક અધિક શક્તિનો સંચય કરે છે.

ભાવનાથી રાગાદિનો ક્ષય કેમ થાય છે ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ કોઈ રોગી સમ્યક્ ચિકિત્સા કરે તો દેહમાં રહેલા વાતપિત્તાદિ રોગનો અવશ્ય અપગમ થાય છે તેમ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવા ચારિત્રસંપન્ન યોગી સુપ્રણિધાનપૂર્વક બાર ભાવનાઓથી આત્માને ભાવિત કરે છે ત્યારે તે યોગીનું ચિત્ત અસંગ ભાવની પરિણતિને અભિમુખ, અભિમુખતર થાય છે, તેથી આત્મામાં રહેલા રાગાદિના સંસ્કારો વિશેષ રીતે ક્ષય પામે છે. અને રાગાદિ આપાદક કર્મો ક્ષાયિકભાવને અભિમુખ એવા વિશેષ પ્રકારના ક્ષયોપશમ ભાવને પામે છે.

વળી, અન્ય દૃષ્ટાંતથી ભાવનાથી રાગાદિનો ક્ષય થાય છે તે બતાવે છે –

જેમ વર્ષાકાળમાં મેઘના મંડલો એકઠા થયેલા હોય અને પ્રચંડ પવન આવે તો તે મેઘના મંડલો વિખરાઈ જાય છે તેમ ચારિત્રીનો પ્રચંડ પવન તુલ્ય તીક્ષ્ણ ભાવનાવિષયક ઉપયોગ આત્મામાં અનાદિના રહેલા રાગાદિના સંસ્કારોનું વિઘટન કરે છે. **।।૭૩/૧૩૧।।**

**અવતરણિકા :-**

**ततोऽपि किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**તેનાથી પણ શું પ્રાપ્ત થાય ? તેને કહે છે –**

**ભાવાર્થ :-**

વરબોધિને પામેલા ચારિત્રસંપન્ન મુનિ ૧૨ ભાવનાઓથી રાગાદિનો ક્ષય કરે છે, તેનાથી તેઓને શું પ્રાપ્ત થાય છે ? તેને કહે છે –

**સૂત્ર :-**

तद्भावेऽपवर्गः ॥७४/१३२॥

**સૂત્રાર્થ :-**

**તેના ભાવમાં=રાગાદિ ક્ષયના સદ્ભાવમાં, અપવર્ગની પ્રાપ્તિ થાય છે=મોક્ષ પ્રાપ્ત થાય છે. ॥૭૪/૧૩૨॥**

**ટીકા :-**

**'तस्य' रागादिक्षयस्य 'भावे' सकललोकालोकविलोकनशालिनोः केवलज्ञानदर्शनयोः लब्धौ सत्यां निस्तीर्णभवार्णवस्य सतो जन्तोः 'अपवर्ग' उक्तनिरुक्त उद्भवतीति ॥७४/१३२॥**

**ટીકાર્થ :-**

**'तस्य' ..... उद्भवतीति ॥ તેના=રાગાદિક્ષયના ભાવમાં, સકલલોકાલોકને જોવામાં સમર્થ એવા કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થયે છતે ભવસમુદ્રથી તરેલા છતાં જંતુને અપવર્ગ=પૂર્વમાં કહેવાયેલી વ્યુત્પત્તિવાળો મોક્ષ, પ્રગટ થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૭૪/૧૩૨॥**

**ભાવાર્થ :-**

ઉપદેશક યોગ્ય શ્રોતાને વરબોધિલાભનું ફળ બતાવતાં કહે છે કે ચારિત્રસંપન્ન મુનિ ભાવનાથી રાગાદિનો ક્ષય કરે છે અર્થાત્ રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપ મલનો ક્ષય કરે છે જેથી ચાર ઘાતીકર્મો દૂર થાય છે જેના કારણે તે મહાત્માને કેવળજ્ઞાન કેવળદર્શન પ્રગટે છે અને ઉચિતકાળે તે મહાત્મા યોગનિરોધ કરે છે ત્યારે ભવસમુદ્રમાં રહેવાના કારણભૂત મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ એ પાંચે કારણોનો અભાવ થાય છે. જેથી ભવસમુદ્રથી તરેલા તે મહાત્માને સર્વ કર્મરહિત અવસ્થારૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે જે *વરબોધિલાભનું અંતિમ ફળ છે.* ***॥૭૪/૧૩૨॥***

**અવતરણિકા :-**

**किंलक्षण इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેવા લક્ષણવાળો મોક્ષ છે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

વરબોધિલાભના અંતિમ ફળ તરીકે મોક્ષ છે તેમ ઉપદેશક બતાવે છે, તેથી જિજ્ઞાસા થાય કે તે મોક્ષ કેવા સ્વરૂપવાળો છે ? એથી કહે છે –

**સૂત્ર :-**

**स आत्यन्तिको दुःखविगम ।।७५/१३३।।**

**સૂત્રાર્થ :-**

**તે=અપવર્ગ=મોક્ષ, આત્યંતિક દુઃખના વિગમરૂપ છે. ।।૭૫/૧૩૩।।**

**ટીકા :-**

**'सः' अपवर्गः 'अत्यन्तं' सकलदुःखशक्तिनिर्मूलनेन भवतीति आत्यन्तिको 'दुःखविगमः' सर्वशारीर-मानसाशर्मविरहः सर्वजीवलोकासाधारणानन्दानुभवश्चेति ।।७५/१३३।।**

**ટીકાર્થ :-**

**'सः' अपवर्गः ..... अनुभवश्चेति ।। તે=અપવર્ગ=મોક્ષ, સકલદુઃખશક્તિના નિર્મૂલનથી અત્યંત થાય છે એથી આત્યંતિક દુઃખના વિગમનરૂપ છે=સર્વશારીરિક, માનસિક દુઃખના વિરહરૂપ છે અને સર્વ જીવલોકમાં વર્તતા અસાધારણ આનંદના અનુભવ સ્વરૂપ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૭૫/૧૩૩।।**

**ભાવાર્થ :-**

સંસારથી પર એવી જે જીવની અવસ્થા એ મોક્ષ છે. મોક્ષમાં રહેલા જીવોને માનસિક રીતે મોહના કોઈ પરિણામો નથી, તેથી મોહનું દુઃખ નથી અને કર્મરૂપ કે કર્મજન્ય ઔદારિક શરીરરૂપ કોઈ શરીર નથી, તેથી શરીરજન્ય કોઈ દુઃખ નથી. માટે સંસારમાં જે દુઃખની શક્તિ હતી તે સર્વનું મોક્ષમાં નિર્મૂલન થયેલું હોવાથી મોક્ષ આત્યંતિક દુઃખના અભાવરૂપ છે.

વળી, જીવ ચેતન છે, તેથી કોઈ પ્રકારનું દુઃખ ન હોય તો પૂર્ણ સ્વસ્થતાનું સુખ અનુભવે છે એ નિયમ અનુસાર મોક્ષમાં કોઈ પ્રકારનું દુઃખ નહિ હોવાથી પૂર્ણ સુખનો અનુભવ છે, તેથી સર્વ જીવોમાં જે સુખો છે

તેના કરતાં મોક્ષવર્તી જીવોને અસાધારણ આનંદનો અનુભવ છે. અર્થાત્ સંસારવર્તી જીવો અને મોક્ષવર્તી જીવોને ગ્રહણ કરીએ તો સર્વ જીવલોકની પ્રાપ્તિ થાય અને તે સર્વ જીવલોકમાં જે અસાધારણ આનંદ છે તેવા અસાધારણ આનંદનો અનુભવ સંસારી જીવોને નથી પરંતુ મોક્ષમાં રહેલા જીવોને છે. **॥૭૫/૧૩૩॥**

**અવતરણિકા :-**

**इत्थं देशनाविधिं प्रपञ्च्योपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૩માં બતાવ્યા પછી સૂત્ર નં. ૧થી ૭૫ સુધી વર્ણન કર્યું એ રીતે, દેશનાવિધિનો વિસ્તાર કરીને ઉપસંહાર કરતાં કહે છે –**

**શ્લોક :-**

एवं संवेगकृद्धर्म आख्येयो मुनिना परः ।
यथाबोधं हि शुश्रूषोर्भावितेन महात्मना ।।४।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે=સૂત્ર ૧થી ૭૫ સુધી વર્ણન કર્યું એ રીતે, યથાબોધ જ=પોતાના બોધને અનુરૂપ જ, સાંભળવાની ઉત્કટ ઈચ્છાવાળા શ્રોતાને ભાવિત એવા મહાત્મા મુનિએ સંવેગને કરનાર પ્રકૃષ્ટ ધર્મ કહેવો જોઈએ. ।।૪।।**

**ટીકા :-**

**'एवम्' उक्तन्यायेन 'संवेगकृत्' संवेगकारी देशनार्हप्राणिनः, संवेगलक्षणं चेदम् –**

"तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे देवे रागद्वेषमोहादिमुक्ते ।
साधौ सर्वग्रन्थसंदर्भहीने संवेगोऽसौ निश्चलो योऽनुरागः ।।१००।।" [ ] **इति ।**

**'धर्म' उक्तलक्षणः, 'आख्येयः' प्रज्ञापनीयो 'मुनिना' गीतार्थेन साधुना, अन्यस्य धर्ममुपदेष्टुमनधिकारित्वात्, यथोक्तं 'निशीथे' –**

"संसारदुक्खमहणो विबोहओ भवियपुंडरीयाणं ।
धम्मो जिणपन्नत्तो पकप्पजइणा कहेयव्वो ।।१०१।।" **[बृहत्कल्पभाष्ये गा० ११३५]**

**'प्रकल्पयतिना' इति अधीत'निशीथाध्ययनेने'ति । 'परः' शेषतीर्थान्तरीयधर्मातिशायितया प्रकृष्टः, कथमाख्येय इत्याह–'यथावबोधं ही'ति यथावबोधमेव, अनवबोधे धर्माख्यानस्योन्मार्गदेशनारूपत्वेन प्रत्युतानर्थसंभवात्, पठन्ति च–**"न ह्यन्धेनान्धः समाकृष्यमाणः सम्यगध्वानं प्रतिपद्यते" [ ] **इति ।**

**कीदृशस्य सत इत्याह–'शुश्रूषोः' श्रोतुमुपस्थितस्य, कीदृशेन मुनिनेत्याह–'भावितेन' आख्यायमानधर्मप्रतिबद्धवासनावासितेन,** "भावाद् भावप्रसूतिः" [ ] **इति वचनात्, भाविताख्यानस्य श्रोतुः तथाविधश्रद्धानादिनिबन्धनत्वात्, पुनरपि कीदृशेनेत्याह–'महात्मना', तदनुग्रहैकपरायणतया 'महान्' प्रशस्य आत्मा यस्य स तथा तेनेति ।।४।।**

**ટીકાર્થ :-**

**एवम् ..... तेनेति ।। આ રીતે=સૂત્ર ૧થી ૭૫ સુધી બતાવ્યું એ ન્યાયથી, સંવેગને કરનાર=દેશના યોગ્ય એવા શ્રોતાના સંવેગને કરનાર, ધર્મ મુનિએ કહેવો જોઈએ એમ આગળ અન્વય છે. અને સંવેગનું લક્ષણ આ છે=આગળમાં બતાવે છે એ છે –**

"ધ્વસ્તહિંસાના પ્રબંધવાળા તથ્ય ધર્મમાં, રાગ-દ્વેષ-મોહાદિથી મુક્ત એવા દેવમાં, સર્વ ગ્રંથના સંદર્ભથી હીન=સર્વ પરિગ્રહથી રહિત એવા સાધુમાં, જે નિશ્ચલ અનુરાગ એ સંવેગ કહેવાય છે. ।।૧૦૦।।" **()**

**ઉક્તલક્ષણવાળો ધર્મ મુનિએ=ગીતાર્થ સાધુએ, કહેવો જોઈએ.**

અહીં પ્રશ્ન થાય કે ગીતાર્થ સાધુએ જ ધર્મ કેમ કહેવો જોઈએ ? અન્ય સાધુએ કેમ કહેવો જોઈએ નહિ ? એથી કહે છે –

**અન્યનું=ગીતાર્થથી અન્ય સાધુનું ધર્મઉપદેશ આપવા માટે અનધિકારીપણું છે, જે રીતે 'નિશીથસૂત્ર'માં કહેવાયું છે –**

સંસારના દુઃખનો નાશ કરનાર ભવ્યજીવોરૂપી કમળોને વિકસાવનાર જિનપ્રજ્ઞપ્ત ધર્મ પ્રકલ્પયતિએ=ગીતાર્થ સાધુએ, કહેવો જોઈએ. ।।૧૦૧।।" **(બૃહત્કલ્પભાષ્ય. ગા. ૧૧૩૫)**

પ્રકલ્પયતિનો અર્થ સ્પષ્ટ કરે છે –

**પ્રકલ્પયતિ એટલે ભણેલા નિશીથ અધ્યયનવાળા સાધુ.**

મુનિએ કેવો ધર્મ કહેવો જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

**પર=શેષ, દર્શનવાળા વડે બતાવાયેલા ધર્મથી અતિશાયિપણું હોવાના કારણે પ્રકૃષ્ટ ધર્મ કહેવો જોઈએ.**

કેવી રીતે કહેવો જોઈએ ? એથી કહે છે –

**યથાબોધ જ કહેવો જોઈએ=ઉપદેશકને જિનવચનથી જે પ્રમાણે યથાર્થ નિર્ણય થયેલો હોય તે પ્રમાણે જ કહેવો જોઈએ; કેમ કે અનવબોધમાં=જે શાસ્ત્રીય પદાર્થનો નિર્ણય ન થયો હોય તેમાં, ધર્મના કથનનું ઉન્માર્ગદેશનારૂપપણું હોવાને કારણે ઊલ્ટો અનર્થનો સંભવ છે અર્થાત્ તે દેશનાથી ધર્મની પ્રાપ્તિના બદલે અધર્મની પ્રાપ્તિનો સંભવ છે.**

અજ્ઞાનઅવસ્થામાં અપાયેલા ઉપદેશથી અનર્થ થાય છે તેમાં 'पठन्ति च'થી સાક્ષી આપે છે –

**અને કહે છે –**

"અંધ વડે દોરવાતો અંધ સમ્યગ્ માર્ગને પ્રાપ્ત કરતો નથી જ.=અંધ એવા ઉપદેશક વડે દોરવાતો અંધ એવો શ્રોતા સમ્યગ્ મોક્ષ માર્ગને પ્રાપ્ત કરતો નથી જ."

કેવા શ્રોતાને ધર્મ કહેવો જોઈએ ? એથી કહે છે –

**સાંભળવાની ઈચ્છાવાળા=ધર્મના પરમાર્થને સાંભળવા માટે ઉપસ્થિત થયેલા, શ્રોતાને ધર્મ કહેવો જોઈએ એમ સંબંધ છે.**

કેવા મુનિએ ધર્મ કહેવો જોઈએ ? એથી કહે છે –

**ભાવિત એવા મુનિએ ધર્મ કહેવો જોઈએ=પોતાના વડે કહેવાતા ધર્મમાં પ્રતિબદ્ધ વાસનાથી વાસિત એવા મુનિએ ધર્મ કહેવો જોઈએ; કેમ કે** "ભાવથી ભાવની પ્રસૂતિ છે" **() એ પ્રકારનું વચન હોવાથી ભાવિત એવા ઉપદેશકનું શ્રોતાને તેવા પ્રકારની શ્રદ્ધા આદિનું નિબંધનપણું છે=ધર્મના પરમાર્થને યથાર્થ ગ્રહણ કરીને તે પ્રકારની સ્થિર રુચિ અને તે બોધ અનુસાર ધર્મ કરવાના ઉત્સાહનું કારણપણું છે. વળી, પણ કેવા સાધુએ ધર્મ કહેવો જોઈએ ? એથી કહે છે –**

**મહાત્મા એવા સાધુએ ધર્મ કહેવો જોઈએ=શ્રોતાના અનુગ્રહમાં એકપરાયણપણાને કારણે મહાન=પ્રશસ્ય, આત્મા છે જેનો તે તેવા છે=મહાન આત્મા છે. તેવા મહાત્માએ ધર્મ કહેવો જોઈએ એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારનો ધર્મ મુનિએ કહેવો જોઈએ. કેવા મુનિએ ધર્મ કહેવો જોઈએ એ બતાવતાં કહ્યું કે જે સાધુ ગીતાર્થ છે, વળી જે ઉપદેશ આપે છે તે ઉપદેશવિષયક ચિત્ત અત્યંત પ્રતિબદ્ધ હોવાને કારણે તે વચનોથી સ્વયં અત્યંત ભાવિત છે અને શ્રોતાના અનુગ્રહ કરવાની એક માત્ર બુદ્ધિવાળા છે તેવા મહાત્માએ જિનવચન અનુસાર પોતાને જે બોધ થયો છે તેને અનુરૂપ જ ધર્મ કહેવો જોઈએ.

વળી, તે ધર્મતત્ત્વને સાંભળવામાં અત્યંત અર્થી એવા શ્રોતાને કહેવો જોઈએ, અન્યને નહિ.

વળી, ધર્મ સાંભળનાર શ્રોતાના ચિત્તમાં અત્યંત સંવેગ પેદા થાય એ રીતે ધર્મ કહેવો જોઈએ, યથાતથા કહેવો જોઈએ નહિ.

વળી, જિનવચન અનુસાર કહેવાયેલો ધર્મ અન્યદર્શનના ધર્મ કરતાં અત્યંત વિવેકવાળો હોવાથી પ્રકૃષ્ટ છે તેવો ધર્મ કહેવો જોઈએ.

શ્રોતાને કેવા પ્રકારનો સંવેગ પેદા થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

અહિંસારૂપ તથ્ય ધર્મમાં અને વીતરાગરૂપ દેવમાં અને સુસાધુરૂપ મુનિમાં જે નિશ્ચલ અનુરાગ છે તે સંવેગ છે, તેથી એ પ્રાપ્ત થાય કે ઉપદેશક દ્વારા અપાતા ઉપદેશના બળથી યોગ્ય શ્રોતાને બોધ થાય કે

હિંસાદિ સર્વ પાપોથી રહિત ધર્મ છે અને તેવો ધર્મ સેવનારા સુસાધુ છે અને તે સુસાધુ તે ધર્મ સેવીને વીતરાગ થાય છે માટે ધર્મના શ્રવણથી યોગ્ય શ્રોતાને, વીતરાગ પ્રત્યે, અહિંસાદિ ધર્મ પ્રત્યે અને અહિંસાદિ પાળનારા સુસાધુ પ્રત્યે અત્યંત રાગ થાય તે પ્રકારે ઉપદેશ આપવો જોઈએ. ॥૪॥

**અવતરણિકા :-**

**आह–धर्माख्यानेऽपि यदा तथाविधकर्मदोषान्नावबोधः श्रोतुरुत्पद्यते तदा किंफलं धर्माख्यान-मित्याह –**

**અવતરણિકાર્થ :-**

**'आह'થી શંકા કરે છે – ધર્મના આખ્યાનમાં પણ=ઉપદેશક દ્વારા શ્રોતાને યોગ્ય ધર્મનું કથન કરવા છતાં પણ, જો તેવા પ્રકારના કર્મના દોષથી=ઉપદેશક દ્વારા કહેવાતા તત્ત્વના હાર્દને સ્પર્શી શકે તેના પ્રતિબંધક કર્મના દોષથી, શ્રોતાને બોધ ન થાય તો ધર્મનું કથન શું ફલવાળું થાય ? એથી કહે છે –**

**શ્લોક :-**

अबोधेऽपि फलं प्रोक्तं श्रोतृणां मुनिसत्तमैः ।
कथकस्य विधानेन नियमाच्छुद्धचेतसः ।।५।।

**શ્લોકાર્થ :-**

**શ્રોતાને અબોધ થવા છતાં પણ શુદ્ધ ચિત્તવાળા વિધાનથી=વિધિથી કથક એવા ઉપદેશકને મુનિસત્તમ એવા તીર્થંકરો વડે નિયમથી ફલ=નિર્જરારૂપ ફળ કહેવાયું છે. ।।૫/૧૧।।**

**ટીકા :-**

**'अबोधेऽपि' अनवगमेऽपि सम्यग्धर्मस्य 'फलं' क्लिष्टकर्मनिर्जरालक्षणं 'प्रोक्तम्,' केषामनवबोधे इत्याह–'श्रोतृणां' श्रावकाणाम्, कैरुक्तमित्याह–'मुनिसत्तमैः' भगवद्भिरर्हद्भिः, 'कथकस्य' धर्मदेशकस्य साधोः 'विधानेन' बालमध्यमबुद्धिबुधरूपश्रोतृजनापेक्षालक्षणेन 'नियमाद्' अवश्यंतया, कीदृशस्य कथकस्येत्याह–'शुद्धचेतसः' परानुग्रहप्रवृत्तिपरिणामस्येति ।।५।।**

**ટીકાર્થ :-**

**'अबोधेऽपि' ..... परिणामस्येति ।। અબોધમાં પણ=સમ્યગ્ધર્મના અનવગમમાં પણ ફલ=ક્લિષ્ટકર્મની નિર્જરારૂપ ફળ કહેવાયું છે.**

કોના અનવબોધમાં નિર્જરાનું ફળ કહેવાયું છે ? એથી કહે છે –

**શ્રોતૃ એવા શ્રાવકના અબોધમાં પણ નિર્જરાનું ફળ કહેવાયું છે.**

કોના વડે નિર્જરારૂપ ફળ કહેવાયું છે ? એથી કહે છે –

**મુનિસત્તમ એવા ભગવાન વડે કહેવાયું છે.**

કોને નિર્જરારૂપ ફળ થાય ? એથી કહે છે –

**વિધાનથી=બાળ, મધ્યમબુદ્ધિ અને બુધરૂપ શ્રોતાજનની અપેક્ષારૂપ વિધિથી કથક એવા ધર્મદેશકને નિયમથી ફલ કહેવાયું છે.**

કેવા કથકને નિર્જરારૂપ ફળ થાય ? એથી કહે છે –

**શુદ્ધ ચિત્તવાળા=પરના અનુગ્રહની પ્રવૃત્તિના પરિણામવાળા એવા ઉપદેશક સાધુને નિર્જરારૂપ ફળ થાય એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

જે ઉપદેશક ગીતાર્થ છે, પરના અનુગ્રહ કરવાની બુદ્ધિવાળા છે અને શ્રોતાના બાળ, મધ્યમ અને બુધરૂપ ભાવોને યથાર્થ જાણીને તેને અનુરૂપ શાસ્ત્રવિધિ અનુસાર ઉપદેશ આપે છે અને કોઈક કર્મના ઉદયથી શ્રોતાને તે ઉપદેશ દ્વારા યથાર્થ બોધ ન થાય અથવા કોઈક કારણે શ્રોતાનું ચિત્ત કોઈક અન્ય પરિણામથી વ્યગ્ર હોય તેના કારણે તેને બોધ ન થાય આમ છતાં શ્રોતાના હિતના અર્થી ઉપદેશકને તે ઉપદેશની પ્રવૃત્તિથી વિશિષ્ટ પ્રકારની યોગમાર્ગની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવાં ક્લિષ્ટકર્મોની નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે; કેમ કે ભગવાનનાં વચનને પરતંત્ર થઈને શાસ્ત્રવિધિ અનુસાર પરના હિતને અનુકૂળ ઉપદેશની પ્રવૃત્તિ હોવાથી ઘણાં પાપ કર્મોનો નાશ થાય છે જેથી તે ઉપદેશકને ઉત્તર ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિ સુકર બને છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**आह–प्रकारान्तरेणापि देशनाफलस्य संभाव्यमानत्वादलमिहैव यत्नेनेत्याशङ्क्याह –**

**અવતરણિકાર્થ :-**

**'आह'થી શંકા કરે છે – પ્રકારાન્તરથી પણ દેશનાફલનું સંભાવ્યમાનપણું હોવાથી અહીં જ=દેશનામાં જ, યત્ન વડે સર્યું. એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ અપ્રમાદ ભાવથી સંયમનાં સર્વ અનુષ્ઠાનમાં ઉદ્યમવાળા છે તેઓ ઉપદેશ ન આપે તોપણ અન્ય ઉચિત પ્રવૃત્તિ દ્વારા ક્લિષ્ટકર્મની નિર્જરારૂપ ફળને પ્રાપ્ત કરી શકે છે, તેથી દેશનાથી જે ફળ પ્રાપ્ત

કરવું છે તે ફળ અન્ય ક્રિયાથી થઈ શકે છે, તેથી મહાત્માએ દેશનામાં યત્ન કરવાની આવશ્યકતા નથી એ પ્રકારની કોઈને શંકા થાય તેના સમાધાનરૂપે કહે છે –

**શ્લોક :-**

नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित् ।
यादृशी दुःखविच्छेदाद् देहिनां धर्मदेशना ।।६।।

**શ્લોકાર્થ :-**

**આ જગતમાં ક્યારે=કોઈ કાળમાં કે કોઈ ક્ષેત્રમાં, તેવો ઉપકાર વિધમાન નથી, સંસારીજીવોનાં દુઃખના વિચ્છેદથી જેવી ધર્મદેશના ઉપકાર કરે છે. ।।૬।।**

**ટીકા :-**

'नैव उपकारः' अनुग्रहो 'जगति' भुवने 'अस्मिन्' उपलभ्यमाने 'तादृशो विद्यते' समस्ति 'क्वचित्' काले क्षेत्रे वा 'यादृशी' यादृग्रूपा 'दुःखविच्छेदात्' शारीरमानसदुःखापनयनात् 'देहिनां' देशनार्हाणां 'धर्मदेशने'ति धर्मदेशनाजनितो मार्गश्रद्धानादिर्गुणः, तस्य निःशेषक्लेशलेशाकलङ्कमोक्षाक्षेपं प्रत्यवन्ध्यकारणत्वादिति ।।६।।

इति श्रीमुनिचन्द्रसूरिविरचितायां धर्मबिन्दुवृत्तौ देशनाविधिर्नाम द्वितीयोऽध्यायः समाप्तः ।।२।।

**ટીકાર્થ :-**

**'नैव उपकारः' ..... प्रत्यवन्ध्यकारणत्वादिति ।। આ જગતમાં=ઉપલભ્યમાન એવા જગતમાં, ક્યારેય=કોઈ કાળમાં કે કોઈ ક્ષેત્રમાં, તેવો ઉપકાર=અનુગ્રહ નથી જ, દેશના યોગ્ય જીવોના દુઃખના વિચ્છેદથી=શારીરિક માનસિક દુઃખના અપનયનથી જેવા પ્રકારની ધર્મદેશના ઉપકાર કરે છે એમ અધ્યાહાર છે=ધર્મદેશના-જનિત માર્ગશ્રદ્ધાનાદિ ગુણ ઉપકાર કરે છે; કેમ કે તેનું=માર્ગશ્રદ્ધાનાદિ ગુણોનું સંપૂર્ણ ક્લેશના લેશના અકલંકરૂપ મોક્ષના આક્ષેપ પ્રતિ અવન્ધ્યકારણપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે. ।।૬।।**

**આ પ્રમાણે શ્રી મુનિચંદ્રસૂરિ રચિત ધર્મબિન્દુવૃત્તિમાં દેશનાવિધિ નામનો બીજો અધ્યાય સમાપ્ત થયો. ।।૨।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ ભગવાનના શાસનના મર્મને પામીને ગીતાર્થ થયેલા છે તેઓ સ્વશક્તિથી સદા સંસારના ઉચ્છેદ માટે યત્ન કરે છે છતાં સર્વ જીવો પ્રત્યેના દયાળુ સ્વભાવવાળા હોવાથી વિચારે છે કે આ જગતમાં અન્ય જીવોનો કોઈ ઉપકાર કરે તે સર્વ જીવોનો ઉપકાર તેવો શ્રેષ્ઠ નથી જેવો ઉપકાર શુદ્ધ દેશનાથી થાય

છે; કેમ કે શુદ્ધ દેશનાથી યોગ્ય જીવોને માર્ગશ્રદ્ધાનાદિ ગુણો પ્રગટ થાય છે અને સર્વ ક્લેશથી રહિત મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે માર્ગાશ્રદ્ધાનાદિ ગુણો અવંધ્યકારણ છે, તેથી શુદ્ધ દેશનાથી સંસારી જીવોના દુઃખનો વિચ્છેદ થાય છે માટે સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિવાળા મહાત્માઓ જેમ પોતાના સંસારના ઉચ્છેદ માટે અપ્રમાદથી યત્ન કરે છે તેમ અન્ય જીવોના દુઃખના ઉચ્છેદ અર્થે સ્વશક્તિને ગોપવ્યા વગર ધર્મ દેશનામાં પ્રવૃત્તિ કરે છે. **॥૭॥**

## બીજો અધ્યાય સમાપ્ત

**અનુસંધાન : ધર્મબિંદુ પ્રકરણ ભાગ-૨**

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ।।

✻

અવિરુદ્ધ એવા વચનથી મૈત્રી આદિ ભાવથી સંયુકત યથોદિત=શાસ્ત્રમાં જે પ્રમાણે કહેવાયું એ પ્રકારનું જે અનુષ્ઠાન તે ધર્મ એ પ્રમાણે કહેવાય છે.


: પ્રકાશક :

गीतार्थ गंगा



શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦

E-mail : gitarthganga@yahoo.co.in